| વિદ્વચ્ચિંતામણી | ૫૬ |
| દીપિકા | ૫૬ |
| સારસ્વતરૂપમાલા | ૫૭ |
| ક્રિયાચંદ્રિકા | ૫૭ |
| રૂપરત્નમાલા | ૫૭ |
| ધાતુપાઠ-ધાતુતરંગિણી | ૫૭ |
| વૃત્તિ | ૫૮ |
| સુબોધિકા | ૫૮ |
| પ્રક્રિયાવૃત્તિ | ૫૮ |
| ટીકા | ૫૯ |
| વૃત્તિ | ૫૯ |
| ચંદ્રિકા | ૫૯ |
| પંચસંધિ-બાલાવબોધ | ૫૯ |
| ભાષાટીકા | ૫૯ |
| ન્યાયરત્નાવલી | ૬૦ |
| પંચસંધિટીકા | ૬૦ |
| ટીકા | ૬૦ |
| શબ્દપ્રક્રિયાસાધની-સરલાભાષાટીકા | ૬૦ |
| સિદ્ધાંતચંદ્રિકા-વ્યાકરણ | ૬૦ |
| સિદ્ધાંતચંદ્રિકા-વ્યાકરણ | ૬૦ |
| સિદ્ધાંતચંદ્રિકા-ટીકા | ૬૦ |
| વૃત્તિ | ૬૦ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| સુબોધિની | ૬૧ |
| વૃત્તિ | ૬૧ |
| અનિટ્કારિકા-અવચૂરિ | ૬૧ |
| અનિટ્કારિકા-સ્વોપજ્ઞવૃત્તિ | ૬૧ |
| ભૂધાતુ-વૃત્તિ | ૬૧ |
| મુગ્ધાવબોધ-ઔક્તિક | ૬૧ |
| બાલશિક્ષા | ૬૧ |
| વાક્યપ્રકાશ | ૬૨ |
| ઉક્તિરત્નાકર | ૬૩ |
| ઉક્તિપ્રત્યય | ૬૪ |
| ઉક્તિવ્યાકરણ | ૬૪ |
| પ્રાકૃત-વ્યાકરણ | ૬૪ |
| અનુપલબ્ધ પ્રાકૃતવ્યાકરણ | ૬૬ |
| પ્રાકૃતલક્ષણ | ૬૬ |
| પ્રાકૃતલક્ષણ-વૃત્તિ | ૬૭ |
| સ્વયંભૂ વ્યાકરણ | ૬૮ |
| સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન-પ્રાકૃતવ્યાકરણ | ૬૮ |
| સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન (પ્રાકૃતવ્યાકરણ)-વૃત્તિ | ૭૦ |
| હૈમદીપિકા | ૭૦ |
| દીપિકા | ૭૦ |
| પ્રાકૃતદીપિકા | ૭૦ |
| હૈમપ્રાકૃતઢુંઢિકા | ૭૦ |
| પ્રાકૃતપ્રબોધ | ૭૧ |
| પ્રાકૃતવ્યાકૃતિ | ૭૧ |
| દોધકવૃત્તિ | ૭૧ |
| હૈમદોધકાર્થ | ૭૨ |
| પ્રાકૃતશબ્દાનુશાસન | ૭૨ |
| પ્રાકૃતશબ્દાનુશાસન-વૃત્તિ | ૭૩ |
| પ્રાકૃત-પદ્યવ્યાકરણ | ૭૩ |
| ઔદાર્યચિંતામણિ | ૭૩ |
| ચિંતામણિ-વ્યાકરણ | ૭૪ |
| ચિંતામણિ-વ્યાકરણવૃત્તિ | ૭૫ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| | અર્ધમાગધી-વ્યાકરણ | ૭૫ |
| | પ્રાકૃતપાઠમાલા | ૭૫ |
| | કર્ણાટક-શબ્દાનુશાસન | ૭૫ |
| | પારસીક-ભાષાનુશાસન | ૭૬ |
| | ફારસી-ધાતુરૂપાવલી | ૭૬ |
| ૨. | **કોશ** | **૭૭-૯૬** |
| | પાઈયલચ્છીનામમાલા | ૭૮ |
| | ધનંજયનામમાલા | ૭૯ |
| | ધનંજયનામમાલાભાષ્ય | ૮૦ |
| | નિઘંટસમય | ૮૧ |
| | અનેકાર્થનામમાલા | ૮૧ |
| | અનેકાર્થનામમાલા-ટીકા | ૮૧ |
| | અભિધાનચિંતામણિનામમાલા | ૮૧ |
| | અભિધાનચિંતામણિ-વૃત્તિ | ૮૩ |
| | અભિધાનચિંતામણિ-ટીકા | ૮૪ |
| | અભિધાનચિંતામણિ-સારોદ્ધાર | ૮૪ |
| | અભિધાનચિંતામણિ-વ્યુત્પત્તિરત્નાકર | ૮૪ |
| | અભિધાનચિંતામણિ-અવચૂરિ | ૮૪ |
| | અભિધાનચિંતામણિ-રત્નપ્રભા | ૮૪ |
| | અભિધાનચિંતામણિ-બીજક | ૮૫ |
| | અભિધાનચિંતામણિનામમાલા-પ્રતીકાવલી | ૮૫ |
| | અનેકાર્થસંગ્રહ | ૮૫ |
| | અનેકાર્થસંગ્રહ-ટીકા | ૮૫ |
| | નિઘંટુશેષ | ૮૬ |
| | નિઘંટુશેષ-ટીકા | ૮૭ |
| | દેશીશબ્દસંગ્રહ | ૮૭ |
| | શિલોઞ્છકોશ | ૮૭ |
| | શિલોઞ્છ-ટીકા | ૮૮ |
| | નામકોશ | ૮૮ |
| | શબ્દચંદ્રિકા | ૮૯ |
| | સુંદરપ્રકાશ-શબ્દાર્ણવ | ૮૯ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| | શબ્દભેદનામમાલા | ૯૦ |
| | શબ્દભેદનામમાલા-વૃત્તિ | ૯૦ |
| | નામસંગ્રહ | ૯૦ |
| | શારદીયનામમાલા | ૯૦ |
| | શબ્દરત્નાકર | ૯૧ |
| | અવ્યયૈકાક્ષરનામમાલા | ૯૧ |
| | શેષનામમાલા | ૯૧ |
| | શબ્દસંદોહસંગ્રહ | ૯૨ |
| | શબ્દરત્નપ્રદીપ | ૯૨ |
| | વિશ્વલોચનકોશ | ૯૨ |
| | નાનાર્થકોશ | ૯૩ |
| | પંચવર્ગસંગ્રહનામમાલા | ૯૩ |
| | અપવર્ગનામમાલા | ૯૩ |
| | એકાક્ષરી-નાનાર્થકાંડ | ૯૪ |
| | એકાક્ષરનામમાલિકા | ૯૪ |
| | એકાક્ષરકોશ | ૯૪ |
| | એકાક્ષરનામમાલા | ૯૫ |
| | આધુનિક પ્રાકૃતકોશ | ૯૫ |
| | તૌરુષ્કીનામમાલા | ૯૬ |
| | ફારસી-કોશ | ૯૬ |
| ૩. | **અલંકાર** | **૯૭-૧૨૯** |
| | અલંકારદર્પણ | ૯૯ |
| | કવિશિક્ષા | ૧૦૦ |
| | શ્રૃઙ્ગારમંજરી | ૧૦૦ |
| | કાવ્યાનુશાસન | ૧૦૦ |
| | કાવ્યાનુશાસનવૃત્તિ | ૧૦૨ |
| | કાવ્યાનુશાસન-વૃત્તિ (વિવેક) | ૧૦૩ |
| | અલંકારચૂડામણિ-વૃત્તિ | ૧૦૩ |
| | કાવ્યાનુશાસન-વૃત્તિ | ૧૦૩ |
| | કાવ્યાનુશાસન-અવચૂરિ | ૧૦૩ |
| | કલ્પલતા | ૧૦૩ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| કલ્પલતાપલ્લવ | ૧૦૫ |
| કલ્પપલ્લવશેષ | ૧૦૫ |
| વાગ્ભટાલંકાર | ૧૦૫ |
| વાગ્ભટાલંકાર-વૃત્તિ | ૧૦૬ |
| કવિશિક્ષા | ૧૦૮ |
| અલંકારમહોદધિ | ૧૦૯ |
| અલંકારમહોદધિ-વૃત્તિ | ૧૦૯ |
| કાવ્યશિક્ષા | ૧૧૦ |
| કાવ્યશિક્ષા અને કવિતારહસ્ય | ૧૧૧ |
| કાવ્યકલ્પલતા-વૃત્તિ | ૧૧૨ |
| કાવ્યકલ્પલતાપરિમલ-વૃત્તિ અને કાવ્યકલ્પલતામંજરી-વૃત્તિ | ૧૧૪ |
| કાવ્યકલ્પલતાવૃત્તિ-મકરંદટીકા | ૧૧૪ |
| કાવ્યકલ્પલતાવૃત્તિ-ટીકા | ૧૧૫ |
| કાવ્યકલ્પલતાવૃત્તિ-બાલાવબોધ | ૧૧૫ |
| અલંકારપ્રબોધ | ૧૧૫ |
| કાવ્યાનુશાસન | ૧૧૫ |
| શ્રૃઙ્ગારાર્ણવચંદ્રિકા | ૧૧૭ |
| અલંકારસંગ્રહ | ૧૧૮ |
| અલંકારમંડન | ૧૧૯ |
| કાવ્યાલંકારસાર | ૧૨૦ |
| અકબરસાહિશ્રૃંગારદર્પણ | ૧૨૦ |
| કવિમુખમંડન | ૧૨૧ |
| કવિમદપરિહાર | ૧૨૧ |
| કવિમદપરિહાર-વૃત્તિ | ૧૨૧ |
| મુગ્ધમેધાલંકાર | ૧૨૧ |
| મુગ્ધમેધાલંકાર-વૃત્તિ | ૧૨૨ |
| કાવ્યલક્ષણ | ૧૨૨ |
| કર્ણાલંકારમંજરી | ૧૨૨ |
| પ્રકાન્તાલંકાર-વૃત્તિ | ૧૨૨ |
| અલંકાર-ચૂર્ણિ | ૧૨૨ |
| અલંકારચિંતામણિ | ૧૨૨ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | |
|---|---|
| અલંકારચિંતામણિ-વૃત્તિ | ૧૨૨ |
| વક્રોક્તિપંચાશિકા | ૧૨૩ |
| રૂપકમંજરી | ૧૨૩ |
| રૂપકમાલા | ૧૨૩ |
| કાવ્યાદર્શ-વૃત્તિ | ૧૨૩ |
| કાવ્યાલંકાર-વૃત્તિ | ૧૨૪ |
| કાવ્યાલંકાર-નિબંધનવૃત્તિ | ૧૨૪ |
| કાવ્યપ્રકાશ-સંકેતવૃત્તિ | ૧૨૪ |
| કાવ્યપ્રકાશ-ટીકા | ૧૨૫ |
| સારદીપિકા-વૃત્તિ | ૧૨૫ |
| કાવ્યપ્રકાશ-વૃત્તિ | ૧૨૫ |
| કાવ્યપ્રકાશ-ખંડન | ૧૨૬ |
| સરસ્વતીકંઠાભરણ-વૃત્તિ | ૧૨૫ |
| વિદગ્ધમુખમંડન-અવચૂર્ણિ | ૧૨૭ |
| વિદગ્ધમુખમંડન-ટીકા | ૧૨૮ |
| વિદગ્ધમુખમંડન-વૃત્તિ | ૧૨૮ |
| વિદગ્ધમુખમંડન-અવચૂરિ | ૧૨૮ |
| વિદગ્ધમુખમંડન-બાલાવબોધ | ૧૨૯ |
| અલંકારાવચૂર્ણિ | ૧૨૯ |

૪. છન્દ ૧૩૦-૧૫૨

| | |
|---|---|
| રત્નમંજૂષા | ૧૩૦ |
| રત્નમંજૂષા-ભાષ્ય | ૧૩૨ |
| છંદઃશાસ્ત્ર | ૧૩૨ |
| છંદોનુશાસન | ૧૩૩ |
| છંદઃશેખર | ૧૩૪ |
| છંદોનુશાસન | ૧૩૪ |
| છંદોનુશાસન-વૃત્તિ | ૧૩૬ |
| છંદોરત્નાવલી | ૧૩૭ |
| છંદોનુશાસન | ૧૩૭ |
| છંદોવિદ્યા | ૧૩૮ |
| પિંગલશિરોમણિ | ૧૩૮ |

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| | આર્યાસંખ્યા-ઉદ્દિષ્ટ-નષ્ટવર્તનવિધિ | ૧૩૯ |
| | વૃત્તમૌક્તિક | ૧૪૦ |
| | છંદોવતંસ | ૧૪૦ |
| | પ્રસ્તારવિમલેંદુ | ૧૪૦ |
| | છંદોદ્વાત્રિંશિકા | ૧૪૧ |
| | જયદેવછંદસ્ | ૧૪૧ |
| | જયદેવછંદોવૃત્તિ | ૧૪૩ |
| | જયદેવછંદ:શાસ્ત્રવૃત્તિ-ટિપ્પનક | ૧૪૩ |
| | સ્વયંભૂચ્છન્દસ્ | ૧૪૪ |
| | વૃત્તજાતિસમુચ્ચય | ૧૪૫ |
| | વૃત્તજાતિસમુચ્ચય-વૃત્તિ | ૧૪૬ |
| | ગાથાલક્ષણ | ૧૪૬ |
| | ગાથાલક્ષણ-વૃત્તિ | ૧૪૮ |
| | કવિદર્પણ | ૧૩૮ |
| | કવિદર્પણ-વૃત્તિ | ૧૪૯ |
| | છંદ:કોશ | ૧૪૯ |
| | છંદ:કોશવૃત્તિ | ૧૪૯ |
| | છંદ:કોશ બાલાવબોધ | ૧૪૯ |
| | છંદ:કંદલી | ૧૫૦ |
| | છંદસ્તત્ત્વ | ૧૫૦ |
| | જૈનતર ગ્રંથો પર જૈન વિદ્વાનોના ટીકાગ્રન્થો | ૧૫૦ |
| **૫.** | **નાટ્ય** | **૧૫૩-૧૫૫** |
| | નાટ્યદર્પણ | ૧૫૩ |
| | નાટ્યદર્પણ-વિવૃતિ | ૧૫૪ |
| | પ્રબંધશત | ૧૫૫ |
| **૬.** | **સંગીત** | **૧૫૬-૧૫૮** |
| | સંગીતસમયસાર | ૧૫૬ |
| | સંગીતોપનિષત્સારોદ્ધાર | ૧૫૭ |
| | સંગીતોપનિષત્ | ૧૫૭ |
| | સંગીતમંડન | ૧૫૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| | સંગીતદીપક, સંગીતરત્નાવલી, સંગીતસહપિંગલ | ૧૫૮ |
| ૭. | **કલા** | **૧૫૯** |
| | ચિત્રવર્ણસંગ્રહ | ૧૫૯ |
| | કલાકલાપ | ૧૫૯ |
| | મષીવિચાર | ૧૫૯ |
| ૮. | **ગણિત** | **૧૬૦-૧૬૬** |
| | ગણિતસારસંગ્રહ | ૧૬૦ |
| | ગણિતસારસંગ્રહ-ટીકા | ૧૬૨ |
| | ષટ્ત્રિંશિકા | ૧૬૨ |
| | ગણિતસારકૌમુદી | ૧૬૩ |
| | પાટીગણિત | ૧૬૪ |
| | ગણિતસંગ્રહ | ૧૬૪ |
| | સિદ્ધ-ભૂ-પદ્ધતિ | ૧૬૪ |
| | સિદ્ધ-ભૂ-પદ્ધતિ-ટીકા | ૧૬૪ |
| | ક્ષેત્રગણિત | ૧૬૫ |
| | ઇષ્ટાંકપંચવિંશતિકા | ૧૬૫ |
| | ગણિતસૂત્ર | ૧૬૫ |
| | ગણિતસાર-ટીકા | ૧૬૫ |
| | ગણિતતિલક-વૃત્તિ | ૧૬૫ |
| ૯. | **જ્યોતિષ** | **૧૬૭-૧૯૬** |
| | જ્યોતિસ્સાર | ૧૬૭ |
| | વિવાહપડલ | ૧૬૮ |
| | લગ્ગસુદ્ધિ | ૧૬૮ |
| | દિણસુદ્ધિ | ૧૬૮ |
| | કાલસંહિતા | ૧૬૮ |
| | ગણહરહોરા | ૧૬૯ |
| | પશ્નપદ્ધતિ | ૧૬૯ |
| | જોઇસદાર | ૧૬૯ |
| | જોઇસચક્કવિયાર | ૧૬૯ |
| | ભુવનદીપક | ૧૬૯ |


जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | |
|---|---|
| ભુવનદીપક-વૃત્તિ | ૧૭૦ |
| ઋષિપુત્રની કૃતિ | ૧૭૦ |
| આરંભસિદ્ધિ | ૧૭૧ |
| આરંભસિદ્ધિ-વૃત્તિ | ૧૭૧ |
| મંડલપ્રકરણ | ૧૭૨ |
| મંડલપ્રકરણ-ટીકા | ૧૭૨ |
| ભદ્રબાહુસંહિતા | ૧૭૨ |
| જ્યોતિસ્સાર | ૧૭૩ |
| જ્યોતિસ્સાર-ટિપ્પણ | ૧૭૪ |
| જન્મસમુદ્ર | ૧૭૪ |
| બેડાજાતકવૃત્તિ | ૧૭૫ |
| પ્રશ્નશતક | ૧૭૫ |
| પ્રશ્નશતક-અવચૂરિ | ૧૭૫ |
| જ્ઞાનચતુર્વિંશિકા | ૧૭૫ |
| જ્ઞાનચતુર્વિંશિકા-અવચૂરિ | ૧૭૫ |
| જ્ઞાનદીપિકા | ૧૭૫ |
| લગ્નવિચાર | ૧૭૬ |
| જ્યોતિષપ્રકાશ | ૧૭૬ |
| ચતુર્વિંશિકોદ્ધાર | ૧૭૬ |
| ચતુર્વિંશિકોદ્ધાર-અવચૂરિ | ૧૭૭ |
| જ્યોતિસ્સારસંગ્રહ | ૧૭૭ |
| જન્મપત્રીપદ્ધતિ | ૧૭૭ |
| માનસાગરીપદ્ધતિ | ૧૭૮ |
| ફલાફલવિષયક-પ્રશ્નપત્ર | ૧૭૮ |
| ઉદયદીપિકા | ૧૭૯ |
| પ્રશ્નસુન્દરી | ૧૭૯ |
| વર્ષપ્રબોધ | ૧૭૯ |
| ઉસ્તરલાવયંત્ર | ૧૮૦ |
| ઉસ્તરલાવયંત્ર-ટીકા | ૧૮૦ |
| દોષરત્નાવલી | ૧૮૦ |
| જાતકદીપિકાપદ્ધતિ | ૧૮૧ |
| જન્મપ્રદીપશાસ્ત્ર | ૧૮૧ |


જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| કેવલજ્ઞાનહોરા | ૧૮૧ |
| યંત્રરાજ | ૧૮૨ |
| યંત્રરાજ-ટીકા | ૧૮૩ |
| જ્યોતિષરત્નાકર | ૧૮૩ |
| પંચાંગાનયનવિધિ | ૧૮૪ |
| તિથિસારણી | ૧૮૪ |
| યશોરાજીપદ્ધતિ | ૧૮૪ |
| ત્રૈલોક્યપ્રકાશ | ૧૮૪ |
| જોઈસહીર | ૧૮૫ |
| જ્યોતિસ્સાર | ૧૮૫ |
| પંચાંગતત્ત્વ | ૧૮૬ |
| પંચાંગતત્ત્વ-ટીકા | ૧૮૬ |
| પંચાંગતિથિ-વિવરણ | ૧૮૬ |
| પંચાંગદીપિકા | ૧૮૬ |
| પંચાંગપત્ર-વિચાર | ૧૮૭ |
| બલિરામાનન્દસારસંગ્રહ | ૧૮૭ |
| ગણસારણી | ૧૮૭ |
| લાલચંદ્રીપદ્ધતિ | ૧૮૮ |
| ટિપ્પનકવિધિ | ૧૮૮ |
| હોરામકરંદ | ૧૮૮ |
| હાયનસુંદર | ૧૮૯ |
| વિવાહપટલ | ૧૮૯ |
| કરણરાજ | ૧૮૯ |
| દીક્ષા-પ્રતિષ્ઠાશુદ્ધિ | ૧૯૦ |
| વિવાહરત્ન | ૧૯૦ |
| જ્યોતિપ્રકાશ | ૧૯૦ |
| ખેટચૂલા | ૧૯૧ |
| ષષ્ટિસંવત્સરફલ | ૧૯૧ |
| લઘુજાતક-ટીકા | ૧૯૧ |
| જાતકપદ્ધતિ-ટીકા | ૧૯૨ |
| તાજિકસાર-ટીકા | ૧૯૨ |

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| | કરણકુતૂહલ-ટીકા | ૧૯૩ |
| | જ્યોતિર્વિદાભરણ-ટીકા | ૧૯૩ |
| | મહાદેવીસારણી-ટીકા | ૧૯૩ |
| | વિવાહપટલ-બાલાવબોધ | ૧૯૪ |
| | ગ્રહલાઘવ-ટીકા | ૧૯૫ |
| | ચંદ્રાર્કી-ટીકા | ૧૯૫ |
| | ષટ્પંચાશિકા-ટીકા | ૧૯૫ |
| | ભુવનદીપકટીકા | ૧૯૬ |
| | ચમત્કારચિંતામણિ-ટીકા | ૧૯૬ |
| | હોરામકરંદ-ટીકા | ૧૯૬ |
| | વંસતરાજશાકુન-ટીકા | ૧૯૬ |
| **૧૦.** | **શકુન** | **૧૯૭-૧૯૮** |
| | શકુનરહસ્ય | ૧૯૭ |
| | શકુનશાસ્ત્ર | ૧૯૭ |
| | શકુનરત્નાવલિ-કથાકોશ | ૧૯૮ |
| | શકુનાવલિ | ૧૯૮ |
| | સઉણદાર | ૧૯૮ |
| | શકુનવિચાર | ૧૯૮ |
| **૧૧.** | **નિમિત્ત** | **૧૯૯-૨૦૮** |
| | જયપાહુડ | ૧૯૯ |
| | નિમિત્તશાસ્ત્ર | ૧૯૯ |
| | નિમિત્તપાહુડ | ૨૦૦ |
| | જોણિપાહુડ | ૨૦૦ |
| | રિટ્ઠસમુચ્ચય | ૨૦૨ |
| | પણ્હાવાગરણ | ૨૦૩ |
| | સાણરુય | ૨૦૩ |
| | સિદ્ધાદેશ | ૨૦૪ |
| | ઉવસ્સુઇદાર | ૨૦૪ |
| | છાયાદાર | ૨૦૪ |
| | નાડીદાર | ૨૦૪ |


जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

| | | |
|---|---|---|
| | નિમિત્તદાર | ૨૦૪ |
| | રિષ્ઠદાર | ૨૦૪ |
| | પિપીલિયાનાણ | ૨૦૪ |
| | પ્રણષ્ટલાભાદિ | ૨૦૫ |
| | નાડીવિયાર | ૨૦૫ |
| | મેઘમાલા | ૨૦૫ |
| | છીંકવિચાર | ૨૦૫ |
| | સિદ્ધપાહુડ | ૨૦૫ |
| | પ્રશ્નપ્રકાશ | ૨૦૬ |
| | વગ્ગકેવલી | ૨૦૬ |
| | નરપતિજયચર્યા | ૨૦૬ |
| | નરપતિજયચર્યા-ટીકા | ૨૦૭ |
| | હસ્તકાંડ | ૨૦૭ |
| | મેઘમાલા | ૨૦૭ |
| | શ્વાનશકુનાધ્યાય | ૨૦૮ |
| | નાડીવિજ્ઞાન | ૨૦૮ |
| ૧૨. | **સ્વપ્ન** | **૨૦૯-૨૧૦** |
| | સુવિણદાર | ૨૦૯ |
| | સ્વપ્નશાસ્ત્ર | ૨૦૯ |
| | સુમિણસત્તરિયા | ૨૦૯ |
| | સુમિણસત્તરિયા-વૃત્તિ | ૨૦૯ |
| | સુમિણવિયાર | ૨૦૯ |
| | સ્વપ્નપ્રદીપ | ૨૧૦ |
| ૧૩. | **ચૂડામણિ** | **૨૧૧-૨૧૩** |
| | અર્હચ્ચૂડામણિસાર | ૨૧૧ |
| | ચૂડામણિ | ૨૧૧ |
| | ચંદ્રોન્મીલન | ૨૧૨ |
| | કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ | ૨૧૨ |
| | અક્ષરચૂડામણિશાસ્ત્ર | ૨૧૩ |


JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૧૪. | સામુદ્રિક | ૨૧૪-૨૧૮ |
| | અંગવિજ્જા | ૨૧૪ |
| | કરલક્ખણ | ૨૧૫ |
| | સામુદ્રિક | ૨૧૬ |
| | સામુદ્રિકતિલક | ૨૧૬ |
| | સામુદ્રિકશાસ્ત્ર | ૨૧૭ |
| | હસ્તસંજીવન | ૨૧૭ |
| | હસ્તસંજીવન-ટીકા | ૨૧૮ |
| | અંગવિદ્યાશાસ્ત્ર | ૨૧૮ |
| ૧૫. | રમલ | ૨૧૯-૨૨૦ |
| | રમલશાસ્ત્ર | ૨૧૯ |
| | રમલવિદ્યા | ૨૧૯ |
| | પાશકકેવલી | ૨૧૯ |
| | પાશાકેવલી | ૨૨૦ |
| ૧૬. | લક્ષણ | ૨૨૧ |
| | લક્ષણમાલા | ૨૨૧ |
| | લક્ષણસંગ્રહ | ૨૨૧ |
| | લક્ષ્યલક્ષણવિચાર | ૨૨૧ |
| | લક્ષણ | ૨૨૧ |
| | લક્ષણ-અવચૂરિ | ૨૨૧ |
| | લક્ષણપંક્તિકથા | ૨૨૧ |
| ૧૭. | આય | ૨૨૨-૨૨૩ |
| | આયનાણતિલય | ૨૨૨ |
| | આયસદ્‌ભાવ | ૨૨૨ |
| | આયસદ્‌ભાવ-ટીકા | ૨૨૪ |
| ૧૮. | અર્ઘ | ૨૨૪ |
| | અગ્ઘકંડ | ૨૨૪ |
| ૧૯. | કોષ્ઠક | ૨૨૫ |
| | કોષ્ઠકચિંતામણિ | ૨૨૫ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોષ્ઠકચિંતામણિ-ટીકા ૨૨૫

૨૦. આયુર્વેદ ૨૨૬-૨૩૬

સિદ્ધાન્તરસાયનકલ્પ ૨૨૬
પુષ્પાયુર્વેદ ૨૨૬
અષ્ટાંગસંગ્રહ ૨૨૬
નિદાનમુક્તાવલી ૨૨૭
મદનકામરત્ન ૨૨૭
નાડીપરીક્ષા ૨૨૮
કલ્યાણકારક ૨૨૮
મેરુદંડતંત્ર ૨૨૮
યોગરત્નમાલા-વૃત્તિ ૨૨૮
અષ્ટાંગહૃદય-વૃત્તિ ૨૨૮
યોગશતવૃત્તિ ૨૨૮
યોગચિંતામણિ ૨૨૯
વૈદ્યવલ્લભ ૨૩૯
દ્રવ્યાવલી-નિઘંટુ ૨૩૦
સિદ્ધયોગમાલા ૨૩૦
રસપ્રયોગ ૨૩૦
રસચિંતામણિ ૨૩૦
માધરાજપદ્ધતિ ૨૩૧
આયુર્વેદમહોદધિ ૨૩૧
ચિકિત્સોત્સવ ૨૩૧
નિઘંટુકોશ ૨૩૧
કલ્યાણકારક ૨૩૧
નાડીવિચાર ૨૩૨
નાડીચક્ર તથા નાડીસંચારજ્ઞાન ૨૩૨
નાડીનિર્ણય ૨૩૨
જગત્સુન્દરીપ્રયોગમાલા ૨૩૩
જ્વરપરાજય ૨૩૪
સારસંગ્રહ ૨૩૫
નિબંધ ૨૩૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૨૧. | **અર્થશાસ્ત્ર** | ૨૩૭ |
| ૨૨. | **નીતિશાસ્ત્ર** | ૨૩૯-૨૪૧ |
| | નીતિવાક્યામૃત | ૨૩૯ |
| | નીતિવાક્યામૃત-ટીકા | ૨૪૦ |
| | કામંદકીય-નીતિસાર | ૨૪૧ |
| | જિનસંહિતા | ૨૪૧ |
| | રાજનીતિ | ૨૪૧ |
| ૨૩. | **શિલ્પશાસ્ત્ર** | ૨૪૨ |
| | વાસ્તુસાર | ૨૪૨ |
| | શિલ્પશાસ્ત્ર | ૨૪૨ |
| ૨૪. | **રત્નશાસ્ત્ર** | ૨૪૩-૨૪૬ |
| | રત્નપરીક્ષા | ૨૪૩ |
| | સમસ્તરત્નપરીક્ષા | ૨૪૫ |
| | મણિકલ્પ | ૨૪૬ |
| | હીરકપરીક્ષા | ૨૪૬ |
| ૨૫. | **મુદ્રાશાસ્ત્ર** | ૨૪૭ |
| | દ્રવ્યપરીક્ષા | ૨૪૭ |
| ૨૬. | **ધાતુવિજ્ઞાન** | ૨૪૯ |
| | ધાતૂત્પત્તિ | ૨૪૯ |
| | ધાતુવાદપ્રકરણ | ૨૪૯ |
| | ભૂગર્ભપ્રકાશ | ૨૪૯ |
| ૨૭. | **પ્રાણિવિજ્ઞાન** | ૨૫૦-૨૫૨ |
| | મૃગપક્ષિશાસ્ત્ર | ૨૫૦ |
| | તુરંગપ્રબંધ | ૨૫૨ |
| | હસ્તિપરીક્ષા | ૨૫૨ |
| | **શબ્દાનુક્રમણિકા** | ૨૫૩ |
| | **સહાયક ગ્રંથોની સૂચિ** | ૨૯૧ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# લાક્ષણિક સાહિત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રથમ પ્રકરણ

# વ્યાકરણ

વ્યાકરણની વ્યાખ્યા કરતાં કોઈએ આ પ્રમાણે કહ્યું છે :

**"प्रकृति-प्रत्ययोपाधि-निपातादि विभागशः ।**
**यदन्वाख्यानकरणं शास्त्रं व्याकरणं विदुः ॥"**

એટલે કે પ્રકૃતિ અને પ્રત્યયોના વિભાગ દ્વારા પદોનું અન્વાખ્યાન-સ્પષ્ટીકરણ કરનાર શાસ્ત્ર 'વ્યાકરણ' કહેવાય છે.

વ્યાકરણ દ્વારા શબ્દોની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરી શકાય છે. વ્યાકરણનાં સૂત્રો સંજ્ઞા, વિધિ, નિષેધ, નિયમ, અતિદેશ અને અધિકાર - આ છ વિભાગોમાં વિભક્ત છે. પ્રત્યેક સૂત્રનાં પદચ્છેદ, વિભક્તિ, સમાસ, અર્થ, ઉદાહરણ અને સિદ્ધિ - આ છ અંગો હોય છે. સંક્ષેપમાં કહીએ તો ભાષા-વિકૃતિને અટકાવીને ભાષાનું બંધારણ સમજાવનારું શાસ્ત્ર વ્યાકરણ છે.

JAINSITE.com જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

વૈયાકરણોએ વ્યાકરણના વિસ્તાર અને દુષ્કરતા તરફ ધ્યાન દોરતાં વ્યાકરણના અધ્યયન માટેની પ્રેરણા આ રીતે આપી છે :

**"अनन्तपारं किल शब्दशास्त्रं,**
**स्वल्पं तथाऽऽयुर्बहवश्च विघ्नाः ।**
**सारं ततो ग्राह्यमपास्य फल्गु,**
**हंसो यथा क्षीरमिवाम्बुमध्यात् ॥"**

એટલે કે વ્યાકરણ-શાસ્ત્રનો અંત નથી, આયુષ્ય અલ્પ છે અને વિઘ્નો ઘણાં છે, માટે હંસ જેમ પાણી ભેળવેલા દૂધમાંથી ફક્ત દૂધ જ પીવે છે, તેમ નિરર્થક વિસ્તારને છોડીને સારરૂપ (વ્યાકરણ) ગ્રહણ કરવું જોઈએ.

જો કે વ્યાકરણનાં વિસ્તાર અને ગહનતામાં ન પડીએ તો પણ ભાષાના પ્રયોગોમાં અનર્થ ન થાય અને આપણા વિચાર લૌકિક અને સામયિક શબ્દો દ્વારા બીજાને સ્પષ્ટ અને સારી રીતે સમજાવી શકીએ તે માટે વ્યાકરણનું જ્ઞાન નિતાન્ત આવશ્યક છે. વ્યાકરણથી જ તો જ્ઞાન મૂર્તિમંત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યાકરણોની રચના પ્રાચીનકાળથી થતી રહે છે. તો પણ વ્યાકરણ-તંત્રની પ્રણાલિનો વૈજ્ઞાનિક અને નિયમબદ્ધ રીતે પાયો નાખનાર તરીકે મહર્ષિ પાણિનિ (ઈ. પૂર્વે ૫૦૦ થી ૪૦૦ની વચ્ચે)ને માનવામાં આવે છે. જો કે તેઓ પોતાના પૂર્વજ એવા વૈયાકરણોનો સાદર ઉલ્લેખ કરે છે પરંતુ તે વૈયાકરણોનો પ્રયત્ન ન તો વ્યવસ્થિત હતો કે ન તો શ્રૃંખલાબદ્ધ. આવી સ્થિતિમાં એ માનવું પડશે કે પાણિનિએ અષ્ટાધ્યાયી જેવા નાનકડા સૂત્રબદ્ધ ગ્રંથમાં સંસ્કૃત-ભાષાનો સાર નીચોવીને ભાષાના એવા બંધનું નિર્માણ કર્યું કે તે સૂત્રો સિવાય સિદ્ધ પ્રયોગોને અપભ્રષ્ટ ઠરાવવામાં આવ્યા અને તેમની પછી થનારા વૈયાકરણોએ ફક્ત તેમનું અનુસરણ જ કરવું પડ્યું. તેમની પછી વરરુચિ (ઇ. પૂર્વે ૪૦૦ થી ૩૦૦ની વચ્ચે), પતંજલિ, ચંદ્રગોમિન્ આદિ અનેક વૈયાકરણો થઈ ગયા, જેમણે વ્યાકરણ-શાસ્ત્રનો વિસ્તાર, સ્પષ્ટીકરણ, સરળતા, લઘુતા વગેરે ઉદ્દેશ્યો લઈને પોતાની નવી-નવી રચનાઓ દ્વારા વિચારો રજૂ કર્યા. પ્રસ્તુત પ્રકરણમાં ફક્ત જૈન વૈયાકરણો અને તેમના ગ્રંથોના વિષયમાં સંક્ષિપ્ત માહિતી આપવામાં આવશે.

ઐતિહાસિક વિવેચનોથી એ જ્ઞાત થાય છે કે જ્યારે બ્રાહ્મણોએ શાસ્ત્રો પર પોતાનો એકાધિકાર સ્થાપિત કર્યો ત્યારે જૈન વિદ્વાનોને વ્યાકરણ આદિ વિષય પર પોતાના નવા ગ્રંથો રચવાની પ્રેરણા મળી જેથી આજે આ વ્યાકરણ વિષય પર જૈનાચાર્યોના સ્વતંત્ર અને ટીકાત્મક ગ્રંથો સો કરતાં પણ વધારે સંખ્યામાં ઉપલબ્ધ છે. જે વૈયાકરણોની નાની-મોટી રચનાઓ જૈન ભંડારોમાં હજી સુધી અજ્ઞાતાવસ્થામાં પડી છે તે આ ગણતરીમાં સામેલ નથી.

કેટલાય આચાર્યોના ગ્રંથોનો નામોલ્લેખ મળે છે પરંતુ તે કૃતિઓ ઉપલબ્ધ નથી. જેમ કે ક્ષપણક-રચિત વ્યાકરણ, તેની વૃત્તિ અને ન્યાસ, મલ્લવાદીકૃત 'વિશ્રાન્તવિદ્યાધર-ન્યાસ', પૂજ્યપાદરચિત 'જૈનેન્દ્રવ્યાકરણ' પર તેમનો સ્વોપજ્ઞ 'ન્યાસ' અને 'પાણિનીય વ્યાકરણ' પર 'શબ્દાવતાર-ન્યાસ', ભદ્રેશ્વરરચિત 'દીપવ્યાકરણ' વગેરે આજ સુધી મળ્યાં નથી. આ વૈયાકરણોએ ન તો ફક્ત જૈનરચિત વ્યાકરણ આદિ ગ્રંથો પર ટીકા-ટિપ્પણ લખ્યાં પરંતુ જૈનેતર વિદ્વાનોનાં વ્યાકરણ આદિ ગ્રંથોનો પણ સમાદાર કરતાં ટીકા, વ્યાખ્યા, વિવરણ આદિ નિર્માણ કરવાની ઉદારતા દાખવી. તેથી જ તો તે ગ્રંથકારો જૈનેતર વિદ્વાનોની સાથે સાથે જ ભારતના સાહિત્ય-પ્રાંગણમાં પોતાની પ્રતિભા વડે ગૌરવપૂર્ણ સ્થાન મેળવી શક્યા છે. તેઓએ સેંકડો ગ્રંથોનું નિર્માણ કરીને જૈનવિદ્યાનું મુખ ઉજ્જવળ બનાવવાની કોશિશ કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન મહાવીર પૂર્વે કોઈ જૈનાચાર્યે વ્યાકરણની રચના કરી હોય એમ નથી જણાતું. 'ઐન્દ્રવ્યાકરણ' મહાવીરના સમયમાં (ઈ. પૂર્વે ૫૯૦)માં રચાયું. 'સદ્દપાહુડ' મહાવીર પછીના સમયમાં (ઈ. પૂર્વે ૫૫૭)માં રચાયું. પરંતુ આ બંને વ્યાકરણોમાંથી એક પણ ઉપલબ્ધ નથી. ત્યારબાદ દિગંબર જૈનાચાર્ય દેવનન્દિએ 'જૈનેન્દ્રવ્યાકરણ'ની રચના વિક્રમની છઠ્ઠી શતાબ્દીમાં કરી જેને જૈન વ્યાકરણ-ગ્રંથોમાં ઉપલબ્ધ એવી સર્વપ્રથમ રચના કહી શકાય. આ જ રીતે યાપનીયં સંઘના આચાર્ય શાકટાયને લગભગ વિ.સં. ૯૦૦માં 'શબ્દાનુશાસન'ની રચના કરી, જે યાપનીય સંઘનું આદ્ય અને જૈનોનું ઉપલબ્ધ એવું બીજું વ્યાકરણ છે. આચાર્ય બુદ્ધિસાગરસૂરિએ 'પંચગ્રન્થી' વ્યાકરણ વિ.સં. ૧૦૮૦માં રચ્યું છે. જેને શ્વેતાંબર જૈનોના ઉપલબ્ધ વ્યાકરણ-ગ્રંથોમાં સર્વપ્રથમ રચના કહી શકીએ. ત્યારબાદ હેમચન્દ્રસૂરિએ પંચાંગોથી યુક્ત એવા 'સિદ્ધ-હેમચન્દ્ર-શબ્દાનુશાસન'ની રચના કરી. ત્યારબાદ જેમનું વિગતવાર વર્ણન અમે અહીં કરી રહ્યા છીએ તેવા બીજા અનેક વૈયાકરણો થઈ ગયા જેમણે સ્વતંત્ર વ્યાકરણોની કે ટીકા, ટિપ્પણ તથા આંશિકરૂપે વ્યાકરણગ્રંથોની રચનાઓ કરી છે.

**ઐન્દ્ર-વ્યાકરણ :**

પ્રાચીન કાળમાં ઇન્દ્ર નામક આચાર્યે રચેલો એક વ્યાકરણ ગ્રંથ હતો[1] પરંતુ તે નાશ પામ્યો છે.[2] ઐન્દ્ર-વ્યાકરણ વિશે જૈનગ્રંથોમાં એવી પરંપરા અને માન્યતા છે કે ભગવાન મહાવીરે ઇન્દ્રને માટે એક શબ્દાનુશાસન કહ્યું, જેને ઉપાધ્યાયે (લેખાચાર્યે) સાંભળીને લોકમાં ઐન્દ્ર નામે પ્રગટ કર્યું.[3]

એમ માનવું અતિરેકપૂર્ણ કહેવાશે કે ભગવાન મહાવીરે આવા કોઈ વ્યાકરણની રચના કરી હોય અને તે પણ માગધી કે પ્રાકૃત ભાષામાં ન હોતાં બ્રાહ્મણોની પ્રમુખ ભાષા સંસ્કૃતમાં જ હોય.

---

૧. ડૉ. એ.સી. બર્નેલે ઐન્દ્રવ્યાકરણ-સંબંધી ચીની, તિબ્બતી અને ભારતીય સાહિત્યમાંના ઉલ્લેખોનો સંગ્રહ કરી 'ઑન દી ઐન્દ્ર સ્કૂલ ઑફ ગ્રામેરિયન્સ' નામનો એક મોટો ગ્રંથ લખ્યો છે :

૨. 'तेन प्रणष्टमैन्द्रं तदस्माद् भुवि व्याकरणम्'—કથાસરિત્સાગર, તરંગ ૪.

૩. सक्को अ तस्समक्खं भगवंतं आसणे निवेसित्ता ।

सद्दस्स लक्खणं पुच्छे वागरणं अवयवा इंदं ॥

—આવશ્યકનિર્યુક્તિ અને હારિભદ્રીય 'આવશ્યકવૃત્તિ' ભા. ૧, પૃ. ૧૮૨.

जैन साईट JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછળના જૈન ગ્રંથકારોએ તો "જૈનેન્દ્રવ્યાકરણ' ને જ 'ઐન્દ્ર' વ્યાકરણ તરીકે બતાવવાનો પ્રયત્ન કર્યો છે.[1] વસ્તુતઃ 'ઐન્દ્ર' અને 'જૈનેન્દ્ર'—આ બંને વ્યાકરણ જુદા-જુદા હતા. જૈનેન્દ્રથી અતિ પ્રાચીન એવા અનેક ઉલ્લેખ 'ઐન્દ્રવ્યાકરણ' વિશે મળે છે.

દુર્ગાચાર્યે 'નિરુક્ત-વૃત્તિ'માં પૃ. ૧૦ના પ્રારંભમાં 'ઇન્દ્ર-વ્યાકરણ'નું સૂત્ર આ રીતે આપ્યું છે : 'शास्त्रेष्वपि 'अथ वर्णसमूहः' इति ऐन्द्रव्याकरणस्य ।'

જૈન 'શાકટાયન વ્યાકરણ' (સૂત્ર- ૧.૨. ૩૭)માં 'ઇન્દ્ર-વ્યાકરણ'નો મત પ્રદર્શિત થયો છે.

'ચરક'ના વ્યાખ્યાતા ભટ્ટારક હરિશ્ચન્દ્રે 'ઇન્દ્ર-વ્યાકરણ'નો નિર્દેશ આ રીતે કર્યો છે : 'शास्त्रेष्वपि 'अथ वर्णसमूहः' इति ऐन्द्र-व्याकरणस्य ।'

દિગમ્બરાચાર્ય સોમદેવસૂરિએ પોતાના 'यशस्तिलकचम्पू' (આશ્વાસ ૧, પૃ. ૯૦)માં 'ઇન્દ્ર-વ્યાકરણ'નો ઉલ્લેખ કર્યો છે.

'ઐન્દ્ર-વ્યાકરણ'ની રચના ઈસુ પૂર્વે ૫૯૦માં થઈ હશે તેવો વિદ્વાનોનો મત છે. પરંતુ આ વ્યાકરણ આજ સુધી ઉપલબ્ધ થયું નથી.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**શબ્દપ્રાભૃત (સદ્દપાહુડ) :**

જૈન આગમોનું બારમું અંગ 'દૃષ્ટિવાદ'ના નામે હતું. જે હવે ઉપલબ્ધ નથી. આ અંગમાં ૧૪ પૂર્વ સમાયેલાં હતાં. પ્રત્યેક પૂર્વનો 'વસ્તુ' અને વસ્તુનો અવાન્તર વિભાગ 'પ્રાભૃત' નામે ઓળખાતો. 'આવશ્યક-ચૂર્ણિ', 'અનુયોગદ્વાર-ચૂર્ણિ' (પત્ર ૪૭), સિદ્ધસેનગણિકૃત 'તત્ત્વાર્થસૂત્ર-ભાષ્ય-ટીકા' (પૃ. ૫૦) અને મલધારી હેમચન્દ્રસૂરિકૃત 'અનુયોગદ્વારસૂત્ર-ટીકા' (પત્ર ૧૫૦)માં 'શબ્દપ્રાભૃત'નો ઉલ્લેખ મળે છે.

સિદ્ધસેનગણિએ કહ્યું છે કે "પૂર્વોમાં જે 'શબ્દપ્રાભૃત' છે, તેમાંથી વ્યાકરણનો ઉદ્‌ભવ થયો છે."

'શબ્દપ્રાભૃત' લુપ્ત થઈ ગયું છે. તે કઈ ભાષામાં હતું તે નિશ્ચિતરૂપે કહી શકાતું નથી. એમ માનવામાં આવે છે કે ચૌદ પૂર્વ સંસ્કૃત ભાષામાં હતા. આથી 'શબ્દપ્રાભૃત'

---

૧. વિનયવિજય ઉપાધ્યાય (સં. ૧૬૯૬) અને લક્ષ્મીવલ્લભ મુનિ (૧૮મી શતાબ્દી)એ જૈનેન્દ્રને જ ભગવત્પ્રણીત બતાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ સંસ્કૃતમાં હશે એવી સંભાવના થઈ શકે છે.

**ક્ષપણક-વ્યાકરણ :**

વ્યાકરણવિષયક ઘણા ગ્રંથોમાં એવાં ઉદ્ધરણો મળે છે, જેનાથી જણાય છે કે કોઈ ક્ષપણક નામના વૈયાકરણે કોઈ શબ્દાનુશાસનની રચના કરી છે. 'તંત્રપ્રદીપ'માં ક્ષપણકના મતનો એકથી વધુ વાર ઉલ્લેખ થયો છે.[1]

કવિ કાલિદાસરચિત 'જ્યોતિર્વિદાભરણ' નામના ગ્રંથમાં રાજા વિક્રમાદિત્યની સભાના નવ રત્નોના નામોનો ઉલ્લેખ છે, તેમાંના એક ક્ષપણક પણ હતા.[2]

ઘણા ઈતિહાસવિદોના મંતવ્ય પ્રમાણે જૈનાચાર્ય સિદ્ધસેન દિવાકરનું જ બીજું નામ ક્ષપણક હતું.

દિગમ્બર જૈનાચાર્ય દેવનન્દિએ સિદ્ધસેનના વ્યાકરણવિષયક મતનો 'वेत्तेः सिद्धसेनस्य ॥ ५.१.७.॥' આ સૂત્ર દ્વારા ઉલ્લેખ કર્યો છે.

ઉજ્જવલદત્ત-વિરચિત 'ઉણાદિવૃત્તિ'માં 'क्षपणकवृत्तौ अत्र 'इति' शब्द आद्यर्थे व्याख्यातः ॥' આ પ્રમાણે ઉલ્લેખ મળે છે, તેથી જણાય છે કે ક્ષપણકે વૃત્તિ, ધાતુપાઠ, ઉણાદિસૂત્ર આદિ સાથે વ્યાકરણ-ગ્રંથની રચના કરી હશે.

મૈત્રેયરક્ષિતે 'તંત્રપ્રદીપ' (૪.૧.૧૫૫) સૂત્રમાં 'ક્ષપણક-મહાન્યાસ' ઉદ્ધૃત કરેલ છે. તેનાથી જાણી શકાય છે કે ક્ષપણક-રચિત વ્યાકરણ પર 'ન્યાસ'ની પણ રચના થઈ હશે.

આ ક્ષપણકરચિત શબ્દાનુશાસન, તેની વૃત્તિ, ન્યાસ કે તેનો કોઈ અંશ આજ સુધી પ્રાપ્ત થયો નથી.

---

૧. મૈત્રેયરક્ષિતે પોતાના 'તંત્રપ્રદીપ'માં—'अतएव नावमात्मानं मन्यते इति विग्रहपरत्वादनेन ह्रस्वत्वं बाधित्वा अमागमे सति 'नावं मन्ये' इति क्षपणकव्याकरणे दर्शितम् ।'—આવો ઉલ્લેખ કરેલ છે—ભારત કૌમુદી, ભા. ૨, પૃ. ૮૯૩ની ટિપ્પણ.

૨. क्षपणकोऽमरसिंहशङ्कू वेतालभट्ट-घटकर्पर-कालिदासाः ।
ख्यातो वराहमिहिरो नृपतेः सभायां रत्नानि वै वररुचिर्नव विक्रमस्य ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જૈનેન્દ્ર-વ્યાકરણ (પંચાધ્યાયી) :

આ વ્યાકરણના કર્તા દેવનન્દિ દિગંબર-સંપ્રદાયના આચાર્ય હતા. તેમના પૂજ્યપાદ[1] અને જિનેન્દ્રબુદ્ધિ[2] એવાં બીજા બે નામ પણ પ્રચલિત હતા. તેમને 'દેવ'ના સંક્ષિપ્ત નામથી પણ લોકો ઓળખતા હતા. તેમણે ઘણા ગ્રંથોની રચના કરી છે. લક્ષણશાસ્ત્રમાં દેવનંદિને ઉત્તમ ગ્રંથકાર માનવામાં આવે છે.[3] તેમનો સમય વિક્રમની છઠ્ઠી શતાબ્દી છે.

બોપદેવે જે આઠ પ્રાચીન વૈયાકરણોનો ઉલ્લેખ કર્યો છે, તેમાંના એક જૈનેન્દ્ર પણ છે. આ દેવનન્દિ કે પૂજ્યપાદ વિક્રમની છઠ્ઠી શતાબ્દીમાં વિદ્યમાન હતા તેવું વિદ્વાનોનું મંતવ્ય છે.[4] જ્યાં સુધી જાણી શકાયું છે ત્યાં સુધી જૈનાચાર્યો દ્વારા રચવામાં આવેલા મૌલિક વ્યાકરણોમાં 'જૈનેન્દ્ર-વ્યાકરણ' સર્વપ્રથમ છે.

---

૧. यशः कीर्त्तिर्यशोनन्दी देवनन्दी महामतिः ।
श्रीपूज्यपादापराख्यो गुणनन्दी गुणाकरः ॥ — नन्दीसंघपट्टावली

૨. એક જિનેન્દ્રબુદ્ધિ નામના બોધિસત્ત્વદેશીયાચાર્ય અથવા બૌદ્ધ સાધુ વિક્રમની ૮મી શતાબ્દી દરમ્યાન થયા હતા, તેમણે 'પાણિનીય વ્યાકરણ'ની 'કાશિકાવૃત્તિ' પર એક ન્યાસગ્રંથની રચના કરી હતી, જે 'જિનેન્દ્રબુદ્ધિ-ન્યાસ' નામથી પ્રસિદ્ધ છે. પરંતુ આ જિનેન્દ્રબુદ્ધિ તેમનાથી ભિન્ન છે. આ તો પૂજ્યપાદનું નામાન્તર છે, જેમના વિષે આ પ્રમાણે ઉલ્લેખ મળે છે :

'जिनवद् बभूव यदनङ्गचापहृत् स जिनेन्द्रबुद्धिरिति साधु वर्णितः ।'

—શ્રવણ બેલગોલનો સં. ૧૦૮ (૨૮૫)નો મંગરાજકવિ (સં. ૧૫૦૦) કૃત શિલાલેખ, શ્લોક ૧૬.

૩. 'प्रमाणमकलङ्कस्य पूज्यपादस्य लक्षणम्' । —ધનંજયનામમાલા, શ્લોક ૨૦, 'सर्वव्याकरणे विपश्चिदधिपः श्रीपूज्यपादः स्वयम् ।'; 'शब्दाश्च येन (पूज्यपादेन) सिद्धयन्ति ।' —આ બધાં પ્રમાણ તેમના મહાવૈયાકરણ હોવાનાં પરિચાયક છે.

૪. નાથૂરામ પ્રેમી : 'જૈન સાહિત્ય ઔર ઈતિહાસ' પૃ. ૧૧૫-૧૧૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વ્યાકરણમાં પાંચ અધ્યાય હોવાથી તેને 'પંચાધ્યાયી' પણ કહે છે. તેમાં પ્રકરણ-વિભાગ નથી. પાણિનિની જેમ વિધાનક્રમને લક્ષ્યમાં રાખીને સૂત્ર-રચના કરવામાં આવી છે. એકશેષ પ્રકરણ-રહિત એટલે કે અનેકશેષ રચના આ વ્યાકરણની વિશેષતા છે. સંજ્ઞાઓ અલ્પાક્ષરી છે અને 'પાણિનીય વ્યાકરણ' આ ગ્રંથનો આધાર છે પરંતુ અર્થગૌરવ વધી જવાથી આ વ્યાકરણ ક્લિષ્ટ બની ગયું છે. આ લૌકિક વ્યાકરણ છે, જેમાં છાંદસ્ પ્રયોગોને પણ લૌકિક માનીને સિદ્ધ કરવામાં આવ્યા છે.

દેવનંદિએ આમાં શ્રીદત્ત[1], યશોભદ્ર[2], ભૂતબલિ[3], પ્રભાચંદ્ર[4], સિદ્ધસેન[5], અને સમંતભદ્ર[6] — આ પ્રાચીન જૈનાચાર્યોના મતનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ આ આચાર્યોનો કોઈપણ વ્યાકરણ-ગ્રંથ આજ સુધી પ્રાપ્ત નથી થયો, ન તો ક્યાંય તેમના વૈયાકરણ હોવાનો ઉલ્લેખ પણ મળે છે.

'જૈનેન્દ્રવ્યાકરણ'ના બે પ્રકારના સૂત્રપાઠ મળે છે. એક પ્રાચીન છે, જેમાં ૩૦૦૦ સૂત્રો છે. બીજો સંશોધિત પાઠ છે, જેમાં ૩૭૦૦ સૂત્ર છે. તેમાં પણ બધા સૂત્રો સમાન નથી અને સંજ્ઞાઓમાં પણ ભિન્નતા છે. તેમ છતાં ઘણા અંશે સમાનતા છે. બંને સૂત્રપાઠો પર ભિન્ન-ભિન્ન ટીકાગ્રંથો છે, જેમનો પરિચય અલગથી આપ્યો છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પં. કલ્યાણવિજયજી ગણિ આ વ્યાકરણની આલોચના આ પ્રમાણે કરે છે :

"જૈનેન્દ્રવ્યાકરણ આચાર્ય દેવનંદિની કૃતિ માનવામાં આવે છે, પરંતુ તેમાં જે-જે આચાર્યોના મતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાંના એકનું પણ વ્યાકરણકાર હોવાનું પ્રમાણ નથી મળતું. મને લાગે છે કે પાછળના કેટલાક દિગમ્બર જૈન વિદ્વાનોએ પાણિનીય અષ્ટાધ્યાયી સૂત્રોને અસ્ત-વ્યસ્ત કરી આ કૃત્રિમ વ્યાકરણ બનાવી તેને દેવનંદિના નામે ચઢાવી દીધું છે."[7]

---

૧. 'गुणे श्रीदत्तस्यास्त्रियाम्' ॥ १. ४. ३४ ॥
૨. 'कृवृषिमृजां यशोभद्रस्य' ॥ २. १. ९९ ॥
૩. 'राद् भूतबलेः' ॥ ३. ४. ८३ ॥
૪. 'रात्रैः कृतिप्रभाचन्द्रस्य' ॥ ४. ३. १८० ॥
૫. 'वेत्तेः सिद्धसेनस्य' ॥ ५. १. ७ ॥
૬. 'चतुष्टयं समन्तभद्रस्य' ॥ ५. ४. १४० ॥
૭. 'પ્રબન્ધ-પારિજાત' પૃ. ૨૧૪.

**જૈનેન્દ્રન્યાસ, જૈનેન્દ્રભાષ્ય અને શબ્દવતારન્યાસ :**

દેવનંદિ કે પૂજ્યપાદે પોતાના 'જૈનેન્દ્રવ્યાકરણ' પર સ્વોપજ્ઞ ન્યાસ અને 'પાણિનીય વ્યાકરણ' પર 'શબ્દાવતાર' ન્યાસની રચના કરી છે, એમ શિમોગા જિલ્લાના નગરતાલુકાના ૪૬મા શિલાલેખ પરથી જાણી શકાય છે. આ શિલાલેખમાં આ બંને ન્યાસ-ગ્રંથોનો ઉલ્લેખ નીચેના પદ્યાંશમાં આ રીતે મળે છે :

**'न्यासं 'जैनेन्द्र'संज्ञं सकलबुधनतं पाणिनीयस्य भूयो,**
**न्यासं 'शब्दावतारं' मनुजततिहितं वैद्यशास्त्रं च कृत्वा ।'**

શ્રુતકીર્તિએ 'જૈનેન્દ્રવ્યાકરણ'ની 'પંચવસ્તુ' નામની ટીકામાં 'ભાષ્યોऽથ શય્યાતલમ્' વ્યાકરણરૂપ મહેલમાં ભાષ્ય શય્યાતલ છે — એવો ઉલ્લેખ કર્યો છે તેના આધારે 'જૈનેન્દ્રવ્યાકરણ' પર 'સ્વોપજ્ઞ ભાષ્ય' હોવાનું પણ અનુમાન કરવામાં આવે છે, પરંતુ આ ભાષ્ય કે ઉપયુક્ત બંને ન્યાસોમાંથી કોઈપણ ન્યાસ પ્રાપ્ત થયેલ નથી.

**મહાવૃત્તિ (જૈનેન્દ્રવ્યાકરણ-વૃત્તિ) :**

અભયનંદિ નામક દિગંબર જૈન મુનિએ દેવનંદિના મૂળ સૂત્રપાઠ પર ૧૨૦૦૦ શ્લોક-પરિમાણ ટીકા રચી છે, જે ઉપલબ્ધ ટીકાઓમાં સૌથી પ્રાચીન છે. તેમનો સમય વિક્રમની ૮મી-૯મી શતાબ્દી છે.

'પંચવસ્તુ' ટીકાના કર્તા શ્રુતકીર્તિએ આ વૃત્તિને 'જૈનેન્દ્રવ્યાકરણ'રૂપી મહેલના કમાડની ઉપમા આપી છે. વાસ્તવમાં આ વૃત્તિના આધારે બીજી ટીકાઓનું નિર્માણ થયું છે. આ વૃત્તિ[1] વ્યાકરણસૂત્રોના અર્થને વિશદ શૈલીમાં પ્રગટ કરવામાં ઉપયોગી બની છે.

અભયનંદિએ પોતાની ગુરુ-પરંપરા કે ગ્રંથરચનાનો સમય નથી આપ્યો તો પણ તેઓ ૮-૯મી શતાબ્દીમાં થઈ ગયા હોવાનું માનવામાં આવે છે. ડૉ. બેલ્વેલકરે અભયનંદિનો સમય ઈ.સ. ૭૫૦નો બતાવ્યો છે[2], પરંતુ તે સાચો નથી. અભયનંદિના અન્ય ગ્રંથો વિષયમાં કંઈ પણ જ્ઞાત નથી.

**શબ્દામ્ભોજભાસ્કરન્યાસ :**

દિગંબરાચાર્ય પ્રભાચંદ્રે (વિ. ની ૧૧મી સદી) 'જૈનેન્દ્રવ્યાકરણ' પર 'શબ્દામ્ભોજભાસ્કર' નામે ન્યાસ-ગ્રંથની રચના લગભગ ૧૬૦૦૦ શ્લોક-

---

૧. આ વૃત્તિ ભારતીય જ્ઞાનપીઠ, કાશીથી પ્રકાશિત થઈ છે.

૨. 'સિસ્ટમ્સ ઑફ ગ્રામર' પેરા૦ ૫૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિમાણમાં કરી છે. આ ન્યાસના અધ્યાય ૪, પાદ ૩, સૂત્ર ૨૧૧ સુધીની હસ્તિલિખિત પ્રતિઓ મળે છે, બાકીનો ભાગ હજી સુધી હસ્તગત નથી થયો. મુંબઈના 'સરસ્વતી-ભવન'માં તેની બે અપૂર્ણ પ્રતો છે. ગ્રંથકારે સર્વપ્રથમ પૂજ્યપાદ અને અકલંકને નમસ્કાર કરીને ન્યાસ-રચનાનો આરંભ કર્યો છે. તે પોતાના ન્યાસ વિશે આ પ્રમાણે કહે છે :

**शब्दानामनुशासनानि निखिलान्यध्यायताहर्निशं,**
**यो यः सारतरो विचारचतुरस्तल्लक्षणांशो गतः ।**
**तं स्वीकृत्य तिलोत्तमेव विदुषां चेतश्चमत्कारक-**
**सुव्यक्तैरसमैः प्रसन्नवचनैर्न्यासः समारभ्यते ॥४॥**

આ આરંભ-વચનથી જ તેમનાં વ્યાકરણ-વિષયક અધ્યયન અને પાંડિત્યની જાણ થઈ જાય છે. તેઓ પોતાના સમયના મહાન ટીકાકાર અને દાર્શનિક વિદ્વાન હતા. તેમના ગ્રંથોને જોતાં જ તે ખબર પડે છે. ન્યાસમાં તેમણે દાર્શનિક શૈલી અપનાવી છે અને વિષયનું વિવેચન સ્ફૂટરીતિથી કર્યું છે.

તેમના ગ્રંથોની પ્રશસ્તિઓ અને શિલાલેખથી પણ એ સ્પષ્ટ થાય છે કે આચાર્ય પ્રભાચંદ્ર ધારાધીશ ભોજદેવ અને જયસિંહદેવના રાજ્યકાળમાં વિદ્યમાન હતા.[૧] એક જગ્યાએ તો એમ પણ કહેવામાં આવ્યું છે કે ભોજદેવ તેમની પૂજા કરતો હતો. ભોજદેવનો સમય વિ. સં. ૧૦૭૦ થી ૧૧૧૦ માનવામાં આવે છે, આથી આ ન્યાસગ્રંથની રચના તે દરમ્યાન થઈ હશે તેમ કહી શકીએ. પં. મહેન્દ્રકુમારે ન્યાસ-રચનાનો સમય ઈ.સ. ૯૮૦ થી ૧૦૬૫ જણાવ્યો છે.[૨]

**પંચવસ્તુ (જૈનેન્દ્રવ્યાકરણ-વૃત્તિ) :**

'પંચવસ્તુ' ટીકા (વિ. સં. ૧૧૪૬) 'જૈનેન્દ્રવ્યાકરણ' ના પ્રાચીન સૂત્રપાઠનો પ્રક્રિયા-ગ્રંથ છે. તેની શૈલી સુબોધ અને સુંદર છે. તે ૩૩૦૦ શ્લોક-પ્રમાણનો છે. વ્યાકરણના પ્રારંભિક અભ્યાસીઓ માટે આ ગ્રંથ બહુ ઉપયોગી છે.

---

૧. श्रीधाराधिपभोजराजमुकुटप्रोताश्मरश्मिच्छटा-
छायाकुङ्कुमपङ्कलिप्तचरणाम्भोजातलक्ष्मीधवः ।
न्यायाब्जाकरमण्डने दिनमणिश्शब्दाब्जरोदोमणिः
स्थेयात् पण्डितपुण्डरीकतरणिः श्रीमान् प्रभाचन्द्रमाः ॥१७॥
श्री चतुर्मुखदेवानां शिष्योऽधृष्यः प्रवादिभिः ।
पण्डितश्रीप्रभाचन्द्रो रुद्रवादिगजाङ्कुशः ॥१८॥

—શિલાલેખ-સંગ્રહ ભા. ૧, પૃ. ૧૧૮.

૨. પ્રમેયકમલમાર્તણ્ડ – પ્રસ્તાવના, પૃ. ૬૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનેન્દ્રવ્યાકરણરૂપ મહેલમાં પ્રવેશવા માટે 'પંચવસ્તુ'ને સોપાન-પંક્તિ સ્વરૂપે બતાવવામાં આવેલ છે.[1] તેની બે હસ્તિલિખિત પ્રતિઓ પૂનાના ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટમાં છે.

આ ગ્રંથની રચના કોણે કરી, તે વિશે આ પ્રતિઓમાં આદિથી અંત સુધી કોઈ નિર્દેશ નથી મળતો. ફક્ત એક જગ્યાએ સંધિ-પ્રકરણમાં 'संधिं त्रिधा कथयति श्रुतकीर्तिरार्य:' એમ લખ્યું છે. આ ઉલ્લેખ પરથી તેના કર્તા શ્રુતકીર્તિ આચાર્ય હતા તે સ્પષ્ટ થાય છે.

'નંદીસંઘની પટ્ટાવલિ'માં 'त्रैविद्यः श्रुतकीर्त्याख्यो वैयाकरणभास्करः' આમ કહીને શ્રુતકીર્તિને વૈયાકરણભાસ્કર કહેવામાં આવ્યા છે.

શ્રુતકીર્તિ નામના અનેક આચાર્ય થઈ ગયા છે, તેમાંથી આ શ્રુતકીર્તિ કયા હતા તે શોધવું મુશ્કેલ છે. કન્નડભાષાના 'ચંદ્રપ્રભચરિત'ના કર્તા અગ્ગલ કવિએ શ્રુતકીર્તિને પોતાના ગુરુ બતાવ્યા છે.

'इदु परमपुरु नाथकुलभूभृत्समुद्भूतप्रवचनसरित्सरिन्नाथश्रुतकीर्ति त्रैविद्य-चक्रवर्तिपदपद्मनिधानदीपवर्तिश्रीमदग्गलदेवविरचिते चन्द्रप्रभचरिते ।'

આ ગ્રંથ શક સં. ૧૦૧૧ (વિ.સં. ૧૧૪૬)માં રચાયેલો છે. જો આર્ય શ્રુતકીર્તિ અને શ્રુતકીર્તિ ત્રૈવિદ્યચક્રવર્તી એક જ હોય તો 'પંચવસ્તુ' ૧૨મી શતાબ્દીના પ્રારંભમાં રચાયેલ હશે તેમ માની શકાય.

**લઘુ જૈનેન્દ્ર (જૈનેન્દ્રવ્યાકરણ-ટીકા) :**

આચાર્ય અભયનંદિની 'મહાવૃત્તિ'ના આધારે દિગંબર જૈન પંડિત મહાચન્દ્રે વિક્રમની ૧૨મી શતાબ્દીમાં જૈનેન્દ્ર વ્યાકરણ પર 'લઘુ જૈનેન્દ્ર' નામે ટીકાની રચના કરી છે.[2]

---

१. सूत्रस्तम्भसमुद्धृतं प्रविलसन्न्यासोरुरत्नक्षिति-
श्रीमद्वृत्तिकपाटसंपुटयुतं भाष्योऽथ शय्यातलम् ।
टीकामालमिहारुरुक्षुरचितं जैनेन्द्रशब्दागमं,
प्रासादं पृथुपञ्चवस्तुकमिदं सोपानमारोहतात् ॥

२. महावृत्तिं शुम्भत् सकलबुधपूज्यां सुखकरीं
विलोक्योद्यद्ज्ञानप्रभुविभयनन्दीप्रवहिताम् ।
अनेकैः सच्छब्दैर्भ्रमविगतकैः संदृढभूतां (?)
प्रकुर्वेऽहं [टीकां] तनुमतिर्महाचन्द्रविबुधः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની એક પ્રતિ અંકલેશ્વર દિગંબર જૈન મંદિરમાં અને બીજી અપૂર્ણ પ્રતિ પ્રતાપગઢ (માળવા)ના પ્રાચીન જૈન મંદિરમાં છે.

**શબ્દાર્ણવ(જૈનેન્દ્ર-વ્યાકરણ-પરિવર્તિત-સૂત્રપાઠ) :**

આચાર્ય ગુણનંદિએ 'જૈનેન્દ્રવ્યાકરણ'ના મૂળ ૩૦૦૦ સૂત્રપાઠને પરિવર્તિત અને પરિવર્ધિત કરીને વ્યાકરણને સર્વાંગ-સંપૂર્ણ બનાવવાની કોશિશ કરી છે. તેની રચનાનો સમય વિ. સં. ૧૦૩૬થી પહેલાનો છે.

શબ્દાર્ણવપ્રક્રિયા નામે છપાયેલા આ ગ્રંથના અંતિમ શ્લોકમાં કહ્યું છે :

**'सैषा श्रीगुणनन्दितानितवपुः शब्दार्णवे निर्णयं**
**नावत्याश्रयतां विविक्षुमनसां साक्षात् स्वयं प्रक्रिया ।'**

અર્થાત્ ગુણનંદિએ જેનાં શરીરને વિસ્તૃત કર્યું છે તે 'શબ્દાર્ણવ'માં પ્રવેશ કરવા માટે આ પ્રક્રિયા સાક્ષાત્ નૌકા સમાન છે.

શબ્દાર્ણવકારે સૂત્રપાઠના અડધાથી વધારે સૂત્રો એનાં એ જ રાખ્યા છે. સંજ્ઞાઓ અને સૂત્રોમાં તફાવત કર્યો છે. તેથી અભયનંદિના સ્વીકૃત સૂત્રપાઠની સાથે આ ૩૦૦૦ સૂત્રોનો પણ મેળ નથી.

એવો સંભવ છે કે આ સૂત્રપાઠ પર ગુણનંદિએ કોઈ વૃત્તિની રચના કરી હોય પરંતુ એવો કોઈ ગ્રંથ આજ સુધી ઉપલબ્ધ થયો નથી.

ગુણનંદિ નામના અનેક આચાર્ય થઈ ગયા છે. એક ગુણનંદિનો ઉલ્લેખ શ્રવણ બેલ્ગોલના ૪૨,૪૩ અને ૪૭મા શિલાલેખમાં છે. તે અનુસાર તેઓ બલાકપિચ્છના શિષ્ય અને ગૃધ્રપૃચ્છના પ્રશિષ્ય હતા. તેઓ તર્ક, વ્યાકરણ અને સાહિત્યશાસ્ત્રના નિપુણ વિદ્વાન હતા. તેમની પાસે ૩૦૦ શાસ્ત્ર-પારંગત શિષ્ય હતા, જેમાં ૭૨ શિષ્ય તો સિદ્ધાંતના પારગામી હતા. આદિપંપના ગુરુ દેવેન્દ્રના પણ તેઓ ગુરુ હતા.[૧] 'કર્નાટક-કવિચરિતે'ના કર્તાએ તેમનો સમય વિ. સં. ૯૫૭ નિશ્ચિત કર્યો છે. એવું અનુમાન થાય છે કે આ જ ગુણનંદિ આચાર્ય 'શબ્દાર્ણવ'ના કર્તા હશે.

---

૧. तच्छिष्यो गुणनन्दिपण्डितयतिश्चारित्रचक्रेश्वरः
तर्क-व्याकरणादिशास्त्रनिपुणः साहित्यविद्यापतिः ।
मिथ्यात्वादिमहान्धसिन्धुरघटासंघातकण्ठीरवो
भव्याम्भोजदिवाकरो विजयतां कन्दर्पदर्पापहः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શબ્દાર્ણવચન્દ્રિકા (જૈનેન્દ્રવ્યાકરણવૃત્તિ):**

દિગમ્બર સોમદેવ મુનિએ 'જૈનેન્દ્રવ્યાકરણ' પર આધારિત આચાર્ય ગુણનંદિના 'શબ્દાર્ણવ' સૂત્રપાઠ પર 'શબ્દાર્ણવચન્દ્રિકા' નામની એક વિસ્તૃત ટીકાની રચના કરી હતી. ગ્રંથકાર સ્વયં કહે છે કે :

'श्रीसोमदेवयतिनिर्मितमादधाति या,
नौः प्रतीतगुणनन्दितशब्दवारिधौ ।'

અર્થાત્ શબ્દાર્ણવમાં પ્રવેશવા માટેની નૌકા સમાન આ ટીકા સોમદેવ મુનિએ રચી છે.

તેમાં શાકટાયનના પ્રત્યાહારસૂત્રોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, જૈનેન્દ્રનું ટીકા સાહિત્ય શાકટાયનની કૃતિથી ખૂબ જ ઉપકૃત થયેલું જણાય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**શબ્દાર્ણવપ્રક્રિયા (જૈનેન્દ્રવ્યાકરણ-ટીકા) :**

આ ગ્રંથ (વિ. સં. ૧૧૮૦) 'જૈનેન્દ્રપ્રક્રિયા'ના નામે છપાયો છે અને પ્રકાશકે તેના કર્તાનું નામ ગુણનંદિ જણાવ્યું છે પરંતુ એ બરાબર નથી. જો કે અંતિમ પદોમાં ગુણનંદિનું નામ છે, પરંતુ તે તો તેમની પ્રશંસાત્મક સ્તુતિ સ્વરૂપે છે :

'राजन्मृगाधिराजो गुणनन्दी भुवि चिरं जीयात् ।'

આવી આત્મપ્રશંસા સ્વયં કર્તા પોતાના માટે ન કરી શકે.

સોમદેવની 'શબ્દાર્ણવચન્દ્રિકા' ના આધારે રચાયેલ પ્રક્રિયાબદ્ધ ટીકાગ્રંથ છે

ત્રીજા પદ્યમાં શ્રુતકીર્તિનું નામ આ પ્રમાણે ઉલ્લિખિત છે :

'सोऽयं यः श्रुतकीर्तिदेवयतिपो भट्टारकोत्तंसकः ।
रंरम्यान्मम मानसे कविपतिः सद्राजहंसश्चिरम् ॥'

આ શ્રુતકીર્તિ 'પંચવસ્તુ'કાર શ્રુતકીર્તિથી જુદા હશે, કેમ કે આમાં શ્રુતિકીર્તિને 'કવિપતિ' કહ્યા છે. સંભવતઃ શ્રવણ બેલ્ગોલના ૧૦૮મા શિલાલેખમાં જે શ્રુતકીર્તિનો ઉલ્લેખ છે તે આ જ હશે તેવું અનુમાન છે. આ શ્રુતકીર્તિનો સમય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિ. સં. ૧૧૮૦નો જણાવવામાં આવ્યો છે.[૧] આ શ્રુતકીર્તિના કોઈ શિષ્યે આ પ્રક્રિયા ગ્રંથ રચ્યો હતો.[૨] પદ્યમાં 'રાજહંસ'નો ઉલ્લેખ છે. શું આ નામ કર્તાનું તો નહીં હોય ?

**ભગવદ્વાગ્વાદિની :**

'કલ્પસૂત્ર'ની ટીકામાં ઉપાધ્યાય વિનયવિજય અને શ્રી લક્ષ્મીવલ્લભે નિર્દેશ કર્યો છે કે 'ભગવત્પ્રણીત વ્યાકરણનું નામ જૈનેન્દ્ર છે' આ સિવાય કશું જ નથી કહ્યું. તેનાથી પણ આગળ વધીને રત્નર્ષિ નામના કોઈ મુનિએ 'ભગવદ્વાગ્વાદિની' નામે ગ્રંથની રચના લગભગ વિ. સં. ૧૭૯૭માં કરી છે તેમાં તેમણે જૈનેન્દ્ર-વ્યાકરણના કર્તા દેવનંદિ નહીં પરંતુ સાક્ષાત્ ભગવાન મહાવીર છે તેવું બતાવવાનો ભારપૂર્વક પ્રયત્ન કર્યો છે.

'ભગવદ્વાગ્વાદિની'માં જૈનેન્દ્ર-વ્યાકરણનો 'શબ્દાર્ણવચન્દ્રિકાકાર' દ્વારા માન્ય થયેલો સૂત્રપાઠ માત્ર છે અને ૮૦૦ શ્લોક-પ્રમાણ છે.[૩]

**જૈનેન્દ્રવ્યાકરણ-વૃત્તિ :**

'જૈનેન્દ્રવ્યાકરણ' પર મેઘવિજય નામના કોઈ શ્વેતાંબર મુનિએ વૃત્તિ[૪]ની રચના કરી છે. તેઓ જો હેમકૌમુદી (ચન્દ્રપ્રભા) વ્યાકરણના કર્તા જ હોય તો આ વૃત્તિની રચના ૧૮મી શતાબ્દીમાં થઈ હોવાનું માની શકાય.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**અનિટ્કારિકાવચૂરિ :**

'જૈનેન્દ્રવ્યાકરણ'ની અનિટ્કારિકા પર શ્વેતાંબર જૈન મુનિ વિજયવિમલે ૧૭મી શતાબ્દીમાં 'અવચૂરિ'ની રચના કરી છે.[૫]

નિમ્નોક્ત આધુનિક વિદ્વાનોએ પણ 'જૈનેન્દ્રવ્યાકરણ' પર સરળ પ્રક્રિયા વૃત્તિઓની રચના કરી છે :

---

૧. 'સિસ્ટમ્સ ઑફ ગ્રામર' પૃ. ૬૭.

૨. નાથૂરામ પ્રેમી : 'જૈન સાહિત્ય ઔર ઈતિહાસ' પૃ. ૧૧૫.

૩. નાથૂરામ પ્રેમી : 'જૈન સાહિત્ય ઔર ઈતિહાસ' પરિશિષ્ટ, પૃ. ૧૨૫.

૪. આ વૃત્તિ-ગ્રન્થનો ઉલ્લેખ 'રાજસ્થાન કે જૈન શાસ્ત્ર-ભંડારોં કી ગ્રન્થસૂચી', ભા.૨ ના પૃ. ૨૫૭ પર કરવામાં આવ્યો છે. આની પ્રતિ ૨૬-૪૯ પત્રોની મળી છે.

૫. આની હસ્તલિખિત પ્રતિ છાણીના ભંડારમાં (સં. ૫૭૮) છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં. વંશીધરજીએ 'જૈનેન્દ્રપ્રક્રિયા', પં. નેમિચન્દ્રજીએ 'પ્રક્રિયાવતાર' અને પં. રાજકુમારજીએ 'જૈનેન્દ્રલઘુવૃત્તિ'.

**શાકટાયન-વ્યાકરણ :**

પાણિનિ વગેરેએ જે શાકટાયન નામના વૈયાકરણાચાર્યનો ઉલ્લેખ કર્યો છે તે પાણિનિ પહેલાંના સમયમાં થઈ ગયા હતા, પરંતુ જેમનું 'શાકટાયન વ્યાકરણ' આજે ઉપલબ્ધ છે તે શાકટાયન આચાર્યનું વાસ્તવિક નામ તો છે પાલ્યકીર્તિ અને તેમના વ્યાકરણનું નામ છે શબ્દાનુશાસન. પાણિનિનિર્દિષ્ટ પ્રાચીન શાકટાયન આચાર્યની જેમ પાલ્યકીર્તિ પ્રસિદ્ધ વૈયાકરણ હોવાથી તેમનું નામ પણ શાકટાયન અને તેમના વ્યાકરણનું નામ 'શાકટાયન-વ્યાકરણ' તરીકે પ્રસિદ્ધ થયું હોય તેમ લાગે છે.

પાલ્યકીર્તિ જૈનોના યાપનીય સંઘના અગ્રણી તેમ જ મહાન આચાર્ય હતા. તે રાજા અમોઘવર્ષના રાજ્ય-કાળમાં થઈ ગયા. અમોઘવર્ષ શક સં. ૭૩૬ (વિ. સં. ૮૭૧)માં રાજગાદી પર બેઠો. તે જ સમયની આસપાસ એટલે કે વિક્રમની ૯મી સદીમાં આ વ્યાકરણની રચના થઈ છે.

આ વ્યાકરણમાં પ્રકરણો-વિભાગો નથી. પાણિનીની જેમ વિધાન-ક્રમનું અનુસરણ કરીને સૂત્ર-રચના કરવામાં આવી છે.

જો કે પ્રક્રિયા-ક્રમની રચના કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે પરંતુ આમ કરવાથી કિલષ્ટતા અને વિપ્રકીર્ણતા આવી ગઈ છે. તેના પ્રત્યાહાર પાણિનિને મળતા આવતા હોવા છતાં થોડા ભિન્ન છે. જેમ કે - 'ऋलृक' ના સ્થાને ફક્ત 'ऋक्' પાઠ છે. કેમ કે 'ऋ' અને 'लृ' માં અભેદ સ્વીકારવામાં આવ્યો છે. 'हयवरट्' અને 'लण्' ને મેળવીને 'વેટ'ને દૂર કરીને અહીં એક સૂત્ર બનાવવામાં આવ્યું છે તથા ઉપાંત્ય સૂત્ર 'शषसर्' માં વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીયનો પણ સમાવેશ કરી કામ લીધું છે. સૂત્રોની રચના તદ્દન અલગ પ્રકારની છે. આના પર કાતંત્ર-વ્યાકરણનો વ્યાપક પ્રભાવ છે. આમાં ચાર અધ્યાય છે અને તે ૧૬ પાદોમાં વિભક્ત છે.

યક્ષવર્માએ 'શાકટાયનવ્યાકરણ'ની 'ચિંતામણિ' ટીકામાં આ વ્યાકરણની વિશેષતા દર્શાવતા કહ્યું છે :

**'इष्टिर्नेष्ट न वक्तव्यं वक्तव्यं सूत्रतः पृथक् ।**
**संख्यानं नोपसंख्यानं यस्य शब्दानुशासने ॥**
**इन्द्र-चन्द्रादिभिः शाब्दैर्यदुक्तं शब्दलक्षणम् ।**
**तदिहास्ति समस्तं च यन्नेहास्ति न तत् क्वचित् ॥'**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થાત્ શાકટાયનવ્યાકરણમાં ઇષ્ટિઓ[1] ભણવાની જરૂર નથી. સૂત્રોથી અલગ વક્તવ્ય કશું જ નથી. ઉપસંખ્યાનોની પણ કશી જરૂર નથી. ઇન્દ્ર, ચન્દ્ર આદિ વૈયાકરણોએ જે શબ્દ-લક્ષણ કહ્યાં છે તે બધા આ વ્યાકરણમાં સમાવિષ્ટ છે અને જે અહીં નથી તે બીજે ક્યાંય પણ નથી.

આ વક્તવ્યમાં અતિશયોક્તિ હોવા છતાં પણ પાલ્યકીર્તિએ આ વ્યાકરણમાં પોતાની પહેલાંના વૈયાકરણોની ખામીઓ સુધારવાનો પ્રયત્ન કર્યો છે અને લૌકિક પદોનું અન્વાખ્યાન આપ્યું છે. વ્યાકરણના ઉદાહરણો પરથી રચનાકાલીન સમયનો ખ્યાલ આવે છે. આ વ્યાકરણમાં આર્ય વજ્ર, ઇન્દ્ર અને સિદ્ધનંદિ જેવા પૂર્વાચાર્યોનો ઉલ્લેખ છે.[2] પ્રથમ નામથી તો પ્રસિદ્ધ આર્ય વજ્ર સ્વામી અભિપ્રેત હશે અને પછીનાં બે નામોથી યાપનીય સંઘના આચાર્યો.

આ વ્યાકરણ પર ઘણી બધી વૃત્તિઓની રચના થઈ છે.

રાજશેખરે 'કાવ્યમીમાંસા'માં પાલ્યકીર્તિ શાકટાયનના સાહિત્ય-વિષયક મતનો ઉલ્લેખ કર્યો છે,[3] આથી તેમનો સાહિત્ય-વિષયક કોઈ ગ્રંથ રહ્યો હશે એમ લાગે છે, પરંતુ તે ગ્રંથ કયો હશે તે હજી સુધી જાણી શકાયું નથી.

**પાલ્યકીર્તિના અન્ય ગ્રંથ :**

૧. સ્ત્રીમુક્તિ-પ્રકરણ, ૨. કેવલિભુક્તિ-પ્રકરણ.

યાપનીય સંઘ સ્ત્રીમુક્તિ અને કેવલિભુક્તિના વિષયમાં શ્વેતાંબર સંપ્રદાયની માન્યતાને અનુસરે છે અને અન્ય વિષયોની બાબતમાં દિગંબરોની સાથે મળતો આવે છે તે આ પ્રકરણો પરથી જાણી શકાય છે.[4]

---

૧. સૂત્ર અને વાર્તિકથી જે સિદ્ધ ન થાય પરંતુ ભાષ્યકારના પ્રયોગોથી સિદ્ધ થાય તેને 'ઇષ્ટિ' કહે છે.

૨. સૂત્ર ૧. ૨. ૧૩, ૧. ૨. ૩૭ અને ૨.૧.૨૨૯.

૩. यथा तथा वाऽस्तु वस्तुनो रूपं वक्तृप्रकृतिविशेषायत्ता तु रसवत्ता । तथा च यमर्थं रक्तः स्तौति तं विरक्तो विनिन्दति मध्यस्थस्तु तत्रोदास्ते इति पाल्यकीर्तिः ।

૪. જૈન સાહિત્ય-સંશોધક, ભા. ૨, અંક ૩-૪માં આ પ્રકરણો પ્રકાશિત થયાં છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અમોઘવૃત્તિ (શાકટાયનવ્યાકરણ-વૃત્તિ) :**

'શાકટાયનવ્યાકરણ' પર લગભગ અઢાર હજાર શ્લોક-પરિમાણની 'અમોઘવૃત્તિ' નામની રચના ઉપલબ્ધ છે. આ વૃત્તિ બધા ટીકા-ગ્રંથોમાં પ્રાચીન અને વિસ્તારપૂર્વકની છે. રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષને લક્ષ્યમાં રાખીને તેનું નામ 'અમોઘવૃત્તિ' રાખવામાં આવ્યું હશે તેમ લાગે છે. રચના-સમય વિ. ૯મી સદી છે.

વર્ધમાનસૂરિએ પોતાના 'ગણરત્નમહોદધિ' (પૃ. ૮૨, ૯૦)માં શાકટાયનના નામે જે ઉલ્લેખો કર્યા છે તે બધા 'અમોઘવૃત્તિ'માં મળે છે.

આચાર્ય મલયગિરિએ 'નંદિસૂત્ર'ની ટીકામાં 'वीरममृतं ज्योतिः' આ મંગલાચરણ-પદ્યને શાકટાયનની સ્વોપજ્ઞવૃત્તિનું કહ્યું છે, જે 'અમોઘવૃત્તિ'માં મળે છે.

યક્ષવર્માએ શાકટાયનવ્યાકરણની 'ચિંતામણિ-ટીકા'ના મંગલાચરણમાં શાકટાયન પાલ્યકીર્તિ પ્રત્યે આદર વ્યક્ત કરતાં 'અમોઘવૃત્તિ' ના 'तस्यातिमहतीं वृत्तिम्' આ ઉલ્લેખ દ્વારા સ્વોપજ્ઞ હોવાની સૂચના કરી છે એમ પ્રતીત થાય છે. સર્વાનંદે 'અમરટીકાસર્વસ્વ'માં અમોઘવૃત્તિમાંથી પાલ્યકીર્તિના નામની સાથે ઉદ્ધરણ આપ્યું છે.

આ ઉલ્લેખોથી એ સ્પષ્ટ થાય છે કે 'અમોઘવૃત્તિ'ના કર્તા શાકટાયનાચાર્ય પાલ્યકીર્તિ સ્વયં છે.

યક્ષવર્માએ આ વૃત્તિની વિશેષતા દર્શાવતા કહ્યું છે :

**'गण-धातुपाठयोगेन धातून् लिङ्गानुशासने लिङ्गगतम् ।**
**औणादिकानुणादौ शेषं निःशेषमत्र वृत्तौ विद्यात् ॥११॥'**

એટલે કે ગણપાઠ, ધાતુપાઠ, લિઙ્ગાનુશાસન અને ઉણાદિ સિવાયના બધા જ વિષયો આ વૃત્તિમાં વર્ણવેલા છે.

આનાથી આ વૃત્તિ કેટલી ઉપયોગી છે તેનું અનુમાન કરી શકાય છે. આ વૃત્તિ હજી સુધી અપ્રકાશિત છે.

આ વ્યાકરણ-ગ્રંથમાં ગણપાઠ, ધાતુપાઠ, લિંગાનુશાસન, ઉણાદિ વગેરે નિઃશેષ પ્રકરણો છે. આ નિઃશેષ વિશેષણ દ્વારા મોટે ભાગે અનેકશેષ જૈનેન્દ્રવ્યાકરણની અપૂર્ણતા તરફ સંકેત કરવામાં આવ્યો હોય તેમ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃત્તિમાં 'अदहदमोघवर्षोऽरातीन्' એવું ઉદાહરણ છે, જે અમોઘવર્ષ રાજાનો જ નિર્દેશ કરે છે. અમોઘવર્ષનો રાજ્યકાળ શક સં. ૭૩૬ થી ૭૮૯ છે. તે ગાળામાં આની રચના થઈ છે.

**ચિંતામણી-શાકટાયન વ્યાકરણ-વૃત્તિ :**

યક્ષવર્મા નામક વિદ્વાને 'અમોઘવૃત્તિ'ના આધારે ૬૦૦૦ શ્લોકપરિમાણની એક નાની એવી વૃત્તિની રચના કરી છે. તેઓ સાધુ હતા કે ગૃહસ્થ અને તેઓ ક્યારે થઈ ગયા એ સંબંધમાં તથા તેમના અન્ય ગ્રંથોના વિષયમાં પણ કશું જ જાણવા નથી મળતું. તેઓએ પોતાની વૃત્તિના વિષયમાં કહ્યું છે :

**'तस्यातिमहतीं वृत्तिं संहृत्येयं लघीयसी ।<br>संपूर्णलक्षणा वृत्तिर्वक्ष्यते यक्षवर्मणा ॥<br>बालाऽबलाजनोऽप्यस्या वृत्तेरभ्यासवृत्तितः ।<br>समस्तं वाङ्मयं वेत्ति वर्षेणैकेन निश्चयात् ॥'**

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

અર્થાત્ યક્ષવર્મા કહે છે કે અમોઘવૃત્તિ નામની મોટી વૃત્તિમાંથી સંક્ષિપ્ત કરેલી આ નાની પરંતુ સંપૂર્ણ લક્ષણોવાળી વૃત્તિ છે. બાળકો અને સ્ત્રીઓ પણ આ વૃત્તિના અભ્યાસથી એક જ વર્ષમાં સમસ્ત વાઙ્મયની નિશ્ચિત રીતે જાણકારી પામી શકે છે.

આ વૃત્તિ કેવી હશે તેનું અનુમાન આ ઉપરથી કરી શકાય છે.

સમન્તભદ્રે આ ટીકાના વિષમ પદો પર ટિપ્પણ રચેલ છે, જેનો ઉલ્લેખ 'માધવીય-ધાતુવૃત્તિ'માં આવે છે.

**મણિપ્રકાશિકા (શાકટાયનવ્યાકરણવૃત્તિ-ચિંતામણિ-ટીકા) :**

'મણિ' એટલે કે ચિંતામણિટીકા, જે યક્ષવર્માએ રચી છે અને તેના પર અજિતસેનાચાર્યે વૃત્તિની રચના કરી છે. અજિતસેન નામના ઘણા વિદ્વાનો થઈ ગયા છે. આ રચના કયા અજિતસેને કયા સમયે કરી છે તે સંબંધમાં કશું પણ જાણવા નથી મળ્યું.

**પ્રક્રિયાસંગ્રહ :**

પાણિનીય વ્યાકરણને 'સિદ્ધાન્તકૌમુદી' ના રચયિતાએ જે રીતે પ્રક્રિયામાં મૂકવાનો પ્રયત્ન કર્યો તે જ રીતે અભયચંદ્ર નામના આચાર્યે 'શાકટાયન- વ્યાકરણ'ને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રક્રિયાબદ્ધ[1] કર્યું છે. અભયચંદ્રનો સમય, ગુરુ-શિષ્ય આદિ પરંપરા અને તેમની અન્ય રચનાઓ વિશે કશું પણ જ્ઞાત નથી.

**શાકટાયન-ટીકા :**

આ ગ્રંથ પ્રક્રિયાબદ્ધ છે, જેના કર્તા 'વાદિપર્વતવજ્ર'ના ઉપનામથી વિખ્યાત એવા ભાવસેન ત્રૈવિદ્ય છે, જેમણે કાતન્ત્રરૂપમાલા-ટીકા અને વિશ્વતત્ત્વપ્રકાશ ગ્રંથ લખ્યા છે.

**રૂપસિદ્ધિ (શાકટાયનવ્યાકરણ-ટીકા) :**

દ્રવિડસંઘના આચાર્ય મુનિ દયાપાલે 'શાકટાયન-વ્યાકરણ' પર એક નાની એવી ટીકા રચી છે. શ્રવણબેલ્ગોલના ૫૪મા શિલાલેખમાં તેમના વિષયમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે :

**'हितैषिणां यस्य नृणामुदात्तवाचा निबद्धा हितरूपसिद्धिः ।**
**वन्द्यो दयापालमुनिः स वाचा, सिद्धः सतां मूर्द्धनि यः प्रभावैः ॥१५॥'**

દયાપાલ મુનિના ગુરુનું નામ મતિસાગર હતું. તેઓ 'ન્યાયવિનિશ્ચય' અને 'પાર્શ્વનાથચરિત'ના કર્તા વાદિરાજના સાધર્મિક હતા. 'પાર્શ્વનાથચરિત'ની રચના શક સં. ૯૪૭ (વિ. સં. ૧૦૮૨)માં થઈ હતી. તેથી દયાપાલ મુનિનો સમય પણ તેની આજુ-બાજુનો માની શકાય.

જૈનમ્ જયતિ શાસનમ્

આ ટીકા-ગ્રંથ પ્રકાશિત થયેલો છે. મુનિ દયાપાલના અન્ય ગ્રંથો વિશે કશું જ જ્ઞાત નથી.

**ગણરત્નમહોદધિ :**

શ્વેતાંબરાચાર્ય ગોવિંદસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ 'શાકટાયનવ્યાકરણ'માં જે ગણ આવે છે તેમનો સંગ્રહ કરી 'ગણરત્નમહોદધિ'[2] નામક ૪૨૦૦ શ્લોક પરિમાણ સ્વોપજ્ઞ ટીકાયુક્ત ઉપયોગી ગ્રંથની વિ. સં. ૧૧૯૭માં રચના કરી છે. તેમાં નામોના ગણોને શ્લોકબદ્ધ કરી ગણના પ્રત્યેક પદની વ્યાખ્યા અને ઉદાહરણ આપ્યાં છે. તેમાં અનેક વ્યાકરણકારોના મતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પરંતુ સમકાલીન

---

૧. આ કૃતિ ગુસ્ટવ ઓપર્ટે સન્ ૧૮૯૩માં પ્રકાશિત કરી હતી. આમાં તેમણે શાકટાયનને 'પ્રાચીન શાકટાયન' માનવાની ભૂલ કરી છે. સન્ ૧૯૦૭માં મુંબઈથી જેઠારામ મુકુન્દજીએ આનું પ્રકાશન કર્યું હતું.

૨. આ ગ્રંથ સન્ ૧૮૭૯-૮૧માં પ્રકાશિત થયો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય હેમચંદ્રસૂરિનો ઉલ્લેખ નથી. એમ આચાર્ય હેમચંદ્રસૂરિએ પણ તેમનો ક્યાંય ઉલ્લેખ નથી કર્યો. ઘણા કવિઓનાં નામ અને ઘણી જગ્યાએ કર્તાના નામ વગર કૃતિઓનાં નામનો ઉલ્લેખ થયો છે.

આ ગ્રંથ દ્વારા ઘણાં નવીન તથ્યો જાણવા મળે છે. જેમ કે— 'ભટ્ટિકાવ્ય' અને 'દ્વયાશ્રયમહાકાવ્ય'ની જેમ માળવાના પરમાર રાજાઓ સંબંધી કોઈ કાવ્ય હતું, જેનું નામ તેઓએ નથી જણાવ્યું પરંતુ તે કાવ્યના ઘણા શ્લોકો ઉદ્ધૃત કર્યા છે.

આચાર્ય સાગરચંદ્રસૂરિકૃત સિદ્ધરાજ સંબંધી કેટલાક શ્લોકોનો પણ સમાવેશ કરેલ છે, આથી એ જાણવા મળે છે કે તેમણે સિદ્ધરાજ સંબંધી કોઈ કાવ્યની રચના કરી હતી, જે આજ સુધી ઉપલબ્ધ થઈ શક્યું નથી.

સ્વયં વર્ધમાનસૂરિએ પોતાના 'સિદ્ધરાજવર્ણન' નામના ગ્રંથનો 'મમૈવ સિદ્ધરાજવર્ણને' એમ કહીને ઉલ્લેખ કર્યો છે. તેથી જાણી શકાય છે કે તેમનો 'સિદ્ધરાજવર્ણન' નામનો કોઈક ગ્રંથ હતો, જે આજે મળતો નથી.

**લિંગાનુશાસન :**

આચાર્ય પાલ્યકીર્તિ-શાકટાયનાચાર્યે 'લિંગાનુશાસન' નામની કૃતિની રચના કરી છે. તેની હસ્તલિખિત પ્રતિ મળે છે. તે આર્યા છંદમાં રચાયેલ ૭૦ પદ્યોમાં છે. રચના-સમય ૯મી શતાબ્દી છે.

**ધાતુપાઠ :**

આચાર્ય પાલ્યકીર્તિ-શાકટાયનાચાર્યે 'ધાતુપાઠ'ની રચના કરી છે. પં. ગૌરીલાલ જૈને વીર-સંવત્ ૨૪૩૭માં તે છાપ્યો છે. તે પણ ૯મી સદીનો ગ્રંથ છે.

મંગલાચરણમાં 'જિન'ને નમસ્કાર કરીને 'एधि वृद्धौ स्पर्धि संघर्षे' થી પ્રારંભ કર્યો છે. તેમાં ૧૩૧૭ (૧૨૮૦+૩૭) ધાતુ અર્થસહિત આપ્યા છે. અંતમાં આપવામાં આવેલા સૌત્રકણ્ડવાદિ ૩૭ ધાતુઓને છોડીને ૧૧ ગણોમાં વિભક્ત કર્યા છે. ૩૯ ધાતુઓનો 'विकल्पणिजन्त' અને ચુરાદિ વગેરેનો 'नित्यणिजन्त' ધાતુથી પરિચય કરાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પંચગ્રંથી અથવા બુદ્ધિસાગર-વ્યાકરણ :**

'પંચગ્રંથી-વ્યાકરણ'નાં બીજાં નામ છે 'બુદ્ધિસાગર-વ્યાકરણ' અને 'શબ્દલક્ષ્મ'. આ વ્યાકરણની રચના શ્વેતાંબરાચાર્ય બુદ્ધિસાગરસૂરિએ વિ.સ. ૧૦૮૦માં કરી છે.[1] તેઓ આચાર્ય વર્ધમાનસૂરિના શિષ્ય હતા.

ગ્રંથકારે આ ગ્રંથની રચના માટેનું કારણ જણાવતાં કહ્યુ છે કે 'જ્યારે બ્રાહ્મણોએ આક્ષેપ કરતાં કહ્યુ કે જૈનોમાં શબ્દલક્ષ્મ અને પ્રમાલક્ષ્મ છે જ ક્યાં ? તેઓ તો પરગ્રંથોપજીવી છે.'[2] ત્યારે બુદ્ધિસાગરસૂરિએ આ આક્ષેપનો જવાબ આપવા માટે આ ગ્રંથની રચના કરી.

શ્વેતાંબર આચાર્યોમાં ઉપલબ્ધ એવા સર્વપ્રથમ વ્યાકરણગ્રંથની રચના કરનાર આ જ આચાર્ય છે. તેઓએ ગદ્ય અને પદ્યમય ૭૦૦૦ શ્લોકપ્રમાણ આ ગ્રંથની રચના કરી છે.[3]

આ વ્યાકરણનો ઉલ્લેખ સં. ૧૦૯૫માં ધનેશ્વરસૂરિરચિત સુરસુંદરીકથાની પ્રશસ્તિમાં આવે છે. તે સિવાય સં. ૧૧૨૦માં અભયદેવસૂરિકૃત પંચાશકવૃત્તિ (પ્રશસ્તિ શ્લો. ૩)માં, સં. ૧૧૩૯માં ગુણચંદ્રરચિત મહાવીરચરિત (પ્રાકૃત-પ્રસ્તાવ ૮, શ્લોક. ૫૩)માં, જિનદત્તસૂરિરચિત ગણધરસાર્ધશતક (પદ્ય ૬૯)માં, પદ્મપ્રભકૃત કુન્થુનાથરચિત અને પ્રભાવકચરિત (અભયદેવસૂરિચરિત)માં પણ આ ગ્રંથનો નામોલ્લેખ આવે છે.

---

૧. श्रीविक्रमादित्यनरेन्द्रकालात् साशीतिके याति समासहस्रे ।
सश्रीकजावालिपुरे तदाद्यं दृब्धं मया सप्तसहस्रकल्पम् ॥

—व्याकरणप्रान्तप्रशस्तिः ।

૨. तैरवधीरिते यत् तु प्रवृत्तिरावयोरिह ।
तत्र दुर्जनवाक्यानि प्रवृत्तेः सन्निबन्धनम् ॥४०३॥
शब्दलक्ष्म-प्रमालक्ष्म यदेतेषां न विद्यते ।
नादिमन्तस्ततो ह्येते परलक्ष्मोपजीविनः ॥४०४॥

—प्रमालक्ष्मप्रांते ।

૩. આ વ્યાકરણની હસ્તલિખિત પ્રતિ જેસલમેર-ભંડારમાં છે. પ્રતિ અત્યન્ત અશુદ્ધ છે.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આની રચના અનેક વ્યાકરણ-ગ્રંથોના આધારે કરવામાં આવી છે. ધાતુપાઠ, સૂત્રપાઠ, ગણપાઠ, ઉણાદિસૂત્રો પદ્યબદ્ધ છે.'

**દીપકવ્યાકરણ :**

શ્વેતાંબર જૈનાચાર્ય ભદ્રેશ્વરસૂરિરચિત 'દીપકવ્યાકરણ'નો ઉલ્લેખ 'ગણરત્નમહોદધિ'માં વર્ધમાનસૂરિએ આ પ્રમાણે કર્યો છે— 'मेधाविनः प्रवरदीपक-कर्तृयुक्ता ।' તેની વ્યાખ્યામાં તેઓ આમ લખે છે :

'दीपककर्ता भद्रेश्वरसूरिः । प्रवरश्चासौ दीपककर्त्ता च प्रवरदीपककर्ता । प्राधान्यं चास्याधुनिकवैयाकरणापेक्षया ।'

બીજો ઉલ્લેખ આ પ્રમાણે છે :

**'भद्रेश्वराचार्यस्तु —**

**'किञ्च स्वा दुर्भगा कान्ता रक्षान्ता निश्चिता समा ।**
**सचिवा चपला भक्तिर्बाल्येति स्वादयो दश ॥**
**इति स्वादौ वेत्यनेन पुंवद्भावं मन्यन्ते ॥'**

આ ઉલ્લેખથી જાણી શકાય છે કે તેમણે 'लिङ्गानुशासन' ની પણ રચના કરી હતી. સાયણરચિત 'धातुवृत्ति' માં શ્રીભદ્રના નામે વ્યાકરણ-વિષયક મતના અનેક ઉલ્લેખો છે, સંભવ છે કે તે ભદ્રેશ્વરસૂરિના 'દીપકવ્યાકરણ'ના હશે. શ્રીભદ્ર (ભદ્રેશ્વરસૂરિ)એ પોતાના 'ધાતુપાઠ' પર વૃત્તિની રચના પણ કરી છે તેમ સાયણના ઉલ્લેખ પરથી જાણી શકાય છે.

'कहावली' ના કર્તા ભદ્રેશ્વરસૂરિએ જો 'દીપકવ્યાકરણ'ની રચના કરી હોય તો તેઓ ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા એવા નિષ્કર્ષ પર પહોંચી શકાય છે અને બીજા ભદ્રેશ્વરસૂરિ જે બાલચંદ્રસૂરિની ગુરુપરંપરામાં થઈ ગયા તેઓ ૧૨મી શતાબ્દીમાં થઈ ગયા.

**શબ્દાનુશાસન (મુષ્ટિવ્યાકરણ) :**

આચાર્ય મલયગિરિસૂરિએ સંખ્યાબદ્ધ આગમ, પ્રકરણ અને ગ્રંથો પર વ્યાખ્યાઓની રચના કરીને આગમિક અને દાર્શનિક સૈદ્ધાન્તિક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી છે, પરંતુ જો તેમનો કોઈ સ્વતંત્ર ગ્રંથ હોય તો તે ફક્ત સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત

૧. श्री बुद्धिसागराचार्यैः पाणिनि-चन्द्र-जैनेन्द्र-विश्रान्त-दुर्गटीकामवलोक्य वृत्तबन्धैः (?)। धातुसूत्र-गणोणादिवृत्तबन्धैः कृतं व्याकरणं संस्कृतशब्दप्राकृतशब्दसिद्धये ॥

— प्रमालक्ष्मप्रांते ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'શબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રન્થ છે. તેને 'મુષ્ટિવ્યાકરણ' પણ કહે છે. સ્વોપજ્ઞ ટીકા સાથે તે ૪૩૦૦ શ્લોક-પરિમાણ છે.

વિક્રમની તેરમી શતાબ્દીમાં વિદ્યમાન આચાર્ય મલયગિરિ હેમચંદ્રસૂરિના સહચર હતા. એટલું જ નહીં, 'આવશ્યકવૃત્તિ' પૃ. ૧૧માં 'तथा चाहुः स्तुतिषु गुरवः' આ પ્રમાણે નિર્દેશ કરી ગુરુ તરીકે તેમનું સન્માન કર્યું છે. આચાર્ય હેમચંદ્રસૂરિના વ્યાકરણની રચના થયા પછી તરત જ તેમણે પોતાના વ્યાકરણની રચના કરી છે એમ પ્રતીત થાય છે અને 'શાકટાયન' તેમ જ 'સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસન' ને જ કેન્દ્રબિંદુ બનાવીને પોતાની રચના કરી છે, કેમ કે 'શાકટાયન' અને 'સિદ્ધહેમ' ની સાથે તેનું ઘણું સામ્ય છે. મલયગિરિએ પોતાના વ્યાખ્યા-ગ્રંથોમાં પોતાના જ વ્યાકરણનાં સૂત્રો વડે શબ્દપ્રયોગોની સિદ્ધિ બતાવી છે.

મલેયગિરિએ પોતાના વ્યાકરણની રચના કુમારપાળના રાજ્યકાળમા કરી છે એવું તેમની 'કૃદ્‌વૃત્તિ'ના પા. ૩ માં 'ख्याते दृश्ये' (૨૨) આ સૂત્રના ઉદાહરણમાં 'अदहदरातीन् कुमारपालः' એમ લખ્યું છે તેથી પણ અનુમાન થઈ શકે છે.

આચાર્ય ક્ષેમકીર્તિસૂરિએ 'બૃહત્કલ્પ'ની ટીકાની ઉત્થાનિકામાં 'शब्दानुशासनादि-विश्वविद्यामयज्योतिःपुञ्जपरमाणुघटितमूर्तिभिः' એવો ઉલ્લેખ મલયગિરિના વ્યાકરણ સંબંધમાં કર્યો છે, તેનાથી પ્રતીત થાય છે કે વિદ્વાનોમાં આ વ્યાકરણ માટે ઉચિત એવો આદર હતો.

તેના પર 'વિષમપદ-વિવરણ' ટીકા પણ છે, જે અમદાવાદના કોઈ ભંડારમાં હતી, એવો 'જૈન ગ્રન્થાવલી' પૃ. ૨૯૮માં ઉલ્લેખ છે.

આ વ્યાકરણની જે હસ્તલિખિત પ્રતો મળે છે તે પૂર્ણ નથી. આ પ્રતોમાં ચતુષ્કવૃત્તિ, આખ્યાતવૃત્તિ અને કૃદ્‌વૃત્તિ એ પ્રમાણે બધું મળીને ૧૨ અધ્યાયોમાં ૩૦ પાદોનો સમાવેશ છે પરંતુ તદ્ધિતવૃત્તિ, જે ૧૮ પાદોમાં છે, તે નથી મળતી.[૧]

---

૧. આ વ્યાકરણ-ગ્રન્થ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તરફથી પં. બેચરદાસ દોશી દ્વારા સંપાદિત થઈ પ્રકાશિત થઈ ગયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ્દાર્ણવવ્યાકરણ :

ખરતરગચ્છીય વાચક રત્નસારના શિષ્ય સહજકીર્તિગણિએ 'શબ્દાર્ણવવ્યાકરણ'ની સ્વતંત્ર રીતે રચના વિ. સં. ૧૬૮૦ની આસપાસ કરી છે. આ વ્યાકરણમાં ૧. સંજ્ઞા, ૨. શ્લેષ (સન્ધિ), ૩. શબ્દ (સ્યાદિ), ૪. ષત્વ-ણત્વ, ૫. કારકસંગ્રહ, ૬. સમાસ, ૭. સ્ત્રી-પ્રત્યય, ૮. તદ્ધિત, ૯. કૃત અને ૧૦. ધાતુ— આ દશ અધિકાર છે.[૧] અનેક વ્યાકરણ-ગ્રંથોને જોઈને તેમણે પોતાનાં વ્યાકરણનું સરળ શૈલીમાં નિર્માણ કર્યું છે.

સાહિત્યક્ષેત્રમાં પોતાના ગ્રંથનું મૂલ્યાંકન કરતી વખતે તેમણે પોતાની લઘુતાનો પરિચય આ પ્રમાણે પ્રશસ્તિમાં આપ્યો છે :

'શબ્દાનુશાસનની રચના કષ્ટસાધ્ય છે. આ રચનામાં નવીનતા નથી' — એવું માત્સર્યવચન પ્રમોદશીલ અને ગુણી વૈયાકરણોએ પોતાના મુખે ન કહેવું જોઈએ. આ પ્રકારના શાસ્ત્રોમાં જે વિદ્વાનોએ પરિશ્રમ કર્યો છે તેઓ જ મારા શ્રમને જાણી શકશે. હું કંઈ વિદ્વાન નથી, મારી ચર્ચામાં વિશેષતા નથી, મારામાં એવી બુદ્ધિમત્તા પણ નથી, છતાં પણ પાર્શ્વનાથ ભગવાનના પ્રભાવથી જ આ ગ્રંથનું નિર્માણ કર્યું છે.[૨]

जैनम् जयति शासनम्

---

૧. संज्ञा श्लेषः शब्दाः षत्व-णत्वे कारकसंग्रहः ।
समासः स्त्रीप्रत्ययश्च तद्धिताः कृच्च धातवः ॥

दशाधिकारा एतेऽत्र व्याकरणे यथाक्रमम् ।
साञ्ज्ञाः सर्वत्र विज्ञेया यथाशास्त्रं प्रकाशिताः ॥

૨. कष्टास्माभिरियं रीतिः प्रायः शब्दानुशासने ॥

नवीनं न किमप्यत्र कृतं मात्सर्यवागियम् ।
अमत्सरैः शब्दविद्भिः न वाच्या गुणसंग्रहैः ॥

एतादृशानां शास्त्राणां विधाने यः परिश्रमः ।
स एव हि जानाति यः करोति सुधीः स्वयम् ॥

नाहं कृती नो विवादे आधिक्यं मम मतिर्न च ।
केवलः पार्श्वनाथस्य प्रभावोऽयं प्रकाशते ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શબ્દાર્ણવ-વૃત્તિ :**

આ 'શબ્દાર્ણવ-વ્યાકરણ' પર સહજકીર્તિગણિ[1]એ 'મનોરમા' નામે સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે. ઉપર્યુક્ત દસ અધિકારોમાં ૧. સંજ્ઞાકરણ, ૨. શબ્દોની સાધના, ૩. સૂત્રોની રચના અને ૪. દૃષ્ટાન્ત—આ ચાર પ્રકારે પોતાની રચનાશૈલીનો વૃત્તિમાં નિર્વાહ કર્યો છે. તેઓએ બધા સૂત્રોમાં પાણિનિ-અષ્ટાધ્યાયીની 'કાશિકાવૃત્તિ' અને અન્ય વૃત્તિઓનો આધાર લીધો છે. વૃત્તિ સાથે સમગ્ર વ્યાકરણગ્રંથ ૧૭૦૦૦ શ્લોક-પ્રમાણનો છે.

આ ગ્રંથની ૩૭૩ પત્રોની એક પ્રતિ ખંભાતના શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર (સં. ૪૬૮)માં છે. આ ગ્રંથ પ્રકાશનને યોગ્ય છે.

**વિદ્યાનંદવ્યાકરણ :**

તપાગચ્છીય આચાર્ય દેવેન્દ્રસૂરિના શિષ્ય વિદ્યાનંદસૂરિએ 'બુદ્ધિસાગર'ની જેમ પોતાના નામ પરથી જ 'વિદ્યાનંદવ્યાકરણ'ની રચના વિ. સં. ૧૩૧૨માં કરી છે.[2] આ વ્યાકરણગ્રંથ ઉપલબ્ધ નથી.

ખરતરગચ્છીય જિનેશ્વરસૂરિના શિષ્ય ચંદ્રતિલક ઉપાધ્યાયે જિનપતિસૂરિના શિષ્ય સુરપ્રભની પાસે આ 'વિદ્યાનંદવ્યાકરણ'નું અધ્યયન કર્યું હતું.[3]

આચાર્ય મુનિસુંદરસૂરિએ 'ગુર્વાવલી'માં કહ્યું છે કે 'આ વ્યાકરણમાં સૂત્રો ઓછાં છે પરંતુ અર્થ બહુ છે માટે જ આ વ્યાકરણ સર્વોત્તમ જણાય છે.'[4]

**નૂતનવ્યાકરણ :**

કૃષ્ણર્ષિગચ્છના મહેન્દ્રસૂરિના શિષ્ય જયસિંહસૂરિએ વિ.સં. ૧૪૪૦ની આસપાસ 'નૂતનવ્યાકરણ'ની રચના કરી છે. આ વ્યાકરણ સ્વતંત્ર છે કે 'સિદ્ધહેમશબ્દાનુશાસન'ના આધારે તેની રચના કરવામાં આવી છે તેનું સ્પષ્ટીકરણ થયું નથી.

૧. તેઓએ 'ફલવર્દ્ધિપાર્શ્વનાથ-મહાકાવ્ય'ની રચના ૩૦૦ વિવિધ છંદમય શ્લોકોમાં કરી છે. આની હસ્તલિખિત પ્રતિ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં છે.

૨. વિદ્યાનન્દસૂરિના જીવન વિશે જુઓ — 'ગુર્વાવલી' પદ્ય ૧૫૨-૧૭૨.

૩. ઉપાધ્યાય ચન્દ્રતિલકગણિએ સ્વરચિત 'અભયકુમાર-મહાકાવ્ય'ની પ્રશસ્તિમાં આ ઉલ્લેખ કર્યો છે.

૪. જુઓ—'ગુર્વાવલી' પદ્ય ૧૭૧.

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયસિંહસૂરિના શિષ્ય નયચન્દ્રસૂરિએ 'હમ્મીરમદમર્દન-મહાકાવ્ય'ની રચના કરી છે. તેમણે તેના સર્ગ ૧૪, પદ્ય ૨૩-૨૪માં ઉલ્લેખ કર્યો છે કે જયસિંહસૂરિએ 'કુમારપાલચરિત્ર' તથા ભાસર્વજ્ઞકૃત 'ન્યાયસાર' પર 'ન્યાયતાત્પર્યદીપિકા' નામની વૃત્તિની રચના કરી છે. તેમણે 'શાર્ઙ્ગધરપદ્ધતિ'ના રચયિતા સારંગ પંડિતને શાસ્ત્રાર્થમાં હરાવ્યા હતા.

**પ્રેમલાભવ્યાકરણ :**

અંચલગચ્છીય મુનિ પ્રેમલાભે આ વ્યાકરણની રચના વિ. સં. ૧૨૮૩માં કરી છે. બુદ્ધિસાગરની જેમ રચયિતાના નામ પર આ વ્યાકરણનું નામ રાખવામાં આવ્યું છે. આ 'સિદ્ધહેમ' કે બીજા કોઈ વ્યાકરણના આધારે રચાયેલ નથી પરંતુ સ્વતંત્ર રચના છે.

**શબ્દભૂષણવ્યાકરણ :**

તપાગચ્છીય આચાર્ય વિજયરાજસૂરિના શિષ્ય દાનવિજયે 'શબ્દભૂષણ' નામના વ્યાકરણ-ગ્રંથની રચના વિ. સં. ૧૭૭૦ આસપાસ ગુજરાતના વિખ્યાત શેખ ફતેના પુત્ર બડેમિયાં માટે કરી હતી. આ વ્યાકરણ સ્વતંત્ર કૃતિ છે કે 'સિદ્ધહેમ' વ્યાકરણનું રૂપાંતરણ છે, તે જાણી શકાયું નથી. આ ગ્રંથ પદ્યમાં ૩૦૦ શ્લોક-પ્રમાણ છે, એવો 'જૈન-ગ્રંથાવલી' (પૃ. ૨૯૮)માં નિર્દેશ છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

મુનિ દાનવિજયે પોતાના શિષ્ય દર્શનવિજય માટે 'પર્યુષણાકલ્પ' પર 'દાનદીપિકા' નામે વૃત્તિ સં. ૧૭૫૭માં રચીહતી.

**પ્રયોગમુખવ્યાકરણ :**

'પ્રયોગમુખવ્યાકરણ' નામક ગ્રંથની ૩૪ પત્રની પ્રતિ જેસલમેરના ભંડારમાં છે. કર્તાનું નામ જ્ઞાત નથી.

**સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન :**

ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી શ્વેતાંબર જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ સિદ્ધરાજના નામની સાથે પોતાનું નામ જોડીને વિ. સં. ૧૧૪૫ આસપાસ 'સિદ્ધહેમચંદ્ર' નામક શબ્દાનુશાસનની કુલ સવા લાખ શ્લોકપ્રમાણની રચના કરી છે. આ વ્યાકરણની નાની-મોટી વૃત્તિઓ અને ઉણાદિપાઠ, ગણપાઠ, ધાતુપાઠ તથા લિંગાનુશાસન પણ તેઓએ સ્વયં રચ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથકર્તાએ પોતાની પહેલાંના વ્યાકરણોમાં રહી ગયેલી ત્રુટિઓ, વિશૃંખલતા, કિલષ્ટતા, વિસ્તાર, દૂરાન્વય, વૈદિક પ્રયોગો આદિથી રહિત, નિર્દોષ અને સરળ વ્યાકરણની રચના કરી છે. તેમાં સાત અધ્યાય સંસ્કૃત ભાષા માટે છે તથા આઠમો અધ્યાય પ્રાકૃત ભાષા માટે છે. પ્રત્યેક અધ્યાયમાં ચાર પાદ છે. બધાં મળીને ૪૬૮૫ સૂત્રો છે. ઉણાદિગણના ૧૦૦૬ સૂત્રો ઉમેરતાં સૂત્રોની કુલ સંખ્યા ૫૬૯૧ થાય છે. સંસ્કૃત ભાષા સંબંધિત ૩૫૬૬ અને પ્રાકૃત ભાષા સંબંધિત ૧૧૧૯ સૂત્રો છે.

આ વ્યાકરણનાં સૂત્રોમાં લાઘવ, તેની લઘુવૃત્તિમાં ઉપયુક્ત સૂચનો, બૃહદ્ વૃત્તિમાં વિષય-વિસ્તાર અને બૃહન્ન્યાસમાં ચર્ચાબાહુલ્યની મર્યાદાઓ વડે આ વ્યાકરણગ્રંથ અલંકૃત છે. આ બધા પ્રકારની ટીકાઓ અને પંચાંગીથી સર્વાંગપૂર્ણ વ્યાકરણગ્રંથ શ્રી હેમચંદ્રસૂરિ સિવાય અને કોઈ એક જ ગ્રંથકારે નિર્માણ કર્યો હોય તેવું સમગ્ર ભારતીય સાહિત્યમાં જોવા નથી મળતું. આ વ્યાકરણની રચના એટલી આકર્ષક છે કે તેના પર લગભગ ૬૨-૬૩ ટીકાઓ, સંક્ષિપ્ત તેમ જ સહાયક ગ્રંથો અને સ્વતંત્ર રચનાઓ ઉપલબ્ધ થાય છે.

શ્રી હેમચંદ્રાચાર્યની સૂત્ર-સંકલના બીજા વ્યાકરણોથી સરળ અને વિશિષ્ટ પ્રકારની છે. તેઓએ સંજ્ઞા, સંધિ, સ્યાદિ, કારક, ષત્વ-ણત્વ, સ્ત્રી-પ્રત્યય, સમાસ, આખ્યાત, કૃદન્ત અને તદ્ધિત-આ પ્રમાણે વિષયક્રમથી રચના કરી છે અને સંજ્ઞાઓ સરળ બનાવી છે.

જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી હેમચંદ્રાચાર્યનો દૃષ્ટિકોણ શૈક્ષણિક હતો, તેથી તેમના પૂર્વાચાર્યોની રચનાઓનો આ સૂત્ર-સંયોજનામાં તેમણે સુંદર રીતે ઉપયોગ કર્યો છે. તેઓ વિશેષરૂપે શાકટાયનના ઋણી છે. જ્યાં તેમના સૂત્રો વડે કામ ચાલ્યું ત્યાં તે જ સૂત્રો કાયમ રાખ્યા, પણ જ્યાં કોઈ ત્રુટિ જણાઈ ત્યાં તેમને બદલી નાખ્યાં અને તે સૂત્રોને સર્વગ્રાહી બનાવવાની ભરપૂર કોશિશ કરી. માટે જ તો તેમણે આત્મવિશ્વાસથી કહ્યું છે કે — 'आकुमारं यशः शाकटायनस्य' અર્થાત્ શાકટાયનનો યશ કુમારપાળ સુધી જ રહ્યો', કેમ કે ત્યાં સુધી 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન' રચાયું ન હતું કે ન તો પ્રચારમાં આવ્યું હતું.

શ્રી હેમચન્દ્રાચાર્યવિરચિત અનેક વિષયો સંબંધી ગ્રંથો નિમ્નલિખિત છે :

## વ્યાકરણ અને તેનાં અંગો

| નામ | શ્લોક-પ્રમાણ |
|---|---|
| ૧. સિદ્ધહેમલઘુવૃત્તિ | ૬૦૦૦ |
| ૨. સિદ્ધહેમ-બૃહદ્વૃત્તિ (તત્ત્વપ્રકાશિકા) | ૧૮૦૦૦ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૩. | સિદ્ધહેમ-બૃહન્ન્યાસ (શબ્દમહાર્ણવન્યાસ) (અપૂર્ણ) | ૮૪૦૦૦ |
| ૪. | સિદ્ધહેમ-પ્રાકૃતવૃત્તિ | ૨૨૦૦ |
| ૫. | લિઙ્ગાનુશાસન-સટીક | ૩૬૮૪ |
| ૬. | ઉણાદિગણ-વિવરણ | ૩૨૫૦ |
| ૭. | ધાતુપારાયણ-વિવરણ | ૫૬૦૦ |

## કોશ

| | | |
|---|---|---|
| ૮. | અભિધાનચિન્તામણિ-સ્વોપજ્ઞ ટીકાસહિત | ૧૦૦૦૦ |
| ૯. | અભિધાનચિન્તામણિ-પરિશિષ્ટ | ૨૦૪ |
| ૧૦. | અનેકાર્થકોશ | ૧૮૨૮ |
| ૧૧. | નિઘણ્ટુશેષ (વનસ્પતિવિષયક) | ૩૯૬ |
| ૧૨. | દેશીનામમાલા-સ્વોપજ્ઞ ટીકાસહિત | ૩૫૦૦ |

## સાહિત્ય-અલંકાર

| | | |
|---|---|---|
| ૧૩. | કાવ્યાનુશાસન-સ્વોપજ્ઞ અલંકારચૂડામણિ અને વિવેક વૃત્તિસહિત | ૬૮૦૦ |

## છન્દ

| | | |
|---|---|---|
| ૧૪. | છન્દોનુશાસન-છન્દશ્ચૂડામણિ ટીકાસહિત | ૩૦૦૦ |

## દર્શન

| | | |
|---|---|---|
| ૧૫. | પ્રમાણમીમાંસા-સ્વોપજ્ઞવૃત્તિસહિત (અપૂર્ણ) | ૨૫૦૦ |
| ૧૬. | વેદાંકુશ (દ્વિજવદનચપેટા) | ૧૦૦૦ |

## ઈતિહાસકાવ્ય-વ્યાકરણસહિત

| | | |
|---|---|---|
| ૧૭. | સંસ્કૃત દ્વયાશ્રયમહાકાવ્ય | ૨૮૨૮ |
| ૧૮. | પ્રાકૃત દ્વયાશ્રયમહાકાવ્ય | ૧૫૦૦ |

## ઈતિહાસકાવ્ય અને ઉપદેશ

| | | |
|---|---|---|
| ૧૯. | ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત (મહાકાવ્ય-દશપર્વ) | ૩૨૦૦૦ |
| ૨૦. | પરિશિષ્ટપર્વ | ૩૫૦૦ |

## યોગ

| | | |
|---|---|---|
| ૨૧. | યોગશાસ્ત્ર-સ્વોપજ્ઞ ટીકાસહિત | ૧૨૫૭૦ |

JAINSITE.com जैन साइट જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### સ્તુતિ-સ્તોત્ર


| | | |
|---|---|---|
| ૨૨. | વીતરાગસ્તોત્ર | ૧૮૮ |
| ૨૩. | અન્યોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા (પદ્ય) | ૩૨ |
| ૨૪. | અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા (પદ્ય) | ૩૨ |
| ૨૫. | મહાદેવસ્તોત્ર (પદ્ય) | ૪૪ |


### અન્ય કૃતિઓ

મધ્યમવૃત્તિ (સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની ટીકા)
રહસ્યવૃત્તિ ,, ,, ,,
અર્હન્નામસમુચ્ચય
અર્હન્નીતિ
નાભેય-નેમિદ્વિસંધાનકાવ્ય
ન્યાયબલાબલસૂત્ર
બલાબલસૂત્ર-બૃહદ્વૃત્તિ
બાલભાષાવ્યાકરણસૂત્રવૃત્તિ

આમાંથી કેટલીક કૃતિઓ વિષયમાં સંદેહ છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સ્વોપજ્ઞ લઘુવૃત્તિ :**

'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ની વિશદ પરંતુ સંક્ષેપમાં સ્પષ્ટીકરણ આપનારી આ ટીકા સ્વયં હેમચંદ્રસૂરિએ રચી છે. જેને 'લઘુવૃત્તિ' કહેવામાં આવે છે. અધ્યાય ૧ થી ૭ સુધીની આ વૃત્તિનું શ્લોક-પરિમાણ ૬૦૦૦ છે, માટે તેને 'છ હજારી' પણ કહે છે. ૮મા અધ્યાય પર લઘુવૃત્તિ નથી. આમાં ગણપાઠ, ઉણાદિ આદિ નથી.

**સ્વોપજ્ઞ મધ્યમવૃત્તિ (લઘુવૃત્તિ-અવચૂરિપરિષ્કાર) :**

પ્રથમ અધ્યાયથી સાતમા અધ્યાય સુધી ૮૦૦૦ શ્લોક-પરિમાણ 'મધ્યમવૃત્તિ'[1] ની રચના સ્વંય હેમચન્દ્રસૂરિએ કરી છે એવું કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે.

**રહસ્યવૃત્તિ :**

'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન' પર 'રહસ્યવૃત્તિ' પણ સ્વયં હેમચંદ્રસૂરિએ રચી છે, એવું માનવામાં આવે છે. તેમાં બધા સૂત્રો નથી. લગભગ ૨૫૦૦

૧. 'શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા' છાણી તરફથી આની ચતુષ્કવૃત્તિ (પૃ. ૧-૨૪૮ સુધી) પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્લોકની આ વૃત્તિમાં બે સ્થળે 'સ્વોપજ્ઞ' શબ્દનો ઉલ્લેખ હોવાથી આ વૃત્તિ સ્વોપજ્ઞ માનવામાં આવે છે.[1]

**બૃહદ્વૃત્તિ (તત્ત્વપ્રકાશિકા) :**

'સિ. શ.' પર 'તત્ત્વપ્રકાશિકા' નામની બૃહદ્વૃત્તિનું સ્વયં હેમચંદ્રસૂરિએ નિર્માણ કર્યું છે. તે ૧૮,૦૦૦ શ્લોક-પરિમાણ છે તેથી તેને 'અઢાર હજારી' પણ કહે છે. તે અધ્યાય ૧ થી અધ્યાય ૮ સુધી છે. ઘણા વિદ્વાનો આઠમા અધ્યાયની વૃત્તિને 'લઘુવૃત્તિ'ની અંતર્ગત ગણે છે. આ વિષયમાં ગ્રંથકારે કોઈ સ્પષ્ટીકરણ નથી કર્યું. આ વૃત્તિમાં 'અમોઘવૃત્તિ'નો પણ આધાર લેવામાં આવ્યો છે. ગણપાઠ, ઉણાદિ વગેરે તેમાં છે.[2]

**બૃહન્ન્યાસ (શબ્દમહાર્ણવન્યાસ) :**

'સિ. શ.'ની બૃહદ્વૃત્તિ પર 'શબ્દમહાર્ણવન્યાસ' નામના બૃહન્ન્યાસની રચના ૮૪૦૦૦ શ્લોક-પરિમાણમાં સ્વયં હેમચંદ્રસૂરિએ કરી છે. વાદ અને પ્રતિવાદ રજૂ કરીને પોતાના વિધાનને સ્થાપિત કરવાને અહીં 'ન્યાસ' કહેવામાં આવે છે. તેમાં ઘણા પ્રાચીન વૈયાકરણોના મતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પતંજલિના 'शेषं निःशेषकर्तारम्' આ વાક્યનું ખૂબ આદર સાથે સ્મરણ કરવામાં આવ્યું છે. દુર્ભાગ્યવશ આ ન્યાસ આખો નથી મળતો. માત્ર ૨૦ શ્લોક-પ્રમાણ આ ગ્રંથ આ રૂપમાં મળે છે : પહેલા અધ્યાયના પ્રથમ પાદના ૪૨ સૂત્રોમાંથી ૩૮ સૂત્રો, ત્રીજો અને ચોથો પાદ, બીજા અધ્યાયના ચારે પાદ, ત્રીજા અધ્યાયનો ચોથો પાદ અને સાતમા અધ્યાયનો ત્રીજો પાદ — આટલા પર ન્યાસ મળે છે. જે અધ્યાયોના પાદો પર ન્યાસ નથી મળતો તેના પર આચાર્ય વિજયલાવણ્યસૂરિએ 'ન્યાસાનુસંધાન' નામના ન્યાસની રચના કરી છે.[3]

**ન્યાસસારસમુદ્ધાર (બૃહન્ન્યાસદુર્ગપદવ્યાખ્યા) :**

'સિ. શ.' પર ચંદ્રગચ્છીય આચાર્ય દેવેન્દ્રસૂરિના શિષ્ય કનકપ્રભસૂરિએ હેમચંદ્રસૂરિના 'બૃહન્ન્યાસ'ના સંક્ષિપ્ત રૂપ એવા 'ન્યાસસાર-સમુદ્ધાર' અપરનામ 'બૃહન્ન્યાસદુર્ગપદવ્યાખ્યા' ના નામથી ન્યાસ[4] ગ્રંથની ૧૩મી સદીમાં રચના કરી છે.

---

૧. જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા તરફથી આ ગ્રંથ પ્રકાશિત થયેલ છે.

૨. આ વૃત્તિ જૈન ગ્રન્થ-પ્રકાશક સભા, અમદાવાદ તરફથી પ્રકાશિત થયેલ છે.

૩. ૫ અધ્યાય સુધી લાવણ્યસૂરિ ગ્રન્થમાલા, બોટાદ તરફથી છપાઈ ગયેલ છે.

૪. આ ન્યાસ મનસુખભાઈ ભગુભાઈ, અમદાવાદ તરફથી છપાયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧. લઘુન્યાસ :**

'સિ. શ.' પર હેમચંદ્રસૂરિના શિષ્ય આચાર્ય રામચંદ્રસૂરિએ ૫૩,૦૦૦ શ્લોક-પરિમાણ 'લઘુન્યાસ'ની આચાર્ય હેમચંદ્રસૂરિના સમય (વિ. ૧૩મી સદી)માં રચના કરી છે.

**૨. લઘુન્યાસ :**

'સિ. શ.' પર ધર્મઘોષસૂરિએ ૯૦૦૦ શ્લોક-પ્રમાણ 'લઘુન્યાસ'ની લગભગ ૧૪મી શતાબ્દીમાં રચના કરી છે.

**ન્યાસસારોદ્ધાર-ટિપ્પણ**

'સિ. શ.' પર કોઈ અજ્ઞાત આચાર્યે 'ન્યાસસારોદ્ધાર-ટિપ્પણ' નામની એક રચના કરી છે, જેની વિ. સં. ૧૨૭૯ની હસ્તલિખિત પ્રત મળે છે.

**હૈમઢુણ્ઢિકા :**

'સિ. શ.' પર ઉદયસૌભાગ્યે ૨૩૦૦ શ્લોકાત્મક 'હૈમઢુંઢિકા' નામની વ્યાખ્યાની રચના કરી છે.

**અષ્ટાધ્યાયતૃતીયપદ-વૃત્તિ :**

'સિ. શ.' પર આચાર્ય વિનયસાગરસૂરિએ 'અષ્ટાધ્યાયતૃતીયપદ-વૃત્તિ' નામની એક રચના કરી છે.

**હૈમલઘુવૃત્તિ-અવચૂરિ :**

'સિ. શ.' ની 'લઘુવૃત્તિ' પર અવચૂરિ હોય તેમ જણાય છે. દેવેન્દ્રના શિષ્ય ધનચન્દ્ર દ્વારા ૨૨૧૩ શ્લોકાત્મક હસ્તલિખિત પ્રતિ વિ. સં. ૧૪૦૩માં લખાયેલી મળે છે.

**ચતુષ્કવૃત્તિ-અવચૂરિ :**

'સિ. શ.' ની ચતુષ્કવૃત્તિ પર કોઈ વિદ્વાને અવચૂરિની રચના કરી છે, જેનો ઉલ્લેખ 'જૈન ગ્રંથાવલી'ના પૃ. ૩૦૦ પર છે.

**લઘુવૃત્તિ-અવચૂરિ :**

'સિ. શ.' ની લઘુવૃત્તિના ચાર અધ્યાયો પર નંદસુંદર મુનિએ વિ.સં. ૧૫૧૦માં અવચૂરિની રચના કરી છે, જેની હસ્તલિખિત પ્રત મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હૈમ-લઘુવૃત્તિઢુણ્ઢિકા (હૈમલઘુવૃત્તિદીપિકા) :**

'સિ. શ.' પર મુનિશેખર મુનિએ ૩૨૦૦ શ્લોક-પ્રમાણ 'હૈમલઘુવૃત્તિઢુંઢિકા' અપર નામ 'હૈમલઘુવૃત્તિદીપિકા'ની રચના કરી છે. તેની વિ.સં. ૧૪૮૮માં લખાયેલી હસ્તલિખિત પ્રત મળે છે.

**લઘુવ્યાખ્યાનઢુણ્ઢિકા :**

'સિ. શ.' પર ૩૨૦૦ શ્લોક-પ્રમાણ 'લઘુવ્યાખ્યાનઢુંઢિકા'ની કોઈ જૈનાચાર્યે લખેલી પ્રત સૂરતના જ્ઞાનભંડારમાં છે.

**ઢુણ્ઢિકા-દીપિકા :**

આચાર્ય હેમચંદ્રસૂરિરચિત 'સિદ્ધહેમશબ્દાનુશાસન'ના અધ્યાપન હેતુથી નિયુક્ત કરવામાં આવેલા કાયસ્થ અધ્યાપક કાકલ, જે હેમચંદ્રસૂરિના સમકાલીન હતા અને આઠ વ્યાકરણોના વેત્તા હતા, તેઓએ 'સિ. શ.' પર ૬૦૦૦ શ્લોક-પરિમાણ એક વૃત્તિની રચના કરી હતી જે 'લઘુવૃત્તિ' કે 'મધ્યમવૃત્તિ'ના નામે પ્રસિદ્ધ હતી. 'જિનરત્નકોશ' પૃ. ૩૭૬માં આ લઘુવૃત્તિને જ 'ઢુંઢિકાદીપિકા' કહેવામાં આવી છે. તે ચતુષ્ક, આખ્યાત, કૃત, તદ્ધિત વિષયક છે.

**બૃહદ્વૃત્તિ-સારોદ્ધાર :**

'સિદ્ધહેમશબ્દાનુશાસન'ની બૃહદ્વૃત્તિ પર કોઈએ સારોદ્ધારવૃત્તિ નામની વૃત્તિની રચના કરી છે. તેની બે હસ્તલિખિત પ્રતો વિ. સં. ૧૫૨૧માં લખેલી મળે છે. જિનરત્નકોશ, પૃ. ૩૭૬માં તેનો ઉલ્લેખ છે.

**બૃહદ્વૃત્તિ-અવચૂર્ણિકા :**

'સિ. શ.' પર જયાનંદના શિષ્ય અમરચંદ્રસૂરિએ વિ. સં. ૧૨૬૪માં 'અવચૂર્ણિકા'ની રચના કરી છે. તેમાં ૭૫૭ સૂત્રોની બૃહદ્વૃત્તિ પર અવચૂરિ છે. શેષ ૧૦૭ સૂત્રો તેમાં લેવામાં નથી આવ્યા. આચાર્ય કનકપ્રભસૂરિકૃત 'લઘુન્યાસ'ની સાથે ઘણા અંશે આ અવચૂરિ મળતી આવે છે. ઘણી વાતો અમરચંદ્રે નવી પણ કહી છે.

અવચૂર્ણિકા (પૃ. ૪-૫)માં કહેવામાં આવ્યું છે કે પ્રથમ સાત અધ્યાય ચતુષ્ક, આખ્યાત, કૃત અને તદ્ધિત — આ ચાર પ્રકરણોમાં વિભાજિત છે. સંધિ, નામ, કારક અને સમાસ — આ ચારેયના સમુદાયરૂપ 'ચતુષ્ક' છે, તેમાં ૧૦ પાદ છે.

---

૧. આ ગ્રંથ 'દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ' તરફથી છપાયેલ છે.

Jain Site .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખ્યાતમાં ૬ પાદ છે, કૃત્‌માં ચાર પાદ છે, તદ્ધિતમાં ૮ પાદ છે. આ રીતે અહીં ચાર પ્રકરણ ગણાવવામાં આવ્યા છે જેમને પ્રકરણ નહીં પરંતુ વૃત્તિ કહે છે.

**બૃહદ્વૃત્તિ-ઢુંઢિકા :**

મુનિ સૌભાગ્યસાગરે વિ.સં. ૧૫૯૧માં 'સિ. શ.' પર ૮૦૦૦ શ્લોક-પ્રમાણ 'બૃહદ્વૃત્તિઢુંઢિકા'ની રચના કરી છે. તે ચતુષ્ક, આખ્યાત, કૃત અને તદ્ધિત પ્રકરણો પર જ છે.

**બૃહદ્વૃત્તિ-દીપિકા :**

'સિ. શ.' પર વિજયચંદ્રસૂરિ અને હરિભદ્રસૂરિના શિષ્ય માનભદ્રના શિષ્ય વિદ્યાકરે 'દીપિકા' ની રચના કરી છે.

**કક્ષાપટ-વૃત્તિ :**

'સિ. શ.' ની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિ પર 'કક્ષાપટવૃત્તિ' નામથી ૪૮૧૮ શ્લોક-પ્રમાણ વૃત્તિની રચના મળે છે. 'જૈન ગ્રંથાવલી' પૃ. ૨૯૯માં આ ટીકાને 'કક્ષાપટ્ટ' અને 'બૃહદ્વૃત્તિ-વિષમપદ વ્યાખ્યા' — આ બે નામ આપવામાં આવ્યા છે.

**બૃહદ્વૃત્તિ-ટિપ્પણ :**

વિ. સં. ૧૬૪૬માં કોઈ અજ્ઞાતનામ વિદ્વાને 'સિ.શ.' પર 'બૃહદ્વૃત્તિ-ટિપ્પણ'ની રચના કરી છે.

**હૈમોદાહરણ-વૃત્તિ :**

આ 'સિ. શ.' ની બૃહદ્વૃત્તિનાં ઉદાહરણોનું સ્પષ્ટીકરણ હોય તેમ લાગે છે. જૈન ગ્રંથાવલી, પૃ. ૩૦૧માં તેનો ઉલ્લેખ છે.

**પરિભાષા-વૃત્તિ :**

આ 'સિ. શ.' ની પરિભાષાઓ પર વૃત્તિ સ્વરૂપ ૪૦૦૦ શ્લોક-પ્રમાણ ગ્રંથ છે. 'બૃહટિપ્પણિકા'માં તેનો ઉલ્લેખ છે.

**હૈમદશપાદવિશેષ અને હૈમદશપાદવિશેષાર્થ :**

'સિ. શ.' પરના આ બંને ટીકા-ગ્રંથોનો ઉલ્લેખ 'જૈન ગ્રંથાવલી' પૃ. ૨૯૯માં મળે છે.

**બલાબલસૂત્રવૃત્તિ :**

આચાર્ય હેમચંદ્રસૂરિ-નિર્મિત 'સિદ્ધહેમશબ્દાનુશાસન' વ્યાકરણની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિમાંથી સંક્ષેપ કરીને કોઈ અજ્ઞાત આચાર્યે 'બલાબલસૂત્રવૃત્તિ' રચી છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એલ. ડી. સૂચીપત્રમાં આ વૃત્તિના કર્તા આચાર્ય હેમચંદ્રસૂરિ બતાવવામાં આવ્યા છે. જ્યારે બીજી જગ્યાએ આનો જ 'પરિભાષાવૃત્તિ'ના નામે દુર્ગસિંહની કૃતિ રૂપે ઉલ્લેખ થયો છે.,

**ક્રિયારત્નસમુચ્ચય :**

તપાગચ્છીય આચાર્ય સોમસુંદરસૂરિના સહાધ્યાયી આચાર્ય ગુણરત્નસૂરિએ વિ.સં. ૧૪૬૬માં 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ના ધાતુઓના દશ ગણ અને સન્નન્તાદિ પ્રક્રિયાના રૂપોની સાધનિકા તે તે સૂત્રોના નિર્દેશપૂર્વક કરી છે. સૌત્ર ધાતુઓનાં બધા રૂપાખ્યાનોને વિસ્તારપૂર્વક સમજાવ્યા છે. કયા કાળનો કયા પ્રસંગે ઉપયોગ કરવો જોઈએ તેનો બોધ કરાવ્યો છે. કર્તાને જ્યાં ક્યાંય કઠિન સ્થળવિશેષ જણાયું ત્યાં તેમણે તત્કાલીન ગુજરાતી ભાષા વડે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અંતમાં ૬૬ શ્લોકોની વિસ્તૃત પ્રશસ્તિ આપી છે. તેમાં રચનાસંવત્, પ્રેરક, કર્તાનું નામ, પોતાની લઘુતા, ગ્રંથોના પરિમાણ નીચે જણાવ્યા પ્રમાણે આપ્યાં છે :

**काले षड्-रस-पूर्व( १४६६ ) वत्सरमिते श्रीविक्रमार्काद् गते,**
**गुर्वादेश विमृश्य च सदा स्वान्योपकारं परम् ।**
**ग्रन्थं श्रीगुणरत्नसूरिरतनोत् प्रज्ञाविहीनोऽप्यमुं,**
**निर्हेतुप्रकृतिप्रधानजननैः शोध्यस्त्वयं धीधनैः ॥६३॥**
**प्रत्यक्षरं गणनया ग्रन्थमानं विनिश्चितम् ।**
**षट्पञ्चाशतान्येकषष्ट्याऽ( ५६६१ )धिकान्यनुष्टुभाम् ॥६४॥**

**ન્યાયસંગ્રહ (ન્યાયાર્થમઞ્જૂષા-ટીકા) :**

'સિ. શ.'ના સાતમા અધ્યાયની 'બૃહદ્વૃત્તિ'ના અંતમાં ૫૭ ન્યાયોનો સંગ્રહ છે. તેના પર હેમચન્દ્રસૂરિની કોઈ વ્યાખ્યા હોય તેમ જણાતું નથી.

તે ૫૭ ન્યાયો અને અન્ય ૮૪ ન્યાયોનો સંગ્રહ કરીને તપાગચ્છીય રત્નશેખરસૂરિના શિષ્ય ચારિત્રરત્નગણિના શિષ્ય હેમહંસગણિએ તેના પર 'ન્યાયાર્થમંજૂષા' નામની ટીકાની રચના વિ. સં. ૧૫૧૬માં કરી છે. તેમાં તેમણે કહ્યું છે કે ઉપર્યુક્ત ૫૭ ન્યાયો પર પ્રજ્ઞાપના નામની વૃત્તિ હતી.

૫૭ અને બીજા ૮૪ મળીને ૧૪૧ ન્યાયોના સંગ્રહને હેમહંસગણિએ 'ન્યાયસંગ્રહસૂત્ર' નામ આપ્યુ છે. બંને ન્યાયોની વૃત્તિનું નામ ન્યાયાર્થમંજૂષા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્યાદિશબ્દસમુચ્ચય :**

વાયડગચ્છીય જિનદત્તસૂરિના શિષ્ય અને ગુર્જરનરેશ વિશલદેવ રાજાની રાજસભાના સમ્માન્ય મહાકવિ આચાર્ય અમરચંદ્રસૂરિએ ૧૩મી શતાબ્દીમાં 'સ્યાદિશબ્દસમુચ્ચય'ની મૂળ કારિકાઓ પર વૃત્તિસ્વરૂપ 'સિ.શ.'ના સૂત્રો વડે નામનાં વિભક્તિ રૂપોની સાધનિકા તૈયાર કરી છે. આ ગ્રંથ 'સિ.શ.'ના અધ્યેતાઓ માટે ઘણો ઉપયોગી છે.[1]

**સ્યાદિવ્યાકરણ :**

'સ્યાદિશબ્દસમુચ્ચય'ની મૂળ કારિકાઓ પર ઉપકેશગચ્છીય ઉપાધ્યાય મતિસાગરના શિષ્ય વિનયભૂષણે 'સ્યાદિશબ્દસમુચ્ચય'ને ધ્યાનમાં રાખીને ૪૨૨૫ શ્લોકબદ્ધ ટીકાની ભાવડારગચ્છીય સોમદેવ મુનિ માટે રચના કરી છે. તેમાં ચાર ઉલ્લાસ છે. તેની ૯૨ પત્રોની હસ્તલિખિત પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. તેની પુષ્પિકામાં આ ગ્રંથની રચના અને કારણ સંબંધે આ પ્રમાણેનો ઉલ્લેખ છે :

इति श्रीमदुपकेशगच्छे महोपाध्याय श्रीमतिसागरशिष्याणुना विनयभूषणेन श्रीमदमरयुक्त्या सविस्तरं प्ररूपितः । संख्याशब्दोल्लासस्तुर्यः ॥

**श्रीभावडारगच्छेऽस्ति सोमदेवाभिधो मुनिः ।**
**तदभ्यर्थनतः स्यादिर्विनयेन निर्मिता ॥**

**संवत् १५३६ वर्षे ज्येष्ठ सुदि पञ्चम्यां लिखितेयम् ।**

**સ્યાદિશબ્દદીપિકા :**

'સ્યાદિશબ્દસમુચ્ચય'ની મૂળ કારિકાઓ પર આચાર્ય જયાનંદસૂરિએ ૧૦૫૦ શ્લોક-પરિમાણ 'અવચૂરિ' રચી છે જેને 'દીપિકા' નામ આપ્યું છે. તેમાં શબ્દોની પ્રક્રિયા 'સિ.શ.' અનુસાર આપવામાં આવી છે. શબ્દોનાં રૂપો 'સિ.શ.'ના સૂત્રોના આધારે સિદ્ધ કરવામાં આવ્યા છે..

**હેમવિભ્રમ ટીકા :**

મૂળ ગ્રંથ ૨૧ કારિકાઓમાં છે. કારિકાઓની રચના કોણે કરી છે તે જ્ઞાત નથી, પરંતુ વ્યાકરણથી ઉપલક્ષિત ઘણા ભ્રમાત્મક પ્રયોગો સૂચિત કરવામાં આવ્યા છે. તે કારિકાઓ પર ભિન્ન ભિન્ન વ્યાકરણના સૂત્રોથી તે ભ્રમાત્મક પ્રયોગોને સાચા બતાવી

૧. ભાવનગરની યશોવિજય જૈન ગ્રંથમાલામાં આ ગ્રંથ છપાઈ ગયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિ કરવામાં આવી છે. તેનાથી કાતંત્રવિભ્રમ, સારસ્વતવિભ્રમ, હેમવિભ્રમ આ નામોની અલગ-અલગ રચનાઓ મળે છે.

આચાર્ય ગુણચંદ્રસૂરિ દ્વારા આ ૨૧ કારિકાઓ પર રચાયેલી 'હેમવિભ્રમટીકા'નું નામ છે 'તત્ત્વપ્રકાશિકા'. 'સિ.શ.' વ્યાકરણના અભ્યાસીઓ માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે.

આ 'હેમવિભ્રમ-ટીકા'[૧] ના રચયિતા આચાર્ય ગુણચંદ્રસૂરિ વાદી આચાર્ય દેવસૂરિના શિષ્ય હતા. ગ્રંથના અંતમાં તેઓ આ પ્રમાણેનો ઉલ્લેખ કરે છે :

**'अकारि गुणचन्द्रेण वृत्तिः स्व-परहेतवे ।**
**देवसूरिक्रमाम्भोजचञ्चरीकेण सर्वदा ॥'**

સંભવતઃ આ ગુણચંદ્રસૂરિ એ જ હોઈ શકે જેમણે આચાર્ય હેમચંદ્રસૂરિના શિષ્ય આચાર્ય રામચંદ્રસૂરિની સાથે મળીને 'દ્રવ્યાલંકાર-ટિપ્પણ' અને 'નાટ્યદર્પણ'ની રચના કરી છે.

**કવિકલ્પદ્રુમ :**

તપાગચ્છીય કુલચરણગણિના શિષ્ય હર્ષકુલગણિએ 'સિ.શ.'માં નિર્દિષ્ટ ધાતુઓની પદ્યબદ્ધ વિચારાત્મક રચના વિ.સં. ૧૫૭૭માં કરી છે.

બોપદેવના 'કવિકલ્પદ્રુમ'ની જેમ આ પણ એક પદ્યાત્મક રચના છે. ૧૧ પલ્લવોમાં આ ગ્રંથ વિભક્ત છે. પ્રથમ પલ્લવમાં બધી ધાતુઓના અનુબંધ આપ્યા છે અને 'સિ. શ.'નાં કેટલાંક સૂત્રો પણ તેમાં જોડવામાં આવ્યા છે. પલ્લવ ૨ થી ૧૦માં ક્રમશઃ ભ્વાદિથી શરૂ કરીને ચુરાદિ સુધી નવ ગણ અને ૧૧મા પલ્લવમાં સૌત્રાદિ ધાતુઓનો વિચાર કરવામાં આવ્યો છે.

'કવિકલ્પદ્રુમ'ની રચના હેમવિમલસૂરિના કાળમાં થઈ છે. તેના પર 'ધાતુચિન્તામણિ' નામની સ્વોપજ્ઞ ટીકા છે, પરંતુ સમગ્ર ટીકા ઉપલબ્ધ નથી થતી. ફક્ત ૧૧મા પલ્લવની ટીકા મૂળ પદ્યો સાથે છપાયેલી છે.

**કવિકલ્પદ્રુમ-ટીકા :**

કોઈ અજ્ઞાત કર્તાની 'કવિકલ્પદ્રુમ' નામની કૃતિ પર મુનિ વિજયવિમલે ટીકાની રચના કરી છે.

---

૧. ભાવનગરની યશોવિજય જૈન ગ્રંથમાલામાં આ ગ્રંથ છપાઈ ગયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**તિઙન્વયોક્તિ :**

ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપાધ્યાયે 'તિઙન્વયોક્તિ' નામના વ્યાકરણ સંબંધી ગ્રંથની રચના કરી છે. કેટલાક વિદ્વાનો તેને 'તિઙન્તાન્વયોક્તિ' પણ કહે છે. આ કૃતિનું આદિ પદ્ય આ પ્રમાણે છે :

**ऐन्द्रवज्राभ्यर्चितपादपद्मं सुमेरुधीरं प्रणिपत्य वीरम् ।**
**वदामि नैयायिकशाब्दिकानां मनोविनोदाय तिङन्वयोक्तिम् ॥**

**હૈમધાતુપારાયણ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ 'હૈમ-ધાતુપારાયણ' નામના ગ્રંથની રચના કરી છે. 'ધાતુપાઠ' શબ્દશાસ્ત્રનું અત્યંત ઉપયોગી અંગ છે, માટે આ ગ્રંથ 'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન'ના પરિશિષ્ટ રૂપમાં બનાવવામાં આવ્યો છે.

'ધાતુ' ક્રિયાના અર્થનો વાચક છે, અર્થાત્ ક્રિયાના અર્થને ધારણ કરનારને 'ધાતુ' કહેવામાં આવે છે. આ ધાતુઓ પરથી જ શબ્દોની ઉત્પત્તિ થઈ હોવાનું માનવામાં આવે છે. આ ધાતુઓનું નિરૂપણ કરતો આ 'ધાતુપારાયણ' નામનો ગ્રંથ છે. 'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન'માં નિમ્ન વર્ગોમાં ધાતુઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે :

भ्वादि, अदादि, दिवादि, स्वादि, तुदादि, रुधादि, तनादि, क्र्यादि અને चुरादि — આ રીતે નવ ગણ છે. આથી તેને 'નવગણી' પણ કહેવાય છે.

આ ગણોના સૂચક અનુબંધ ભ્વાદિ ગણને કોઈ અનુબંધ નથી. બીજા ગણોના ક્રમશઃ क्, च्, द्, त्, प्, य्, श् અને ण् અનુબંધોનો નિર્દેશ છે. પછી, તેમાં સ્વરાન્ત અને વ્યજનાંત શૈલીથી ધાતુઓનો ક્રમ આપવામાં આવ્યો છે. તેમાં પરસ્મૈપદ આત્મનેપદ અને ઉભયપદના અનુબંધ इ, ई, उ, ऊ, ऋ, ॠ ए, ऐ, ओ, औ, ग्, ङ् અને અનુસ્વાર જણાવવામાં આવ્યા છે.

ઈકાર અનુબંધથી આત્મનેપદ, ई અનુબંધથી ઉભયપદનો નિર્દેશ છે. 'વેટ્' ધાતુઓનો સૂચક અનુબંધ औ છે અને 'અનિટ' ધાતુઓ બતાવવા માટે અનુસ્વારનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રકારના અનુબંધો સાથે ધાતુઓના અર્થનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથમાં કૌશિક, દ્રમિલ, કણ્વ, ભગવદ્ ગીતા, માઘ, કાલિદાસ આદિ ગ્રંથકારો અને ગ્રંથોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આમાં કેટલાંક અવતરણ પદ્યમાં છે, બાકીનો વિભાગ ગદ્યમાં છે. કેટલાક અવતરણ (પદ્ય) શૃંગારિક પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હેમધાતુપારાયણ-વૃત્તિ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ 'હેમધાતુપારાયણ' પર વૃત્તિની રચના કરી છે.[1]

**હેમ-લિંગાનુશાસન :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ નામોના લિંગો બતાવવા માટે 'લિંગાનુશાસન'ની રચના કરી છે. સંસ્કૃત ભાષામાં નામોના લિંગ યાદ રાખવા જ જોઈએ.

તેમાં આઠ પ્રકરણ આ પ્રમાણે છે : ૧. પુંલિંગ, પદ્ય ૧૭; ૨. સ્ત્રીલિંગ ૩૩; ૩. નપુંસકલિંગ ૩૪, ૪. પું-સ્ત્રીલિંગ ૧૨; ૫. પું-નપુંસકલિંગ ૩૬, ૬. સ્ત્રી-નપુંસકલિંગ ૬; ૭. સ્વતઃ સ્ત્રીલિંગ ૬; ૮. પરલિંગ ૪. આ પ્રમાણે તેમાં ૧૩૯ પદ્યો વિવિધ છંદોમાં છે.

શાકટાયનના લિંગાનુશાસન કરતાં આ મોટો ગ્રંથ છે. શબ્દોના લિંગ માટે આને પ્રમાણભૂત અને અંતિમ માનવામાં આવે છે.

**હેમ-લિંગાનુશાસન-વૃત્તિ :**

હેમચંદ્રસૂરિએ પોતાના 'લિંગાનુશાસન' પર સ્વોપજ્ઞવૃત્તિની રચના કરી છે. આ વૃત્તિ-ગ્રંથ ૪૦૦૦ શ્લોક-પ્રમાણ છે. તેમાં ૫૭ ગ્રંથો અને પૂર્વાચાર્યોના મતોનો ઉલ્લેખ કરેલો છે.[2]

**દુર્ગપદપ્રબોધ-વૃત્તિ :**

પાઠક વલ્લભ મુનિએ હેમચંદ્રસૂરિના 'લિંગાનુશાસન' પર વિ. સં. ૧૬૬૧માં ૨૦૦૦ શ્લોક-પરિમાણ 'દુર્ગપદપ્રબોધ' નામની વૃત્તિની રચના કરી છે.

**હેમ-લિંગાનુશાસન-અવચૂરિ :**

પં. કેસરવિજયજીએ આચાર્ય હેમચંદ્રસૂરિના લિંગાનુશાસન પર 'અવચૂરિ'[3]ની રચના કરી છે. આચાર્ય હેમચંદ્રસૂરિની સ્વોપજ્ઞ વૃત્તિના આધારે આ નાની એવી વૃત્તિ બનાવવામાં આવી છે.

---

૧. આ વૃત્તિ ગ્રંથનું મૂળ સહિત સંપાદન વીયેનાના જે. કીર્સ્ટએ કર્યું છે અને મુંબઈથી સન્ ૧૯૦૧માં પ્રકાશિત થયેલ છે. સંપાદકે આ ગ્રંથમાં પ્રયુક્ત ધાતુઓનો અને શબ્દોનો અલગ અલગ કોશ આપ્યો છે.

૨. આ ગ્રંથ 'અમી-સોમ જૈન ગ્રંથમાલા' મુંબઈથી વિ. સં. ૧૯૯૬માં પ્રકાશિત થયેલ છે.

૩. આ 'અવચૂરિ' યશોવિજય જૈન ગ્રંથમાલા, ભાવનગરથી પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગણપાઠ :**

ઘણા શબ્દ-સમૂહોમાં એક જ પ્રકારનો વ્યાકરણસંબંધી નિયમ લાગુ પડતો હોય ત્યારે વ્યાકરણસૂત્રમાં પ્રથમ શબ્દના ઉલ્લેખની સાથે જ આદિ શબ્દ લગાવીને ગણનો નિર્દેશ કરવામાં આવે છે. આ રીતે 'સિદ્ધહેમચંદ્ર-શબ્દાનુશાસન'ની બૃહદ્વૃત્તિમાં આવા શબ્દસમૂહનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી ગણપાઠ વ્યાકરણનું અતિ મહત્ત્વનું અંગ છે.

પં. મયાશંકર ગિરજાશંકર શાસ્ત્રીએ 'સિદ્ધહેમ-બૃહત્પ્રક્રિયા' નામથી ગ્રંથની સંકલના કરી છે જેમાં પૃ. ૯૫૭ થી ૯૯૯માં ગણપાઠ અલગ પણ આપવામાં આવ્યા છે.

**ગણવિવેક :**

'સિ. શ.'ની બૃહદ્વૃત્તિમાં નિર્દિષ્ટ ગણોને પં. સાધુરાજના શિષ્ય પં. નંદિરત્ને વિ. ૧૭મી સદીમાં પદ્યોમાં નિબદ્ધ કર્યા છે. તેનાં ગ્રન્થાગ્ર ૬૦૭ છે. તેની ૮ પત્રની હસ્તલિખિત પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં (સં. ૫૯૦૭) છે. તેની આદિમાં ગ્રંથનો હેતુ વગેરે આ પ્રમાણે આપ્યો છે :

**अर्हन्तः सिद्धिदाः सिद्धाचार्योपाध्याय-साधवः ।**
**गुरुः श्रीसाधुराजश्च बुद्धिं विदधतां मम ॥१॥**

**श्रीहेमचन्द्रसूरीन्द्रः पाणिनिः शाकटायनः**
**श्रीभोजश्चन्द्रगोमी [ च ] जयन्त्यन्येऽपि शाब्दिकाः ॥२॥**

**श्री सिद्धहेमचन्द्र[ क ]व्याकरणोदितैर्गणैः ।**
**ग्रन्थो गणविवेकाख्यः स्वान्यस्मृत्यै विधीयते ॥३॥**

**ગણદર્પણ :**

ગુર્જર-નરેશ મહારાજા કુમારપાળે 'ગણદર્પણ'[1] નામના વ્યાકરણસંબંધી ગ્રંથની રચના કરી છે. કુમારપાળનો રાજ્યકાળ વિ. સં. ૧૧૯૯ થી ૧૨૩૦ છે તેથી તે દરમ્યાન તેની રચના થઈ છે. આ ગ્રંથ દંડનાયક વોસરી અને પ્રતિહાર ભોજદેવ માટે નિર્માણ કરવામાં આવ્યો હતો એવો ઉલ્લેખ તેની પુષ્પિકામાં છે.

---

૧. આ ગ્રંથની હસ્તલિખિત પ્રતિ જોધપુરના શ્રી કેશરિયા મંદિર સ્થિત ખરતરગચ્છીય જ્ઞાનભંડારમાં છે. આમાં કુલ ૨૧ પત્રો છે, શરૂઆતના ૨ પત્ર નથી, અને વચ્ચે વચ્ચે પાઠ પણ છૂટી ગયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાષા સંસ્કૃત છે અને ચાર-ચાર પદવાળા ત્રણ અધ્યાય પદ્યમાં છે. ક્યાંક ક્યાંક ગદ્ય પણ છે. આ ગ્રંથ કદાચ 'સિ.શ.'ના ગણોનો નિર્દેશ કરે છે. તેના ગ્રંથાગ્ર ૯૦૦ છે. કુમારપાળે 'નમ્રાખિલ૦'થી આરંભ કરીને 'સાધારણજિનસ્તવન' નામના સંસ્કૃત સ્તોત્રની રચના કરી છે.

આ 'ગણદર્પણ'ની પ્રત ૫૦૦ વર્ષ જૂની છે. જે વિ.સં. ૧૫૧૮ (શાકે ૧૩૮૩)માં દેવગિરિમાં દેવડાગોત્રીય ઓસવાલ વીનપાલે લખાવડાવી છે. પ્રત ખરતરગચ્છીય મુનિ સમયભક્તને આપવામાં આવી છે. તેમના શિષ્ય પુણ્યનંદિ દ્વારા રચિત સુપ્રસિદ્ધ 'રૂપકમાલા'ની પ્રશસ્તિ અનુસાર તેઓ આચાર્ય સાગરચંદ્રસૂરિના શિષ્ય રત્નકીર્તિના શિષ્ય હતા.

**પ્રક્રિયાગ્રંથ :**

વ્યાકરણ-ગ્રંથોમાં બે પ્રકારનો ક્રમ જોવામાં આવે છે : ૧ અધ્યાયક્રમ (અષ્ટાધ્યાયી) અને ૨ પ્રક્રિયાક્રમ. અધ્યાયક્રમમાં સૂત્રોનો વિષયક્રમ, તેમના બળાબળ, અનુવૃત્તિ, વ્યાવૃત્તિ, ઉત્સર્ગ, અપવાદ, પ્રત્યપવાદ, સૂત્રરચનાનું પ્રયોજન વગેરે બાબતો નજર સામે રાખીને સૂત્રરચના થાય છે. મૂળ સૂત્રકાર અધ્યાયક્રમ પ્રમાણે જ રચના કરે છે. પછીથી થનારા રચનાકારો તે સૂત્રોને પ્રક્રિયા ક્રમમાં મૂકે છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સિદ્ધહેમ-શબ્દાનુશાસન પર પણ આવા કેટલાય પ્રક્રિયા ગ્રંથ છે, જેમનું નિર્દેશન અહીં અમે વિગતવાર કરીએ છીએ.

**હૈમલઘુપ્રક્રિયા :**

તપાગચ્છીય ઉપાધ્યાય વિનયવિજયગણિએ સિદ્ધહેમશબ્દાનુશાસનના અધ્યાયક્રમને પ્રક્રિયાક્રમમાં પરિવર્તિત કરીને વિ. સં. ૧૭૧૦માં 'હૈમલઘુપ્રક્રિયા' નામના ગ્રંથની રચના કરી છે. આ પ્રક્રિયા ૧. નામ ૨. આખ્યાત અને ૩. કૃદન્ત — આ ત્રણ વૃત્તિઓમાં વિભક્ત છે. વિષયની દૃષ્ટિએ સંજ્ઞા, સંધિ, લિંગ, યુષ્મદસ્મદ્, અવ્યય, સ્ત્રીલિંગ, કારક, સમાસ અને તદ્ધિત — આ પ્રકરણોમાં ગ્રંથની રચના કરી છે. અંતમાં પ્રશસ્તિ છે.

**હૈમબૃહત્પ્રક્રિયા :**

ઉપાધ્યાય વિનયવિજયજીરચિત "હૈમલઘુપ્રક્રિયા" ના ક્રમને ધ્યાનમાં રાખીને આધુનિક વિદ્વાન મયાશંકર ગિરજાશંકરે તેના પર બૃહદ્વૃત્તિની રચના કરીને તેને "હૈમબૃહત્પ્રક્રિયા" નામ આપ્યું છે. આ ગ્રંથ છપાયેલો છે. તેનો રચનાકાળ વિ. ૨૦મી સદી છે.

**હૈમપ્રકાશ (હૈમપ્રક્રિયા-બૃહન્ન્યાસ) :**

તપાગચ્છીય ઉપાધ્યાય વિનયવિજયજીએ જે 'હૈમલઘુપ્રક્રિયા' ગ્રંથની રચના કરી છે તેના પર તેમણે ૩૪૦૦૦ શ્લોક-પરિણામ સ્વોપજ્ઞ 'હૈમપ્રકાશ' અપરનામ 'હૈમપ્રક્રિયા-બૃહન્ન્યાસ'[1]ની રચના વિ. સં. ૧૭૯૭ના કરી છે. 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન'ના સૂત્ર 'समानानां तेन दीर्घः' (૧.૨.૧.)માં હૈમપ્રકાશમાં કનકપ્રભસૂરિકૃત 'न्यायसारसमुद्धार'થી ભિન્ન મત પ્રગટ કર્યો છે. આ પ્રમાણે ઘણી જગ્યાએ તેઓએ પૂર્વે થઈ ગયેલા વૈયાકરણો કરતાં જુદો મત પ્રદર્શિત કરી પોતાની વ્યાકરણ-વિષયક પ્રતિભાનો પરિચય આપ્યો છે.

**ચંદ્રપ્રભા (હેમકૌમુદી) :**

તપાગચ્છીય ઉપાધ્યાય મેઘવિજયજીએ 'સિદ્ધહેમશબ્દાનુશાસન'નાં સૂત્રો પર ભટ્ટોજી દીક્ષિત રચિત સિદ્ધાન્તકૌમુદી અનુસાર પ્રક્રિયાક્રમથી 'ચંદ્રપ્રભા' અપરનામ 'હેમકૌમુદી'[2] નામના વ્યાકરણગ્રંથની વિ.સં. ૧૭૫૭માં આગ્રામાં રચના કરી છે. પુષ્પિકામાં તેને 'બૃહત્પ્રક્રિયા' પણ કહેવામાં આવેલ છે. તે ૯૦૦૦ શ્લોક-પરિમાણ છે. કર્તાએ પોતાના શિષ્ય ભાનુવિજય માટે તે બનાવ્યો અને સૌભાગ્યવિજય તેમ જ મેરુવિજયે દીપાવલીના દિવસે તેનું સંશોધન કર્યું હતું.

આ ગ્રંથ પ્રથમ વૃત્તિ અને દ્વિતીય વૃત્તિ આ બે ભાગોમાં વિભક્ત છે. 'टादौ स्वरे वा' (૧.૪.૩૨) પૃ. ૪૦માં 'कीः', 'किरौ' ઇત્યાદી રૂપોથી સાધનિકામાં પાણિનીય વ્યાકરણનો આધાર લેવામાં આવ્યો છે, સિદ્ધહેમશબ્દાનુશાસનનો નહીં, જે એક દોષ માનવામાં આવેલ છે.

**હેમશબ્દપ્રક્રિયા :**

સિદ્ધહેમશબ્દાનુશાસન પર આ એક નાનો એવો ૩૫૦૦ શ્લોક-પરિમાણ મધ્યમ પ્રક્રિયા-વ્યાકરણગ્રંથ ઉપાધ્યાય મેઘવિજયગણિએ વિ. સં. ૧૭૫૭ની આસપાસ બનાવ્યો છે. તેની હસ્તલિખિત પ્રત ભાંડારકર ઇન્સ્ટીટયૂટ, પૂનામાં છે.

**હૈમશબ્દચંદ્રિકા :**

ઉપાધ્યાય મેઘવિજયગણિએ સિદ્ધહેમશબ્દાનુશાસનના આધાર પર ૬૦૦ શ્લોક પ્રમાણ આ નાનો-એવો ગ્રંથ વિદ્યાર્થીઓના પ્રાથમિક પ્રવેશ માટે ત્રણ પ્રકાશોમાં અતિ સંક્ષિપ્તમાં બનાવ્યો છે. આ ગ્રંથ મુનિ ચતુરવિજયજીએ સંપાદિત કરીને

૧. આ ગ્રંથ બે ભાગોમાં મુંબઈથી પ્રકાશિત થયેલ છે.

૨. જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણાથી આ ગ્રંથ છપાઈ ગયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત કર્યો છે. ભાંડારકર ઇન્સ્ટીટયૂટ, પૂનામાં તેની સં. ૧૭૫૫માં લખાયેલી પ્રત છે.

ઉપાધ્યાય મેઘવિજયગણિએ ભિન્ન ભિન્ન વિષયો પર અનેક ગ્રંથ લખ્યા છે :

૧ દિગ્‌વિજય મહાકાવ્ય (કાવ્ય)
૨ સપ્તસંધાન મહાકાવ્ય (કાવ્ય)
૩ લઘુ-ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત ”
૪ ભવિષ્યદત્ત કથા (કાવ્ય)
૫ પંચાખ્યાન (કાવ્ય)
૬ ચિત્રકોશ (વિજ્ઞપ્તિપત્ર) (કાવ્ય)
૭ વૃતમૌક્તિક (છન્દ)
૮ મણિપરીક્ષા (ન્યાય)
૯ યુક્તિપ્રબોધ (શાસ્ત્રીય આલોચના)
૧૦ ધર્મમંજૂષા (શાસ્ત્રીય આલોચના)
૧૧ વર્ષપ્રબોધ (મેઘમહોદય) (જ્યોતિષ)
૧૨ ઉદયદીપિકા (જ્યોતિષ)
૧૩ પ્રશ્નસુન્દરી (જ્યોતિષ)
૧૪ હસ્તસંજીવન (સામુદ્રિક)
૧૫ રમલશાસ્ત્ર (રમલ)
૧૬ વીશયંત્રવિધિ (યંત્ર)
૧૭ માતૃકાપ્રસાદ (અધ્યાત્મ)
૧૮ અર્હદ્‌ગીતા (અધ્યાત્મ)
૧૯ બ્રહ્મબોધ (અધ્યાત્મ)
૨૦ તપાગચ્છપટ્ટાવલી
૨૧ પંચતીર્થસ્તુતિ
૨૨ શિવપુરી-શંખેશ્વર પાર્શ્વનાથસ્તોત્ર
૨૩ ભક્તામરસ્તોત્રટીકા
૨૪ શાંતિનાથચરિત્ર (નૈષધીય સમસ્યાપૂર્તિ-કાવ્ય)
૨૫ દેવાનંદ મહાકાવ્ય (માઘ સમસ્યાપૂર્તિ-કાવ્ય)
૨૬ કિરાત-સમસ્યા-પૂર્તિ
૨૭ મેઘદૂત-સમસ્યા-લેખ
૨૮-૨૯ પાણિનીય દ્વ્યાશ્રયવિજ્ઞપ્તિલેખ
૩૦ વિજયદેવમાહાત્મ્ય-વિવરણ
૩૧ વિજયદેવ-નિર્વાણરાસ
૩૨ પાર્શ્વનાથ-નામમાલા
૩૩ થાવચ્ચાકુમારસજ્ઝાય
૩૪ સીમંધરસ્વામીસ્તવન
૩૫ ચૌવીશી (ભાષા)
૩૬ દશમતસ્તવન
૩૭ કુમતિનિવારણહુંડી

**હૈમપ્રક્રિયા :**

સિદ્ધહેમશબ્દાનુશાસન પર મહેન્દ્રસુત વીરસેને પ્રક્રિયાગ્રંથની રચના કરી છે.

**હૈમપ્રક્રિયાશબ્દસમુચ્ચય :**

સિદ્ધહેમશબ્દાનુશાસન પર ૧૫૦૦ શ્લોક-પ્રમાણ એક કૃતિનો ઉલ્લેખ ‘જૈન ગ્રંથાવલી’ પૃ. ૩૦૩ પર છે.

**હેમશબ્દસમુચ્ચય :**

સિદ્ધહેમશબ્દાનુશાસન પર ‘હેમશબ્દસમુચ્ચય’ નામની ૪૯૨ શ્લોક-પ્રમાણ કૃતિનો ઉલ્લેખ જિનરત્નકોશ, પૃ. ૪૬૩માં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હેમશબ્દસંચય :**

સિદ્ધહેમશબ્દાનુશાસન પર અમરચંદ્રની 'હેમશબ્દસંચય' નામની ૪૨૬ શ્લોક-પ્રમાણ કૃતિનો ઉલ્લેખ જિનરત્નકોશ, પૃ. ૪૬૩માં છે.

**હેમશબ્દસંચય :**

સિદ્ધહેમશબ્દાનુશાસન પર ૧૫૦૦ શ્લોક-પ્રમાણ ૪૩૬ પત્રોની એક કૃતિનો ઉલ્લેખ 'જૈન ગ્રંથાવલી' પૃ. ૩૦૩ પર છે.

**હૈમકારકસમુચ્ચય :**

સિદ્ધહેમશબ્દાનુશાસનના કારક પ્રકરણ પર પ્રાથમિક વિદ્યાર્થીઓ માટે શ્રીપ્રભસૂરિએ 'હૈમકારકસમુચ્ચય' નામની કૃતિની રચના કરી છે. તેના ત્રણ અધિકાર છે. જૈન ગ્રંથાવલી, પૃ. ૩૦૨માં તેનો ઉલ્લેખ છે.

**સિદ્ધસારસ્વત-વ્યાકરણ :**

ચંદ્રગચ્છીય દેવપ્રભના શિષ્ય આચાર્ય દેવાનંદસૂરિએ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' વ્યાકરણમાંથી ઉદ્ધૃત કરીને 'સિદ્ધસારસ્વત' નામના નવીન વ્યાકરણની રચના કરી. પ્રભાવકચરિતાન્તર્ગત 'મહેન્દ્રસૂરિચરિત'માં તેનો આ પ્રમાણે ઉલ્લેખ છે :

**श्रीदेवानन्दसूरिर्दिशतु मुदमसौ लक्षणाद् येन हैमा-**
**दुद्धृत्य प्राज्ञहेतोर्विहितमभिनवं 'सिद्धसारस्वताख्यम्' ।**
**शाब्दं शास्त्रं यदीयान्वयिकनकगिरिस्थानकल्पद्रुमश्च**
**श्रीमान् प्रद्युम्नसूरिर्विशदयति गिरं नः पदार्थप्रदाता ॥३२८॥**

મુનિદેવસૂરિ દ્વારા (વિ. સં. ૧૩૨૨માં) રચિત 'શાંતિનાથચરિત્ર'માં પણ આ વ્યાકરણનો ઉલ્લેખ આ પ્રમાણે આવે છે :

**श्रीदेवानन्दसूरिभ्यो नमस्तेभ्यः प्रकाशितम् ।**
**सिद्धसारस्वताख्यं यैर्निजं शब्दानुशासनम् ॥१६॥**

આ ઉલ્લેખો પરથી અનુમાન થાય છે કે આ વ્યાકરણ વિ.સં. ૧૨૭૫ની આસપાસ રચાયેલું હોવું જોઈએ. આ દૃષ્ટિએ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' પર આ સર્વપ્રથમ વ્યાકરણ માની શકાય.

**ઉપસર્ગમણ્ડન :**

ધાતુ અથવા ધાતુમાંથી બનાવેલા 'નામ' આદિની પહેલાં જોડાતો અને અર્થમાં પ્રાયઃ વિશેષતા લાવનાર અવ્યય 'ઉપસર્ગ' કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંડવગઢ નિવાસી મંત્રી મંડને 'ઉપસર્ગમણ્ડન' નામના ગ્રંથની વિ.સં. ૧૪૯૨માં રચના કરી છે. તે આલમશાહ અપરનામ હુશંગ ગોરીના મંત્રી હતા. મંત્રી હોવા છતાં તેઓ વિદ્વાન અને કવિ હતા. તેમના વંશ વગેરે વિષય પર મહેશ્વરકૃત 'કાવ્યમનોહર' ગ્રંથ સારો પ્રકાશ પાડે છે. તેમના લગભગ બધા ગ્રંથો 'મંડન' શબ્દથી અલંકૃત છે.

તેમના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે : ૧. અલંકારમંડન, ૨. કાદમ્બરીમંડન, ૩. કાવ્યમંડન, ૪. ચંપૂમંડન, ૫. શૃંગારમંડન, ૬. સંગીતમંડન અને ૭. સારસ્વતમંડન. આ સિવાય તેમણે ૮. ચન્દ્રવિજય અને ૯. કવિકલ્પદ્રુમસ્કંધ—આ બે કૃતિઓની પણ રચના કરી છે.[1]

**ધાતુમંજરી :**

તપાગચ્છીય ઉપાધ્યાય ભાનુચંદ્રસૂરિના શિષ્ય સિદ્ધિચંદ્રગણિએ વિ.સં. ૧૬૫૦માં 'ધાતુમંજરી' નામના ગ્રંથની રચના કરી છે. આ પાણિનીય ધાતુપાઠસંબંધી રચના છે.

સિદ્ધિચંદ્રે નિમ્નલિખિત ગ્રંથોની પણ રચના કરી હતી : ૧. (હૈમ) અનેકાર્થનામમાલા, ૨. કાદમ્બરી-ટીકા (પોતાના ગુરુ ભાનુચંદ્રગણિની સાથે), ૩. સમસ્મરણસ્તોત્રટીકા, ૪. વાસવદત્તા-ટીકા, ૫. શોભનસ્તુતિ-ટીકા આદિ.

**મિશ્રલિંગકોશ, મિશ્રલિંગનિર્ણય, લિંગાનુશાસન :**

'જૈન ગ્રંથાવલી' પૃ. ૩૦૭માં 'મિશ્રલિંગનિર્ણય' નામની એક કૃતિ અને તેના કર્તા કલ્યાણસૂરિનો ઉલ્લેખ છે. 'મિશ્રલિંગકોશ' અને 'મિશ્રલિંગનિર્ણય' એક જ કૃતિ જણાય છે. તેના કર્તાનું નામ કલ્યાણસાગર છે. તેઓ અંચલગચ્છના ધર્મમૂર્તિના શિષ્ય હતા. તેઓએ પોતાના શિષ્ય વિનીતસાગર માટે આ કોશની રચના કરી છે. તેમાં એકથી વધારે લિંગ એટલે કે જાતિના નામોની સૂચિ તેઓએ આપી છે.

**ઉણાદિપ્રત્યય :**

દિગમ્બરાચાર્ય વસુનંદિએ 'ઉણાદિપ્રત્યય' નામની એક કૃતિની રચના કરી છે. તેના પર તેમણે સ્વોપજ્ઞ ટીકા પણ લખી છે. તેનો ઉલ્લેખ 'જિનરત્નકોશ' પૃ. ૪૧ પર છે.

---

૧. આમાંથી સં. ૨, ૬, ૭, ૯ સિવાય બધી કૃતિઓ અને 'કાવ્યમનોહર' પાટણની હેમચંદ્રાચાર્ય સભા દ્વારા પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિભક્તિ-વિચાર :**

'વિભક્તિ-વિચાર' નામના આંશિક વ્યાકરણગ્રંથની ૧૬ પત્રોની પ્રત જેસલમેરના ભંડારમાં વિદ્યમાન છે. પ્રતમાં આ ગ્રંથ વિ. સં. ૧૨૦૬માં આચાર્ય જિનચંદ્રસૂરિના શિષ્ય જિનમતસાધુ દ્વારા લખવામાં આવ્યો છે, તેવો ઉલ્લેખ છે. તેના કર્તાના વિષયમાં પં. હીરાલાલ હંસરાજના સૂચી-પત્રમાં આચાર્ય જિનપતિસૂરિનો ઉલ્લેખ છે પરંતુ ઇતિહાસ પરથી જાણી શકાય છે કે આચાર્ય જિનપતિસૂરિનો જન્મ વિ. સં. ૧૨૧૦માં થયો હતો. તેથી આના કર્તા તે જ આચાર્ય હોય તે સંભવિત નથી.

**ધાતુરત્નાકર :**

ખરતરગચ્છીય સાધુસુંદરગણિએ વિ. સં. ૧૬૮૦માં 'ધાતુરત્નાકર' નામના ૨૧૦૦ શ્લોક-પ્રમાણ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં સંસ્કૃતના લગભગ બધા જ ધાતુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથના કર્તાનાં ઉક્તિરત્નાકર, શબ્દરત્નાકર અને જેસલમેરના કિલ્લામાં પ્રતિષ્ઠિત પાર્શ્વનાથ તીર્થંકરની સ્તુતિ પણ, જે વિ. સં. ૧૬૮૩માં રચાયેલી છે, ઉપલબ્ધ થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ધાતુરત્નાકર-વૃત્તિ :**

'ધાતુરત્નાકર' જે ૨૧૦૦ શ્લોક-પ્રમાણ છે, તેના પર સાધુસુંદરગણિએ સં. ૧૬૮૦માં 'ક્રિયાકલ્પલતા' નામની સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે.

રચનાકારે લખ્યું છે :

> **तच्छिष्योऽस्ति च साधुसुन्दर इति ख्यातोऽद्वितीयो भुवि**
> **तेनैषा विवृत्तिः कृता मतिमता प्रीतिप्रदा सादरम् ।**
> **स्वोपज्ञोत्तमधातुपाठविलसत्सद्धातुरत्नाकरः**
> **ग्रन्थस्यास्य विशिष्टशाब्दिकमतान्यालोक्य संक्षेपतः ॥**

તેમાં ધાતુઓના રૂપાખ્યાનોનું વિશદ આલેખન છે. તેનું ગ્રંથ-પરિમાણ ૨૧-૨૨ હજાર શ્લોક-પ્રમાણ છે.[1]

---

૧. આની ૫૪૨ પત્રોની હસ્તલિખિત પ્રતિ કલકત્તાની ગુલાબકુમારી લાયબ્રેરીમાં બંડલ સં. ૧૮, પ્રતિ સં. ૧૭૬માં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્રિયાકલાપ :**

ભાવડારગચ્છીય આચાર્ય જિનદેવસૂરિએ પાણિનિ વ્યાકરણના ધાતુઓ પર 'ક્રિયાકલાપ' નામની એક કૃતિની રચના કરી છે. તેઓ આચાર્ય ભાવદેવસૂરિના ગુરુ હતા, જેમણે વિ. સં. ૧૪૧૨માં 'પાર્શ્વનાથચરિત્ર'ની રચના કરી છે. આથી આચાર્ય જિનદેવસૂરિએ વિ.સં. ૧૪૧૨ પૂર્વે કે આસપાસના સમયમાં આ કૃતિની રચના કરી હશે એમ અનુમાન થાય છે.

આ ગ્રંથમાં 'भ्वादि' ધાતુઓથી શરૂ કરીને 'चुरादि' ગણ સુધીના ધાતુઓની સાધનિકાના સંબંધમાં વિવેચન કરવામાં આવ્યું છે. આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.[1]

**અનિટ્કારિકા :**

વ્યાકરણના ધાતુઓ સંબંધી આ ગ્રંથ અજ્ઞાતકર્તૃક છે. તેની પ્રત લીંબડીના ભંડારમાં વિદ્યમાન છે.

**અનિટ્કારિકા-ટીકા :**

'અનિટ્કારિકા' પર કોઈ અજ્ઞાત વિદ્વાને ટીકા લખી છે, જેની પ્રત લીંબડીના ભંડારમાં વિદ્યમાન છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**અનિટ્કારિકા-વિવરણ :**

ખરતરગચ્છીય ક્ષમાકલ્યાણ મુનિએ અનિટ્કારિકા પર 'વિવરણ'ની રચના કરી છે. તેનો ઉલ્લેખ પિટર્સનના રિપોર્ટ સં. ૪, પ્રતિ સં. ૪૭૮માં છે.

**ઉણાદિનામમાલા :**

મુનિ શુભશીલગણિએ 'ઉણાદિનામમાલા' નામના ગ્રંથની રચના ૧૭મી સદીમાં કરી છે. તેમાં ઉણાદિ પ્રત્યયોથી બનેલા શબ્દોનો સંગ્રહ છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

**સમાસપ્રકરણ :**

આચાર્ય જયાનંદસૂરિએ 'સમાસપ્રકરણ' નામક એક કૃતિ રચી છે. તેમાં સમાસોનું વિવેચન છે. આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.

---

૧. આની વિ. સં. ૧૫૨૦માં લખાયેલ ૮૧ પત્રોની પ્રત (સં. ૧૪૨૧) લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ષટ્કારકવિવરણ :**

પં. અમરચંદ્ર નામના મુનિએ 'ષટ્કારકવિવરણ' નામની કૃતિની રચના કરી છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

**શબ્દાર્થચન્દ્રિકોદ્ધાર :**

મુનિ હર્ષવિજયગણિએ 'શબ્દાર્થચન્દ્રિકોદ્ધાર' નામક વ્યાકરણ-વિષયક ગ્રંથની રચના કરી છે, જેની ૬ પત્રોની પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં પ્રાપ્ત છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.

**રુચાદિગણવિવરણ :**

મુનિ સુમતિકલ્લોલે 'રુચાદિગણવિવરણ' નામનો ગ્રંથ રુચાદિગણના ધાતુઓ વિશે રચ્યો છે. તેની ૫ પત્રોની પ્રત મળે છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

**ઉણાદિગણસૂત્ર :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ પોતાના વ્યાકરણના પરિશિષ્ટસ્વરૂપ 'ઉણાદિગણસૂત્ર'[1]ની રચના વિ. ૧૩મી શતાબ્દીમાં કરી છે. મૂળ પ્રકૃતિ (ધાતુ)માં ઉણાદિ પ્રત્યય લગાડીને નામ (શબ્દ) બનાવવાનું વિધાન આમાં બતાવવામાં આવ્યું છે. આમાં કુલ ૧૦૦૬ સૂત્ર છે.

ઘણા શબ્દો પ્રાકૃત અને દેશ્ય ભાષાઓ પરથી સીધા સંસ્કૃત બનાવવામાં આવ્યા છે.

**ઉણાદિગણસૂત્ર-વૃત્તિ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ પોતાના 'ઉણદિગણસૂત્ર' પર સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે.

**વિશ્રાન્તવિદ્યાધરન્યાસ :**

વામન નામના જૈનેતર વિદ્વાને 'વિશ્રાન્તવિદ્યાધર' વ્યાકરણની રચના કરી છે, જે આજે ઉપલબ્ધ નથી, પરંતુ તેનો ઉલ્લેખ વર્ધમાનસૂરિરચિત 'ગણરત્નમહોદધિ' (પૃ. ૭૨, ૯૨)માં અને આચાર્ય હેમચંદ્રસૂરિકૃત 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન' (૧.૪.૫૨)ના સ્વોપજ્ઞ ન્યાસમાં મળે છે.

---

૧. આ ગ્રંથ 'સિદ્ધહેમચન્દ્રવ્યાકરણ-બૃહદ્વૃત્તિ', જે શેઠ મનસુખભાઈ ભગુભાઈ, અમદાવાદના તરફથી છપાઈ છે, તેમાં સમ્મિલિત છે. પ્રો. જે. કીર્સ્ટે આનું સંપાદન કરી અલગથી વૃત્તિની સાથે પ્રકાશિત કરેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વ્યાકરણ પર મલ્લવાદી નામક શ્વેતાંબર જૈનાચાર્યે ન્યાસગ્રંથની રચના કરી છે એવો ઉલ્લેખ પ્રભાવકચરિતકારે કર્યો છે.[૧] આચાર્ય હેમચંદ્રસૂરિએ પોતાની 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ની સ્વોપજ્ઞ ટીકામાં તે ન્યાસમાંથી ઉદ્ધરણ આપ્યા છે,[૨] અને 'ગણરત્નમહોદધિ' (પૃ. ૭૧, ૯૨)માં પણ 'વિશ્રાન્તવિદ્યાધરન્યાસ'નો ઉલ્લેખ મળે છે.

શ્વેતાંબર જૈનસંઘમાં મલ્લવાદી નામના બે આચાર્ય થઈ ગયા : એક પાંચમી સદીમા અને બીજા દસમી સદીમાં. આ બંનેમાંથી કયા મલ્લવાદીએ 'ન્યાસ'ની રચના કરી હશે તે સંશોધનનો વિષય છે. આ ન્યાસગ્રંથ હજી સુધી પ્રાપ્ત થયો નથી તેથી તેના વિશે કશું જ કહી શકાય નહીં.

પાંચમી સદીમાં થઈ ગયેલા મલ્લવાદીએ જો આની રચના કરી હોય તો તેમનો બીજો દાર્શનિક ગ્રંથ છે 'દ્વાદશારનયચક્ર'. આ ગ્રંથ વિ. સં. ૪૧૪માં રચાયો છે.

**પદવ્યવસ્થાસૂત્રકારિકા :**

વિમલકીર્તિ નામના જૈન મુનિએ પાણિનિકૃત અષ્ટાધ્યાયી અનુસાર સંસ્કૃત ધાતુઓના પદોને સમજવા માટે 'પદવ્યવસ્થાકારિકા' નામથી સૂત્રો પદ્યરૂપે ગ્રથિત કર્યાં છે. તેના કર્તાએ પોતાને વિદ્વાન ગણાવ્યા છે. તેની ટીકા વિ.સં. ૧૬૮૧માં રચાયેલી છે આથી તેના કરતાં પહેલાં આ ગ્રંથની રચના થઈ છે.

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પદવ્યવસ્થાકારિકા-ટીકા :**

'પદવ્યવસ્થાસૂત્રકારિકા' પર મુનિ ઉદયકીર્તિએ ૩૩૦૦ શ્લોક-પ્રમાણ ટીકાની રચના કરી છે. મુનિ ઉદયકીર્તિ ખરતરગચ્છીય સાધુકીર્તિના શિષ્ય હતા. તેમણે બાલજનોના બોધ માટે વિ. સં. ૧૬૮૧માં આ ટીકા-ગ્રંથની રચના કરી છે.

ભાંડારકર ઓરિએન્ટલ ઈન્સ્ટીટયૂટ, પૂનાના હસ્તલિખિત સંગ્રહની સૂચી, ભા.૨, ખંડ ૧, પૃ. ૧૯૨-૧૯૩ પર આપવામાં આવેલા પરિચય મુજબ આ ગ્રંથની મૂલકારિકાસહિત પ્રત વિ.સં. ૧૭૧૩માં સુખસાગરગણિના શિષ્ય મુનિ સમયહર્ષ માટે લખવામાં આવી હતી, તેમ અંતિમ પુષ્પિકાથી જ્ઞાત થાય છે.

કર્તાના અન્ય ગ્રંથો વિશે કશું જાણવામાં આવતું નથી.

---

૧. शब्दशास्त्रे च विश्रान्तविद्याधरवराभिदे ।
न्यासं चक्रेऽल्पधीवृन्दबोधनाय स्फुटार्थकम् ॥ — મલ્લવાદિચરિત.

૨. સંસ્કૃત વ્યાકરણ-શાસ્ત્ર કા ઈતિહાસ, ભા. ૧, પૃ. ૪૩૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કાતન્ત્રવ્યાકરણ :**

'કાતન્ત્રવ્યાકરણ'ની પણ એક પરંપરા છે. તેની રચનામાં અનેક વિશેષતાઓ છે અને પરિભાષાઓ પણ પાણિનિ કરતાં ઘણી સ્વતંત્ર છે. આ 'કાતન્ત્રવ્યાકરણ' પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એ પ્રમાણે બે ભાગોમાં રચાયેલું છે. તદ્ધિત સુધીનો ભાગ પૂર્વાર્ધ અને કૃદન્ત પ્રકરણરૂપ ભાગ ઉત્તરાર્ધ છે. પૂર્વભાગના કર્તા સર્વવર્મન્ હતા એવું વિદ્વાનોનું મંતવ્ય છે; વસ્તુતઃ સર્વવર્મન્ તેની બૃહદ્વૃત્તિના કર્તા હતા. અનુશ્રુતિઓ પ્રમાણે તો 'કાતંત્ર'ની રચના મહારાજા સાતવાહનના સમયમાં થઈ હતી.[1] પરંતુ આ વ્યાકરણ તેના કરતાં પણ પ્રાચીન છે તેવું યુધિષ્ઠિર મીમાંસકનું મંતવ્ય છે.[2] 'કાતન્ત્ર-વૃત્તિ'ના કર્તા દુર્ગસિંહના કથનાનુસાર કૃદન્ત ભાગના કર્તા કાત્યાયન હતા.

સોમદેવના 'કથાસરિત્સાગર' અનુસાર સર્વવર્મન્ અજૈન સિદ્ધ થાય છે પરંતુ ભાવસેન ત્રૈવિદ્ય 'રૂપમાલા'માં તેમને જૈન બતાવે છે. આ વિષય પર શોધ કરવી આવશ્યક છે.

આ વ્યાકરણના ૮૮૫ સૂત્રો છે, કૃદન્તના સૂત્રો સાથે કુલ ૧૪૦૦ સૂત્રો છે. ગ્રંથનું પ્રયોજન બતાવતાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે :

**'छान्दसः स्वल्पमतयः शब्दान्तररताश्च ये ।**
**ईश्वरा व्याधिनिरतास्तथाऽऽलस्ययुताश्च ये ॥**
**वणिक्-सस्यादिसंसक्ता लोकयात्रादिषु स्थिताः ।**
**तेषां क्षिप्रप्रबोधार्थ................................ ॥**

આ પ્રતિજ્ઞા યથાર્થ જણાય છે. આટલું નાનું, સરળ અને ઝડપથી કંઠસ્થ થઈ શકે તેવું વ્યાકરણ લોકપ્રિય થાય તેમાં કશું આશ્ચર્ય નથી. બૌદ્ધ સાધુઓએ આનો વ્યાપક ઉપયોગ કર્યો, તેથી તેનો પ્રચાર ભારત બહાર પણ થયો. 'કાતંત્ર'નો ધાતુપાઠ તિબ્બતી ભાષામાં આજે પણ સુલભ છે.

આજ-કાલ તેનું પઠન-પાઠન બંગાળ સુધી જ સીમિત છે. તેનું બીજું નામ 'કલાપ' અને 'કૌમાર' પણ છે. 'અગ્નિપુરાણ' અને 'ગરુડપુરાણ'માં તેને કુમાર—

---

૧. Katantra must have been written during the close of the Andhras in 3rd century A.D.—Muthic Journal, Jan. 1928.

૨. 'કલ્યાણ' હિન્દૂ સંસ્કૃતિ અંક, પૃ. ૬૫૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્કન્દ-પ્રોક્ત કહ્યું છે. એના પરની સૌથી પ્રાચીન ટીકા દુર્ગસિંહની મળે છે. 'કાશિકા' વૃત્તિ કરતાં તે પ્રાચીન છે, કેમ કે કાશિકામાં 'દુર્ગવૃત્તિ'નું ખંડન કરાયું છે. આ વ્યાકરણ પર અનેક વૈયાકરણોએ ટીકાઓ લખી છે. જૈનાચાર્યોએ પણ ઘણી બધી વૃત્તિઓનું નિર્માણ કર્યું છે.

**દુર્ગપદપ્રબોધ-ટીકા :**

'કાતન્ત્રવ્યાકરણ' પર આચાર્ય જિનપ્રબોધસૂરિએ વિ. સં. ૧૩૨૮માં 'દુર્ગપ્રબોધ' નામના ટીકાગ્રંથની રચના કરી છે. જેસલમેર અને પાટણના ભંડારમાં આ ગ્રંથની પ્રતો છે.

'ખરતરગચ્છપટ્ટાવલી' પરથી જાણી શકાય છે કે આ ગ્રંથના કર્તાનો જન્મ વિ. સં. ૧૨૮૫, દીક્ષા સં. ૧૨૯૬, સૂરિપદ સં. ૧૩૩૧ (૩૩) અને સ્વર્ગગમન સં. ૧૩૪૧માં થયું હતું. તેઓ આચાર્ય જિનેશ્વરસૂરિના શિષ્ય હતા.

દીક્ષા સમયે તેમનું નામ પ્રબોધમૂર્તિ રાખવામાં આવ્યું હતું, તેથી ગ્રંથના રચના-સમયનું નામ પ્રબોધમૂર્તિ ઉલ્લિખિત છે, પરંતુ આચાર્ય થયા પછી જિનપ્રબોધસૂરિ નામ રાખવામાં આવ્યું હતું. પાટણની પ્રતના અંતમાં આ વિશે સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે.[1] વિ.સં. ૧૩૩૩ના ગિરનારના શિલાલેખમાં જિનપ્રબોધસૂરિ નામ છે. વિ. સં. ૧૩૩૪માં વિવેકસમુદ્રગણિ-રચિત 'પુણ્યસારકથા'નું આચાર્ય જિનપ્રબોધસૂરિએ સંશોધન કર્યું હતું. વિ. સં. ૧૩૫૧માં પ્રહલાદનપુરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી આ આચાર્યની પ્રતિમા સ્તંભતીર્થમાં છે.

**દૌર્ગસિંહી-વૃત્તિ :**

'કાતન્ત્ર-વ્યાકરણ' પર રચાયેલી દુર્ગસિંહની વૃત્તિ પર આચાર્ય પ્રદ્યુમ્નસૂરિએ ૩૦૦૦ શ્લોક-પ્રમાણ 'દૌર્ગસિંહી-વૃત્તિ'ની રચના વિ. સં. ૧૩૬૯માં કરી છે. તેની પ્રત બીકાનેરના ભંડારમાં છે.

**કાતન્ત્રોત્તરવ્યાકરણ :**

કાતન્ત્ર-વ્યાકરણની મહત્તા વધારવા માટે વિજયાનંદ નામના વિદ્વાને 'કાતન્ત્રોત્તરવ્યાકરણ'ની રચના કરી છે, જેનું બીજું નામ છે વિદ્યાનંદ.[2] તેની રચના વિ. સં. ૧૨૦૮ પૂર્વે થઈ છે.

---

૧. सामान्यावस्थायां प्रबोधमूर्तिगणिनामधेयैः श्रीजिनेश्वरसूरिपट्टालङ्कारैः श्रीजिनप्रबोधसूरिभिर्विरचितो दुर्गपदप्रबोधः संपूर्णः ।

૨. જુઓ—સંસ્કૃત વ્યાકરણ-સાહિત્ય કા ઇતિહાસ, ભા. ૧, પૃ. ૪૦૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જિનરત્નકોશ' (પૃ. ૮૪)માં કાતન્ત્રોત્તરનાં સિદ્ધાનંદ, વિજયાનંદ અને વિદ્યાનંદ-આ ત્રણ નામ આપવામાં આવ્યા છે. તેના કર્તા વિજયાનંદ અપર નામ વિદ્યાનંદસૂરિનો ઉલેખ છે. આ વ્યાકરણ સમાસપ્રકરણ સુધી જ મળે છે. પિટર્સનના ચોથા રિપોર્ટ પરથી જ્ઞાત થાય છે કે આ વ્યાકરણની તાડપત્રીય પ્રતિઓ જેસલમેર ભંડારમાંછે.

'જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ' (પૃ. ૧૦૬)માં આ વ્યાકરણનો ઉલ્લેખ આ પ્રમાણે છેઃ इति विजयानन्दविरचिते कातन्त्रोत्तरे विद्यानन्दापरनाम्नि तद्धितप्रकरणं समाप्तम्, सं. ૧૨૦૮ ।

**કાતન્ત્રવિસ્તર :**

'કાતન્ત્રવ્યાકરણ'ના આધાર પર રચાયેલા 'કાતન્ત્રવિસ્તર' ગ્રંથના કર્તા વર્ધમાન છે. આરાના વિદ્યાભવનમાં તેની અપૂર્ણ હસ્તિલિખિત પ્રત છે, જે મૂડબિદ્રીના જૈનમઠના ગ્રંથ-ભંડારની એક માત્ર તાડપત્રીય પ્રતની નકલ છે. તેની રચના વિ. સં. ૧૪૫૮ પૂર્વેની માનવામાં આવે છે.

સ્વ. બાબૂ પૂર્ણચંદ્રજી નાહરે 'જૈન સિદ્ધાંત-ભાસ્કર' ભાગ-૨માં 'ધાર્મિક ઉદારતા' શીર્ષક હેઠળના પોતાના લેખમાં આ વર્ધમાનને શ્વેતાંબર બતાવ્યા છે. આ કયા આધારે લખ્યું છે તે બાબતે કોઈ નિર્દેશ તેમણે નથી કર્યો.

ગુજરાતના રાજા કર્ણદેવના પુરોહિતના એક શિષ્યનું નામ વર્ધમાન હતું. જેમણે કેદાર ભટ્ટના 'વૃત્તરત્નાકર' પર ટીકા ગ્રંથની રચના કરી હતી. ગ્રંથની સમાપ્તિમાં આ પ્રમાણે લખ્યું છે : 'इति श्रीमत्कर्णदेवोपाध्यायश्रीवर्धमानविरचिते कातन्त्रविस्तरे……' ।

ચુરુના યતિ ઋદ્ધિકરણજીના ભંડારમાં તેની પ્રત છે.

**બાલબોધ-વ્યાકરણ :**

'જૈન ગ્રંથાવલી' (પૃ. ૨૯૭) અનુસાર અંચલ-ગચ્છીય મેરુતુંગસૂરિએ કાતન્ત્રસૂત્રો પર વિ.સં. ૧૪૪૪માં આ 'બાલબોધવ્યાકરણ'ની રચના ૮ અધ્યાયોમાં કરી છે. કૃતિ ૨૭૫ શ્લોક-પ્રમાણની છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વિ.ની ૧૫મી સદીમાં વિદ્યમાન મેરુતુંગે ૪૮૦ અને ૫૭૯ શ્લોક-પ્રમાણ એક-એક વૃત્તિની રચના કરી છે. તેમાં પ્રથમ વૃત્તિ છ પાદાત્મક છે. તેમણે ૨૧૧૮ શ્લોક-પ્રમાણ 'ચતુષ્ક-ટિપ્પણ' અને ૭૬૭ શ્લોક-પ્રમાણ 'કૃદ્વૃત્તિ-ટિપ્પણ'ની રચના પણ કરી છે. તદુપરાંત ૧૭૩૪ શ્લોક-પ્રમાણ 'આખ્યાતવૃત્તિ-ઢુંઢિકા' અને ૨૨૯ શ્લોક-પ્રમાણ 'પ્રાકૃત-વૃત્તિ'ની રચના કરી છે. આ સાતેય ગ્રંથોની હસ્તલિખિત પ્રતો પાટણના ભંડારમાં વિદ્યમાન છે.

**કાતન્ત્રદીપક-વૃત્તિ :**

'કાતન્ત્રવ્યાકરણ' પર મુનીશ્વરસૂરિના શિષ્ય હર્ષચંદ્રે 'કાતન્ત્રદીપક' નામક એક વૃત્તિની રચના કરી છે. મંગલાચરણ જૈન છે, કર્તા હર્ષચંદ્ર છે કે બીજા કોઈ તે નિશ્ચિત રૂપે જાણી શકાયું નથી. તેની હસ્તલિખિત પ્રતિ બીકાનેર સ્ટેટ લાયબ્રેરીમાં છે.

**કાતન્ત્રભૂષણ :**

'કાતન્ત્રવ્યાકરણ'ના આધાર પર આચાર્ય ધર્મઘોષસૂરિએ ૨૪૦૦૦ શ્લોક-પ્રમાણ 'કાતન્ત્રભૂષણ' નામના વ્યાકરણગ્રંથની રચના કરી છે, તેવો 'બૃહટ્ટિપ્પણિકા'માં ઉલ્લેખ છે.

**વૃત્તિત્રયનિબંધ :**

'કાતન્ત્રવ્યાકરણ'ના આધારે આચાર્ય રાજશેખરસૂરિએ 'વૃત્તિત્રયનિબંધ' નામના ગ્રંથની રચના કરી છે, તેવો ઉલ્લેખ 'બૃહટ્ટિપ્પણિકા'માં છે.

**કાતન્ત્રવૃત્તિ-પંજિકા :**

'કાતન્ત્રવ્યાકરણ'ની 'કાતન્ત્રવૃત્તિ' પર આચાર્ય જિનેશ્વરસૂરિના શિષ્ય સોમકીર્તિએ પંજિકાની રચના કરી છે. તેની પ્રતિ જેસલમેરના ભંડારમાં છે.

**કાતન્ત્રરૂપમાલા :**

'કાતન્ત્રવ્યાકરણ'ના આધાર પર દિગંબર ભાવસેન ત્રૈવિદ્યે 'કાતન્ત્રરૂપમાલા'ની રચના કરી છે.[1]

**કાતન્ત્રરૂપમાલા-લઘુવૃત્તિ :**

'કાતન્ત્રવ્યાકરણ'ના આધાર પર રચાયેલી 'કાતન્ત્ર-રૂપમાલા' પર 'લઘુવૃત્તિ'ની રચના કોઈ દિગંબર મુનિએ કરી છે. તેનો ઉલ્લેખ 'દિગંબર જૈન ગ્રંથ કર્તા ઔર ઉનકે ગ્રંથ' પૃ. ૩૦ પર છે.

પૃથ્વીચંદ્રસૂરિ નામના કોઈ જૈનાચાર્યે પણ આની ઉપર ટીકાનું નિર્માણ કર્યું છે. તે બાબત અધિક જાણકારી મળતી નથી.

**૧. કાતન્ત્રવિભ્રમ-ટીકા :**

'હેમવિભ્રમ'માં છપાયેલી મૂળ ૨૧ કારિકાઓ પર આચાર્ય જિનપ્રભસૂરિએ યોગિનીપુર (દિલ્હી)માં કાયસ્થ ખેતલની વિનંતીથી આ ટીકાની રચના વિ. સં. ૧૩૫૨માં કરી છે.

---

૧. આ ગ્રંથ જૈન સિદ્ધાંતભવન, આરાથી પ્રકાશિત છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂળ કારિકાના કર્તા કોણ હતા, તે જાણી નથી શકાયું. કારિકાઓમાં વ્યાકરણના વિષયમાં ભ્રમ ઉત્પન્ન કરે એવા ઘણા પ્રયોગો નિબદ્ધ કરવામાં આવ્યા છે. ટીકાકાર આચાર્ય જિનપ્રભસૂરિએ 'કાતંત્ર'ના સૂત્રો દ્વારા પ્રયોગો સિદ્ધ કરીને ભ્રમનું નિરસન કરવાનો પ્રયત્ન કર્યો છે.

આચાર્ય જિનપ્રભસૂરિ લઘુખરતરગચ્છના પ્રવર્તક આચાર્ય જિનસિંહસૂરિના શિષ્ય હતા. તેઓ અસાધારણ પ્રતિભાશાળી વિદ્વાન હતા. તેઓએ અનેક ગ્રંથોની રચના કરી છે. તેમની પ્રતિજ્ઞા હતી કે પ્રતિદિન એક સ્તોત્રની રચના કરીને જ નિરવદ્ય આહાર ગ્રહણ કરીશ. તેમના યમક, શ્લેષ, ચિત્ર, છંદવિશેષ આદિ નવી-નવી રચનાશૈલી વડે રચાયેલા અનેક સ્તોત્રો પ્રાપ્ત થાય છે. તેમણે આ પ્રમાણે ૭૦૦ સ્તોત્ર તપાગચ્છીય આચાર્ય સોમતલિકસૂરિને ભેટમાં આપ્યા હતા. તેમના દ્વારા રચાયેલા ગ્રંથો અને કેટલાક સ્તોત્રોનાં નામ આ પ્રમાણે છે :

| | |
|---|---|
| ગૌતમસ્તોત્ર | નેમિનાથજન્માભિષેક |
| ચતુર્વિંશતિજિનસ્તુતિ, | મુનિસુવ્રતજન્માભિષેક |
| ચતુર્વિંશતિજિનસ્તવ, | ષટ્પંચાશદ્દિક્કુમારિકાભિષેક |
| જિનરાજસ્તવ, | નેમિનાથરાસ, |
| દ્વ્યક્ષરનેમિસ્તવ, | પ્રાયશ્ચિત્તવિધાન, |
| પંચપરમેષ્ઠિસ્તવ, | યુગાદિજિનચરિત્રકુલક, |
| પાર્શ્વસ્તવ, | સ્થૂલભદ્રફાગ, |
| વીરસ્તવ, | અનેક-પ્રબન્ધ-અનુયોગ-ચતુષ્કોપેતગાથા |
| શારદાસ્તોત્ર, | વિવિધતીર્થકલ્પ |
| સર્વજ્ઞભક્તિસ્તવ, | (સં. ૧૩૨૭ થી ૧૩૮૯ સુધી) |
| સિદ્ધાન્તસ્તવ, | આવશ્યકસૂત્રાવચૂરિ (ષડાવશ્યકટીકા) |
| જ્ઞાનપ્રકાશ, | સૂરિમન્ત્રપ્રદેશવિવરણ |
| ધર્માધર્મવિચાર, | દ્વ્યાશ્રયમહાકાવ્ય (શ્રેણિકચરિત) |
| પરમસુખદ્વાત્રિંશિકા | (સં. ૧૩૫૬), |
| પ્રાકૃત-સંસ્કૃત-અપભ્રંશકુલક | વિધિપ્રપા (સામાચારી) |
| ચતુર્વિધભાવનાકુલક | (સં. ૧૩૬૩), |
| ચૈત્યપરિપાટી, | સંદેહવિષૌષધિ (કલ્પસૂત્રવૃત્તિ) |
| તપોટમતકુટ્ટન, | (સં. ૧૩૬૪) |
| નર્મદાસુન્દરીસંધિ, | સાધુપ્રતિક્રમણસૂત્ર-વૃત્તિ, |

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અજિતશાન્તિ-ઉપસર્ગહરસ્તોત્ર, ભયહરસ્તોત્ર આદિ સપ્તસ્મરણટીકા (સં. ૧૩૬૫).

અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકાના સ્યાદ્વાદમંજરી નામના ટીકાગ્રંથની રચનામાં આચાર્ય જિનપ્રભસૂરિએ સહાય કરી હતી. સં. ૧૪૦૫માં 'પ્રબંધકોશ'ના કર્તા રાજશેખરસૂરિની 'ન્યાયકન્દલી'માં અને રુદ્રપલ્લીય સંઘતિલકસૂરીની સં. ૧૪૨૨માં રચાયેલી 'સમ્યકત્વસપ્તતિ-વૃત્તિ'માં પણ સહાય કરી હતી.

દિલ્હીના સાહિ મહમ્મદ આચાર્ય જિનપ્રભસૂરિને ગુરુ માનતા હતા.

**૨. કાતન્ત્રવિભ્રમ-ટીકા :**

બીજી 'કાતન્ત્રવિભ્રમ-ટીકા' ચારિત્રસિંહ નામના મુનિએ વિ. સં. ૧૬૩૫માં રચી છે. તેની પ્રત જેસલમેર-ભંડારમાં છે. કર્તાના વિષયમાં કશું જાણવા નથી મળ્યું.

કાતન્ત્રવ્યાકરણ પર આ સિવાય ત્રિલોચનદાસકૃત 'વૃત્તિવિવરણપંજિકા', ગાલ્હણકૃત 'ચતુષ્કવૃત્તિ', મોક્ષેશ્વરકૃત 'આખ્યાતવૃત્તિ' આદિ ટીકાઓ પણ મળે છે. 'કાલાપકવિશેષવ્યાખ્યાન' પણ મળે છે. એક 'કૌમારસમુચ્ચય' નામની ૩૧૦૦ શ્લોકપ્રમાણ પદ્યાત્મક ટીકા પણ મળે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સારસ્વત-વ્યાકરણ :**

'સારસ્વત-વ્યાકરણ'ના રચયિતાનું નામ છે અનુભૂતિસ્વરૂપાચાર્ય. તે ક્યારે થઈ ગયા એ નિશ્ચિત નથી. અનુમાન છે કે લગભગ ૧૫મી શતાબ્દીમાં થઈ ગયા. જૈનેતર હોવા છતાં પણ જૈનોમાં આ વ્યાકરણનું પઠન-પાઠન વિશેષરૂપે થતું રહ્યું છે, જે તેની લોકપ્રિયતાનું પ્રમાણ છે. તેમાં કુલ ૭૦૦ સૂત્ર છે. રચના સરળ અને સહજગમ્ય છે. તેના પર ઘણા જૈન વિદ્વાનોએ ટીકા-ગ્રંથોની રચના કરી છે. અહીં ૨૩ જૈન વિદ્વાનોની ટીકાઓનો પરિચય આપવામાં આવી રહ્યો છે.

**સારસ્વતમંડન :**

શ્રીમાલજ્ઞાતીય મંત્રી મંડને ભિન્ન ભિન્ન વિષયો પર મંડનાન્તસંજ્ઞક ઘણા ગ્રંથોની રચના કરી છે. તેમાં 'સારસ્વતમંડન' નામની 'સારસ્વત-વ્યાકરણ' પર એક ટીકાની રચના ૧૫મી શતાબ્દીમાં કરી છે.[1]

---

૧. આ ગ્રંથની પ્રતિઓ બીકાનેર, બાલોતરા અને પાટણના ભંડારોમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**યશોનંદિની :**

'સારસ્વતવ્યાકરણ' પર દિગંબર મુનિ ધર્મભૂષણના શિષ્ય યશોનંદી નામના મુનિએ પોતાના નામ પરથી જ 'યશોનંદિની'[1] નામની ટીકાની રચના કરી છે. રચનાસમય જ્ઞાત નથી. કર્તાએ પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે:

राजद्राजविराजमानचरणश्रीधर्मसद्भूषण- ।
स्तत्पट्टोदयभूधरद्युमणिना श्रीमद्यशोनन्दिना ॥

**વિદ્વચ્ચિન્તામણિ :**

'સારસ્વતવ્યાકરણ' પર અંચલગચ્છીય કલ્યાણસાગરના શિષ્ય મુનિ વિનયસાગરસૂરિએ 'વિદ્વચ્ચિન્તામણિ' નામક પદ્ય ટીકા ગ્રંથની રચના કરી છે. કર્તાએ પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે:

श्रीविधिपक्षगच्छेशाः सूरिकल्याणसागराः ।
तेषां शिष्यैर्वराचार्यैः सूरिविनयसागरैः ॥२४॥

सारस्वतस्य सूत्राणां पद्यबन्धैर्विनिर्मितः ।
विद्वच्चिन्तामणिग्रन्थः कण्ठपाठस्य हेतवे ॥२५॥

અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં તેની વિ. સં. ૧૮૩૭માં લખાયેલી ૫ પત્રોની પ્રત છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**દીપિકા (સારસ્વતવ્યાકરણ-ટીકા) :**

'સારસ્વતવ્યાકરણ' પર વિનયસુંદરના શિષ્ય મેઘરત્ને વિ.સં. ૧૫૩૬માં 'દીપિકા' નામની વૃત્તિની રચના કરી છે, તેને ક્યાંક 'મેઘી વૃત્તિ' પણ કહેવામાં આવી છે. તેઓએ પોતાનું નામ આ પ્રમાણે જણાવ્યું છે :

नत्वा पार्श्वं गुरुमपि तथा मेघरत्नाभिधोऽहम् ।
टीकां कुर्वे विमलमनसं भारतीप्रक्रियां ताम् ॥

આ ગ્રંથની વિ. સં. ૧૮૮૬માં લખાયેલી ૧૬૨ પત્રોની પ્રતિ (સં. ૫૯૭૮) અને ૧૭મી સદીમાં લખાયેલી ૬૮ પત્રોની પ્રત (સં. ૫૯૭૯) અમદાવાદ સ્થિત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

---

૧. આની વિ. સં. ૧૬૯૫માં લિખિત ૩૦ પત્રોની પ્રતિ અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ભંડારમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સારસ્વતરૂપમાલા :**

'સારસ્વતવ્યાકરણ' પર પદ્મસુંદરગણિએ 'સારસ્વતરૂપમાલા'નામની કૃતિ રચી છે. તેમાં ધાતુઓના રૂપો દર્શાવ્યાં છે. આ વિષયમાં ગ્રંથકારે સ્વયં લખ્યું છે :

**सारस्वतक्रियारू पमाला श्रीपद्मसुन्दरैः ।**
**संदृब्धाऽलंकरोत्वेषा सुधिया कण्ठरु न्दली ॥**

અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં તેની વિ. સં. ૧૭૪૦માં લખાયેલી ૫ પત્રોની પ્રત છે.

**ક્રિયાચંદ્રિકા :**

'સારસ્વતવ્યાકરણ' પર ખરતરગચ્છીય ગુણરત્ને વિ.સં. ૧૬૪૧માં 'ક્રિયાચંદ્રિકા' નામની વૃત્તિની રચના કરી છે, જેની પ્રત બીકાનેરના ભવનભક્તિ ભંડારમાં છે.

**રૂપરત્નમાલા :**

'સારસ્વતવ્યાકરણ' પર તપાગચ્છીય ભાનુમેરુના શિષ્ય મુનિ નયસુંદરે વિ. સં. ૧૭૭૬માં 'રૂપરત્નમાલા' નામની પ્રયોગોની સાધનિકારૂપ રચના ૧૪૦૦૦ શ્લોક-પ્રમાણની કરી છે. તેની એક પ્રત બીકાનેરના કૃપાચંદ્રસૂરિના જ્ઞાનભંડારમાં છે. બીજી પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. તેના અંતમાં ૪૦ શ્લોકોની પ્રશસ્તિ છે. તેમાં તેમણે આ પ્રમાણે નિર્દેશ કર્યો છે :

**ग्रथिता नयसुन्दर इति नाम्ना वाचकवरेण च तस्याम् ।**
**सारस्वतस्थितानां सूत्राणां वार्तिकं त्वलिखत् ॥३७॥**

**श्रीसिद्धहेम-पाणिनिसम्मतिमाधाय सार्थकाः लिखिताः ।**
**ये साधवः प्रयोगास्ते शिशुहितहेतवे सन्तु ॥३८॥**

**गृहवक्त्र-हयर्षिन्दु ( १७७६ )प्रमितेऽब्दे शुक्लतिथिराकायाम् ।**
**सदूरू परत्नमाला समर्थिता शुद्धपुष्यार्के ॥३९॥**

**ધાતુપાઠ-ધાતુતરંગિણી :**

'સારસ્વતવ્યાકરણ' સંબંધી 'ધાતુપાઠ'ની રચના નાગોરીતપાગચ્છીય આચાર્ય હર્ષકીર્તિસૂરિએ કરી છે અને તેના પર 'ધાતુતરંગિણી' નામથી સ્વોપજ્ઞ વૃત્તિની રચના પણ તેમણે કરી છે. ગ્રંથકારે લખ્યું છે :

जैन साईट JAINSITE.com

धातुपाठस्य टीकेयं नाम्ना धातुतरङ्गिणी ।
पक्षालयतु विज्ञानामज्ञानमलमान्तरम् ॥

તેમાં 'સારસ્વતવ્યાકરણ' અનુસાર ધાતુપાઠના ૧૮૯૧ ધાતુઓનાં રૂપો આપવામાં આવ્યા છે.

આ ગ્રંથની વિ.સં. ૧૬૬૬માં લખાયેલી ૭૬ પત્રોની પ્રત સં. ૬૦૦૮ અને વિ.સં. ૧૭૯૫માં લખાયેલી ૫૭ પત્રોની પ્રત સં. ૬૦૦૯ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

**વૃત્તિ :**

'સારસ્વતવ્યાકરણ' પર ખરતરગચ્છીય મુનિ સહજકીર્તિએ લક્ષ્મીકીર્તિ મુનિની સહાયતાથી વિ.સં. ૧૬૮૧માં એક વૃત્તિની રચના કરી છે. તેની એક પ્રત બીકાનેરના શ્રીપૂજ્યજીના ભંડારમાં અને બીજી પ્રત ત્યાંના જ ચતુર્ભુજ ભંડારમાં છે.

**સુબોધિકા :**

'સા. વ્યા.' પર નાગપુરીય તપાગચ્છના આચાર્ય ચંદ્રકીર્તિસૂરિએ 'સુબોધિકા' નામની વૃત્તિ વિ.સં. ૧૬૨૩માં બનાવી છે. વિદ્યાર્થીઓમાં આ વૃત્તિનું પઠન-પાઠન વધારે છે. વૃત્તિકારે કહ્યું છે :

स्वल्पस्य सिद्धस्य सुबोधकस्य सारस्वतव्याकरणस्य टीकाम् ।
सुबोधिकाख्यां रचयाञ्चकार सूरीश्वरः श्रीप्रभुचन्द्रकीर्ति ॥१०॥

गुण-पक्ष-कलासंख्ये वर्षे विक्रमभूपतेः ।
टीका सारस्वतस्यैषा सुगमार्था विनिर्मित्ता ॥११॥

આ ગ્રંથ ઘણી જગ્યાએથી પ્રકાશિત થયો છે.

**પ્રક્રિયાવૃત્તિ :**

'સા. વ્યા.' પર ખરતરગચ્છીય મુનિ વિશાલકીર્તિએ 'પ્રક્રિયાવૃત્તિ' નામની વૃત્તિની રચના ૧૭મી શતાબ્દીમાં કરી છે, જેની પ્રતિ બીકાનેરના શ્રી અગરચંદજી નાહટાના સંગ્રહમાં છે.

**વૃત્તિ :**

'સા. વ્યા.' પર ક્ષેમેન્દ્રે જે ટીકા રચી છે તેના પર તપાગચ્છીય ઉપાધ્યાય ભાનુચંદ્રે ૧૭મી સદીમાં એક વૃત્તિ-વિવરણની રચના કરી છે, જેની હસ્તલિખિત પ્રતો પાટણ અને છાણીના જ્ઞાનભંડારોમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટીકા :**

'સા. વ્યા.' પર તપાગચ્છીય ઉપાધ્યાય ભાનુચંદ્રના શિષ્ય દેવચંદ્રે શ્લોકબદ્ધ ટીકાની રચના કરી છે, જેની પ્રત બીકાનેરના શ્રી અગરચંદજી નાહટાના સંગ્રહમાં છે.

**ટીકા :**

'સા. વ્યા.' પર યતીશ નામના વિદ્વાને એક ટીકા રચી છે, તેવો ઉલ્લેખ મુનિશ્રી ચતુરવિજયજીના 'જૈનેતર સાહિત્ય અને જૈનો' નામના લેખમાં છે. આ ટીકાગ્રંથ સહજકીર્તિરચિત ટીકા હોય તેવી સંભાવના છે.

**વૃત્તિ :**

'સારસ્વત-વ્યાકરણ' પર હર્ષકીર્તિસૂરિ-રચિત કોઈ વૃત્તિનો ઉલ્લેખ મુનિ શ્રી ચતુરવિજયજીના "જૈનેતર સાહિત્ય અને જૈનો' લેખમાં છે. આ વૃત્તિનું નામ કદાચ 'દીપિકા' હોઈ શકે.

जैन साईट JAINSITE

**ચન્દ્રિકા :**

'સારસ્વત-વ્યાકરણ' પર મુનિ શ્રી મેઘવિજયજીએ 'ચંદ્રિકા' નામની ટીકાની રચના કરી છે. સમય નિશ્ચિત નથી. તેનો ઉલ્લેખ પંજાબ-ભંડાર-સૂચી ભા. ૧માં છે.

**પંચસંધિ-બાલાવબોધ :**

'સારસ્વતવ્યાકરણ' પર ઉપાધ્યાય રાજસીએ ૧૮મી શતાબ્દીમાં 'પંચસંધિબાલાવબોધ' નામની ટીકાની રચના કરી છે. તેની પ્રત બીકાનેરના ખરતર આચાર્ય શાખા-ભંડારમાં છે.

**ટીકા :**

'સારસ્વત-વ્યાકરણ' પર મુનિ ધનસાગરે 'ધનસાગરી' નામના ટીકા ગ્રંથની રચના કરી છે, તેવો ઉલ્લેખ 'જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઈતિહાસ'માં છે.

**ભાષાટીકા :**

'સારસ્વત-વ્યાકરણ' પર મુનિ આનંદનિધાને ૧૮મી શતાબ્દીમાં ભાષાટીકાની રચના કરી છે, જેની પ્રત ભીનાસરના બહાદુરમલ બાંઠિયાના સંગ્રહમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ન્યાયરત્નાવલી :**

'સારસ્વત-વ્યાકરણ' પર ખરતરગચ્છીય આચાર્ય જિનચંદ્રસૂરિના શિષ્ય દયારત્નમુનિએ તેમાં પ્રયુક્ત ન્યાયો પર 'ન્યાયરત્નાવલી' નામનું વિવરણ વિ. સં. ૧૬૨૬માં લખ્યું છે. તેની વિ. સં. ૧૭૩૭માં લખાયેલી પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

**પંચસંધિટીકા :**

'સારસ્વત-વ્યાકરણ' પર સોમશીલ નામના મુનિએ 'પંચસંધિ-ટીકા'ની રચના કરી છે. સમય જ્ઞાત નથી. તેની પ્રત પાટણના ભંડારમાં છે.

**ટીકા :**

'સારસ્વત-વ્યાકરણ' પર સત્યપ્રબોધ મુનિએ એક ટીકા-ગ્રંથની રચના કરી છે. જેનો સમય જ્ઞાત નથી. તેની પ્રતો પાટણ અને લીંબડીના ભંડારોમાં છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**શબ્દપ્રક્રિયાસાધની-સરલાભાષાટીકા :**

'સારસ્વતવ્યાકરણ' પર આચાર્ય વિજયરાજેન્દ્રસૂરિએ ૨૦મી શતાબ્દીમાં 'શબ્દપ્રક્રિયાસાધનીસરલાભાષાટીકા' નામના ટીકાગ્રંથની રચના કરી છે, જેનો ઉલ્લેખ તેમના ચરિત્રલેખોમાં પ્રાપ્ત થાય છે.

**સિદ્ધાંતચંદ્રિકાવ્યાકરણ :**

'સિદ્ધાંતચંદ્રિકા-વ્યાકરણ'ના મૂળ રચયિતા રામચંદ્રાશ્રમ છે. તે ક્યારે થઈ ગયા, તે અજ્ઞાત છે. જૈનેતરકૃત વ્યાકરણ હોવા છતાં પણ ઘણા જૈન વિદ્વાનોએ તેના પર વૃત્તિઓની રચના કરી છે.

**સિદ્ધાંતચંદ્રિકા-ટીકા :**

'સિદ્ધાંતચંદ્રિકા' વ્યાકરણ પર આચાર્ય જિનરત્નસૂરિએ ટીકાની રચના કરી છે. આ ટીકા છપાઈ ચૂકી છે.

**વૃત્તિ :**

'સિદ્ધાંતચંદ્રિકા' વ્યાકરણ પર ખરતરગચ્છીય કીર્તિસૂરિ શાખાના સદાનંદ મુનિએ વિ. સં. ૧૭૯૮માં વૃત્તિની રચના કરી છે, જે છપાઈ ચૂકી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સુબોધિની :**

'સિદ્ધાન્તચંદ્રિકા' પર ખરતરગચ્છીય રૂપચંદ્રજીએ ૧૮મી સદીમાં 'સુબોધિની-ટીકા' (૩૪૯૪ શ્લોકાત્મક)ની રચના કરી છે, જેની પ્રત બીકાનેરના એક ભંડારમાં છે.

**વૃત્તિ :**

'સિદ્ધાન્તચંદ્રિકા' વ્યાકરણ પર ખરતરગચ્છીય મુનિ વિજયવર્ધનના શિષ્ય જ્ઞાનતિલકે ૧૮મી શતાબ્દીમાં વૃત્તિની રચના કરી છે, જેની પ્રતો બીકાનેરના મહિમાભક્તિ ભંડાર અને અબીરજી ભંડારમાં છે.

**અનિટ્કારિકા-અવચૂરિ :**

શ્રી ક્ષમામાણિક્ય મુનિએ 'અનિટ્કારિકા' પર ૧૮મી શતાબ્દીમાં 'અવચૂરિ'ની રચના કરી છે. તેની હસ્તલિખિત પ્રત બીકાનેરના શ્રીપૂજયજીના ભંડારમાં છે.

**અનિટ્કારિકા-સ્વોપજ્ઞવૃત્તિ :**

નાગપુરના તપાગચ્છના હર્ષકીર્તિસૂરિએ ૧૭મી શતાબ્દીમાં 'અનિટ્કારિકા' નામના ગ્રંથની રચના વિ.સં. ૧૬૬૨માં કરી છે અને તેના પર વૃત્તિની રચના સં. ૧૬૬૯માં કરી છે. તેની પ્રત બીકાનેરના દાનસાગર ભંડારમાં છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**ભૂધાતુ-વૃત્તિ :**

ખરતરગચ્છીય ક્ષમાકલ્યાણ મુનિએ વિ.સં. ૧૮૨૮માં 'ભૂધાતુ-વૃત્તિ'ની રચના કરી છે. તેની હસ્તલિખિત પ્રત રાજનગરના મહિમાભક્તિ ભંડારમાં છે.

**મુગ્ધાવબોધ-ઔક્તિક :**

તપાગચ્છીય આચાર્ય દેવસુંદરસૂરિના શિષ્ય કુલમંડનસૂરિએ 'મુગ્ધાવબોધ-ઔક્તિક' નામની કૃતિની રચના ૧૫મી શતાબ્દીમાં કરી છે. કુલમંડનસૂરિનો જન્મ વિ.સં. ૧૪૦૯માં અને સ્વર્ગવાસ સં. ૧૪૫૫માં થયો હતો, તે સમય દરમ્યાન આ ગ્રંથની રચના થઈ છે.

ગુજરાતી ભાષા દ્વારા સંસ્કૃતનું શિક્ષણ આપવાનો પ્રયાસ જેમાં થયો હોય તેવી રચનાઓ 'ઔક્તિક' નામે ઓળખાય છે.

આ ઔક્તિકમાં ૬ પ્રકરણ ફક્ત સંસ્કૃતમાં છે. પ્રથમ, દ્વિતીય, સાતમા અને આઠમા પ્રકરણમાં સૂત્ર અને કારિકાઓ સંસ્કૃતમાં છે અને વિવેચન પ્રાકૃત એટલે જૂની ગુજરાતીમાં. ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું અને નવમું પ્રકરણ જૂની ગુજરાતીમાં છે.

નામની વિભક્તિઓના ઉદાહરણાર્થે જયાનંદમુનિરચિત 'સર્વજિનસાધારણસ્તોત્ર' આપવામાં આવ્યું છે.

સંસ્કૃત ઉક્તિ એટલે કે બોલવાની રીત વિશેના નિયમ આ વ્યાકરણમાં આપવામાં આવ્યા છે. કર્તા, કર્મ અને ભાવી ઉક્તિઓનું તેમાં મુખ્યત્વે વિવેચન કરવામાં આવ્યું છે, આથી તેને ઔક્તિક નામ આપવામાં આવ્યું છે.

'મુગ્ધાવબોધ-ઔક્તિક'માં વિભક્તિવિચાર, કૃદંતવિચાર, ઉક્તિભેદ અને શબ્દોનો સંગ્રહ છે. 'પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ' પૃ. ૧૭૨-૨૦૪માં તે છપાયેલું છે.

તેમના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે :

(૧) વિચારામૃતસંગ્રહ (રચના વિ. સં. ૧૪૪૩)

(૨) સિદ્ધાંતાલાપકોદ્ધાર

(૩) કાયસ્થિતિસ્તોત્ર

(૪) 'વિશ્વશ્રીદ્ધ' સ્તવ (તેમાં અષ્ટાદશચક્રવિભૂષિત વીરસ્તવ છે)

(૫) 'ગરીયોગુણ' સ્તવ (તેને પંચજિનહારબંધસ્તવ પણ કહે છે)

(૬) પર્યુષણાકલ્પ-અવચૂર્ણિ

(૭) પ્રતિક્રમણસૂત્ર-અવચૂર્ણિ

(૮) પ્રજ્ઞાપના-તૃતીયપદસંગ્રહણી

**બાલશિક્ષા :**

શ્રીમાલ ઠક્કુર કૂરસિંહના પુત્ર સંગ્રામસિંહે 'કાતન્ત્રવ્યાકરણ' સમજાવવાના હેતુથી 'બાલશિક્ષા' નામના ઔક્તિકની રચના વિ.સં. ૧૩૩૬માં કરી હતી.[૧]

**વાક્યપ્રકાશ :**

બૃહત્તપાગચ્છીય રત્નસિંહસૂરિના શિષ્ય ઉદયધર્મે વિ.સં. ૧૫૦૭માં 'વાક્યપ્રકાશ' નામના ઔક્તિકની રચના સિદ્ધપુરમાં કરી છે. તેમાં ૧૨૮ પદ્ય છે.

તેનો ઉદ્દેશ્ય ગુજરાતી દ્વારા સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શીખવાડવાનો છે, તેથી અહીં ઘણા પદ્યો ગુજરાતીમાં આપીને તેની સાથે સંસ્કૃતમાં અનુવાદ આપવામાં

---

૧. આ ગ્રંથના કેટલાક સંદર્ભ 'પુરાતત્ત્વ' (પુ. ૩, અંક ૧, પૃ. ૪૦-૫૩)માં પં. લાલચન્દ્ર ગાંધીના લેખમાં છપાયેલ છે. આ ગ્રંથ અદ્યાવધિ અપ્રકાશિત છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યો છે. કૃતિનો આરંભ 'પ્રાધ્વર' અને 'વક્ર' આ બંને ઉક્તિના બે પ્રકારો અને ઉપપ્રકારોથી કરવામાં આવ્યો છે. કર્તરિ અને કર્મણિ ગણાવીને ઉદાહરણ આપવામાં આવ્યા છે. તે પછી ગણજ, નામજ અને સૌત્ર (કણ્ડવાદી) — આ ત્રણ પ્રકાર ધાતુના દર્શાવ્યા છે. પરસ્મૈપદી ધાતુના ત્રણ ભેદનો નિર્દેશ છે. 'વર્તમાન' વગેરે ૧૦ વિભક્તિઓ, તદ્ધિત પ્રત્યય અને સમાસની જાણકારી આપવામાં આવી છે.

તેમણે 'सन्नमत्रिदश'થી પ્રારંભ થતા દ્વાત્રિંશદ્દલકમલબંધ-મહાવીરસ્તવની રચના કરી છે.[1]

(ક) આ 'વાક્યપ્રકાશ' પર સોમવિમલ (હેમવિમલ)સૂરિના શિષ્ય હર્ષકુલે ટીકાની રચના વિ. સં. ૧૫૮૩ની આસપાસ કરી છે.

(ખ) કીર્તિવિજયના શિષ્ય જિનવિજયે સં. ૧૬૯૪માં આની પર ટીકા રચી છે.

(ગ) રત્નસૂરિએ પણ આની ટીકા લખી છે, તેવો 'જૈન ગ્રંથાવલી' પૃ. ૩૦૭માં ઉલ્લેખ છે.

(ઘ) કોઈ અજ્ઞાત મુનિએ 'श्रीमज्जिनेन्द्रमानम्य'થી પ્રારંભ થતી ટીકાની રચના કરી છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**ઉક્તિરત્નાકર :**

પાઠક સાધુકીર્તિના શિષ્ય સાધુસુંદરગણિએ વિ.સં. ૧૬૮૦ની આસપાસમાં 'ઉક્તિરત્નાકર' નામના ઔક્તિક ગ્રંથની રચના કરી છે. પોતાની દેશભાષામાં પ્રચલિત દેશ્ય રૂપવાળા શબ્દોનાં સંસ્કૃત પ્રતિરૂપોનું જ્ઞાન આપવાના હેતુથી આ ગ્રંથનું સંકલન કરવામાં આવ્યું છે.

આમાં ષટ્કારક વિષયનું નિરૂપણ છે. વિદ્યાર્થીઓને વિભક્તિ જ્ઞાનની સાથે સાથે કારકના અર્થોનો બોધ પણ તેનાથી મળી રહે છે. તેમાં ૨૪૦૦ દેશ્ય શબ્દો અને તેમના સંસ્કૃત પ્રતિરૂપો આપવામાં આવ્યા છે.

સાધુસુંદરગણિએ ૧. ધાતુરત્નાકર, ૨. શબ્દરત્નાકર અને ૩. (જેસલમેરના કિલ્લામાં પ્રતિષ્ઠિત) પાર્શ્વનાથસ્તુતિની રચના કરી છે.

---

૧. જૈન સ્તોત્ર-સમુચ્ચય, પૃ. ૨૬૫-૬૬માં આ સ્તોત્ર છપાયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉક્તિપ્રત્યય :**

મુનિ ધીરસુંદરે 'ઉક્તિપ્રત્યય' નામના ઔક્તિક વ્યાકરણની રચના કરી છે, જેની હસ્તલિખિત પ્રત સુરતના ભંડારમાં છે. આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.

**ઉક્તિવ્યાકરણ :**

'ઉક્તિવ્યાકરણ' નામના ગ્રંથની રચના કોઈ અજ્ઞાત વિદ્વાને કરી છે. તેની હસ્તલિખિત પ્રત સુરતના ભંડારમાં છે.

**પ્રાકૃત-વ્યાકરણ :**

સ્વાભાવિક બોલ-ચાલની ભાષાને 'પ્રાકૃત' કહેવાય છે.[1] પ્રદેશોની અપેક્ષાએ પ્રાકૃતમાં અનેક ભેદ છે. પ્રાકૃત વ્યાકરણો દ્વારા અને નાટક તથા સાહિત્યના ગ્રંથો દ્વારા જે-તે ભેદ વિશે જાણી શકાય છે.

ભગવાન મહાવીર અને બુદ્ધે બાળકો, સ્ત્રીઓ, મંદ અને મૂર્ખ લોકોના ઉપકારાર્થે ધર્મજ્ઞાનનો ઉપદેશ પ્રાકૃત ભાષામાં જ આપ્યો હતો. તેમણે આપેલો ઉપદેશ આગમ અને ત્રિપિટક આદિ ધર્મગ્રંથોમાં સંગ્રહીત છે.[2] સંસ્કૃતના નાટ્યસાહિત્યમાં પણ સ્ત્રીઓ અને સામાન્ય પાત્રોનો સંવાદ પ્રાકૃત ભાષામાં જ નિરૂપાયેલો છે. જૈન અને બૌદ્ધ સાહિત્યને સમજવા માટે અને પ્રાન્તીય ભાષાઓના વિકાસને જાણવા માટે પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના જ્ઞાનની નિતાંત આવશ્યકતા છે. તે આવશ્યકતા પૂરી કરવા માટે પ્રાચીન આચાર્યોએ સંસ્કૃત ભાષામાં જ પ્રાકૃતભાષાના અનેક ગ્રંથોનું નિર્માણ કર્યું છે. પ્રાકૃત ભાષામાં કોઈ વ્યાકરણગ્રંથ પ્રાપ્ત થયો નથી.

પ્રાકૃત ભાષાના વૈયાકરણોએ તેમની પહેલાંના વૈયાકરણોની શૈલી અપનાવીને અને પોતાના દ્વારા અનુભવાયેલા પ્રયોગોને ઉમેરીને વ્યાકરણોની રચના કરી છે. તેઓએ પોત-પોતાના પ્રદેશની પ્રાકૃતભાષાને મહત્ત્વ આપીને જે વ્યાકરણગ્રંથોની રચના કરી છે તે આજે ઉપલબ્ધ છે.

---

૧. सकलजगज्जन्तूनां व्याकरणादिभिरनाहितसंस्कारः सहजो वचनव्यापारः प्रकृतिः, तत्र भवं सैव वा प्राकृतम् ।

૨. बाल-स्त्री-मूढ-मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જૈન વિદ્વાનોએ પ્રાકૃત વ્યાકરણગ્રંથનું નિર્માણ કરીને ભારતીય સાહિત્યની શ્રીવૃદ્ધિમાં પોતાનું અમૂલ્ય યોગ પ્રદાન કર્યું છે તેમના વિશે આપણે અહીં વિચાર કરીશું.

પ્રાકૃત ભાષાની સાથે-સાથે અપભ્રંશ ભાષાનો વિચાર પણ અહીં આવશ્યક જણાય છે. પ્રાકૃતનું અન્ત્ય સ્વરૂપ અને પ્રાચીન દેશી ભાષાઓ સાથે સીધો સંબંધ ધરાવતી ભાષા જ અપભ્રંશ છે. આ ભાષાનું વ્યાકરણસ્વરૂપ છઠ્ઠી-સાતમી સદીથી નિશ્ચિત થઈ ચૂક્યું હતું. મહાકવિ સ્વયંભૂએ અપભ્રંશ ભાષાના 'સ્વયંભૂ-વ્યાકરણ'ની રચના ૮મી શતાબ્દીમાં કરી હતી જે આજે ઉપલબ્ધ નથી. તે સમયથી જ અપભ્રંશ ભાષામાં સ્વતંત્ર સાહિત્યનું વ્યવસ્થિત નિર્માણ થતાં-થતાં તે વિસ્તૃત અને વિપુલ થવા લાગ્યું અને આ ભાષા સાહિત્યિકભાષાનું સ્થાન પ્રાપ્ત કરી શકી. આ સાહિત્યને જોતાં, જૂની ગુજરાતી, રાજસ્થાની આદિ દેશી ભાષાઓ સાથે તેનો નિકટનો સંબંધ છે એમ નિઃસંશય કહી શકીએ. ગુજરાત, મારવાડ, માળવા, મેવાડ આદિ પ્રદેશોના લોકો અપભ્રંશ ભાષામાં જ રુચિ ધરાવતા હતા.[1]

આચાર્ય હેમચંદ્રે પોતાના સમયના પ્રવાહને જોઈને લગભગ ૧૨૦ સૂત્રોમાં 'અપભ્રંશ-વ્યાકરણ'ની રચના કરી છે, જેને ઉપલબ્ધ વ્યાકરણોમાં વિસ્તૃત અને ઉત્કૃષ્ટ માનવામાં આવે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. गौडाद्याः प्रकृतस्थाः परिचितरुचयः प्राकृते लाटदेश्याः,
सापभ्रंशप्रयोगाः सकलमरुभुवष्टक्क-भादानकाश्च ।
आवन्त्याः पारियात्राः सहदशपुरजैर्भूतभाषां भजन्ते,
यो मध्ये मध्यदेशं निवसति स कविः सर्वभाषानिषण्णः ॥

રાજશેખર—કાવ્યમીમાંસા, અધ્યાય ૯-૧૦, પૃ. ૪૮-૫૧

पठन्ति लटभं लाट्या प्राकृतं संस्कृतद्विषः ।
अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गूर्जराः ॥

ભોજદેવ—સરસ્વતીકણ્ઠાભરણ, ૨-૧૩.

सुराष्ट्र-त्रवणाद्याश्च पठन्त्यर्पितसौष्ठवम् ।
अपभ्रंशवदंशानि ते संस्कृतवचांस्यपि ॥

રાજશેખર—કાવ્યમીમાંસા, પૃ. ૩૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અનુપલબ્ધ પ્રાકૃત-વ્યાકરણ :**

૧. દિગંબર આચાર્ય સમન્તભદ્રે 'પ્રાકૃતવ્યાકરણ'ની રચના કરી હતી એવો ઉલ્લેખ મળે છે[૧], પરંતુ તેમનું વ્યાકરણ ઉપલબ્ધ થયું નથી.

૨. ધવલાકાર દિગંબરાચાર્ય વીરસેને અજ્ઞાતકર્તૃક પદ્યાત્મક 'પ્રાકૃતવ્યાકરણ'ના સૂત્રોનો ઉલ્લેખ કર્યો છે પરંતુ આ વ્યાકરણ પણ પ્રાપ્ત થતું નથી.

૩. શ્વેતાંબરાચાર્ય દેવસુંદરસૂરિએ 'પ્રાકૃત-યુક્તિ' નામના પ્રાકૃત-વ્યાકરણની રચના કરી હતી, જેનો ઉલ્લેખ 'જૈન ગ્રંથાવલી' પૃ. ૩૦૭ પર છે. આ વ્યાકરણ પણ જોવા મળતું નથી.

**પ્રાકૃતલક્ષણ :**

ચંડ નામના વિદ્વાને 'પ્રાકૃતલક્ષણ' નામથી ત્રણ અને બીજા મતથી ચાર અધ્યાયોમાં પ્રાકૃતવ્યાકરણની રચના કરી છે, જે ઉપલબ્ધ વ્યાકરણોમાં સંક્ષિપ્તતમ અને પ્રાચીન છે. તેમાં બધા મળીને ૯૯ અને બીજા મતે ૧૦૩ સૂત્રોમાં પ્રાકૃત ભાષાનું વિવેચન આપવામાં આવ્યું છે.

અંતમાં ભગવાન વીરને નમસ્કાર કરવાથી અને 'અર્હન્ત' (૨૪, ૪૬), 'જિનવર' (૪૮)નો ઉલ્લેખ કરવાથી ચંડ જૈન હોવાનું સિદ્ધ થાય છે. ચંડે પોતાના સમયના વૃદ્ધમતોનું નિરીક્ષણ કરીને પોતાના વ્યાકરણની રચના કરી છે.

પ્રાકૃત શબ્દોનાં ત્રણ રૂપો છે — ૧. તદ્ભવ, ૨. તત્સમ અને ૩. દેશ્ય – એ સૂચિત કરીને લિંગ અને વિભક્તિઓનું વિધાન સંસ્કૃતવત્ બતાવ્યું છે. ચોથા સૂત્રમાં વ્યત્યયનો નિર્દેશ કરીને પ્રથમ પાદના ૫મા સૂત્રથી ૩૫ સૂત્રો સુધી સંજ્ઞા અને વિભક્તિઓનાં રૂપો બતાવ્યાં છે. 'અહમ્' નો 'હઉં' આદેશ, જે અપભ્રંશનું વિશિષ્ટ રૂપ છે, તે એ સમયે પ્રચલિત હતું, તેમ માની શકાય. દ્વિતીય પાદના ૨૯ સૂત્રોમાં સ્વરપરિવર્તન, શબ્દાદેશ અને અવ્યયોનું વિધાન છે. ત્રીજા પાદના ૩૫ સૂત્રોમાં વ્યંજનોના પરિવર્તન માટેનું વિધાન છે.

આ ત્રણ પાદોમાં સૂત્રસંખ્યા ૯૯ થાય છે, જેમાં વ્યાકરણ સમાપ્ત કરવામાં આવ્યું છે. કેટલીક પ્રતોમાં ચતુર્થ પાદ મળે છે, જે ચાર સૂત્રોમાં છે. તેમાં અપભ્રંશ, પૈશાચી,

---

૧. A. N. Upadhye : A Prakrit Grammar Attributed to Samantabhadra— Indian Historical Quarterly, Vol. XVII, 1942, pp. 511-516.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માગધી અને શૌરસેનીમાં થતા વર્ણાદિશોનું વિધાન આ પ્રમાણે કર્યું છે : ૧. અપભ્રંશમાં અધોરેફનો લોપ નથી થતો. ૨. પૈશાચીમાં 'ર્' અને 'સ્'ના સ્થાને 'લ્' અને 'ન્' નો આદેશ થાય છે. ૩. માગધીમાં 'ર્' અને 'સ્'ની જગ્યાએ 'લ્' અને 'શ્'નો આદેશ થાય છે. ૪. શૌરસેનીમાં 'ત્'ના સ્થાને વિકલ્પરૂપે 'દ્' આદેશ થાય છે.

આ રીતે આ વ્યાકરણની રચનાશૈલીનું જ વરરુચિ, હેમચંદ્રાચાર્ય આદિ પછીના વ્યાકરણકારોએ અનુસરણ કર્યું છે. આથી ચંડને પ્રાકૃત-વ્યાકરણના રચયિતાઓમાં પ્રથમ અને આદર્શ માની શકાય.

આ 'પ્રાકૃતલક્ષણ'ના રચના-કાળ બાબતે કોઈ પ્રમાણ ઉપલબ્ધ નથી, તથાપિ અંતઃપરીક્ષણ કરીને ડૉ. હીરાલાલજી જૈન રચના-કાળ સંબંધે આ પ્રમાણે લખે છે :

"પ્રાકૃત સામાન્યનું જે નિરૂપણ અહીં જોવા મળે છે તે અશોકની ધર્મલિપિઓની ભાષા અને વરરુચિ દ્વારા 'પ્રાકૃતપ્રકાશ'માં વર્ણવેલા પ્રાકૃતની વચ્ચેનું હોવાનું પ્રતીત થાય છે. તે અધિકાંશે અશ્વઘોષ અને અલ્પાંશે ભાસના નાટકોમાં પ્રયુક્ત પ્રાકૃત સાથે મળતું આવતું જોઈ શકાય છે, કારણ કે તેમાં મધ્યવર્તી અલ્પપ્રાણ વ્યંજનોની બહુલતાથી રક્ષા કરવામાં આવી છે અને તેમાંથી પ્રથમ વર્ણોમાં ફક્ત 'ક', 'વ', તૃતીય વર્ણોમાં 'ગ'ના લોપનું એક સૂત્રમાં વિધાન કરવામાં આવ્યું છે અને આ રીતે ચ, ટ, ત, પ વર્ણોની શબ્દની મધ્યમાં પણ રક્ષાની પ્રવૃત્તિ સૂચિત કરવામાં આવી છે. આના આધારે 'પ્રાકૃતલક્ષણ'નો રચના-કાળ ઈસુની બીજી-ત્રીજી સદી હોવાનું અનુમાન કરવું અનુચિત નથી."

**પ્રાકૃતલક્ષણ-વૃત્તિ :**

'પ્રાકૃતલક્ષણ' પર સૂત્રકાર ચંડે સ્વયં વૃત્તિની રચના કરી છે. આ ગ્રંથ એકાધિક સ્થળેથી પ્રકાશિત થયો છે.[1]

---

૧. (ક) બિબ્લિઓથેકા ઇંડિકા, કલકત્તા, સન્ ૧૮૮૦.

(ખ) રેવતીકાન્ત ભટ્ટાચાર્ય, કલકત્તા, સન્ ૧૯૨૩

(ગ) મુનિ દર્શનવિજયજી ત્રિપુટી દ્વારા સંપાદિત—ચારિત્ર ગ્રંથમાલા, અમદાવાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વયંભૂ-વ્યાકરણ :**

દિગંબર મહાકવિ સ્વયંભૂએ કોઈ અપભ્રંશ વ્યાકરણની રચના કરી હતી, તે તેમના રચેલા 'પઉમચરિય' મહાકાવ્યના નિમ્નોક્ત ઉલ્લેખ પરથી જાણી શકાય છે :

**तावच्चिय सच्छंदो भमइ अवब्भंस-मत्त-मायंगो ।**
**जाव ण सयंभु-वायरण-अंकुसो पडइ ॥**

આ 'સ્વયંભૂવ્યાકરણ' ઉપલબ્ધ નથી. તેનું નામ શું હતું તે પણ ખબર નથી.

**સિદ્ધહેમશબ્દાનુશાસન-પ્રાકૃતવ્યાકરણ :**

આચાર્ય હેમચંદ્રસૂરિ (સન્ ૧૦૮૮ થી ૧૧૭૨)એ વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છંદ, કોશ આદિ કેટલાય શાસ્ત્રોનું નિર્માણ કર્યું છે. તેઓ વિવિધ વિષયોના સર્વાંગપૂર્ણ શાસ્ત્રોના નિર્માતા રૂપે પ્રસિદ્ધ છે, આથી તો તેમના સમસ્ત સાહિત્યનો અભ્યાસ—પરિશીલન કરનાર સર્વશાસ્ત્રવેત્તા હોવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે. તેમનું 'પ્રાકૃતવ્યાકરણ'[1] 'સિદ્ધહેમશબ્દાનુશાસન'નો આઠમો અધ્યાય છે. સિધ્ધરાજને અર્પિત કરવાથી અને હેમચંદ્રરચિત હોવાથી તેને 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન' કહેવામાં આવ્યું છે.

આચાર્ય હેમચંદ્રસૂરિએ પ્રાચીન પ્રાકૃત વ્યાકરણસાહિત્યનું અવલોકન કરીને અને દેશી ધાતુ પ્રયોગોનો ધાત્વાદેશોમાં સંગ્રહ કરીને પ્રાકૃત ભાષાઓના અતિ વિસ્તૃત અને સર્વોત્કૃષ્ટ વ્યાકરણની રચના કરી છે. આ રચના પોતાના યુગના પ્રાકૃતભાષાના

---

૧. (ક) ડૉ. આર. પિશલ— Hemachandra's Gramatik der Prakrit Sprachen (Siddha Hemachandra Adhyaya VIII,) Halle 1877, and Theil (uber Setzung and Erlauterungen), Halle, 1880 (in Roman script).

(ખ) કુમારપાલ-ચરિતના પરિશિષ્ટના રૂપમાં— B. S. P. S. (XX), મુંબઈ, સન્ ૧૯૦૦.

(ગ) પૂના, સન્ ૧૯૨૮, ૧૯૩૬.

(ઘ) દલીચંદ પીતાંબરદાસ, મીયાગામ, વિ. સં. ૧૯૬૧ (ગુજરાતી અનુવાદસહિત).

(ઙ) હિન્દી વ્યાખ્યાસહિત—જૈન દિવાકર દિવ્યજ્યોતિ કાર્યાલય, બ્યાવર, વિ.સં. ૨૦૨૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યાકરણ અને સાહિત્યિક પ્રવાહને લક્ષ્યમાં રાખીને કરી છે. આચાર્યે પ્રાકૃત શબ્દની વ્યુત્પત્તિ આપતાં જણાવ્યું છે કે જેની પ્રકૃતિ સંસ્કૃત છે તેનાથી ઉત્પન્ન કે આવેલું તે પ્રાકૃત છે. આનાથી એમ સિદ્ધ થતું નથી કે સંસ્કૃતમાંથી પ્રાકૃતનું અવતરણ થયું છે. અહીં આચાર્યનો અભિપ્રાય એ છે કે સંસ્કૃતના રૂપોને આદર્શ માનીને પ્રાકૃત શબ્દોનું અનુશાસન કરવામાં આવ્યું છે. તાત્પર્ય એ છે કે સંસ્કૃતને અનુકૂળતા માટે પ્રકૃતિ ગણીને પ્રાકૃત ભાષાના આદેશોને સિદ્ધ કરવામાં આવ્યા છે.

પ્રાકૃત વ્યાકરણકારોની પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય આ બંને શાખાઓમાં આચાર્ય હેમચંદ્ર પાશ્ચાત્ય શાખાના ગણમાન્ય વિદ્વાન છે. આ શાખાના પ્રાચીન વૈયાકરણ ચંડ આદિની પરંપરાનું અનુસરણ કરતાં આચાર્ય હેમચંદ્રસૂરિના 'પ્રાકૃત વ્યાકરણ'માં ચાર પાદ છે. પ્રથમ પાદનાં ૨૭૧ સૂત્રોમાં સંધિ, વ્યંજનાન્ત શબ્દ, અનુસ્વાર, લિંગ, વિસર્ગ, સ્વરવ્યત્યય અને વ્યંજનવ્યત્યય-નું ક્રમશઃ નિરૂપણ કરવામાં આવ્યું છે. દ્વિતીય પાદનાં ૨૧૮ સૂત્રોમાં સંયુક્ત વ્યંજનોના વિપરિવર્તન, સમીકરણ, સ્વરભક્તિ, વર્ણવિપર્યય, શબ્દાદેશ, તદ્ધિત, નિપાત અને અવ્યયોનું વર્ણન છે. તૃતીય પાદનાં ૧૮૨ સૂત્રોમાં કારક-વિભક્તિઓ તથા ક્રિયા-રચના સંબંધિત નિયમો બતાવ્યા છે. ચોથા પાદમાં ૪૪૯ સૂત્રો છે, જેમાંથી પ્રથમ ૨૫૯ સૂત્રોમાં ધાત્વાદેશ અને શેષ સૂત્રોમાં ક્રમશઃ શૌરસેનીના ૨૬૦ થી ૨૮૬ સૂત્રો, માગધીના ૨૮૭ થી ૩૦૨, પૈશાચીના ૩૦૩થી ૩૨૪, ચૂલિકા પૈશાચીના ૩૨૫ થી ૩૨૮ અને પછી અપભ્રંશના ૩૨૯ થી ૪૪૬ સૂત્ર છે. અંતમાં સમાપ્તિ-સૂચક બે સૂત્રો (૪૪૭ અને ૪૪૮)માં કહેવામાં આવ્યું છે કે પ્રાકૃતોમાં ઉક્ત લક્ષણોનો વ્યત્યય પણ મળે છે તથા જે વાત અહીં નથી જણાવવામાં આવી તે 'સંસ્કૃતવત્' સિદ્ધ સમજવી જોઈએ.

આચાર્ય હેમચંદ્રસૂરિએ આગમ આદિ (જે અર્ધમાગધી ભાષામાં લખાયેલાં છે) સાહિત્યને લક્ષ્યમાં રાખીને તૃતીય સૂત્ર તેમ જ અન્ય અનેક સૂત્રોની વૃત્તિમાં 'આર્ષ પ્રાકૃત'નો ઉલ્લેખ કર્યો છે અને તેનાં ઉદાહરણ પણ આપ્યાં છે પરંતુ તે ખૂબ અલ્પ સંખ્યામાં છે. कश्चित्, केचित्, अन्ये આદિ શબ્દપ્રયોગો પરથી ખ્યાલ આવે છે કે તેમણે પોતાની પહેલાંના વ્યાકરણોમાંથી પણ સામગ્રી લીધી છે. માગધીનું વિવેચન કરતાં કહ્યું છે કે અર્ધમાગધીમાં પુંલ્લિંગ કર્તા માટે એક વચનમાં 'अ' ના સ્થાને 'ए' કાર થઈ જાય છે. (વસ્તુતઃ આ નિયમ માગધી ભાષાને લાગુ પડે છે.) અપભ્રંશ ભાષાનું અહીં વિસ્તૃત વિવેચન છે. આવું વિવેચન આટલી પૂર્ણતા સાથે કોઈ નથી કરી શક્યું. અપભ્રંશના અનેક અજ્ઞાત ગ્રંથોમાંથી શ્રૃંગાર, વૈરાગ્ય અને નીતિવિષયક અનેક પદ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્ધૃત કરવામાં આવ્યા છે જેનાથી તે કાળ સુધીના અપભ્રંશ સાહિત્યનું અનુમાન કરી શકાય છે.

આચાર્ય હેમચંદ્ર પછી થનારા ત્રિવિક્રમ, શ્રુતસાગર, શુભચંદ્ર આદિ વૈયાકરણોનાં પ્રાકૃત વ્યાકરણો મળે છે. પરંતુ તે બધા રચના-શૈલી તેમ જ વિષયની અપેક્ષાએ હેમચંદ્રથી આગળ નથી વધી શક્યા.

ડૉ.પિશલે વર્ષો સુધી પ્રાકૃત ભાષાનું અધ્યયન કરીને અને પ્રાકૃતભાષાના તત્તદ્દવિષયક સેંકડો ગ્રંથોનું અવલોકન, અધ્યયન અને પરિશીલન કરીને પ્રાકૃત ભાષાઓ પર વ્યાકરણ તૈયાર કર્યું છે. શ્રીમતી ડોલ્ચી નિત્તિએ 'Les Grammairiens Prakrits' માં પ્રાકૃત ભાષાઓનુ પર્યાપ્ત પરિશીલન કરીને આલોચનાત્મક ગ્રંથ લખ્યો છે. આજની વૈજ્ઞાનિક દૃષ્ટિએ આવી આલોચનાઓ અનિવાર્ય તેમ જ અત્યંત ઉપયોગી છે પરંતુ વ્યાકરણકારોએ પોતાના સમયે પ્રાપ્ત અલ્પ સામગ્રીની મર્યાદામાં પોતાના યુગની દૃષ્ટિને ધ્યાનમાં રાખીને અનેક શબ્દપ્રયોગોનો સંગ્રહ કરીને વ્યાકરણોનું નિર્માણ કર્યું છે, તે ભૂલવું જોઈએ નહીં.

**સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન (પ્રાકૃતવ્યાકરણ) વૃત્તિ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ પોતાના 'પ્રાકૃતવ્યાકરણ' પર 'તત્ત્વપ્રકાશિકા' નામની સુબોધવૃત્તિ (બૃહદ્દવૃત્તિ)ની રચના કરી છે. તેમાં અનેક ગ્રંથોમાંથી ઉદાહરણ આપવામાં આવ્યાં છે. આ વૃત્તિ મૂળ સાથે પ્રકાશિત થઈ છે.

**હેમદીપિકા (પ્રાકૃતવૃત્તિ-દીપિકા) :**

'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ના ૮મા અધ્યાય પર ૧૫૦૦ શ્લોક-પ્રમાણ 'હેમદીપિકા' અપરનામ 'પ્રાકૃતવૃત્તિ-દીપિકા'ની રચના દ્વિતીય હરિભદ્રસૂરિએ કરી છે. આ ગ્રંથ અનુપલબ્ધ છે.

**દીપિકા :**

'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ના ૮મા અધ્યાય પર જિનસાગરસૂરિએ ૬૭૫૦ શ્લોકાત્મક 'દીપિકા' નામની વૃત્તિની રચના કરી છે.

**પ્રાકૃતદીપિકા :**

આચાર્ય હરિપ્રભસૂરિએ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' વ્યાકરણના અષ્ટમાધ્યાયમાં આવેલાં ઉદાહરણોની વ્યુત્પત્તિ સૂત્રોના નિર્દેશપૂર્વક બતાવી છે. તેની ૨૭ પત્રોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં વિદ્યમાન છે.

આચાર્ય હરિપ્રભસૂરિના સમય અને ગુરુના વિષયમાં કશું જાણવામાં આવ્યું નથી. તેઓએ અંતમાં પોતે શાન્તિપ્રભસૂરિના સંપ્રદાયના હોવાનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે :

**इति श्रीहरिप्रभसूरिविरचितायां प्राकृतदीपिकायां चतुर्थः पादः समाप्तः ।**

**मन्दमतिविनेयबोधहेतोः श्रीशान्तिप्रभसूरिसंप्रदायात् ।**
**अस्यां बहुरूपसिद्धौ विदधे सूरिहरिप्रभः प्रयत्नम् ॥**

**હૈમપ્રાકૃતઢુંઢિકા :**

'સિદ્ધહેમશબ્દાનુશાસન'ના ૮મા અધ્યાય પર આચાર્ય સૌભાગ્યસાગરના શિષ્ય ઉદયસૌભાગ્યગણિએ 'હૈમપ્રાકૃતઢુંઢિકા' અપરનામ 'વ્યુત્પત્તિ-દીપિકા' નામની વૃત્તિની રચના વિ. સં. ૧૫૧૧માં કરી છે.[1]

**પ્રાકૃતપ્રબોધ (પ્રાકૃતવૃત્તિઢુંઢિકા) :**

'સિદ્ધહેમશબ્દાનુશાસન'ના ૮મા અધ્યાય પર મલધારી ઉપાધ્યાય નરચંદ્રસૂરિએ અવચૂરિરૂપ ગ્રંથની રચના કરી છે. તેના અંતમાં તેમણે ગ્રંથ-નિર્માણનો હેતુ આ પ્રમાણે જણાવ્યો છે :

**नानाविधैर्विधुरितां विबुधैः सबुद्ध्या**
**तां रूपसिद्धिमखिलामवलोक्य शिष्यैः ।**
**अभ्यर्थितो मुनिरनुज्झितसंप्रदाय –**
**मारम्भमेनमकरोन्नरचन्द्रनामा ॥**

આ ગ્રંથમાં 'તત્ત્વપ્રકાશિકા' (બૃહદ્વૃત્તિ)માં નિર્દિષ્ટ ઉદાહરણોની સૂત્રપૂર્વક સાધનિકા કરવામાં આવી છે. 'ન્યાયકંદલી'ની ટીકામાં રાજશેખરસૂરિએ આ ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથની હસ્તલિખિત પ્રતો અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

**પ્રાકૃતવ્યાકૃતિ (પદ્યવિવૃતિ) :**

આચાર્ય વિજયરાજેન્દ્રસૂરિએ આચાર્ય હેમચંદ્રના સૂત્રોની સ્વોપજ્ઞ સોદાહરણ વૃત્તિને પદ્યમાં ગ્રથિત કરી તેનું 'પ્રાકૃતવ્યાકૃતિ' નામ રાખ્યું છે.

---

૧. આ વૃત્તિ ભીમસિંહ માણેક, મુંબઈથી પ્રકાશિત થઈ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ 'પ્રાકૃતવ્યાકૃતિ' આચાર્ય વિજયરાજેન્દ્રસૂરિનિર્મિત મહાકાય સમભાગાત્મક 'અભિધાનરાજેન્દ્ર' નામક કોશના પ્રથમ ભાગના પ્રારંભમાં પ્રકાશિત છે.[1]

**દોધકવૃત્તિ :**

'સિદ્ધહેમશબ્દાનુશાસન'ના ૮મા અધ્યાયના ચતુર્થ પાદમાં જે 'અપભ્રંશ વ્યાકરણ' વિભાગ છે તેના સૂત્રોની બૃહદ્‌વૃત્તિમાં ઉદાહરણરૂપે જે દોગ્ધક-દોધક-દૂહા આપવામાં આવ્યા છે તેના પર આ વૃત્તિ છે.[2]

**હૈમદોધકાર્થ :**

'સિદ્ધહેમશબ્દાનુશાસન'ના ૮મા અધ્યાયના 'અપભ્રંશ-વ્યાકરણ'ના સૂત્રોની બૃહદવૃત્તિ માં જે 'દુહા' રૂપ ઉદાહરણ આપવામાં આવ્યા છે તેમના અર્થોનું સ્પષ્ટીકરણ આ ગ્રંથમાં છે. 'જૈન ગ્રંથાવલી' પૃ. ૩૦૧માં તેની ૧૩ પત્રોની હસ્તલિખિત પ્રતિ હોવાનો ઉલ્લેખ છે.

**પ્રાકૃત-શબ્દાનુશાસન :**

'પ્રાકૃતશબ્દાનુશાસન'ના કર્તા ત્રિવિક્રમ નામના વિદ્વાન છે. તેમણે મંગલાચરણમાં વીરને નમસ્કાર કર્યા છે તથા 'ધવલા'ના કર્તા વીરસેન અને જિનસેન આદિ આચાર્યોનું સ્મરણ કર્યું છે તેનાથી લાગે છે કે તેઓ દિગંબર જૈન હતા. તેમણે ત્રૈવિદ્ય અર્હન્નન્દિ પાસે બેસીને જૈન શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું. તેમણે પોતાનો ઉલ્લેખ સુકવિરૂપે કર્યો છે પરંતુ તેમનો કોઈ કાવ્યગ્રંથ અત્યાર સુધી મળ્યો નથી. હા, આ 'પ્રાકૃતવ્યાકરણ'ના સૂત્રોને તેમણે પદ્યોમાં ગ્રથિત કર્યા છે જેનાથી તેમના કવિત્વનો ખ્યાલ આવે છે.

વિદ્વાનોએ ત્રિવિક્રમનો સમય ઈસુની ૧૩મી શતાબ્દી માન્યો છે. તેમણે સાધારણપણે આચાર્ય હેમચંદ્રના 'પ્રાકૃતવ્યાકરણ'નું જ અનુસરણ કર્યું છે. તેમણે પણ આચાર્ય હેમચંદ્રની જેમ આર્ષ પ્રાકૃતનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ આર્ષ અને દેશ્ય રૂઢ હોવાને કારણે સ્વતંત્ર છે, માટે તેના વ્યાકરણની જરૂર નથી, સાહિત્યમાં વ્યવહૃત પ્રયોગો દ્વારા જ તેમનું જ્ઞાન થઈ શકે છે. જે શબ્દ સાધ્યમાન અને સિદ્ધ સંસ્કૃત છે

---

૧. આ ભાગ જૈન શ્વેતાંબર સમસ્તસંઘ, રતલામથી વિ.સં. ૧૯૭૦માં પ્રકાશિત થયો છે.

૨. આ હેમચન્દ્રાચાર્ય જૈન સભા, પાટણથી પ્રકાશિત થયેલ છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના વિષયમાં જ આ વ્યાકરણમાં પ્રાકૃતના નિયમો આપવામાં આવ્યા છે.

પ્રસ્તુત વ્યાકરણમાં ત્રણ અધ્યાય છે. પ્રત્યેક અધ્યાયના ચાર-ચાર પાદ છે.પ્રથમ અધ્યાય, દ્વિતીય અધ્યાય અને તૃતીય અધ્યાયના પ્રથમ પાદમાં પ્રાકૃતનું વિવેચન છે. તૃતીય અધ્યાયના દ્વિતીય પાદમાં શૌરસેની (સૂત્ર ૧ થી ૨૬), માગધી (૨૭ થી ૪૨), પૈશાચી (૪૩ થી ૬૩) અને ચૂલિકાપૈશાચી (૬૪ થી ૬૭)ના નિયમો દર્શાવવામાં આવ્યા છે. ત્રીજા અને ચોથા પાદમાં અપભ્રંશનું વિવેચન છે. અપભ્રંશના ઉદાહરણોની અપેક્ષાએ આચાર્ય હેમચંદ્રસૂરિ કરતાં આમાં કંઈક અંશે મૌલિકતા જણાય છે.

**પ્રાકૃતશબ્દાનુશાસન-વૃત્તિ :**

ત્રિવિક્રમે પોતાના 'પ્રાકૃતશબ્દાનુશાસન' પર સ્વોપજ્ઞ વૃત્તિ[1] ની રચના કરી છે. પ્રાકૃતરૂપોના વિવેચનમાં તેમણે આચાર્ય હેમચંદ્રનો આધાર લીધો છે.

**પ્રાકૃત-પદ્યવ્યાકરણ :**

પ્રસ્તુત ગ્રંથનું વાસ્તવિક નામ અને કર્તાનું નામ અજ્ઞાત છે. તે અપૂર્ણ રૂપે ઉપલબ્ધ છે, જેમાં ફક્ત ૪૨૭ શ્લોક છે. આ ગ્રંથ[2] નો આરંભ આ પ્રમાણે છે :

**संस्कृतस्य विपर्यस्तं संस्कारगुणवर्जितम् ।**
**विज्ञेयं प्राकृतं तत् तु [ यद् ] नानावस्थान्तरम् ॥१॥**
**समानशब्दं विभ्रष्टं देशीगतमिति त्रिधा ।**
**सौरसेन्यं च मागध्यं पैशाच्यं चापभ्रंशिकम् ॥२॥**
**देशीगतं चतुर्थेति तदग्रे कथयिष्यते ।**

..............................................................................

**ઔદાર્યચિંતામણિ :**

'ઔદાર્યચિંતામણિ' નામક પ્રાકૃત વ્યાકરણના કર્તાનું નામ છે શ્રુતસાગર. તેઓ દિગંબર જૈન મુનિ હતા જે મૂલસંઘ, સરસ્વતીગચ્છ, બલાત્કારગણમાં થઈ ગયા.

---

૧. જીવરાજ ગ્રંથમાલા, સોલાપુરથી સન્ ૧૯૫૪માં આ ગ્રંથ સુસંપાદિત થઈને પ્રકાશિત થયેલ છે.

૨. આ ગ્રંથની ૬ પત્રોની પ્રતિ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે જે લગભગ ૧૭મી શતાબ્દીમાં લખાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના ગુરુનું નામ વિદ્યાનંદી હતું અને મલ્લિભૂષણ નામના મુનિ તેમના ગુરુભાઈ હતા. તેઓ કટ્ટર દિગંબર હતા, તેવું તેમના ગ્રંથોના વિવેચન પરથી ફલિત થાય છે. તેમણે ઘણા ગ્રંથોની રચના કરી છે. તેમણે રચેલી 'ષટ્પ્રાભૃત-ટીકા' અને 'યશસ્તિલકચંદ્રિકા'માં તેમણે પોતાનો પરિચય 'ઉભયભાષાચક્રવર્તી, કલિકાલગૌતમ, કલિકાલસર્વજ્ઞ, તાર્કિકશિરોમણિ, નવનવતિવાદિવિજેતા, પરાગમપ્રવીણ, વ્યાકરણકમલમાર્તણ્ડ' વિશેષણો દ્વારા આપ્યો છે.

ઔદાર્યચિંતામણિ વ્યાકરણની રચના તેમણે વિ.સં. ૧૫૭૫માં કરી છે. તેમાં પ્રાકૃતભાષાવિષયક છ અધ્યાય છે. તે આચાર્ય હેમચંદ્રના 'પ્રાકૃત વ્યાકરણ' અને ત્રિવિક્રમના 'પ્રાકૃતશબ્દાનુશાસન' કરતાં મોટું છે. તેમણે આચાર્ય હેમચંદ્રના વ્યાકરણનું જ અનુસરણ કર્યું છે.

આ વ્યાકરણની જે હસ્તલિખિત પ્રત પ્રાપ્ત થઈ છે તે અપૂર્ણ છે.[1] તેથી તેના વિષયમાં વિશેષ કશું કહી શકાતું નથી.

તેમના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે :

૧. વ્રતકથાકોશ, ૨. શ્રુતસંઘપૂજા, ૩. જિનસહસ્રનામટીકા, ૪. તત્ત્વત્રય-પ્રકાશિકા, ૫. તત્ત્વાર્થસૂત્રવૃત્તિ, ૬. મહાભિષેક-ટીકા, ૭. યશસ્તિલકચંદ્રિકા.

જૈન સાઈટ JAINSITE जैनम् जयति शासनम्

**ચિંતામણિ-વ્યાકરણ :**

'ચિંતામણિ-વ્યાકરણ'ના કર્તા શુભચંદ્રસૂરિ દિગંબરીય મૂલસંઘ, સરસ્વતીગચ્છ અને બલાત્કાર ગણના ભટ્ટારક હતા. તેઓ વિજયકીર્તિના શિષ્ય હતા. તેમણે ત્રૈવિદ્યવિદ્યાધર અને ષડ્ભાષાચક્રવર્તીની પદવીઓ મેળવી હતી. તેમણે સાહિત્યના વિવિધ વિષયોનું અધ્યયન કર્યું હતું.

તેમણે રચેલા 'ચિંતામણિવ્યાકરણ'માં પ્રાકૃત-ભાષાવિષયક ચાર-ચાર પાદયુક્ત ત્રણ અધ્યાય છે. કુલ મળીને ૧૨૨૪ સૂત્રો છે. આ વ્યાકરણ આચાર્ય હેમચંદ્રના 'પ્રાકૃતવ્યાકરણ'નું અનુસરણ કરે છે. તેની રચના વિ.સં. ૧૬૦૪માં થઈ છે. 'પાંડવપુરાણ'ની પ્રશસ્તિમાં આ વ્યાકરણનો ઉલ્લેખ આ પ્રમાણે છે :

**योऽकृत सद्व्याकरणं चिन्तामणिनामधेयम् ।**

---

૧. આ ગ્રંથ ત્રણ અધ્યાયોમાં વિજાગાપટ્ટમ્‌થી પ્રકાશિત થયેલ છે : જુઓ— Annals of Bhandarkar Oriental Research Institute, Vol. XIII, pp. 52-53.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચિંતામણિ-વ્યાકરણવૃત્તિ :**

'ચિંતામણિવ્યાકરણ'[૧] પર આચાર્ય શુભચંદ્રે સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે.

આ વ્યાકરણ-ગ્રંથ સિવાય તેમણે અન્ય અનેક ગ્રંથોની પણ રચના કરી છે.

**અર્ધમાગધી-વ્યાકરણ :**

'અર્ધમાગધી-વ્યાકરણ'[૨]ની સૂત્રબદ્ધ રચના વિ.સં. ૧૯૯૪ની આસપાસ શતાવધાની મુનિ રત્નચંદ્રજી (સ્થાનકવાસી)એ કરી છે. મુનિશ્રીએ તેની પર સ્વોપજ્ઞ વૃત્તિ પણ બનાવી છે.

**પ્રાકૃત-પાઠમાલા :**

ઉપર્યુક્ત મુનિ રત્નચંદ્રજીએ 'પ્રાકૃત-પાઠમાલા' નામના ગ્રંથની રચના પ્રાકૃતભાષાના વિદ્યાર્થીઓ માટે કરી છે. આ કૃતિ પણ છપાઈ ચૂકી છે.

**કર્ણાટક-શબ્દાનુશાસન :**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

દિગંબર જૈન મુનિ અકલંકે 'કર્ણાટકશબ્દાનુશાસન' નામના કન્નડ ભાષાના વ્યાકરણની રચના શક સં. ૧૫૨૬ (વિ.સં. ૧૬૬૧)માં સંસ્કૃતમાં કરી છે. આ વ્યાકરણમાં ૫૯૨ સૂત્રો છે.[૩]

નાગવર્મે જે 'કર્ણાટકભૂષણ' વ્યાકરણની રચના કરી છે તેનાથી આ વ્યાકરણ મોટું છે અને 'શબ્દમણિદર્પણ' નામના વ્યાકરણ કરતાં આમાં વધારે વિષયો છે. માટે આને સર્વોત્તમ વ્યાકરણ ગણવામાં આવે છે.

મુનિ અકલંકે આમાં પોતાના ગુરુનો પરિચય આપ્યો છે. તેમાં તેમણે ચારુકીર્તિ માટે અનેક વિશેષણોનો પ્રયોગ કર્યો છે. 'કર્ણાટક-શબ્દાનુશાસન' પર કોઈએ 'ભાષામંજરી' નામની વૃત્તિ લખી છે તથા 'મંજરીમકરન્દ' નામનું વિવરણ પણ લખ્યું છે.

---

૧. વધારે પરિચય માટે જુઓ—ડૉ. એ. એન. ઉપાધ્યેનો લેખ : A. B. O. R. I., Vol. XIII, pp. 46-52.

૨. આ ગ્રંથ મેહરચંદ લછમણદાસે લાહોરથી સન્ ૧૯૩૮માં પ્રકાશિત કર્યો છે.

૩. 'અનેકાન્ત' વર્ષ ૧, કિરણ ૬-૭, પૃ. ૩૩૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પારસીક-ભાષાનુશાસન :**

'પારસીકભાષાનુશાસન' અર્થાત્ ફારસી ભાષાના વ્યાકરણની રચના મદનપાલ ઠક્કુરના પુત્ર વિક્રમસિંહે કરી છે. સંસ્કૃત ભાષામાં રચાયેલા આ વ્યાકરણમાં પાંચ અધ્યાય છે. વિક્રમસિંહ આચાર્ય આનંદસૂરિના ભક્ત શિષ્ય હતા. કૃતિની એક હસ્તલિખિત પ્રત પંજાબના કોઈ ભંડારમાં છે.[1]

**ફારસી-ધાતુરૂપાવલી :**

કોઈ અજ્ઞાત વિદ્વાને 'ફારસી-ધાતુરૂપાવલી' નામના ગ્રંથની રચના કરી છે, જેની ૧૯મી સદીમાં લખાયેલી ૭ પત્રોની હસ્તલિખિત પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. A Catalogue of Manuscripts in the Punjab Jain Bhandars. Pt. I.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બીજું પ્રકરણ

# કોશ

કોશ પણ વ્યાકરણ-શાસ્ત્રની જેમ જ ભાષાશાસ્ત્રનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. વ્યાકરણ ફક્ત યૌગિક શબ્દોની સિદ્ધિ કરે છે, પરંતુ રૂઢ અને યોગરૂઢ શબ્દો માટે તો કોશનો જ આશ્રય લેવો પડે છે.

વૈદિકકાળથી જ કોશનું જ્ઞાન અને મહત્ત્વ સ્વીકારાયેલું છે, તે 'નિઘણ્ટુકોશ'થી સમજી શકાય છે. વેદના 'નિરુક્ત' કાર યાસ્ક મુનિ સમ્મુખ 'નિઘણ્ટુ'ના પાંચ સંગ્રહ હતા. તેમાંથી પ્રથમ ત્રણ સંગ્રહોમાં એક અર્થવાળા ભિન્ન-ભિન્ન શબ્દોનો સંગ્રહ હતો. ચોથામાં અઘરા શબ્દો અને પાંચમામાં વેદના ભિન્ન-ભિન્ન દેવતાઓનું વર્ગીકરણ હતું. 'નિઘણ્ટુ-કોશ' પછીથી રચાનાર લૌકિક શબ્દ-કોશોથી અલગ જેવો જણાય છે. 'નિઘણ્ટુ'માં વિશેષરૂપે વેદ આદિ 'સંહિતા' ગ્રંથોના અસ્પષ્ટ અર્થોને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અર્થાત્ 'નિઘણ્ટુ-કોશ' વૈદિક ગ્રંથોના વિષયની ચર્ચાથી મર્યાદિત છે, જ્યારે લૌકિક કોશો વિવિધ વાઙ્મયના બધા વિષયોનાં નામ, અવ્યય અને લિંગનો બોધ કરાવનાર શબ્દોના અર્થોને સમજાવનાર-વ્યાપક શબ્દભંડાર પ્રસ્તુત કરે છે.

'નિઘણ્ટુ-કોશ' પછી યાસ્કના 'નિરુક્ત'માં વિશિષ્ટ શબ્દોનો સંગ્રહ છે અને તેની પછી પાણિનિના 'અષ્ટાધ્યાયી'માં યૌગિક શબ્દોનો વિશાળ સમૂહ કોશની સમૃદ્ધિનો વિકાસ કરતો જણાય છે.

પાણિનિના સમય સુધીના બધા કોશ-ગ્રંથ ગદ્યમાં પ્રાપ્ત થાય છે, પરંતુ પછીના લૌકિક કોશોની અનુષ્ટુપ્, આર્યા આદિ છંદોમાં પદ્યમય રચનાઓ પ્રાપ્ત થાય છે.

કોશોમાં મુખ્યત્વે બે પદ્ધતિઓ જણાય છે : એકાર્થક કોશ અને અનેકાર્થક કોશ. પહેલો પ્રકાર એક અર્થના અનેક શબ્દોનું સૂચન કરે છે.

પ્રાચીન કોશકારોમાં કાત્યાયનની 'નામમાલા', વાચસ્પતિનો 'શબ્દાર્ણવ', વિક્રમાદિત્યનો 'સંસારાવર્ત્ત' 'વ્યાડિનો' 'ઉત્પલિની', ભાગુરિનો 'ત્રિકાણ્ડ',

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધન્વન્તરિનો 'નિઘણ્ટુ' આદિનાં નામો પ્રસિદ્ધ છે. આમાંથી કેટલાક કોશ-ગ્રંથ અપ્રાપ્ય છે.

ઉપલબ્ધ કોશોમાં અમરસિંહના 'અમર-કોશ'ને સારી પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ત્યારબાદ આચાર્ય હેમચંદ્ર આદિના કોશોનો ઠીક-ઠીક પ્રચાર થયો, તેમ કાવ્યગ્રંથોની ટીકાઓ પરથી જાણી શકાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં જૈન ગ્રંથકારોએ રચેલા કોશ-ગ્રંથોના વિષયમાં વિચાર કરવામાં આવી રહ્યો છે.

**પાઈયલચ્છીનામમાલા :**

'પાઈયલચ્છીનામમાલા'[1] નામના એક માત્ર ઉપલબ્ધ પ્રાકૃત-કોશની રચના કરનાર પં. ધનપાલ જૈન ગૃહસ્થ વિદ્વાનોમાં અગ્રણી છે. તેમણે પોતાની નાની બહેન સુંદરી માટે આ કોશ-ગ્રંથની રચના વિ. સં. ૧૦૨૯માં કરી છે. તેમાં ૨૭૧ ગાથાઓ આર્યા છંદમાં છે. આ કોશ એકાર્થક શબ્દોનો બોધ કરાવે છે. તેમાં ૯૯૮ પ્રાકૃત શબ્દોના પર્યાય આપવામાં આવ્યા છે.

પં. ધનપાલ જન્મથી બ્રાહ્મણ હતા. તેમણે પોતાના નાનાભાઈ શોભનમુનિના ઉપદેશથી જૈન તત્ત્વોનું અધ્યયન કર્યું તથા જૈન દર્શનમાં શ્રદ્ધા ઉત્પન્ન થવાથી જૈનત્ત્વ અંગીકાર કર્યું. એક સાચા જૈનની શ્રદ્ધાથી અને મહાકવિની હેસિયતથી તેમણે કેટલાય ગ્રંથોનું પ્રણયન કર્યું છે.

ધનપાલ ધારાધીશ મુંજરાજની રાજસભાના સમ્માન્ય વિદ્વદ્રત્ન હતા. તેઓ તેમને 'સરસ્વતી' કહેતા હતા. ભોજરાજે તેમને રાજસભામાં 'કૂર્ચાલસરસ્વતી' અને 'સિદ્ધસારસ્વતકવીશ્વર'ની પદવીઓ આપીને સમ્માનિત કર્યા હતા. પછીથી 'તિલકમંજરી'ની રચનાને બદલવાના આદેશથી અને ગ્રંથને સળગાવી દેવાના કારણે ભોજરાજ સાથે તેમને વૈમનસ્ય થયું હતું. ત્યાર બાદ તેઓ સાચોર જઈ વસ્યા. તેનો નિર્દેશ તેમના 'સત્યપુરીયમંડનમહાવીરોત્સાહ'માં છે.

આચાર્ય હેમચંદ્રે 'અભિધાનચિંતામણિ' કોશના પ્રારંભમાં 'વ્યુત્પત્તિર્ધનપાલતઃ' એવો ઉલ્લેખ કરીને ધનપાલના કોશગ્રંથને પ્રમાણભૂત ગણાવ્યો છે. હેમચંદ્રરચિત

૧. (અ) બુહ્લર દ્વારા સંપાદિત થઈને સન્ ૧૮૭૯માં પ્રકાશિત.

(આ) ભાવનગરના ગુલાબચંદ લલ્લુભાઈ દ્વારા વિ.સં. ૧૯૭૩માં પ્રકાશિત.

(ઈ) પં. બેચરદાસ દ્વારા સંશોધિત થઈને મુંબઈથી પ્રકાશિત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'દેશીનામમાલા' (રયણાવલી)માં પણ ધનપાલનો ઉલ્લેખ છે. 'શાર્ઙ્ગધર-પદ્ધતિ'માં ધનપાલના કોશવિષયક પદ્યોનાં ઉદ્ધરણો મળે છે અને એક ટિપ્પણીમાં ધનપાલરચિત 'નામમાલા' ૧૮૦૦ શ્લોક-પરિમાણ હોવાનો ઉલ્લેખ કરેલો છે. આ બધા પ્રમાણો પરથી જાણી શકાય છે કે ધનપાલે સંસ્કૃત અને દેશી શબ્દકોશ-ગ્રંથોની રચના કરી હશે, જે આજે ઉપલબ્ધ નથી.

તેમના રચેલા અન્ય ગ્રંથો આ પ્રમાણે છે : ૧. તિલકમંજરી (સંસ્કૃત ગદ્ય), ૨. શ્રાવકવિધિ (પ્રાકૃત પદ્ય), ૩. ઋષભપંચાશિકા (પ્રાકૃત પદ્ય), ૪. મહાવીરસ્તુતિ (પ્રાકૃત પદ્ય), ૫ સત્યપુરીયમંડનમહાવીરોત્સાહ (અપભ્રંશ પદ્ય), ૬. શોભનસ્તુતિ-ટીકા (સંસ્કૃત ગદ્ય).

**ધનંજયનામમાલા :**

ધનંજય નામના દિગંબર ગૃહસ્થ વિદ્વાને પોતાના નામથી 'ધનંજયનામમાલા'[૧] નામના એક નાના એવા સંસ્કૃતકોશની રચના કરી છે.

માનવામાં આવે છે કે કર્તાએ ૨૦૦ અનુષ્ટુપ્ શ્લોક જ રચ્યા છે. કોઈ આવૃત્તિમાં ૨૦૩ શ્લોકો છે, તો ક્યાંક ૨૦૫ શ્લોકો છે.

ધનંજય કવિએ આ કોશમાં એક શબ્દ પરથી શબ્દાન્તર બનાવવાની વિશિષ્ટ પદ્ધતિ બતાવી છે, જેમ કે, 'पृथ्वी' વાચક શબ્દની આગળ 'धर' શબ્દ જોડી દેવાથી પર્વતવાચી નામ બને છે, 'मनुष्य' વાચક શબ્દની આગળ 'पति' શબ્દ જોડી દેવાથી નૃપવાચી નામ બને છે અને 'वृक्ष' વાચક શબ્દની આગળ 'चर' શબ્દ જોડી દેવાથી વાનરવાચી નામ બને છે.

આ કોશમાં ૨૦૧મો શ્લોક આ પ્રમાણે છે :

**प्रमाणमकलङ्कस्य पूज्यपादस्य लक्षणम् ।**
**द्विसन्धानकवेः काव्यं रत्नत्रयमपश्चिमम् ॥**

આ શ્લોકમાં 'દ્વિસન્ધાન' કાર ધનંજય કવિની પ્રશંસા છે, માટે આ શ્લોક મૂળ ગ્રંથકારનો નહીં હોય, તેમ કેટલાક વિદ્વાનો માને છે. પં. મહેન્દ્રકુમારે તેને

---

૧. ધનંજયનામમાલા, અનેકાર્થનામમાલાની સાથે હિંદી અનુવાદસહિત, ચતુર્થ આવૃત્તિ, હરપ્રસાદ જૈન, વિ.સં. ૧૯૯૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂળગ્રંથકારનો બતાવીને ધનંજયના સમયની પૂર્વસીમા નિશ્ચિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમના મતે ધનંજય દિગંબરાચાર્ય અકલંક પછી થઈ ગયા.

ધનંજય કવિના સમય સંબંધે વિદ્વદ્ગણ એકમત નથી. કેટલાક વિદ્વાનો તેમનો સમય નવમી તો કેટલાક દસમી શતાબ્દી માને છે.[1] નિશ્ચિતરૂપે એટલું કહી શકાય કે કવિ ધનંજય ૧૧મી શતાબ્દી પહેલાં થઈ ગયા.

'દ્વિસંધાન-મહાકાવ્ય'ના અંતિમ પદ્યની ટીકામાં ટીકાકારે ધનંજયના પિતાનું નામ વસુદેવ, માતાનું નામ શ્રીદેવી અને ગુરુનું નામ દશરથ હતું તેમ સૂચિત કર્યું છે. તેમાં સમય નથી જણાવ્યો.

તેમના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે : ૧. અનેકાર્થનામમાલા, ૨. રાઘવપાણ્ડવીય-દ્વિસંધાન-મહાકાવ્ય, ૩. વિષાપહાર-સ્તોત્ર, ૪. અનેકાર્થ-નિઘણ્ટુ.

**ધનંજયનામમાલા-ભાષ્ય :**

'ધનંજય-નામમાલા' પર દિગંબર મુનિ અમરકીર્તિએ 'ભાષ્ય'[2] નામની ટીકાની રચના કરી છે. ટીકામાં શબ્દોના પર્યાયોની સંખ્યા જણાવીને વ્યાકરણસૂત્રોનાં પ્રમાણ આપીને તેમની વ્યુત્પત્તિ બતાવી છે. ક્યાંક-ક્યાંક અન્ય પર્યાયવાચી શબ્દો વધાર્યા પણ છે.

જૈનમ્ જયતિ શાસનમ્

અમરકીર્તિના સમય વિશે વિચારતાં તેઓ ૧૪મી શતાબ્દીમાં થઈ ગયા હોય તેમ જણાય છે. આ 'નામમાલા'ના ૧૨૨મા શ્લોકના ભાષ્યમાં આશાધરના 'મહાભિષેક'નો ઉલ્લેખ મળે છે. આશાધરે વિ. સં. ૧૩૦૦માં 'અનગાર-ધર્મામૃત'ની રચના સમાપ્ત કરી હતી આથી અમરકીર્તિ તેમની પછી થઈ ગયા તે

---

૧. આચાર્ય પ્રભાચંદ્ર અને આચાર્ય વાદિરાજ (૧૧મી શતાબ્દી)એ ધનંજયના 'દ્વિસંધાન-મહાકાવ્ય'નો ઉલ્લેખ કર્યો છે. તેથી ધનંજય નિશ્ચિતરૂપે ૧૧મી શતાબ્દીપૂર્વે થઈ ગયા છે. જલ્હણરચિત 'સૂક્તમુક્તાવલી'માં રાજશેખરકૃત ધનંજયની પ્રશંસારૂપી સૂક્તિનો ઉલ્લેખ છે. તે રાજશેખર 'કાવ્યમીમાંસા'ના કર્તા રાજશેખરથી અભિન્ન હોય તો ધનંજય ૧૦મી શતાબ્દી પછી થયા નથી, એમ કહી શકાય.

૨. સભાષ્ય નામમાલા, અમરકીર્તિકૃત ભાષ્ય, ધનંજયકૃત અનેકાર્થનામમાલાસટીક, અનેકાર્થ-નિઘણ્ટુ અને એકાક્ષરી કોશ – ભારતીય જ્ઞાનપીઠ, કાશી, સન્ ૧૯૫૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિશ્ચિત છે. તેમણે 'હેમ-નામમાલા'નો ઉલ્લેખ પણ કર્યો છે. ટીકાના પ્રારંભમાં અમરકીર્તિએ કલ્યાણકીર્તિને નમસ્કાર કર્યા છે. સં. ૧૩૫૦માં 'જિનયજ્ઞફલોદય'ની રચના કરનારા કલ્યાણકીર્તિથી આ જુદા ન હોય તો અમરકીર્તિએ આ 'ભાષ્ય'ની રચના નિશ્ચિત રીતે વિ.સં. ૧૩૫૦ની આસપાસ કરી છે.

**નિઘણ્ટસમય :**

કવિ ધનંજયરચિત 'નિઘણ્ટસમય' નામની રચનાનો ઉલ્લેખ 'જિનરત્નકોશ' પૃ. ૨૧૨ પર છે. આ કૃતિ બે પરિચ્છેદાત્મક દર્શાવવામાં આવી છે, પરંતુ આવી કોઈ કૃતિ જોવામાં આવી નથી. સંભવતઃ આ ધનંજયની 'અનેકાર્થનામમાલા' હોઈ શકે.

**અનેકાર્થ-નામમાલા :**

કવિ ધનંજયે 'અનેકાર્થનામમાલા'ની રચના કરી છે. તેમાં ૪૬ પદ્ય છે. વિદ્યાર્થીઓને એક શબ્દના અનેક અર્થ વિશે જ્ઞાન મળી રહે, તે દૃષ્ટિએ આ નાનો-એવો કોશ બનાવવામાં આવ્યો છે. આ કોશ 'ધનંજય-નામમાલા-સભાષ્ય'ની સાથે છપાયેલો છે.

**અનેકાર્થનામમાલા-ટીકા :**

કવિ ધનંજયકૃત 'અનેકાર્થનામમાલા' પર કોઈ વિદ્વાને ટીકા રચી છે. આ ટીકા પણ 'ધનંજય-નામમાલા-સભાષ્ય'ની સાથે છપાયેલી છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**અભિધાનચિંતામણિનામમાલા :**

વિદ્વાનોની માન્યતા છે કે આચાર્ય હેમચંદ્રે 'સિદ્ધહેમશબ્દાનુશાસન' પછી 'કાવ્યાનુશાસન' અને ત્યાર પછી 'અભિધાનચિંતામણિનામમાલા'[1] કોશની વિ. ૧૩મી શતાબ્દીમાં રચના કરી છે. સ્વયં આચાર્ય હેમચંદ્રે પણ આ કોશના આરંભમાં સ્પષ્ટ કહ્યું છે કે શબ્દાનુશાસનના સમસ્ત અંગોની રચના પ્રતિષ્ઠિત થઈ ગયા બાદ આ કોશ-ગ્રંથની રચના કરવામાં આવી છે.[2]

---

૧. (ક) મહાવીર જૈન સભા, ખંભાત, શક-સં. ૧૮૧૮ (મૂળ).
(ખ) યશોવિજય જૈન ગ્રંથમાલા, ભાવનગર, વીર-સં. ૨૪૪૬ (સ્વોપજ્ઞવૃત્તિસહિત).
(ગ) મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા (રત્નપ્રભાવૃત્તિ સહિત).
(ઘ) દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, સન્ ૧૯૪૬ (મૂળ).
(ઙ) નેમિ-વિજ્ઞાન-ગ્રંથમાલા, અમદાવાદ (મૂળ ગુજરાતી અર્થની સાથે).

૨. प्रणिपत्यार्हतः सिद्धसाङ्गशब्दानुशासनः ।
रूढ-यौगिक-मिश्राणां नाम्नां मालां तनोम्यहम् ॥१॥

હેમચંદ્રે વ્યાકરણ-જ્ઞાનને સક્રિય બનાવવા અને વિદ્યાર્થીઓને ભાષાનું જ્ઞાન સુલભ કરાવવા માટે સંસ્કૃત અને દેશ્ય ભાષાના કોશોની રચના આ પ્રમાણે કરી છે: ૧. અભિધાનચિંતામણિ સટીક, ૨. અનેકાર્થસંગ્રહ, ૩. નિઘણ્ટુસંગ્રહ અને ૪. દેશીનામમાલા (રયણાવલી).[1]

આચાર્ય હેમચંદ્રે કોશની ઉપયોગિતા બતાવતાં કહ્યું છે કે બુધજનો વક્તૃત્વ અને કવિત્વને વિદ્વત્તાનું ફળ બતાવે છે, પરંતુ આ બંને શબ્દજ્ઞાન વગર સિદ્ધ થઈ શકતા નથી.[2]

'અભિધાનચિંતામણિ'ની રચના સામાન્યપણે 'અમરકોશ' અનુસાર જ કરવામાં આવી છે. આ કોશ રૂઢ, યૌગિક અને મિશ્ર એકાર્થક શબ્દોનો સંગ્રહ છે. તેમાં છ કાંડોની યોજના આ પ્રમાણે કરવામાં આવી છે :

પ્રથમ દેવાધિદેવકાંડમાં ૮૬ શ્લોકો છે, જેમાં ચોવીસ તીર્થંકર, તેમના અતિશય આદિનાં નામ આપવામાં આવ્યા છે.

દ્વિતીય દેવકાંડમાં ૨૫૦ શ્લોકો છે તેમાં દેવો, તેમની વસ્તુઓ અને નગરોનાં નામ છે.

તૃતીય મર્ત્યકાંડમાં ૫૯૭ શ્લોકો છે, તેમાં મનુષ્યો અને તેમના વ્યવહારમાં આવતા પદાર્થોનાં નામ છે.

ચતુર્થ તિર્યક્કાંડમાં ૪૨૩ શ્લોકો છે, તેમાં પશુ, પક્ષી, જંતુ, વનસ્પતિ, ખનીજ આદિનાં નામ છે.

પંચમ નારકકાંડમાં ૭ શ્લોકો છે, તેમાં નરકવાસીઓનાં નામ છે.

છઠ્ઠા સાધારણકાંડમાં ૧૭૮ શ્લોકો છે, જેમાં ધ્વનિ, સુગંધ અને સામાન્ય પદાર્થોનાં નામ છે.

ગ્રંથમાં કુલ મળીને ૧૫૪૧ શ્લોકો છે.

હેમચંદ્રે આ કોશની રચનામાં વાચસ્પતિ, હલાયુધ, અમર, યાદવપ્રકાશ, વૈજયન્તીના શ્લોકો અને કાવ્યોનું પ્રમાણ આપ્યું છે. 'અમર-કોશ'ના ઘણા શ્લોક આમાં ગ્રથિત છે.

---

૧. एकार्थानेकार्था देश्या निघण्ट इति च चत्वारः ।
विहिताश्च नामकोशा भुवि कवितानट्युपाध्यायाः ॥

—પ્રભાવક-ચરિત, હેમચન્દ્રસૂરિ-પ્રબન્ધ, શ્લોક ૮૩૩.

૨. वक्तृत्वं च कवित्वं च विद्वत्तायाः फलं विदुः ।
शब्दज्ञानादृते तन्न द्वयमप्युपपद्यते ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેમચંદ્રે શબ્દોના ત્રણ વિભાગ બતાવ્યા છે : ૧.રૂઢ, ૨. યૌગિક અને ૩. મિશ્ર. રૂઢની વ્યુત્પત્તિ થતી નથી. યોગ અર્થાત્ ગુણ, ક્રિયા અને સંબંધથી જે સિદ્ધ થઈ શકે. જે રૂઢ પણ હોય અને યૌગિક પણ હોય તેને મિશ્ર કહે છે.

'અમરકોશ' કરતાં આ કોશ શબ્દસંખ્યામાં દોઢગણો છે. 'અમર-કોશ'માં શબ્દોની સાથે લિંગનો નિર્દેશ કરવામાં આવ્યો છે, પરંતુ આચાર્ય હેમચંદ્રે પોતાના કોશમાં લિંગનો ઉલ્લેખ નહીં કરતાં સ્વતંત્ર 'લિંગાનુશાસન'ની રચના કરી છે.

હેમચંદ્રસૂરિએ આ કોશમાં માત્ર પર્યાયવાચી શબ્દોનું જ સંકલન કર્યું નથી, પરંતુ તેમાં ભાષાસંબંધી મહત્ત્વપૂર્ણ સામગ્રી પણ સંકલિત કરી આપી છે. તેમાં વધારેમાં વધારે શબ્દો આપ્યા છે અને નવા તથા પ્રાચીન શબ્દોનો સમન્વય પણ કર્યો છે.

આચાર્યે સમાન શબ્દયોગથી અનેક પર્યાયવાચી શબ્દો બનાવવા માટેનું વિધાન પણ કર્યું છે, પરંતુ તે વિધાન અનુસાર તેવા જ શબ્દો ગ્રહણ કર્યા છે જે કવિ-સંપ્રદાય દ્વારા પ્રચલિત અને પ્રયુક્ત હોય. કવિઓ દ્વારા અપ્રયુક્ત અને અમાન્ય શબ્દોના ગ્રહણથી પોતાની કૃતિને બચાવી લીધી છે.

ભાષાની દૃષ્ટિએ આ કૃતિ બહુમૂલ્ય છે. તેમાં પ્રાકૃત, અપભ્રંશ અને દેશી ભાષાઓના શબ્દોનો પૂર્ણપણે પ્રભાવ જોઈ શકાય છે. આ દૃષ્ટિએ આચાર્યે ઘણા નવીન શબ્દોને અપનાવીને પોતાની કૃતિને સમૃદ્ધ બનાવી છે.

આ વિશેષતાઓ અન્ય કોશોમાં જોવામાં આવતી નથી.

**અભિધાનચિંતામણિ-વૃત્તિ :**

'અભિધાનચિંતામણિ' કોશ પર આચાર્ય હેમચંદ્રે સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે, જેને 'તત્ત્વાભિધાયિની' કહેવામાં આવી છે. 'શેષ' ઉલ્લેખ વડે અતિરિક્ત શબ્દોના સંગ્રાહક શ્લોકો આ પ્રમાણે છે : ૧લા કાંડમાં ૧, ૨જા કાંડમાં ૮૯, ૩જા કાંડમાં ૬૩, ૪થા કાંડમાં ૪૧, ૫મા કાંડમાં ૨ અને ૬ઠ્ઠા કાંડમાં ૮ આ પ્રમાણે કુલ મળીને ૨૦૪ શ્લોકનાં પરિશિષ્ટ-પત્ર છે. મૂળ ૧૫૪૧ શ્લોકોમાં ૨૦૪ ઉમેરવાથી બધા થઈને ૧૭૪૫ થાય છે. વૃત્તિની સાથે આ ગ્રંથનું શ્લોક-પરિમાણ લગભગ સાડા આઠ હજાર થાય છે.

વ્યાડિનો કોઈ શબ્દકોશ આચાર્ય હેમચંદ્રની સામે હતો, તેમાંથી તેમણે ઘણાં પ્રમાણ ઉદ્ધૃત કર્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સ્વોપજ્ઞ વૃત્તિમાં ૫૬ ગ્રંથકારો અને ૩૧ ગ્રંથોનો ઉલ્લેખ છે. જ્યાં પૂર્વના કોશકારો સાથે તેમને મતભેદ છે ત્યાં આચાર્ય હેમચંદ્રસૂરિએ અન્ય ગ્રંથો અને ગ્રંથકારોનાં નામ ઉદ્ધૃત કરીને પોતાના મતભેદોનું સ્પષ્ટીકરણ કર્યું છે.

**અભિધાનચિંતામણિ-ટીકા :**

મુનિ કુશલસાગરે 'અભિધાનચિંતામણિ' કોશ પર ટીકાની રચના કરી છે.

**અભિધાનચિંતામણિ-સારોદ્ધાર :**

ખરતરગચ્છીય જ્ઞાનવિમલના શિષ્ય વલ્લભગણિએ વિ.સં. ૧૬૬૭માં 'અભિધાનચિંતામણિ' પર 'સારોદ્ધાર' નામની ટીકાની રચના કરી છે. તેને કદાચ 'દુર્ગપદપ્રબોધ' નામ પણ આપ્યું હોય તેમ જણાય છે.

**અભિધાનચિંતામણિ-ટીકા :**

અભિધાનચિંતામણિ પર મુનિ સાધુરત્ને પણ એક ટીકા રચી છે.

**અભિધાનચિંતામણિ-વ્યુત્પત્તિરત્નાકર :**

અંચલગચ્છીય વિનયચંદ્ર વાચકના શિષ્ય મુનિ દેવસાગરે વિ.સં. ૧૬૮૬માં 'હૈમીનામમાલા' અર્થાત્ 'અભિધાનચિંતામણિ' કોશ પર 'વ્યુત્પત્તિરત્નાકર' નામના વૃત્તિ-ગ્રંથની રચના કરી છે, જેની ૧૨ શ્લોકોની અંતિમ પ્રશસ્તિ પ્રકાશિત છે.[1]

મુનિ દેવસાગરે તથા આચાર્ય કલ્યાણસાગરસૂરિએ શત્રુંજય પર સં. ૧૬૭૬માં તથા સં. ૧૬૮૩માં પ્રતિષ્ઠિત કરવામાં આવેલા શ્રી શ્રેયાંસજિનપ્રાસાદ અને શ્રી ચંદ્રપ્રભજિનપ્રાસાદની પ્રશસ્તિઓ રચી છે.[2] તેની હસ્તલિખિત પ્રતો જેસલમેરના જ્ઞાન-ભંડારમાં છે.

**અભિધાનચિંતામણિ-અવચૂરિ :**

કોઈ અજ્ઞાતનામ જૈન મુનિએ અભિધાનચિંતામણિ કોશ પર ૪૫૦૦ શ્લોકપ્રમાણ 'અવચૂરિ'ની રચના કરી છે, જેની હસ્તલિખિત પ્રત પાટણના ભંડારમાં છે. તેનો ઉલ્લેખ 'જૈન ગ્રંથાવલી' પૃ. ૩૧૦માં છે.

**અભિધાનચિંતામણિ-રત્નપ્રભા :**

પં. વાસુદેવરાવ જનાર્દન કશેલીકરે અભિધાનચિંતામણિ કોશ પર 'રત્નપ્રભા'

---

૧. જુઓ—'जैसलमेर-जैन-भांडागारीय-ग्रन्थानां सूचीपत्रम्' (વડોદરા સન્ ૧૯૨૩) પૃ. ૬૧.

૨. એપિગ્રાફિઆ ઈંડિકા ૨. ૬૪, ૬૬, ૬૮, ૭૧.

जैन साईट JAINSITE.com जेनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામની ટીકાની રચના કરી છે. તેમાં ક્યાંક-ક્યાંક સંસ્કૃત શબ્દોના ગુજરાતી અર્થ પણ આપ્યા છે.

**અભિધાનચિંતામણિ-બીજક :**

'અભિધાનચિંતામણિનામમાલા-બીજક' નામથી ત્રણ મુનિઓની રચનાઓ[1] ઉપલબ્ધ થાય છે. બીજકોમાં કોશની વિસ્તૃત વિષય-સૂચી આપવામાં આવી છે.

**અભિધાનચિંતામણિનામમાલા-પ્રતીકાવલી :**

આ નામની એક હસ્તલિખિત પ્રત ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, પૂનામાં છે. તેના કર્તાનું નામ તેમાં નથી આપેલું.

**અનેકાર્થસંગ્રહ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ 'અનેકાર્થ-સંગ્રહ' નામના કોશગ્રંથની રચના વિક્રમીય ૧૩મી શતાબ્દીમાં કરી છે. આ કોશમાં એક શબ્દના અનેક અર્થ આપવામાં આવ્યા છે.

આ ગ્રંથમાં સાત કાંડ છે. ૧. એકસ્વરકાંડમાં ૧૬, ૨. દ્વિસ્વરકાંડમાં ૫૯૧, ૩. ત્રિસ્વરકાંડમાં ૭૬૬, ૪. ચતુઃસ્વરકાંડમાં ૩૪૩, ૫. પંચસ્વરકાંડમાં ૪૮, ૬. ષટ્સ્વરકાંડમાં ૫, ૭. અવ્યયકાંડમાં ૬૦ – આ પ્રમાણે કુલ મળીને ૧૮૨૯ + ૬૦ પદ્યો છે. તેમાં આરંભમાં અકારાદિ ક્રમથી અને અંતમાં ક આદિ ક્રમથી યોજના કરવામાં આવી છે.

આ કોશમાં પણ 'અભિધાનચિંતામણિ'ની માફક દેશ્ય શબ્દો છે. આ ગ્રંથ 'અભિધાનચિંતામણિ' પછી રચાયેલો છે, એવું તેના આદ્ય પદ્ય દ્વારા જ્ઞાત થાય છે.[2]

**અનેકાર્થસંગ્રહ-ટીકા :**

'અનેકાર્થસંગ્રહ' પર 'અનેકાર્થ-કૈરવાકર-કૌમુદી' નામની ટીકા આચાર્ય હેમચંદ્રસૂરિના જ શિષ્ય એવા આચાર્ય મહેન્દ્રસૂરિએ રચી છે, તેવો ટીકાના પ્રારંભમાં

---

૧. (ક) તપાગચ્છીય આચાર્ય હીરવિજયસૂરિના શિષ્ય શુભવિજયજીએ વિ.સં. ૧૬૬૧માં રચેલ. (ખ) શ્રી દેવવિમલગણિએ રચેલ. (ગ) કોઈ અજ્ઞાત નામા મુનિએ રચના કરી છે.

૨. આ કોશ ચૌખંબા સંસ્કૃત સિરીઝ, બનારસથી પ્રકાશિત થયો છે. તે પૂર્વે 'અભિધાન-સંગ્રહ'માં શક-સંવત્ ૧૮૧૮માં મહાવીર જૈન સભા, ખંભાતથી તથા વિદ્યાકર મિશ્ર દ્વારા કલકત્તાથી પ્રકાશિત થયો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉલ્લેખ મળે છે. આ કૃતિ તેમણે પોતાના ગુરુના નામ પર ચડાવી દીધી, એમ બીજા કાંડની ટીકાના અંતિમ પદ્ય પરથી જાણી શકાય છે. રચના-સમય વિક્રમીય ૧૩મી શતાબ્દી છે.

આ ગ્રંથની ટીકા[1] લખવામાં નિમ્નલિખિત ગ્રંથોની સહાયતા લેવામાં આવી છે એવો ઉલ્લેખ પ્રારંભમાં જ છે : વિશ્વપ્રકાશ, શાશ્વત, રભસ, અમરસિંહ, મંખ, હુગ્ગ, વ્યાડિ, ધનપાલ, ભાગુરિ, વાચસ્પતિ અને યાદવની કૃતિઓ તથા ધન્વંતરિકૃત નિઘંટુ અને લિંગાનુશાસન.

**નિઘણ્ટુશેષ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ 'નિઘણ્ટુશેષ' નામના વનસ્પતિ-કોશ-ગ્રંથની રચના કરી છે. 'નિઘણ્ટુ'નો અર્થ છે વૈદિક શબ્દોનો સમૂહ. વનસ્પતિઓનાં નામોના સંગ્રહને પણ 'નિઘણ્ટુ' કહેવાની પ્રાચીન પરંપરા છે. ધન્વન્તરિ-નિઘણ્ટુ, રાજકોશ-નિઘણ્ટુ, સરસ્વતી-નિઘણ્ટુ, હનુમન્નિઘણ્ટુ આદિ વનસ્પતિકોશગ્રંથો પ્રાચીનકાળમાં પ્રચલિત હતા. 'ધન્વન્તરિ-નિઘણ્ટુ' સિવાયના ઉપર્યુક્ત કોશગ્રંથો આજે દુષ્પ્રાપ્ય છે. આચાર્ય હેમચંદ્રસૂરિની સામે કદાચ 'ધન્વતંરિ-નિઘણ્ટુ' કોશ હતો. પોતાના કોશગ્રંથોની રચનાના વિષયમાં આચાર્યે આ પ્રમાણે લખ્યું છે :

> **विहितैकार्थ-नानार्थ-देश्यशब्दसमुच्चयः ।**
> **निघण्टुशेषं वक्ष्येऽहं नत्वाऽर्हत्पादपङ्कजम् ॥**

અર્થાત્ એકાર્થકકોશ (અભિધાનચિંતામણિ), નાનાર્થકોશ (અનેકાર્થસંગ્રહ) અને દેશ્યકોશ (દેશીનામમાલા)ની રચના કરીને પછી અર્હત્ તીર્થંકરના ચરણકમલને નમસ્કાર કરીને 'નિઘણ્ટુશેષ' નામનો કોશ કહીશ.

આ 'નિઘણ્ટુશેષ'માં છ કાંડ આ પ્રમાણે છે : ૧. વૃક્ષકાંડ શ્લોકો ૧૮૯, ૨. ગુલ્મકાંડ ૧૦૫, ૩. લતાકાંડ ૪૪, ૪. શાકકાંડ ૩૪, ૫. તૃણકાંડ ૧૭, ૬. ધાન્યકાંડ ૧૫ – કુલ મળીને ૩૯૬ શ્લોકો છે.

આ કોશગ્રંથ આયુર્વેદશાસ્ત્ર માટે ઉપયોગી છે.

'અભિધાનચિંતામણિ'માં આ શબ્દોને નિબદ્ધ ન કરતાં વિદ્યાર્થીઓની અનુકૂળતા માટે તે 'નિઘણ્ટુશેષ' નામથી અલગથી સંકલિત કરવામાં આવ્યા છે.[2]

---

૧. આ ટીકાગ્રંથ મૂળની સાથે શ્રી જાચારિયા (મુંબઈ)એ સન્ ૧૮૯૩માં સંપાદિત કર્યો છે.

૨. આ ગ્રંથ સટીક લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદથી સન્ ૧૯૬૮માં પ્રકાશિત થયો છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નિઘણ્ટુશેષ-ટીકા :**

ખરતરગચ્છીય શ્રીવલ્લભગણિએ ૧૭મી સદીમાં 'નિઘણ્ટુશેષ' પર ટીકા લખી છે.

**દેશીશબ્દસંગ્રહ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ 'દેશીશબ્દ-સંગ્રહ'[1] નામથી દેશ્ય શબ્દોના સંગ્રહાત્મક કોશગ્રંથની રચના કરી છે. તેનું બીજું નામ 'દેશીનામમાલા' પણ છે. તેને રયણાવલી (રત્નાવલી) પણ કહે છે. દેશ્ય શબ્દોનો આવો બીજો કોશ હજી સુધી જોવામાં આવ્યો નથી. આમાં કુલ ૭૮૩ ગાથાઓ છે, જે આઠ વર્ગોમાં વિભક્ત કરવામાં આવી છે તે વર્ગોનાં નામ આ છે : ૧.સ્વરાદિ, ૨. કવર્ગાદિ, ૩. ચવર્ગાદિ, ૪. ટવર્ગાદિ, ૫. તવર્ગાદિ, ૬. પવર્ગાદિ, ૭. યકારાદિ અને ૮. સકારાદિ. સાતમા વર્ગની શરૂઆતમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રકારની નામ-વ્યવસ્થા યદ્યપિ જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે પરંતુ વ્યાકરણમાં નથી. આ વર્ગોમાં પણ શબ્દો તેમની અક્ષરસંખ્યાના ક્રમથી રાખવામાં આવ્યા છે અને અક્ષર-સંખ્યામાં પણ અકારાદિ વર્ણાનુક્રમથી શબ્દો દર્શાવવામાં આવ્યા છે. આ ક્રમથી એકાર્થવાચી શબ્દો આપ્યા પછી અનેકાર્થવાચી શબ્દોનું આખ્યાન કરવામાં આવ્યું છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ કોશ-ગ્રંથની રચના કરતી વખતે ગ્રંથકારની સામે અનેક કોશગ્રંથો વિદ્યમાન હતા તેમ જણાય છે. પ્રારંભની બીજી ગાથામાં કોશકારે કહ્યું છે કે પાદલિપ્તાચાર્ય આદિ દ્વારા વિરચિત દેશી-શાસ્ત્રો હોવા છતાં પણ તેમણે કયા પ્રયોજનથી આ ગ્રંથ લખ્યો છે. ત્રીજી ગાથામાં કહેવામાં આવ્યું છે કે :

> **जे लक्खणे ण सिद्धा ण पसिद्धा सक्कयाहिहाणेसु ।**
> **ण य गउडलक्खणासत्तिसंभवा ते इह णिबद्धा ॥३॥**

અર્થાત્ જે શબ્દ ન તો તેમના સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણોના નિયમથી સિદ્ધ થાય, ન તો સંસ્કૃત કોશોમાં મળે અને ન તો અલંકારશાસ્ત્રપ્રસિદ્ધ ગૌડી લક્ષણાશક્તિથી અભીષ્ટ અર્થ પ્રદાન કરે તેમને જ દેશી માનીને આ કોશમાં નિબદ્ધ કરવામાં આવ્યા છે.

---

૧. પિશલ અને બુહ્લર દ્વારા સંપાદિત - મુમ્બઈ સંસ્કૃત સિરીઝ, સન્ ૧૯૮૦, બેનર્જી દ્વારા સંપાદિત-કલકત્તા, સન્ ૧૯૩૧, Studies in Hemacandra's Deśīnāmamālā by Bhayani, P. V. Research Institute, Varanasi, 1966.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કોશ પર સ્વોપજ્ઞ ટીકા છે, જેમાં અભિમાનચિહ્ન, અવન્તિસુંદરી, ગોપાલ, દેવરાજ, દ્રોણ, ધનપાલ, પાઠોદૂખલ, પાદલિપ્તાચાર્ય, રાહુલક, શામ્બ, શીલાંગ અને સાતવાહનનાં નામ આપવામાં આવ્યા છે.

**શિલોઞ્છકોશ :**

આચાર્ય હેમચંદ્રસૂરિ-રચિત 'અભિધાન-ચિંતામણિ' કોશના બીજા પરિશિષ્ટ રૂપે શ્રી જિનદેવમુનિએ 'શિલોંછ' નામથી ૧૪૦ શ્લોકની રચના કરી છે. કર્તાનો રચના સમય 'ત્રિ-વસુ-ઈન્દુ' (?) હોવાનો નિર્દેશ કર્યો છે, પરંતુ તેમાં એક અંકનો શબ્દ ખૂટે છે. 'જિનરત્નકોશ' પૃ. ૩૮૩માં વિ.સં. ૧૪૩૩માં આની રચના થઈ, એવો નિર્દેશ છે. આ સમય કયા આધારે લખવામાં આવ્યો છે તે સૂચિત કર્યું નથી. શિલોંછકોશ છપાઈ ચૂક્યો છે.

**શિલોઞ્છ-ટીકા :**

આ 'શિલોઞ્છ' પર જ્ઞાનવિમલસૂરિના શિષ્ય શ્રીવલ્લભે વિ.સં. ૧૬૫૪માં ટીકાની રચના કરી છે. આ ટીકા છપાઈ છે.

**નામકોશ :**

ખરતરગચ્છીય વાચક રત્નસારના શિષ્ય સહજકીર્તિએ છ કાંડોમાં લિંગનિર્ણયની સાથે 'નામકોશ' કે 'નામમાલા' નામના કોશ-ગ્રંથની રચના કરી છે. આ કોશનો આદિ શ્લોક આ પ્રમાણે છે :

**स्मृत्वा सर्वज्ञमात्मानं सिद्धशब्दार्णवान् जिनान् ।**
**सलिङ्गनिर्णयं नामकोशं सिद्धं स्मृतिं नये ॥**

અંતિમ પદ્ય આ પ્રમાણે છે :

**कृतशब्दार्णवैः साङ्गः श्रीसहजादिकीर्तिभिः ।**
**सामान्यकाण्डोऽयं षष्ठः स्मृतिमार्गमनीयत ॥**

સહજકીર્તિએ 'શતદલકમલાલંકૃતલોદ્રપુરીયપાર્શ્વનાથ સ્તુતિ' (સંસ્કૃત)ની રચના વિ. સં. ૧૬૮૩માં કરી છે. આ કોશ પણ તે સમયની આસપાસમાં રચાયેલો હશે. આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.

સહજકીર્તિના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે :

૧. શતદલકમલાલંકૃતલોદ્રપુરીયપાર્શ્વનાથ સ્તુતિ (સં. ૧૬૮૩)

૨. મહાવીરસ્તુતિ (સં. ૧૬૮૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. કલ્પસૂત્ર પર 'કલ્પમંજરી' નામની ટીકા (પોતાના સતીર્થ્ય શ્રીસારમુનિની સાથે સં. ૧૬૮૫),
૪. અનેકશાસ્ત્રસારસમુચ્ચય,
૫. એકાદિદશપર્યન્તશબ્દ-સાધનિકા,
૬. સારસ્વતવૃત્તિ,
૭. શબ્દાર્ણવવ્યાકરણ (ગ્રંથાગ્ર ૧૭૦૦૦)
૮. ફલવર્દ્ધિપાર્શ્વનાથમાહાત્મ્યમહાકાવ્ય (૨૪ સર્ગાત્મક),
૯. પ્રીતિષટ્ત્રિંશિકા (સં. ૧૬૮૮).

**શબ્દચંદ્રિકા :**

આ કોશગ્રંથના કર્તાનો કોઈ ઉલ્લેખ મળતો નથી. તેની ૧૭ પત્રોની હસ્તલિખિત પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે. આ કૃતિ કદાચ અપૂર્ણ છે. તેનો પ્રારંભ આ પ્રમાણે છે :

**ध्यायं ध्यायं महावीरं स्मारं स्मारं गुरोर्वचः ।**
**शास्त्रं दृष्ट्वा वयं कुर्मः बालबोधाय पद्धतिम् ॥**
**पत्रलिखनास्याद्वादमतं ज्ञात्वा वरं किल ।**
**मनोरमां वयं कुर्मः बालबोधाय पद्धतिम् ॥**

આ શ્લોકોના આધારે તેનું નામ 'બાલબોધપદ્ધતિ' અથવા 'મનોરમાકોશ' પણ હોઈ શકે છે. હસ્તલિખિત પ્રતના હાંસિયામાં 'શબ્દ-ચંદ્રિકા' ઉલ્લિખિત છે. આથી અહીં આ કોશનું નામ 'શબ્દ-ચંદ્રિકા' આપવામાં આવ્યું છે. તેમાં શબ્દોનો ઉલ્લેખ કરીને પર્યાયવાચી નામો એક સાથે ગદ્યમાં આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ માટે આ કોશ ઉપયોગી છે. આ ગ્રંથ છપાયેલો નથી.

**સુંદરપ્રકાશ-શબ્દાર્ણવ :**

નાગોરી તપાગચ્છીય શ્રી પદ્મમેરુના શિષ્ય પદ્મસુંદરે પાંચ પ્રકરણોમાં 'સુંદરપ્રકાશ શબ્દાર્ણવ' નામના કોશ-ગ્રંથની રચના વિ.સં. ૧૬૧૯માં કરી છે. તેની હસ્તલિખિત પ્રત તે સમયની એટલે કે વિ.સં. ૧૬૧૯માં લખાયેલી પ્રાપ્ત થાય છે. આ કોશમાં ૨૬૬૮ પદ્યો છે. આની ૮૮ પત્રોની હસ્તલિખિત પ્રત સુજાનગઢમાં શ્રી પનેચંદજી સિંઘીના સંગ્રહમાં છે.

પં. પદ્મસુંદર ઉપાધ્યાય ૧૭મી સદીના વિદ્વાન હતા. સમ્રાટ અકબરની સાથે તેમને ઘનિષ્ઠ સંબંધ હતો. અકબર સમક્ષ એક બ્રાહ્મણ પંડિતને શાસ્ત્રાર્થમાં પરાજિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવા બદલ અકબરે તેમને સમ્માનિત કર્યા હતા તથા તેમને માટે આગ્રામાં એક ધર્મસ્થાનક બનાવડાવી આપ્યું હતું. ઉપાધ્યાય પદ્મસુંદર જ્યોતિષ, વૈદક, સાહિત્ય અને તર્ક આદિ શાસ્ત્રોના ધુરંધર વિદ્વાન હતા. તેમની પાસે આગ્રામાં વિશાળ શાસ્ત્રસંગ્રહ હતો. તેમનો સ્વર્ગવાસ થયા પછી સમ્રાટ અકબરે તે શાસ્ત્રસંગ્રહ આચાર્ય હીરવિજયસૂરિને સમર્પિત કર્યો હતો.

**શબ્દભેદનામમાલા :**

મહેશ્વર નામના વિદ્વાને 'શબ્દભેદનામમાલા'ની રચના કરી છે. તેમાં સંભવતઃ થોડા અંતરવાળા શબ્દો જેવા કે-अप्गा, आप्गा, अगार, आगार, अराति, आराति આદિ એકાર્થક શબ્દોનો સંગ્રહ હશે.

**શબ્દભેદનામમાલા-વૃત્તિ :**

'શબ્દભેદનામમાલા' પર ખરતરગચ્છીય ભાનુમેરુના શિષ્ય જ્ઞાનવિમલસૂરિએ વિ. સં. ૧૬૫૪માં ૩૮૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિગ્રંથની રચના કરી છે.

**નામસંગ્રહ :**

ઉપાધ્યાય ભાનુચંદ્રગણિએ 'નામસંગ્રહ' નામક કોશની રચના કરી છે. તેને 'નામમાલા-સંગ્રહ' અથવા 'વિવિક્તનામ-સંગ્રહ' પણ કહે છે આ 'નામમાલા'ને ઘણા વિદ્વાનો 'ભાનુચંદ્ર-નામમાલા'ના નામથી પણ ઓળખે છે.[1] આ કોશમાં 'અભિધાન-ચિંતામણિ'ની જેમ છ કાંડ છે અને કાંડોના શીર્ષક પણ તે જ પ્રમાણે છે. ઉપાધ્યાય ભાનુચંદ્ર મુનિ સૂરચંદ્રના શિષ્ય હતા. તેમને વિ.સં. ૧૬૪૮માં લાહોરમાં ઉપાધ્યાયની પદવી આપવામાં આવી હતી. તેઓ સમ્રાટ અકબરને સ્વરચિત 'સૂર્યસહસ્રનામ' પ્રત્યેક રવિવારે સંભળાવતા હતા. તેમના રચેલા અન્ય ગ્રંથો આ પ્રમાણે છે :

૧. રત્નપાલકથાનક (વિ.સં. ૧૬૬૨), ૨. સૂર્યસહસ્રનામ, ૩. કાદમ્બરીવૃત્તિ, ૪. વસન્તરાજશાકુન-વૃત્તિ, ૫. વિવેકવિલાસ-વૃત્તિ, ૬. સારસ્વતવ્યાકરણ-વૃત્તિ.

**શારદીયનામમાલા :**

નાગપુરીય તપાગચ્છના આચાર્ય ચંદ્રકીર્તિસૂરિના શિષ્ય હર્ષકીર્તિસૂરિએ 'શારદીયનામમાલા' કે 'શારદીયાભિધાનમાલા' નામના કોશ-ગ્રંથની રચના ૧૭મી શતાબ્દીમાં કરી છે. તેમાં લગભગ ૩૦૦ શ્લોકો છે.

---

૧. જુઓ - જૈન ગ્રંથાવલી, પૃ. ૩૧૧.

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય હર્ષકીર્તિસૂરિ વ્યાકરણ અને વૈદ્યકમાં નિપુણ હતા. તેમના નિમ્નોક્ત ગ્રંથો છે :

૧. યોગચિંતામણિ, ૨. વૈદ્યકસારોદ્ધાર, ૩. ધાતુપાઠ, ૪. સેટ્-અનિટ્કારિકા, ૫. કલ્યાણમંદિરસ્તોત્ર-ટીકા, ૬. બૃહચ્છાંતિસ્તોત્ર-ટીકા, ૭. સિંદૂરપ્રકર, ૮. શ્રુતબોધ-ટીકા આદિ.

**શબ્દરત્નાકર :**

ખરતરગચ્છીય સાધુસુંદરગણિએ વિ. સં. ૧૬૮૦માં 'શબ્દરત્નાકર' નામક કોશગ્રંથની રચના કરી છે. સાધુસુંદર સાધુકીર્તિના શિષ્ય હતા.

શબ્દરત્નાકર પદ્યાત્મક કૃતિ છે. તેમાં છ કાંડ - ૧. અર્હત્, ૨. દેવ, ૩. માનવ, ૪. તિર્યક્, ૫. નારક અને ૬. સામાન્ય કાંડ — છે.[1]

આ ગ્રંથના કર્તાએ 'ઉક્તિરત્નાકર' અને ક્રિયાકલાપવૃત્તિયુક્ત 'ધાતુરત્નાકર'ની રચના પણ કરી છે. તેમનું જેસલમેરના કિલ્લામાં પ્રતિષ્ઠિત પાર્શ્વનાથ-તીર્થંકરની સ્તુતિરૂપ સ્તોત્ર પણ પ્રાપ્ત થાય છે.

**અવ્યયૈકાક્ષરનામમાલા :**

મુનિ સુધાકલશગણિએ 'અવ્યયૈકાક્ષરનામમાલા' નામક ગ્રંથ ૧૪મી શતાબ્દીમાં રચ્યો છે. તેની ૧ પત્રની ૧૭મી શતાબ્દીમાં લખાયેલી પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં વિદ્યમાન છે.

**શેષનામમાલા :**

ખરતરગચ્છીય મુનિ શ્રી સાધુકીર્તિએ 'શેષનામમાલા' કે 'શેષસંગ્રહનામમાલા' નામક કોશગ્રંથની રચના કરી છે. તેમના જ શિષ્યરત્ન સાધુસુંદરગણિએ વિ.સં. ૧૬૮૦માં 'ક્રિયાકલાપ' નામક વૃત્તિયુક્ત 'ધાતુરત્નાકર', 'શબ્દરત્નાકર' અને 'ઉક્તિરત્નાકર' નામના ગ્રંથોની રચના કરી છે.

મુનિ સાધુકીર્તિએ યવનપતિ બાદશાહ અકબરની સભામાં અન્યાન્ય ધર્મપંથોના પંડિતો સાથે વાદ-વિવાદમાં ખૂબ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. તેથી બાદશાહે તેમને

---

૧. આ ગ્રંથ યશોવિજય જૈન ગ્રંથમાલા, ભાવનગરથી વી.સં. ૨૪૩૯માં પ્રકાશિત થયો છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'વાદિસિંહ'ની પદવીથી વિભૂષિત કર્યા હતા. તેઓ હજારો શાસ્ત્રોના સારને જાણનારા અસાધારણ વિદ્વાન હતા.[1]

**શબ્દસંદોહસંગ્રહ :**

જૈન ગ્રંથાવલી પૃ. ૩૧૩માં 'શબ્દસંદોહસંગ્રહ' નામની કૃતિની ૪૭૯ પત્રોની તાડપત્રીય પ્રત હોવાનો ઉલ્લેખ છે.

**શબ્દરત્નપ્રદીપ :**

'શબ્દરત્નપ્રદીપ' નામક કોશગ્રંથના કર્તાનું નામ જાણી શકાયું નથી, પરંતુ સુમતિગણિની વિ.સં. ૧૨૯૫માં રચાયેલી 'ગણધરસાર્ધશતકવૃત્તિ'માં આ ગ્રંથનો નામોલ્લેખ વારંવાર આવે છે. કલ્યાણમલ્લ નામના કોઈ વિદ્વાને પણ 'શબ્દરત્નપ્રદીપ' નામના ગ્રંથની રચના કરી છે. જો ઉક્ત ગ્રંથ એ જ હોય તો આ ગ્રંથ જૈનેતરકૃત હોવાથી અહીં ગણાવી શકાય નહીં.

**વિશ્વલોચનકોશ :**

દિગંબર મુનિ ધરસેને 'વિશ્વલોચનકોશ' અપરનામ 'મુક્તાવલીકોશ'ની સંસ્કૃતમાં રચના કરી છે. આ અનેકાર્થકકોશમાં કુલ ૨૪૫૩ પદ્યો છે. તેના રચનાક્રમમાં સ્વર અને કકાર આદિ વર્ણોના ક્રમથી શબ્દના આદિનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દ્વિતીય વર્ણમાં પણ કકારાદિનો ક્રમ રાખવામાં આવ્યો છે. તેમાં શબ્દોને કાન્તથી લઈને હાન્ત સુધીના ૩૩ વર્ગો, ક્ષાન્ત વર્ગ અને અવ્યયવર્ગ — આ પ્રમાણે કુલ મળીને ૩૫ વર્ગોમાં વિભક્ત કરવામાં આવ્યા છે.

મુનિ ધરસેન સેન-વંશમાં થઈ જનારા કવિ, આન્વીક્ષિકી વિદ્યામાં નિષ્ણાત અને વાદી મુનિસેનના શિષ્ય હતા. તેઓ સમસ્ત શાસ્ત્રોના પારગામી, રાજાઓના વિશ્વાસપાત્ર અને કાવ્યશાસ્ત્રના મર્મજ્ઞ હતા. આ અનેકાર્થકોશ વિવિધ કવીશ્વરોના કોશોને જોઈને રચવામાં આવ્યો છે, તેમ તેની પ્રશસ્તિમાં કહેવામાં આવ્યું છે.[2]

આ ધરસેનના સમય બાબતે કોઈ પ્રમાણ મળતું નથી. આ કોશ ચૌદમી શતાબ્દીમાં રચવામાં આવ્યો હોય એવું અનુમાન કરી શકાય.

---

૧. खरतरगणपाथोराशिवृद्धौ मृगाङ्का यवनपतिसभायां ख्यापितार्हन्मताज्ञाः ।
प्रहतकुमतिदर्पाः पाठकाः साधुकीर्तिप्रवरसदभिधाना वादिसिंहा जयन्तु ॥
तेषां शास्त्रसहस्रसारविदुषां.........॥ — ઉક્તિરત્નાકર-પ્રશસ્તિ.

૨. આ ગ્રંથ 'ગાંધી નાથા રંગજી જૈન ગ્રંથમાલા'માં સન્ ૧૯૧૨માં છપાઈ ચૂક્યો છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નાનાર્થકોશ :**

'નાનાર્થકોશ'ના રચયિતા અસગ નામે કવિ હતા, તેવો માત્ર ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેઓ કદાચ દિગંબર જૈન ગૃહસ્થ હતા. તેઓ ક્યારે થઈ ગયા અને ગ્રંથની રચનાશૈલી કેવી છે, તે ગ્રંથ પ્રાપ્ત થતો ન હોવાથી કહી શકાતું નથી.

**પંચવર્ગસંગ્રહનામમાલા :**

આચાર્ય મુનિસુંદરસૂરિના શિષ્ય શુભશીલગણિએ વિ.સં. ૧૫૨૫માં 'પંચવર્ગસંગ્રહ-નામમાલા'ની રચના કરી છે.

ગ્રંથકર્તાના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે : ૧. ભરતેશ્વરબાહુબલી-સવૃત્તિ, ૨. પંચશતીપ્રબન્ધ, ૩. શત્રુંજયકલ્પકથા (વિ.સં. ૧૫૧૮), ૪. શાલિવાહન-ચરિત્ર (વિ. સં. ૧૫૪૦), ૫. વિક્રમચરિત્ર આદિ કેટલાક કથાગ્રંથ.

**અપવર્ગનામમાલા :**

આ ગ્રંથને 'જિનરત્નકોશ' પૃ. ૨૭૭માં 'પંચવર્ગપરિહારનામમાલા' નામ આપવામાં આવ્યું છે, પરંતુ તેનો આદિ અને અંત ભાગ જોતાં 'અપવર્ગનામમાલા'[૧] જ વાસ્તવિક નામ જણાય છે.

આ કોશમાં પાંચ વર્ગ એટલે કે ક થી મ સુધીના વર્ણોને છોડીને ય, ર, લ, વ, શ, ષ, સ, હ - આ આઠ વર્ણોમાંથી ઓછા-વત્તા વર્ણો વડે બનેલા શબ્દો દર્શાવ્યા છે.

આ કોશના રચયિતા જિનભદ્રસૂરિ છે. તેમણે પોતાને જિનવલ્લભસૂરિ અને જિનદત્તસૂરિના સેવક ગણાવ્યા છે અને પોતાનો જિનપ્રિય (વલ્લભ) સૂરિના વિનેય-શિષ્યરૂપે પરિચય આપ્યો છે.[૨] આથી તેઓ ૧૨મી શતાબ્દીમાં થઈ ગયા એવું અનુમાન થાય છે, પરંતુ આ સમય વિચારણીય છે.

**અપવર્ગનામમાલા :**

જૈન ગ્રંથાવલી, પૃ. ૩૦૯માં અજ્ઞાતકર્તૃક 'અપવર્ગનામમાલા' નામના ગ્રંથનો ઉલ્લેખ છે જે ૨૧૫ શ્લોક-પ્રમાણ છે.

---

૧. अपवर्गपदाध्यासितमपवर्गत्रितयमार्हतं नत्वा ।
अपवर्गनाममाला विधीयते मुग्धबोधधिया ॥

२. श्रीजिनवल्लभ-जिनदत्तसूरिसेवी जिनप्रियविनेयः ।
अपवर्गनाममालामकरोज्जिनभद्रसूरिरिमाम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**એકાક્ષરી-નાનાર્થકાંડ :**

દિગંબર ધરસેનાચાર્યે 'એકાક્ષરી-નાનાર્થકાંડ' નામના કોશની પણ રચના કરી છે.[1] તેમાં ૩૫ પદ્યો છે. ક થી લઈને ક્ષ સુધીના વર્ણોના અર્થનો નિર્દેશ પ્રથમ ૨૮ પદ્યોમાં છે અને સ્વરોનો અર્થનિર્દેશ પછીના ૭ પદ્યોમાં છે.

**એકાક્ષરનામમાલિકા :**

અમરચંદ્રસૂરિએ 'એકાક્ષરનામમાલિકા' નામક કોશ-ગ્રંથની રચના ૧૩મી શતાબ્દીમાં કરી છે. આ કોશના પ્રથમ પદ્યમાં કર્તાએ અમરકવીન્દ્ર નામ દર્શાવ્યું છે અને સૂચિત કર્યું છે કે વિશ્વાભિધાનકોશોનું અવલોકન કરીને આ 'એકાક્ષરનામમાલિકા'ની રચના કરી છે. તેમાં ૨૧ પદ્યો છે.

અમરચંદ્રસૂરિએ ગુજરાતના રાજા વિસલદેવની રાજસભાને વિભૂષિત કરી હતી. તેમણે પોતાની શીઘ્રકવિત્વશક્તિથી સંસ્કૃતમાં કાવ્ય-સમસ્યાપૂર્તિ કરીને સમકાલીન કવિસમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

તેમના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે : ૧. બાલભારત, ૨. કાવ્યકલ્પલતા (કવિશિક્ષા), ૩. પદ્માનંદ-મહાકાવ્ય, ૪. સ્યાદિશબ્દસમુચ્ચય.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**એકાક્ષરકોશ :**

મહાક્ષપણકે 'એકાક્ષરકોશ' નામના ગ્રંથની રચના કરી છે. કવિએ પ્રારંભમાં જ આગમો, અભિધાનો, ધાતુઓ અને શબ્દશાસનથી આ એકાક્ષરનામાભિધાન કર્યું છે. ૪૧ પદ્યોમાં ક થી ક્ષ સુધીના વ્યંજનોના અર્થપ્રતિપાદન પછી સ્વરોના અર્થોનું દિગ્દર્શન કર્યું છે.

એક પ્રતિમાં કર્તાના સંબંધમાં આ પ્રકારનો પાઠ મળે છે : 'एकाक्षरार्थसंलापः स्मृतः क्षपणकादिभिः ।' આ રીતે નામ સિવાય આ ગ્રંથકાર વિશે કોઈ પરિચય પ્રાપ્ત થતો નથી. આ કોશ-ગ્રંથ પ્રકાશિત છે.[2]

---

૧. પં. નંદલાલ શર્માની ભાષા-ટીકા સાથે સન્ ૧૯૧૨માં આકલૂજનિવાસી નાથા રંગજી ગાંધી દ્વારા આ અનેકાર્થકોશ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

૨. એકાક્ષરનામ-કોષસંગ્રહઃ સંપાદક-પં. મુનિશ્રી રમણીકવિજયજી; પ્રકાશક - રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર, વિ. સં. ૨૦૨૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**એકાક્ષરનામમાલા :**

'એકાક્ષરનામમાલા'[1]માં ૫૦ પદ્યો છે. વિક્રમની ૧૫મી શતાબ્દીમાં તેની રચના સુધાકલશમુનિએ કરી છે. કર્તાએ શ્રી વર્ધમાન તીર્થંકરને પ્રણામ કરીને અંતિમ પદ્યમાં પોતાનો પરિચય આપતાં પોતાને મલધારિગચ્છભર્ત્તા ગુરુ રાજશેખરસૂરિના શિષ્ય બતાવ્યા છે.

રાજશેખરસૂરિએ વિ.સં. ૧૪૦૫માં 'પ્રબન્ધકોશ' (ચતુર્વિંશતિપ્રબન્ધ) નામના ગ્રંથની રચના કરી છે.

ઉપાધ્યાય સમયસુંદરગણિએ સં. ૧૬૪૯માં રચાયેલા 'અષ્ટલક્ષાર્થી-અર્થરત્નાવલી'માં આ કોશનો નામનિર્દેશ કર્યો છે અને અવતરણ આપ્યું છે.

સુધાકલશગણિરચિત 'સંગીતોપનિષત્' (સં. ૧૩૮૦) અને તેનો સારસારોદ્ધાર (સં. ૧૪૦૬) પ્રાપ્ત થાય છે. જે સન્ ૧૯૬૧માં ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ દ્વારા સંપાદિત થઈને ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ, ૧૩૩,માં 'સંગીતોપનિષત્ સારોદ્ધાર' નામથી પ્રકાશિત થયેલ છે.

**આધુનિક પ્રાકૃત-કોશ :**

આચાર્ય વિજયરાજેન્દ્રસૂરિએ સાડા ચાર લાખ શ્લોક-પ્રમાણ 'અભિધાનરાજેન્દ્ર' નામના પ્રાકૃત કોશગ્રંથની રચનાનો પ્રારંભ વિ.સં. ૧૯૪૬માં સિયાણામાં કર્યો હતો અને સં. ૧૯૬૦માં સૂરતમાં તેની પૂર્ણાહુતિ કરી હતી. આ કોશ સાત વિશાળકાય ભાગોમાં છે. તેમાં ૬૦,૦૦૦ પ્રાકૃત શબ્દોના મૂળ સાથે સંસ્કૃતમાં અર્થો આપ્યા છે અને તે શબ્દોના મૂળસ્થાન અને અવતરણ પણ આપ્યાં છે. ક્યાંક ક્યાંક તો અવતરણોમાં આખે આખો ગ્રંથ જ આપવામાં આવ્યો છે. ઘણા અવતરણો સંસ્કૃતમાં પણ છે. આધુનિક પદ્ધતિથી તેની સંકલના થઈ છે.[2]

આ રીતે આ જ વિજયરાજેન્દ્રસૂરિનો 'શબ્દામ્બુધિકોશ' પ્રાકૃતમાં છે, જે હજી પ્રકાશિત થયો નથી.

---

૧. આ 'એકાક્ષરનામમાલા' હેમચન્દ્રાચાર્યની 'અભિધાનચિંતામણિ'ની અનેક આવૃત્તિઓની સાથે પરિશિષ્ટોમાં (દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, વિજયકસ્તૂરસૂરિસંપાદિત 'અભિધાનચિન્તામણિ-કોશ', પૃ. ૨૩૬-૨૪૦) અને 'અનેકાર્થરત્નમંજૂષા' પરિશિષ્ટ ક (દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ, ગ્રંથ ૮૧)માં પણ પ્રકાશિત છે.

૨. આ કોશ રતલામથી પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં. હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠે 'પાઈયસદ્દમહણ્ણવ' (પ્રાકૃતશબ્દમહાર્ણવ) નામનો પ્રાકૃત-હિન્દી-શબ્દ-કોશ રચ્યો છે જે પ્રકાશિત છે.

શતાવધાની શ્રી રત્નચંદ્રજી મુનિએ 'અર્ધમાગધી-ડિક્શનરી' નામથી આગમોના પ્રાકૃત શબ્દોનો ચાર ભાષાઓમાં અર્થ આપીને પ્રાકૃતકોશગ્રંથ બનાવ્યો છે જે પ્રકાશિત છે.

આગમોદ્ધારક આચાર્ય આનંદસાગરસૂરિના 'અલ્પપરિચિતસૈદ્ધાન્તિક-શબ્દકોશ'ના બે ભાગો પ્રકાશિત થયા છે.

**તૌરુષ્કીનામમાલા :**

સોમમંત્રીના પુત્રે (જેનું નામ જણાવવામાં નથી આવ્યું) 'તૌરુષ્કીનામમાલા' અપરનામ 'યવનનામમાલા' નામના સંસ્કૃત-ફારસી-કોશગ્રંથની રચના કરી છે, જેની વિ.સં. ૧૭૦૬માં લખાયેલી ૬ પત્રોની એક પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે. તેના અંતમાં આ પ્રમાણેની પ્રશસ્તિ છે :

**राजर्षेर्देशरक्षाकृत् गुमास्त्यु स च कथ्यते ।**
**हीमतिः सत्त्वमित्युक्ता यवनीनाममालिका ॥**

**इति श्रीजैनधर्मीय श्रीसोममन्त्रीश्वरात्मजविरचिते यवनीभाषायां तौरुष्की-नाममाला समाप्ता । सं. १७०६ वर्षे शाके १५७२ वर्तमाने ज्येष्ठशुक्लाष्टमीघस्त्रे श्रीसमालखानडेरके लिपिकृता महिमासमुद्रेण ।**

મુસ્લિમ રાજકાળમાં સંસ્કૃત-ફારસીના વ્યાકરણ અને કોશગ્રંથોની જૈનજૈનેતરકૃત ઘણી બધી રચનાઓ મળે છે. બિહારી કૃષ્ણદાસ, વેદાંગરાય અને બે અજ્ઞાત વિદ્વાનોની વ્યાકરણ-ગ્રંથોની રચનાઓ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. પ્રતાપભટ્ટકૃત 'યવનનામમાલા' અને અજ્ઞાતકર્તૃક એક ફારસી-કોશની હસ્તલિખિત પ્રતો પણ ઉપર્યુક્ત વિદ્યામંદિરના સંગ્રહમાં છે.

**ફારસી-કોશ :**

કોઈ અજ્ઞાતનામી વિદ્વાને આ 'ફારસી-કોશ'ની રચના કરી છે, જેની ૨૦મી સદીમાં લખાયેલી ૬ પત્રોની પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજું પ્રકરણ

# અલંકાર

વામને પોતાના 'કાવ્યાલંકારસૂત્ર'માં 'અલંકાર' શબ્દના બે અર્થ બતાવ્યા છે : ૧. સૌન્દર્યના રૂપમાં (सौन्दर्यमलंकार:) અને ૨. અલંકરણના રૂપમાં (अलंक्रियतेऽनेन, करणव्युत्पत्त्या पुनरलंकारशब्दोऽयमुपमादिषु वर्तते). તેમના મતે કાવ્યશાસ્ત્ર-સંબંધી ગ્રંથને કાવ્યાલંકાર એ માટે કહેવાય છે કે તેમાં કાવ્યગત સૌંદર્યનો નિર્દેશ અને આખ્યાન કરવામાં આવે છે. તેથી આપણે 'काव्यं ग्राह्यमलङ्कारात्' કાવ્યને ગ્રાહ્ય અને શ્રેષ્ઠ માનીએ છીએ.

'અલંકાર' શબ્દના બીજા અર્થનો ઈતિહાસ જોવામાં આવે તો રુદ્રદામન્‌ના શિલાલેખ અનુસાર દ્વિતીય શતાબ્દી ઈસ્વી સન્‌માં સાહિત્યિક ગદ્ય અને પદ્યને અલંકૃત કરવું આવશ્યક માનવામાં આવતું હતું.

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

'નાટ્યશાસ્ત્ર' (અ. ૧૭, ૧-૫)માં ૩૬ લક્ષણ ગણાવવામાં આવ્યા છે. નાટ્યમાં પ્રયુક્ત કાવ્યમાં તેમનો વ્યવહાર થતો હતો. ધીરે-ધીરે આ લક્ષણો લુપ્ત થતાં ગયાં અને તેમાંથી કેટલાંક લક્ષણોનો દંડી આદિ પ્રાચીન આલંકારિકોએ અલંકારના રૂપમાં સ્વીકાર કર્યો. ભૂષણ[1] અથવા વિભૂષણ નામના પ્રથમ લક્ષણમાં અલંકારો અને ગુણોનો સમાવેશ થયો.

'નાટ્યશાસ્ત્ર'માં ઉપમા, રૂપક, દીપક, યમક-આ ચાર અલંકારોને નાટકના અલંકારો માનવામાં આવ્યા છે.

જૈનોના પ્રાચીન સાહિત્યમાં 'અલંકાર' શબ્દનો પ્રયોગ અને તેનું વિવેચન ક્યાં થયું છે અને અલંકાર-સંબંધી પ્રાચીન ગ્રંથ કયા છે, તેની શોધ કરવી પડશે.

જૈન સિદ્ધાંત-ગ્રંથોમાં વ્યાકરણની સૂચના ઉપરાંત કાવ્યરસ, ઉપમા આદિ વિવિધ અલંકારોનો ઉપયોગ થયો છે. ૫મી શતાબ્દીમાં રચિત નંદીસૂત્રમાં કાવ્યરસનો ઉલ્લેખ

---

૧. ભૂષણની વ્યાખ્યા – अलंकारैर्गुणैश्चैव बहुभिः समलङ्कृतम् ।
भूषणैरिव चित्रार्थैस्तद् भूषणमिति स्मृतम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. 'સ્વરપાહુડ'માં ૧૧ અલંકારોનો ઉલ્લેખ છે અને 'અનુયોગદ્વારસૂત્ર'માં નવ રસોના ઊહાપોહ ઉપરાંત સૂત્રોનાં લક્ષણ દર્શાવતાં કહેવામાં આવ્યું છે :

**निद्दोसं सारमंतं च हेउजुत्तमलंकियं ।**
**उवणीअं सोवयारं च मियं महुरमेव च ॥**

અર્થાત્ સૂત્ર નિર્દોષ, સારયુક્ત, હેતુ ધરાવતું, ઉપનીત-પ્રસ્તાવના અને ઉપસંહારવાળું, સોપચાર-અવિરુદ્ધાર્થક અને અનુપ્રાસયુક્ત અને મિત-અલ્પાક્ષરી તથા મધુર હોવું જોઈએ.

વિક્રમ સંવત્‌ના પ્રારંભમાં જ જૈનાચાર્યોએ કાવ્યમય કથાઓ લખવાનો પ્રયત્ન કર્યો છે. આચાર્ય પાદલિપ્તની તરંગવતી, મલયવતી, મગધસેના, સંઘદાસગણિવિરચિત વસુદેવહિંડી તથા ધૂર્તાખ્યાન આદિ કથાઓનો ઉલ્લેખ વિક્રમની પાંચમી-છઠ્ઠી સદીમાં રચાયેલાં ભાષ્યોમાં આવે છે. આ ગ્રંથો અલંકાર અને રસથી યુક્ત છે.

વિક્રમની ૭મી શતાબ્દીના વિદ્વાન જિનદાસગણિ મહત્તર અને ૮મી શતાબ્દીમાં વિદ્યમાન આચાર્ય હરિભદ્રસૂરિના ગ્રંથોમાં 'कव्वालंकारेहिं जुत्तमलंकियं' કાવ્યને અલંકારોથી યુક્ત અને અલંકૃત કહ્યું છે.

હરિભદ્રસૂરિએ 'આવશ્યકસૂત્ર-વૃત્તિ' (પત્ર ૩૭૫)માં કહ્યું છે કે સૂત્ર બત્રીસ દોષોથી મુક્ત અને 'છવિ' અલંકારથી યુક્ત હોવું જોઈએ. તાત્પર્ય એ કે સૂત્ર આદિની ભાષા ભલે સીધી-સાદી સ્વાભાવિક જ હોય પરંતુ તે શબ્દાલંકાર અને અર્થાલંકારથી વિભૂષિત હોવી જોઈએ. તેનાથી કાવ્યનું કલેવર ભાવ અને સૌંદર્યથી દેદીપ્યમાન થઈ જાય છે. ગમે તેવી રુચિવાળાને આવી રચના હૃદયંગમ થાય છે.

પ્રાચીન કવિઓમાં પુષ્પદંતે પોતાની રચનામાં રુદ્રટ આદિ કાવ્યાલંકારિકોનું સ્મરણ કર્યું છે. જિનવલ્લભસૂરિ, જેમનો વિ.સં. ૧૧૬૭માં સ્વર્ગવાસ થયો તે, રુદ્રટ, દંડી, ભામહ આદિ આલંકારિકોના શાસ્ત્રોમાં નિપુણ હતા, તેમ કહેવામાં આવ્યું છે.

જૈન સાહિત્યમાં વિક્રમની નવમી શતાબ્દી પૂર્વે કોઈ અલંકારશાસ્ત્રની સ્વતંત્ર રચના થઈ હોય તેમ જણાતું નથી. નવમી શતાબ્દીમાં વિદ્યમાન આચાર્ય બપ્પભટ્ટિસૂરિરચિત 'કવિ-શિક્ષા' નામક રચના ઉપલબ્ધ નથી. પ્રાકૃતભાષામાં રચિત 'અલંકારદર્પણ' યદ્યપિ વિ.સં. ૧૧૬૫ પૂર્વેની રચના છે પરંતુ તે કયા વર્ષ કે શતાબ્દીમાં રચાયેલ છે, તે નિશ્ચિત નથી. જો તેને દસમી શતાબ્દીનો ગ્રંથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનવામાં આવે તો તેને અલંકારવિષયક સર્વપ્રથમ રચના માની શકાય. વિક્રમની ૧૦મી શતાબ્દીમાં મુનિ અજિતસેને 'શ્રૃંગારમંજરી' ગ્રંથની રચના કરી છે પરંતુ આ ગ્રંથ અત્યાર સુધી જોવામાં આવ્યો નથી. તે પછી થારાપદ્રીયગચ્છના નમિસાધુએ રુદ્રટ કવિના 'કાવ્યાલંકાર' પર વિ.સં. ૧૧૨૫માં ટીકા લખી છે. તેની પછી જ અન્ય વિદ્વાનોની કૃતિઓ ઉપલબ્ધ થાય છે.

આચાર્ય રત્નપ્રભસૂરિરચિત 'નેમિનાથચરિત'માં અલંકારશાસ્ત્રની વિસ્તૃત ચર્ચા આવે છે. આ રીતે અન્ય વિષયોના ગ્રંથોમાં પ્રસંગવશાત્ અલંકાર અને રસવિષયક ઉલ્લેખો મળે છે.

જૈન વિદ્વાનોની આ પ્રકારની કૃતિઓ પર જૈનેતર વિદ્વાનોએ ટીકાગ્રંથોની રચના કરી હોય, તેવો 'વાગ્ભટાલંકાર' સિવાય કોઈ ગ્રંથ સુલભ નથી. જૈનેતર વિદ્વાનોની કૃતિઓ પર જૈનાચાર્યોના અનેક વ્યાખ્યાગ્રંથો પ્રાપ્ત થાય છે. આ ગ્રંથો જૈન વિદ્વાનોના ગહન પાંડિત્ય તથા વિદ્યાવિષયક વ્યાપક દૃષ્ટિના પરિચાયક છે.

**અલંકારદર્પણ (અલંકારદપ્પણ) :**

'અલંકારદપ્પણ' નામની પ્રાકૃતભાષામાં રચાયેલી એકમાત્ર કૃતિ, જે વિ.સં. ૧૧૬૧માં તાડપત્ર પર લખવામાં આવેલી છે, જૈસલમેરના ભંડારમાં મળે છે. તેનું આંતરનિરીક્ષણ કરતાં જણાય છે કે આ ગ્રંથ સંક્ષિપ્ત હોવા છતાં પણ અલંકાર-ગ્રંથોમાં અતિ પ્રાચીન ઉપયોગી ગ્રંથ છે. તેમાં અલંકારનાં લક્ષણો બતાવીને લગભગ ૪૦ ઉપમા, રૂપક આદિ અર્થાલંકારો અને શબ્દાલંકારોનાં પ્રાકૃતભાષામાં લક્ષણો આપ્યા છે. તેમાં કુલ ૧૩૪ ગાથાઓ છે. તેના કર્તાના વિષયમાં આ ગ્રંથમાં કે અન્ય કોઈ ગ્રંથોમાં કોઈ સૂચના મળતી નથી. કર્તાએ મંગલાચરણમાં શ્રુતદેવીનું સ્મરણ આ રીતે કર્યું છે :

**સुंदरपअविण्णासं विमलालंकाररेहिरसरीरं ।**
**सुह ( ?य ) देविअं च कव्वं पणवियं पवरवण्णड्ढं ॥**

આ પદ્ય પરથી જાણી શકાય છે કે આ ગ્રંથના રચયિતા કોઈ જૈન હશે જે વિ.સં. ૧૧૬૧ પૂર્વે થઈ ગયા હશે.

મુનિરાજ શ્રી પુણ્યવિજયજી દ્વારા જેસલમેરની પ્રતિના આધારે કરવામાં આવેલી પ્રતિલિપિ જોવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કવિશિક્ષા :**

આચાર્ય બપ્પભટ્ટિસૂરિ (વિ.સં. ૮૦૦ થી ૮૯૫)એ 'કવિશિક્ષા' કે એવા જ નામથી કોઈ સાહિત્યગ્રંથ રચ્યો હોય, તેમ વિનયચંદ્રસૂરિરચિત 'કાવ્યશિક્ષા'ના ઉલ્લેખો પરથી જાણી શકાય છે. આચાર્ય વિનયચંદ્રસૂરિએ 'કાવ્યશિક્ષા'ના પ્રથમ પદ્યમાં 'बप्पभट्टिगुरोर्गिरम्' (પૃષ્ઠ ૧) અને 'लक्षणैर्जायते काव्यं बप्पभट्टिप्रसादतः' (પૃષ્ઠ ૧૦૯) આ જાતના ઉલ્લેખો કર્યા છે. બપ્પભટ્ટસૂરિનો 'કવિશિક્ષા' કે આ જાતના નામવાળો અન્ય કોઈ ગ્રંથ આજ સુધી ઉપલબ્ધ થયો નથી.

આચાર્ય બપ્પભટ્ટસૂરિએ અન્ય ગ્રંથોની રચના પણ કરી હતી. તેમના 'તારાગણ' નામક કાવ્યનું નામ લેવામાં આવે છે પરંતુ તે હજી સુધી પ્રાપ્ત થયું નથી.

**શ્રૃંગારમંજરી :**

મુનિ અજિતસેને 'શ્રૃંગારમંજરી' નામની કૃતિની રચના કરી છે. તેમાં ૩ અધ્યાય છે અને કુલ મળીને ૧૨૮ પદ્યો છે. આ અલંકારશાસ્ત્ર-સંબંધી સામાન્ય ગ્રંથ છે. તેમાં દોષ, ગુણ અને અર્થાલંકારોનું વર્ણન છે.

કર્તાના વિષયમાં કશી જાણકારી મળતી નથી. ફક્ત રચના પરથી જાણી શકાય છે કે આ ગ્રંથ વિક્રમની ૧૦મી શતાબ્દીમાં લખવામાં આવ્યો હશે.

એની હસ્તલિખિત પ્રત સૂરતના એક ભંડારમાં છે, તેવો 'જિનરત્નકોશ' પૃ. ૩૮૬માં ઉલ્લેખ છે. કૃષ્ણમાચારિયરે પણ તેનો ઉલ્લેખ કર્યો છે.[1]

**કાવ્યાનુશાસન :**

'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન' વગેરે અનેક ગ્રંથોના નિર્માણથી સુવિખ્યાત, ગુર્જરેશ્વર સિદ્ધારાજ જયસિંહ દ્વારા સમ્માનિત અને પરમાર્હત્ કુમારપાળ નરેશના ધર્માચાર્ય કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિએ 'કાવ્યાનુશાસન' નામના અલંકારગ્રંથની વિ. સં. ૧૧૯૬ની આસપાસમાં રચના કરી છે.[2]

---

૧. જુઓ - હિસ્ટ્રી ઓફ ક્લાસિકલ સંસ્કૃત લિટરેચર, પૃ. ૭૫૨.

૨. આ ગ્રંથ નિર્ણયસાગર પ્રેસ, મુંબઈની 'કાવ્યમાલા' ગ્રંથાવલીમાં સ્વોપજ્ઞ બંને વૃત્તિઓ સાથે પ્રકાશિત થયો હતો. પછી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈથી સન્ ૧૯૩૮માં પ્રકાશિત થયો. તેની બીજી આવૃત્તિ ત્યાંથી જ સન્ ૧૯૬૫માં પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથમાં સંસ્કૃત સૂત્રબદ્ધ આઠ અધ્યાય છે. પહેલા અધ્યાયમાં કાવ્યનું પ્રયોજન અને લક્ષણ છે. બીજામાં રસનું નિરૂપણ છે. ત્રીજામાં શબ્દ, વાક્ય, અર્થ અને રસના દોષ બતાવવામાં આવ્યા છે. ચોથામાં ગુણોની ચર્ચા કરી છે. પાંચમા અધ્યાયમાં છ પ્રકારના શબ્દાલંકારોનું વર્ણન છે. છઠ્ઠામાં ૨૯ અર્થાલંકારોનાં સ્વરૂપનું વિવેચન છે. સાતમા અધ્યાયમાં નાયક, નાયિકા અને પ્રતિનાયકના વિષય પર ચર્ચા કરવામાં આવી છે. આઠમામાં નાટકના પ્રેક્ષ્ય અને શ્રાવ્ય - આ બે ભેદ અને તેમના ઉપભેદ બતાવવામાં આવ્યા છે. આ પ્રમાણે ૨૦૮ સૂત્રોમાં સાહિત્ય અને નાટ્યશાસ્ત્રનો એક જ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ઘણા વિદ્વાનો આચાર્ય હેમચંદ્રના 'કાવ્યાનુશાસન' પર મમ્મટના 'કાવ્યપ્રકાશ'ની અનુકૃતિ હોવાનો આક્ષેપ કરે છે. વાત એમ છે કે આચાર્ય હેમચંદ્રે પોતાના પૂર્વજ વિદ્વાનોની કૃતિઓનું પરિશીલન કરીને તેમાંથી ઉપયોગી દોહન કરીને વિદ્યાર્થીઓના શિક્ષણને લક્ષ્યમાં રાખીને 'કાવ્યાનુશાસન'ને સરળ અને સુબોધ બનાવવાની ભરપૂર કોશિશ કરી છે. મમ્મટના 'કાવ્યપ્રકાશ'માં જે વિષયોની ચર્ચા ૧૦ ઉલ્લાસ અને ૨૧૨ સૂત્રોમાં કરવામાં આવી છે તે બધા વિષયોનો સમાવેશ ૮ અધ્યાયો અને ૨૦૮ સૂત્રોમાં મમ્મટથી પણ સરળ શૈલીમાં કર્યો છે. નાટ્યશાસ્ત્રનો સમાવેશ પણ આમાં જ કરી દીધો છે, જ્યારે 'કાવ્યપ્રકાશ'માં એ વિભાગ નથી.

ભોજરાજે 'સરસ્વતી-કંઠાભરણ'માં વિપુલ સંખ્યામાં અલંકારો આપ્યા છે. આચાર્ય હેમચંદ્રે આ ગ્રંથનો ઉપયોગ કર્યો છે, તેવો તેમની 'વિવેકવૃત્તિ' પરથી ખ્યાલ આવે છે, પરંતુ તે અલંકારોની વ્યાખ્યાઓને સુધારી-મઠારીને પોતાની દૃષ્ટિએ શ્રેષ્ઠતર બનાવવાનું કાર્ય પણ આચાર્ય હેમચંદ્રે કર્યું છે.

જ્યાં મમ્મટે 'કાવ્યપ્રકાશ'માં ૬૧ અલંકાર બતાવ્યા છે ત્યાં હેમચંદ્રે છઠ્ઠા અધ્યાયમાં સંકર સાથે ૨૯ અર્થાલંકાર બતાવ્યા છે. તેનાથી એ જ વ્યક્ત થાય છે કે હેમચંદ્રે અલંકારોની સંખ્યા ઓછી કરીને અત્યુપયોગી અલંકાર જ આપ્યા છે. જેમ કે, તેમણે સંસૃષ્ટિનો અંતર્ભાવ સંકરમાં કર્યો છે; દીપકના લક્ષણો એવી રીતે આપ્યાં છે કે તેમાં તુલ્યયોગિતાનો સમાવેશ થાય; પરિવૃત્તિ નામના અલંકારના જે લક્ષણ આપ્યાં છે તેમાં મમ્મટના પર્યાય અને પરિવૃત્તિ બંનેનો સમાવેશ થઈ જાય છે. રસ, ભાવ ઈત્યાદિ સંબદ્ધ રસવત્, પ્રેયસ્, ઊર્જસ્વિન્, સમાહિત આદિ અલંકારોનું વર્ણન નથી કરવામાં આવ્યું. અનન્વય અને ઉપમેયોપમા ને ઉપમાના પ્રકાર માનીને તેમનો અંતમાં ઉલ્લેખ કરી દીધો છે. પ્રતિવસ્તૂપમા, દૃષ્ટાન્ત તથા બીજા લેખકો દ્વારા નિરૂપિત નિદર્શનાનો અંતર્ભાવ તેમણે નિદર્શનમાં જ કરી દીધો છે. સ્વભાવોક્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અપ્રસ્તુતપ્રશંસાને તેમણે ક્રમશઃ જાતિ અને અન્યોક્તિ નામ આપ્યું છે.

હેમચંદ્રની સાહિત્યિક વિશેષતાઓ નિમ્મલિખિત છે :

૧. સાહિત્ય-રચનાનો એક લાભ અર્થની પ્રાપ્તિ, જે મમ્મટે કહ્યો છે, હેમચંદ્રને માન્ય નથી.

૨. મુકુલ ભટ્ટ અને મમ્મટની જેમ લક્ષણાનો આધાર રૂઢિ કે પ્રયોજન ન માનતાં ફક્ત પ્રયોજનનું જ હેમચંદ્રે પ્રતિપાદન કર્યું છે.

૩. અર્થશક્તિમૂલક ધ્વનિના ૧. સ્વતઃ સંભવી, ૨. કવિપ્રૌઢોક્તિનિષ્પન્ન અને ૩. કવિનિબદ્ધવક્તૃપ્રૌઢોક્તિનિષ્પન્ન – આ ત્રણ ભેદ દર્શાવનાર ધ્વનિકારથી હેમચંદ્રે પોતાનો અલગ મત પ્રદર્શિત કર્યો છે.

૪. મમ્મટે 'पुंस्त्वादपि प्रविचलेत्' પદ્ય શ્લેષમૂલક અપ્રસ્તુતપ્રશંસાના ઉદાહરણ તરીકે લીધું છે, તો હેમચંદ્રે તેને શબ્દશક્તિમૂલક ધ્વનિનું ઉદાહરણ કહ્યું છે.

૫. રસોમાં અલંકારોનો સમાવેશ કરીને મોટા-મોટા કવિઓએ નિયમનું ઉલ્લંઘન કર્યું છે. આ દોષનો ધ્વનિકારે નિર્દેશ નથી કર્યો, જ્યારે હેમચંદ્રે કર્યો છે.

'કાવ્યાનુશાસન'માં કુલ મળીને ૧૬૩૨ ઉદ્ધરણો આપવામાં આવ્યા છે. તેનાથી એ જ્ઞાત થાય છે કે આચાર્ય હેમચંદ્રે સાહિત્યશાસ્ત્રના અનેક ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

હેમચંદ્રે ભિન્ન-ભિન્ન ગ્રંથોના આધારે પોતાના 'કાવ્યાનુશાસન'ની રચના કરી છે એટલે તેમાં કોઈ વિશેષતા નથી, એવું વિચારવાથી પણ હેમચંદ્ર પ્રત્યે અન્યાય થશે, કેમ કે હેમચંદ્રનો દૃષ્ટિકોણ વ્યાપક તેમ જ શૈક્ષણિક હતો.

**કાવ્યાનુશાસન-વૃત્તિ (અલંકારચૂડામણિ) :**

'કાવ્યાનુશાસન' પર આચાર્ય હેમચંદ્રે શિષ્યહિતાર્થ 'અલંકારચૂડામણિ' નામની સ્વોપજ્ઞ લઘુવૃત્તિની રચના કરી છે. હેમચંદ્રે આ વૃત્તિ રચવાનો હેતુ જણાવતા કહ્યું છે કે : आचार्यहेमचन्द्रेण विद्वत्प्रीत्यै प्रतन्यते ।

આ વૃત્તિ વિદ્વાનોની પ્રીતિ સંપાદન કરવાના હેતુથી બનાવી છે. તે સરળ છે. તેમાં કર્તાએ વિવાદાસ્પદ મુદ્દાઓની સૂક્ષ્મ વિવેચના કરી નથી. તેમ કહેવું પણ યોગ્ય ગણાશે કે આ વૃત્તિથી અલંકારવિષયક વિશિષ્ટ જ્ઞાન સંપન્ન ન થઈ શકે. વૃત્તિકારે તેમાં ૭૪૦ ઉદાહરણો અને ૬૭ પ્રમાણો આપ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કાવ્યાનુશાસન-વૃત્તિ (વિવેક) :**

વિશિષ્ટ પ્રકારના વિદ્વાનો માટે હેમચંદ્રે સ્વયં આ જ 'કાવ્યાનુશાસન' પર 'વિવેક' નામની વૃત્તિની રચના કરી છે. આ વૃત્તિરચનાનો હેતુ જણાવતા હેમચંદ્રે આ પ્રમાણે કહ્યું છે :

**विवरीतुं क्वचिद् दृब्धं नवं संदर्भितुं क्वचित् ।**
**काव्यानुशासनस्यायं विवेकः प्रवितन्यते ॥**

આ 'વિવેક' વૃત્તિમાં આચાર્યે ૬૨૪ ઉદાહરણ અને ૨૦૧ પ્રમાણ આપ્યા છે. તેમાં બધા જ વિવાદાસ્પદ વિષયો પર ચર્ચા કરવામાં આવી છે.

**અલંકારચૂડામણિ-વૃત્તિ (કાવ્યાનુશાસન-વૃત્તિ) :**

ઉપાધ્યાય યશોવિજયગણિએ આચાર્ય હેમચંદ્રસૂરિના 'કાવ્યાનુશાસન' પર 'અલંકારચૂડામણિ-વૃત્તિ'ની રચના કરી છે, તેવું તેમના 'પ્રતિમાશતક'ની સ્વોપજ્ઞ વૃત્તિમાં ઉલ્લિખિત 'प्रपञ्चितं चैतदलङ्कारचूडामणिवृत्तावस्माभिः' થી જાણી શકાય છે. આ ગ્રંથ પણ હજી સુધી પ્રાપ્ત થયો નથી.

**કાવ્યાનુશાસન-વૃત્તિ :**

'કાવ્યાનુશાસન' પર આચાર્ય વિજયલાવણ્યસૂરિએ સ્વોપજ્ઞ બંને વૃત્તિઓના આધારે એક નવી વૃત્તિની રચના કરી છે, જેનો પ્રથમ ભાગ પ્રકાશિત થઈ ચૂક્યો છે.

**કાવ્યાનુશાસન-અવચૂરિ :**

'કાવ્યાનુશાસન' પર આચાર્ય વિજયલાવણ્યસૂરિના પ્રશિષ્ય આચાર્ય વિજયસુશીલસૂરિએ નાની એવી 'અવચૂરિ'ની રચના કરી છે.

**કલ્પલતા :**

'કલ્પલતા' નામના સાહિત્યિક ગ્રંથ પર 'કલ્પલતાપલ્લવ' અને 'કલ્પપલ્લવશેષ' નામની બે વૃત્તિઓ લખાઈ છે, તેવું 'કલ્પપલ્લવશેષ'ની હસ્તલિખિત પ્રતથી જ્ઞાત થાય છે. વિ.સં. ૧૨૦૫માં તાડપત્ર પર લખાયેલી પ્રત જેસલમેરના હસ્તલિખિત ગ્રંથભંડારમાંથી પ્રાપ્ત થઈ છે, આથી કલ્પલતાનો રચના કાળ વિ.સં. ૧૨૦૫ પૂર્વેનો માનવો ઉચિત છે.

'કલ્પલતા'ના રચયિતા કોણ હતા, તેનો 'કલ્પપલ્લવશેષ'માં ઉલ્લેખ ન હોવાથી રચનાકારના વિષયમાં કશી જ ખબર નથી પડતી. વાદી દેવસૂરિએ જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'પ્રમાણનયતત્ત્વાલોક' નામના દાર્શનિક ગ્રંથનું નિર્માણ કર્યું છે તેના પર તેમણે 'સ્યાદ્વાદરત્નાકર' નામની સ્વોપજ્ઞ વિસ્તૃત વૃત્તિની રચના કરી છે. તેમાં[૧] તેમણે આ ગ્રંથ વિષયમાં આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે :

**श्रीमदम्बाप्रसादसचिवप्रवरेण कल्पलतायां तत्सङ्केते कल्पपल्लवे च प्रपञ्चितमस्तीति तत एवावसेयम् ।**

આ ઉલ્લેખથી સૂચિત થાય છે કે 'કલ્પલતા' અને તેની બંને વૃત્તિઓ - આ ત્રણે ગ્રંથોના કર્તા મહામાત્ય અંબાપ્રસાદ હતા. આ મહામાત્ય વિશે એક દાનપત્ર-લેખ મળ્યો છે,[૨] જેના આધારે નિર્ણય કરી શકાય છે કે તેઓ ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહના મહામાત્ય હતા અને કુમારપાળના સમયમાં પણ મહામાત્યના રૂપમાં વિદ્યમાન હતા.[૩]

વાદી દેવસૂરિ જેવા પ્રૌઢ વિદ્વાને મહામાત્ય અંબાપ્રસાદના ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે, તેનાથી સમજી શકાય છે કે અંબાપ્રસાદના આ ગ્રંથોનું તેમણે અવલોકન કર્યું હતું અને તેમની વિદ્વત્તા માટે સૂરિજીને આદરભાવ હતો. વાદી દેવસૂરિ પ્રત્યે પણ અંબાપ્રસાદને એવો જ આદરભાવ હતો, તેનો સંકેત 'પ્રભાવકચરિત'[૪]ના નિમ્નોક્ત ઉલ્લેખથી થાય છે :

દેવબોધ નામના ભાગવત વિદ્વાન જ્યારે પાટણમાં આવ્યા ત્યારે તેમણે પાટણના વિદ્વાનોને લક્ષ્યમાં રાખીને એક શ્લોકનો અર્થ કરી બતાવવા પડકાર ફેંક્યો. જ્યારે છ મહિના સુધી કોઈ વિદ્વાન તેનો અર્થ જણાવી ન શક્યો ત્યારે મહામાત્ય અંબાપ્રસાદે સિદ્ધરાજને વાદી દેવસૂરિનું નામ જણાવી કહ્યું કે તેઓ આનો અર્થ બતાવી શકશે.[૫] સિદ્ધરાજે સૂરિજીને સાદર આમંત્રણ મોકલાવ્યું અને તેમણે શ્લોકની સ્પષ્ટ વ્યાખ્યા કહી સંભળાવી, જે સાંભળી બધા આનંદિત થઈ ગયા.

---

૧. પરિચ્છેદ ૧, સૂત્ર ૨, પૃ. ૨૯; પ્રકાશક-આર્હતમત-પ્રભાકર, પૂના, વીર સં. ૨૪૫૩.

૨. ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, લેખ ૧૪૪.

૩. ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ, પૃ. ૩૩૨.

૪. વાદિદેવસૂરિચરિત, શ્લોક ૬૧ થી ૬૯.

૫. षण्मासान्ते तदा चाम्बप्रसादो भूपतेः पुरः ।
देवसूरिप्रभुं विज्ञराजं दर्शयति स्म च ॥६५॥

— પ્રભાવક-ચરિત, વાદિદેવસૂરિચરિત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિપ્રાય એ છે કે જયારે વાદી દેવસૂરિએ 'સ્યાદ્વાદરત્નાકર'ની રચના કરી ત્યાર પહેલાં જ અંબાપ્રસાદે પોતાના ત્રણે ગ્રંથોની રચના પૂરી કરી દીધી હતી. જો કે 'સ્યાદ્વાદરત્નાકર' હજી સુધી પૂરેપૂરો પ્રાપ્ત થયો નથી એટલે તેની રચનાનો ચોક્કસ સમય અજ્ઞાત છે. 'કલ્પલતા' ગ્રંથ પણ હજી સુધી મળ્યો નથી.

**કલ્પલતાપલ્લવ (સંકેત) :**

'કલ્પલતા' પર મહામાત્ય અંબાપ્રસાદ-રચિત 'કલ્પલતાપલ્લવ' નામક વૃત્તિ ગ્રંથ હતો પરંતુ તે હજી સુધી પ્રાપ્ત થયો નથી. આથી તે વિષયમાં કશું કહી શકાય નહીં.

**કલ્પપલ્લવશેષ (વિવેક) :**

'કલ્પલતા' પર 'કલ્પપલ્લવશેષ' નામની વૃત્તિની ૬૫૦૦ શ્લોક-પરિમાણ હસ્તલિખિત પ્રત જેસલમેરના ભંડારમાંથી પ્રાપ્ત થઈ છે. તેના કર્તા પણ મહામાત્ય અંબાપ્રસાદ જ છે. તેનું આદિ પદ્ય આ પ્રમાણે છે :

> **यत् पल्लवे न विवृतं दुर्बोधं मन्दबुद्धेश्चापि ।**
> **क्रियते कल्पलतायां तस्य विवेकोऽयमतिसुगमः ॥**

આ ગ્રંથમાં અલંકાર રસ અને ભાવો વિષયમાં દાર્શનિક ચર્ચા કરવામાં આવી છે. તેમાં ઘણાં ઉદાહરણો અન્ય કવિઓનાં છે અને ઘણાં સ્વનિર્મિત છે. સંસ્કૃત સિવાય પ્રાકૃતનાં પણ અનેક પદ્ય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

'કલ્પલતા'ને વિબુધમંદિર, 'પલ્લવ'ને મંદિરનો કળશ અને 'શેષ'ને તેનો ધ્વજ કહેવામાં આવેલ છે.

**વાગ્ભટાલંકાર :**

'વાગ્ભટાલંકાર'ના કર્તા વાગ્ભટ છે. પ્રાકૃતમાં તેમને બાહડ કહેતા હતા.[1] તેઓ ગુર્જરનરેશ સિદ્ધરાજના સમકાલીન અને તેમના દ્વારા સમ્માનિત હતા. તેમના પિતાનું નામ સોમ હતુ અને તે મહામંત્રી હતા. કેટલાક વિદ્વાનો મહામંત્રી ઉદયનનું બીજું નામ સોમ હતું, તેમ માને છે. આ વાત સાચી હોય તો આ વાગ્ભટ વિ.સં. ૧૧૭૯ થી ૧૨૧૩ સુધી વિદ્યમાન હતા.[2]

---

૧. बंभण्डसुत्तिसंपुडमुत्तिअमणिणोपहाससमुह व्व ।
   सिरिबाहड त्ति तणओ आसि बुहो तस्स सोमस्स ॥ (૪. ૧૪૮, પૃ. ૭૨)

૨. 'પ્રબન્ધચિંતામણિ' શ્રૃંગ ૨૨, શ્લોક ૪૭૨, ૬૭૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથમાં ૫ પરિચ્છેદ છે. કુલ ૨૬૦ પદ્યો છે – અધિકાંશ પદ્યો અનુષ્ટુપ્‌માં છે. પરિચ્છેદના અંતમાં કેટલાક પદ્યો અન્ય છંદોમાં રચવામાં આવ્યા છે. તેમાં ઓજગુણ (૩.૧૪)નું ચિત્રણ કરતું એક માત્ર ગદ્ય અવતરણ છે.

પ્રથમ પરિચ્છેદમાં કાવ્યનું લક્ષણ, કાવ્યની રચનામાં પ્રતિભાહેતુનો નિર્દેશ, પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસની વ્યાખ્યા, કાવ્યરચના માટે અનુકૂળ પરિસ્થિતિ અને કવિઓએ પાલન કરવાના નિયમોની ચર્ચા છે.

બીજા પરિચ્છેદમાં કાવ્યની રચના સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ભૂતભાષા-આ ચાર ભાષાઓમાં કરી શકાય છે — તે વર્ણવેલું છે. કાવ્યના છંદ-નિબદ્ધ અને ગદ્ય-નિબદ્ધ - એવા બે તથા ગદ્ય, પદ્ય અને મિશ્ર-એવા ત્રણ પ્રકારના ભેદ આપવામાં આવ્યા છે. તેની પછી પદ્ય અને વાક્યના આઠ દોષોનાં લક્ષણોનું ઉદાહરણ સાથે વિવેચન કરીને અર્થ-દોષોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ત્રીજા પરિચ્છેદમાં કાવ્યના દસ ગુણ અને લક્ષણ ઉદાહરણસહિત આપવામાં આવ્યા છે.

ચોથા પરિચ્છેદમાં ચિત્ર, વક્રોક્તિ, અનુપ્રાસ અને યમક-આ ચાર શબ્દાલંકારો તથા તેમના ઉપભેદોનું, ૩૫ અર્થાલંકારો અને વૈદર્ભી તથા ગૌડી-આ બે રીતિઓનું વિવેચન કરવામાં આવ્યું છે.

પાંચમા પરિચ્છેદમાં નવ રસ, નાયક અને નાયિકાઓના ભેદ અને તત્સંબંધી અન્ય વિષયોનું નિરૂપણ છે.

આ ગ્રંથમાં જે ઉદાહરણ આપવામાં આવ્યાં છે તે કર્તાનાં સ્વરચિત જણાય છે. ચતુર્થ પરિચ્છેદના ૪૯, ૫૩, ૫૪, ૭૪, ૭૮, ૧૦૬, ૧૦૭ અને ૧૪૮ સંખ્યક ઉદાહરણ પ્રાકૃતમાં છે. આમાં 'નેમિનિર્વાણ-કાવ્ય'નાં છ પદ્ય ઉદ્ધૃત છે.

**૧. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

આચાર્ય સોમસુંદરસૂરિ (સ્વ.વિ.સં. ૧૪૯૯)ના સંતાનીય સિંહદેવગણિએ 'વાગ્ભટાલંકાર' પર ૧૩૩૧ શ્લોક-પરિમાણ વૃત્તિની રચના કરી છે.[૧]

**૨. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

તપાગચ્છીય આચાર્ય વિશાલરાજના શિષ્ય સોમોદયગણિએ 'વાગ્ભટાલંકાર' પર ૧૧૬૪ શ્લોક-પરિમાણ વૃત્તિ બનાવી છે.[૨]

૧. આ વૃત્તિ નિર્ણયસાગર પ્રેસ, મુંબઈથી છપાઈ છે.
૨. આની હસ્તલિખિત પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. વાગ્ભટાલંકાર-વૃત્તિ :

ખરતરગચ્છીય જિનપ્રભસૂરિના સંતાનીય જિનતિલકસૂરિના શિષ્ય ઉપાધ્યાય રાજહંસે (સન્ ૧૩૫૦-૧૪૦૦) 'વાગ્ભટાલંકાર' પર વૃત્તિની રચના કરી છે.[૧]

૪. વાગ્ભટાલંકાર-વૃત્તિ :

ખરતરગચ્છીય સાગરચંદ્રના સંતાનીય વાચનાચાર્ય રત્નધીરના શિષ્ય જ્ઞાનપ્રમોદગણિ વાચકે વિ.સં. ૧૬૮૧માં 'વાગ્ભટાલંકાર'[૨] પર ૨૯૫૬ શ્લોકપરિમાણ વૃત્તિની રચના કરી છે.[૩]

૫. વાગ્ભટાલંકાર-વૃત્તિ :

ખરતરગચ્છીય આચાર્ય જિનરાજસૂરિના શિષ્ય આચાર્ય જિનવર્ધનસૂરિ (સન્ ૧૪૦૫-૧૪૧૯)એ 'વાગ્ભટાલંકાર' પર ૧૦૩૫ શ્લોક-પરિમાણ વૃત્તિની રચના કરી છે, જેની ચાર હસ્તલિખિત પ્રતો અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે, જેમાંથી એક પ્રત વિ.સં. ૧૫૩૯માં અને બીજી વિ.સં. ૧૬૧૮માં લખાયેલી છે.

૬. વાગ્ભટાલંકાર-વૃત્તિ :

ખરતરગચ્છીય સકલચંદ્રના શિષ્ય ઉપાધ્યાય સમયસુંદરગણિએ 'વાગ્ભટાલંકાર' પર વિ.સં. ૧૬૯૨માં ૧૬૫૦ શ્લોક-પરિમાણ વૃત્તિની રચના કરી છે, જેની હસ્તલિખિત પ્રત મળે છે.

૭. વાગ્ભટાલંકાર-વૃત્તિ :

મુનિ ક્ષેમહંસગણિએ 'વાગ્ભટાલંકાર' પર 'સમાસાન્વય' નામક ટિપ્પણની રચના કરી છે.

---

૧. જુઓ - 'ભાંડારકર રિપોર્ટ' સન્ ૧૮૮૩-૮૪, પૃ. ૧૫૬, ૨૭૯.

"इति श्रीखरतरगच्छप्रभुश्रीजिनप्रभु(भ)सूरिसंतान्य(नीय)पूज्यश्रीजिनतिलकसूरि-शिष्यश्रीराजहंसोपाध्यायविरचितायां श्रीवाग्भटालंकारटीकायां पञ्चमः परिच्छेदः ।" આની હસ્તલિખિત પ્રત વિ.સં. ૧૪૮૬ની ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, પૂનામાં છે.

૨. संवद् विक्रमनृपतेः विधु–वसु–रस–शशिभिरङ्किते ।
ज्ञानप्रमोदवाचकगणिभिरियं विरचिता वृत्तिः ॥

૩. આની હસ્તલિખિત પ્રત અમદાવાદના ડેલાના ભંડારમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૮. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

આચાર્ય વર્ધમાનસૂરિએ 'વાગ્ભટાલંકાર' પર વૃત્તિની રચના કરી છે, તેવો જૈન ગ્રંથાવલીમાં ઉલ્લેખ છે.

**૯. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

મુનિ કુમુદચંદ્રે 'વાગ્ભટાલંકાર' પર વૃત્તિની રચના કરી છે.

**૧૦. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

મુનિ સાધુકીર્તિએ 'વાગ્ભટાલંકાર' પર વિ.સં. ૧૬૨૦-૨૧માં વૃત્તિની રચના કરી છે.[1]

**૧૧. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

'વાગ્ભટાલંકાર' પર કોઈ અજ્ઞાતનામા મુનિએ વૃત્તિની રચના કરી છે.

**૧૨. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

દિગંબર વિદ્વાન વાદિરાજે 'વાગ્ભટાલંકાર' પર ટીકાની રચના વિ.સં. ૧૭૨૯ની દીપમાલિકાના દિવસે ગુરુવારે ચિત્રા નક્ષત્રમાં વૃશ્ચિક લગ્ન સમયે પૂર્ણ કરી.

વાદિરાજ ખંડેલવાલવંશીય શ્રેષ્ઠી પોમરાજ (પદ્મરાજ)ના પુત્ર હતા. તેઓ પોતાને પોતાના સમયના ધનંજય, આશાધર અને વાગ્ભટના પદધારક એટલે કે તેમના જેવા વિદ્વાન જણાવે છે. તેઓ તક્ષકનગરીના રાજા ભીમના પુત્ર રાજસિંહ રાજાના મંત્રી હતા.

**૧૩-૧૫. વાગ્ભટાલંકાર-વૃત્તિ :**

પ્રમોદમાણિક્યગણિએ પણ 'વાગ્ભટાલંકાર' પર વૃત્તિની રચના કરી છે.

જૈનેતર વિદ્વાનોમાં અનંતભદ્રના પુત્ર ગણેશ તથા કૃષ્ણવર્માએ 'વાગ્ભટાલંકાર' પર ટીકાઓ લખી છે.

**કવિશિક્ષા :**

વાદી દેવસૂરિના શિષ્ય આચાર્ય જયમંગલસૂરિએ 'કવિશિક્ષા' નામના ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ ૩૦૦ શ્લોક-પરિમાણ ગદ્યમાં લખાયેલો છે. તેમાં અલંકારના વિષયમાં અતિ સંક્ષેપમાં નિર્દેશ કરતા અનેક તથ્યપૂર્ણ વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

---

૧. જુઓ - જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૫૮૧-૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કૃતિમાં ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહના પ્રશંસાત્મક પદ્યો દૃષ્ટાન્તરૂપે આપવામાં આવ્યા છે. આ કૃતિ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં રચાયેલી છે.[1]

આચાર્ય જયમંગલસૂરિએ મારવાડમાં સ્થિત સુંધાની પહાડીના સંસ્કૃત શિલાલેખની રચના કરી છે. તેમની અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષાની રચનાઓ પ્રાપ્ત થાય છે.

**અલંકારમહોદધિ :**

'અલંકારમહોદધિ' નામક અલંકારવિષયક ગ્રંથ હર્ષપુરીય ગચ્છના આચાર્ય નરચંદ્રસૂરિના શિષ્ય નરેન્દ્રપ્રભસૂરિએ મહામાત્ય વસ્તુપાલની વિનંતીથી વિ.સં. ૧૨૮૦માં રચ્યો.

આ ગ્રંથ આઠ તરંગોમાં વિભક્ત છે. મૂળ ગ્રંથના ૩૦૪ પદ્ય છે. પ્રથમ તરંગમાં કાવ્યનું પ્રયોજન અને તેના ભેદોનું વર્ણન, બીજામાં શબ્દવૈચિત્ર્યનું નિરૂપણ, ત્રીજામાં ધ્વનિનો નિર્ણય, ચતુર્થમાં ગુણીભૂત વ્યંગ્યનો નિર્દેશ, પંચમમાં દોષોની ચર્ચા, છઠ્ઠામાં ગુણોનું વિવેચન, સાતમામાં શબ્દાલંકાર અને આઠમામાં અર્થાલંકારનું નિરૂપણ કર્યું છે. ગ્રંથ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે.[2]

**અલંકારમહોદધિ-વૃત્તિ :**

'અલંકારમહોદધિ' ગ્રંથ પર આચાર્ય નરેન્દ્રપ્રભસૂરિએ સ્વોપજ્ઞ વૃત્તિની રચના વિ.સં. ૧૨૮૨માં કરી છે. આ વૃત્તિ ૪૫૦૦ શ્લોક-પ્રમાણ છે. તેમાં પ્રાચીન મહાકવિઓના ૯૮૨ ઉદાહરણરૂપ વિવિધ પદ્યો નાટક, કાવ્ય આદિ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

અમદાવાદના ડેલાના ભંડારની ૩૯ પત્રોની 'અર્થાલંકાર-વર્ણન' નામની કૃતિ કોઈ સ્વતંત્ર ગ્રંથ નથી પરંતુ આ 'અલંકારમહોદધિ' ગ્રંથના આઠમા તરંગ અને તેની સ્વોપજ્ઞ ટીકાની નકલ જ છે.

---

૧. આ ગ્રંથની તાડપત્રીય પ્રત ખંભાતના શાંતિનાથ ભંડારમાં છે. તેની પ્રેસ કોપી મુનિરાજ શ્રી પુણ્યવિજયજી પાસે છે.

૨. આ 'અલંકારમહોદધિ' ગ્રંથ ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝમાં છપાઈ ગયો છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય નરેન્દ્રપ્રભસૂરિની અન્ય રચનાઓ આ પ્રમાણે છે : ૧. કાકુત્સ્થકેલિ[1], ૨. વિવેકકલિકા, ૩. વિવેકપાદપ,[2] ૪. વસ્તુપાલપ્રશસ્તિકાવ્ય-શ્લોક ૩૭ ૫. વસ્તુપાલપ્રશસ્તિકાવ્ય—શ્લોક ૧૦૪,[3] ૬. ગિરનારના મંદિરનો શિલાલેખ.[4]

**કાવ્યશિક્ષા :**

આચાર્ય રવિપ્રભસૂરિના શિષ્ય આચાર્ય વિનયચંદ્રસૂરિએ 'કાવ્યશિક્ષા'[5]નામના ગ્રંથની રચના કરી છે. તેમાં તેમણે રચના-સમય નથી આપ્યો, પરંતુ આચાર્ય ઉદયસિંહસૂરિરચિત 'ધર્મવિધિ-વૃત્તિ'નું સંશોધન આ જ આચાર્ય વિનયચંદ્રસૂરિએ વિ.સં. ૧૨૮૬માં કર્યું હતું, તેવો ઉલ્લેખ મળતો હોવાથી આ ગ્રંથ પણ તે સમય આસપાસમાં રચાયો હશે, તેમ માની શકાય છે.

આ ગ્રંથમાં ૬૭ પરિચ્છેદ છે : ૧. શિક્ષા, ૨. ક્રિયાનિર્ણય, ૩. લોકકૌશલ્ય, ૪. બીજવ્યાવર્ણન, ૫. અનેકાર્થશબ્દસંગ્રહ અને ૬. રસભાવનિરૂપણ. તેમાં ઉદાહરણ માટે અનેક ગ્રંથોના ઉલ્લેખ અને સંદર્ભ આપવામાં આવ્યા છે. આચાર્ય હેમચંદ્રસૂરિરચિત 'કાવ્યાનુશાસન'ની વિવેક-ટીકામાંથી અનેક પદ્યો અને બાણના 'હર્ષચરિત'માંથી અનેક ગદ્યસંદર્ભ લેવામાં આવ્યા છે. કવિ બનવા માટે આવશ્યક

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. 'પુરાતત્ત્વ' ત્રૈમાસિક : પુસ્તક ૨, પૃ. ૨૪૬માં આપવામાં આવેલી 'બૃહટ્ટિપ્પનિકા'માં કાકુત્સ્થકેલિ ૧૫૦૦ શ્લોક-પ્રમાણ નાટક હોવાની સૂચના છે. આચાર્ય રાજશેખરકૃત 'ન્યાયકંદલીપંજિકા'માં બે ગ્રંથોનો ઉલ્લેખ આ રીતે છે :

"तस्य गुरोः प्रियशिष्यः प्रभुनरेन्द्रप्रभः प्रभवाढ्यः ।
योऽलङ्कारमहोदधिमकरोत् काकुत्स्थकेलिं च ॥"

— પિટર્સન રિપોર્ટ ૩, ૨૭૫.

૨. વિવેકકલિકા અને વિવેકપાદપ - આ બંને સૂક્તિ-સંગ્રહ છે.

૩. 'અલંકારમહોદધિ' ગ્રંથમાં આ બંને પ્રશસ્તિઓ પરિશિષ્ટરૂપે છપાઈ ગઈ છે.

૪. આ લેખ 'પ્રાચીન જૈન લેખસંગ્રહ'માં છપાઈ ગયો છે.

૫. આ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદથી પ્રકાશિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે સો ગુણ રવિપ્રભસૂરિએ બતાવ્યા છે તેમનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનાથી જાણી શકાય છે કે આચાર્ય રવિપ્રભસૂરિએ અલંકારસંબંધી કોઈ ગ્રંથની રચના કરી હશે, જે આજે ઉપલબ્ધ નથી. કાવ્યશિક્ષામાં ૮૪ દેશોના નામ, રાજા ભોજ દ્વારા જીતાયેલા દેશોનાં નામ, કવિઓની પ્રૌઢોક્તિઓથી ઉત્પન્ન થયેલી ઉપમાઓ અને લોક-વ્યવહારના જ્ઞાનનો પણ પરિચય આપવામાં આવ્યો છે. આ વિષયમાં આચાર્યે આ પ્રમાણે કહ્યું છે :

इति लोकव्यवहारं गुरुपदविनयादवाप्य कविः सारम् ।
नवनवभणितिश्रव्यं करोति सुतरां क्षणात् काव्यम् ॥

ચતુર્થ પરિચ્છેદમાં સારભૂત વસ્તુઓનો નિર્દેશ કરીને તે-તે નામોના નિર્દેશપૂર્વક પ્રાચીન મહાકવિઓના કાવ્યો અને જૈનગુરુઓ રચિત શાસ્ત્રોનો અભ્યાસ કરવો આવશ્યક બતાવ્યો છે. બીજો ક્રિયાનિર્ણય-પરિચ્છેદ વ્યાકરણના ધાતુઓનો અને પાંચમો અનેકાર્થશબ્દસંગ્રહ-પરિચ્છેદ શબ્દોના એકાધિક અર્થોનું જ્ઞાન કરાવે છે. છઠ્ઠા પરિચ્છેદમાં રસોનું નિરૂપણ છે. તેનાથી એ જણાય છે કે આચાર્ય વિનયચંદ્રસૂરિ અલંકાર-વિષય ઉપરાંત વ્યાકરણ અને કોશના વિષયમાં પણ નિષ્ણાત હતા. અનેક ગ્રંથોના ઉલ્લેખો પરથી જણાય છે કે તેઓ એક બહુશ્રુત વિદ્વાન હતા.

**કવિશિક્ષા અને કવિતારહસ્ય :**

મહામાત્ય વસ્તુપાલના જીવન અને તેમના સુકૃતો સંબંધિત 'સુકૃતસંકીર્તનકાવ્ય' (સર્ગ ૧૧, શ્લોક સંખ્યા ૫૫૫)ના રચયિતા અને ઠક્કુર લાવણ્યસિંહના પુત્ર મહાકવિ અરિસિંહ મહામાત્ય વસ્તુપાલના આશ્રિત કવિ હતા. તેઓ ૧૩મી સદીમાં વિદ્યમાન હતા. તે કવિ વાયડગચ્છીય આચાર્ય જીવદેવસૂરિના ભક્ત હતા અને કવીશ્વર આચાર્ય અમરચંદ્રસૂરિના કલાગુરુ હતા.

આચાર્ય અમરચંદ્રસૂરિએ 'કવિશિક્ષા' નામક જે સૂત્રબદ્ધ ગ્રંથ રચ્યો છે તથા તેના પર જે 'કાવ્યકલ્પલતા' નામની સ્વોપજ્ઞ વૃત્તિ બનાવી છે તેમાં કેટલાક સૂત્રો આ અરિસિંહના રચેલા હોવાનો સ્વયં આચાર્ય અમરસિંહસૂરિએ ઉલ્લેખ કર્યો છે :

सारस्वतामृतमहार्णवपूर्णिमेन्दो-
मत्वाऽरिसिंहसुकवेः कवितारहस्यम् ।
किञ्चिच्च तद्रचितमात्मकृतं च किञ्चिद्
व्याख्यास्यते त्वरितकाव्यकृतेऽत्र सूत्रम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પદ્ય પરથી એ પણ જાણ થાય છે કે કવિ અરિસિંહે 'કવિતારહસ્ય' નામના સાહિત્યિક ગ્રંથની રચના કરી હતી. પરંતુ આ ગ્રંથ હજી સુધી પ્રાપ્ત થયો નથી.

કવિ જલ્હણની 'સુક્તિમુક્તાવલી'માં અરસી ઠક્કુરના ચાર સુભાષિતો ઉદ્ધૃત છે. તેમાં ઉલ્લિખિત 'અરસી' અરિસિંહ જ હોવાનું કેટલાક વિદ્વાનોનું અનુમાન છે.

'કવિશિક્ષા'માં ૪ પ્રતાન, ૨૧ સ્તબક અને ૭૯૮ સૂત્રો છે.

**કાવ્યકલ્પલતા-વૃત્તિ :**

સંસ્કૃત સાહિત્યના અનેક ગ્રંથોની રચના કરનાર, જૈન-જૈનેતર વર્ગમાં પોતાની વિદ્વત્તાથી ખ્યાતિ પ્રાપ્તિ કરનાર અને ગુર્જર નરેશ વિશલદેવ (વિ.સં. ૧૨૪૩ થી ૧૨૬૧)ની રાજ્યસભાને અલંકૃત કરનારા વાયડગચ્છીય આચાર્ય જિનદત્તસૂરિના શિષ્ય આચાર્ય અમરચંદ્રસૂરિએ પોતાના કલાગુરુ કવિ અરિસિંહના 'કવિતારહસ્ય'ને ધ્યાનમાં રાખીને 'કવિશિક્ષા' નામના ગ્રંથની શ્લોકમય સૂત્રબદ્ધ રચના કરી, જેમાં કેટલાક સૂત્રો કવિ અરિસિંહના અને કેટલાક સૂત્રો આચાર્ય અમરચંદ્રસૂરિનાં જણાવ્યા છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ 'કવિશિક્ષા' પર આચાર્ય અમરચંદ્રસૂરિએ સ્વયં ૩૩૫૭ શ્લોક-પરિમાણ કાવ્યકલ્પલતા-વૃત્તિ[1] ની રચના કરી છે. તેમાં ૪ પ્રતાન, ૨૧ સ્તબક અને ૭૯૮ સૂત્રો આ પ્રમાણે છે :

પ્રથમ છંદઃસિદ્ધિ પ્રતાન છે. તેમાં ૧. અનુષ્ટુપ્શાસન, ૨. છંદોઽભ્યાસ, ૩. સામાન્યશબ્દ, ૪. વાદ અને ૫. વર્ણ્યસ્થિતિ—આ પ્રમાણે ૫ સ્તબક ૧૧૩ શ્લોકબદ્ધ સૂત્રોમાં છે.

બીજું પ્રતાન શબ્દસિદ્ધિ છે. તેમાં ૧. રૂઢ-યૌગિક-મિશ્રશબ્દ, ૨. યૌગિકનામમાલા, ૩. અનુપ્રાસ અને ૪. લાક્ષણિક—આ રીતે ૪ સ્તબક ૨૦૬ શ્લોકબદ્ધ સૂત્રોમાં છે.

ત્રીજું પ્રતાન શ્લેષ-સિદ્ધિ છે. તેમાં ૧. શ્લેષ-વ્યુત્પાદન, ૨. સર્વવર્ણન, ૩. ઉદ્દિષ્ટવર્ણન, ૪. અદ્ભુતવિધિ અને ૫. ચિત્રપ્રપંચ—આ રીતે પાંચ સ્તબક ૧૮૯ શ્લોકબદ્ધ સૂત્રોમાં છે.

---

૧. આ કૃતિ 'કવિકલ્પલતાવૃત્તિ' નામથી ચૌખંબા સંસ્કૃત સિરીઝ, કાશીથી છપાઈ ગઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોથું અર્થસિદ્ધિ પ્રતાન છે. તેમાં ૧. અલંકારાભ્યાસ, ૨. વર્ણ્યાર્થોત્પત્તિ, ૩. આકારાર્થોત્પત્તિ, ૪. ક્રિયાર્થોત્પત્તિ, ૫. પ્રકીર્ણક, ૬. સંખ્યા નામક અને ૭. સમસ્યાક્રમ—આ પ્રમાણે સાત સ્તબક ૨૯૦ શ્લોક-બદ્ધ સૂત્રોમાં છે.

કવિ સંપ્રદાયની પરંપરા ન જળવાવાથી અને તદ્‌વિષયક અજ્ઞાનતાને કારણે કવિતાની ઉત્પત્તિમાં સૌંદર્ય નથી આવી શકતું. આ વિષયની સાધના માટે આચાર્ય અમરચંદ્રસૂરિએ ઉપર્યુક્ત વિષયોથી ભરપૂર એવી 'કાવ્યકલ્પલતા-વૃત્તિ'ની રચના કરી છે.

કવિતા-નિર્માણ-વિધિ પર રાજશેખરની 'કાવ્ય-મીમાંસા' થોડોક પ્રકાશ જરૂર પાડે છે, પરંતુ પૂર્ણતયા નહીં. કવિ ક્ષેમેન્દ્રનું 'કવિકંઠાભરણ' મૂળ તત્ત્વોનો બોધ કરાવે છે પરંતુ તે પર્યાપ્ત નથી. કવિ હલાયુધનું 'કવિરહસ્ય' ફક્ત ક્રિયા-પ્રયોગોની વિચિત્રતાઓનો બોધ કરાવે છે માટે તે પણ એકદેશીય છે. જયમંગલાચાર્યની 'કવિશિક્ષા' એક નાનો ગ્રંથ છે, આથી તે પણ પર્યાપ્ત નથી. વિનયચંદ્રની 'કાવ્ય-શિક્ષા'માં કેટલાક વિષયો જરૂર છે પરંતુ તે પણ પૂર્ણ નથી.

આથી એ સ્પષ્ટ છે કે કાવ્યનિર્માણના અભ્યાસીઓ માટે અમરચંદ્રસૂરિની 'કાવ્યકલ્પલતા-વૃત્તિ' અને દેવેશ્વરની 'કાવ્યકલ્પલતા' એ બંને ગ્રંથો ઉપયોગી છે. દેવેશ્વરે પોતાની કાવ્યકલ્પલતાની અમરચંદ્રસૂરિની વૃત્તિના આધારે સંક્ષેપમાં રચના કરી છે.[1]

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આચાર્ય અમરચંદ્રસૂરિએ સરસ્વતીની સાધના કરીને સિદ્ધકવિત્વ પ્રાપ્ત કર્યું હતું. તેમના આશુકવિત્વ વિશે પ્રબંધોમાં કેટલીય વાતો ઉલ્લિખિત છે.

જ્યારે આચાર્ય અમરચંદ્રસૂરિ વિશલદેવ રાજાની વિનંતીથી તેમના રાજદરબારમાં આવ્યા ત્યારે સોમેશ્વર, સોમાદિત્ય, કમલાદિત્ય, નાનાક પંડિત વગેરે મહાકવિઓ ઉપસ્થિત હતા. તે બધાએ તેમને સમસ્યાઓ પૂછી. તે સમયે તેમણે ૧૦૮ સમસ્યાઓની પૂર્તિ કરી હતી, તેથી તેઓ આશુકવિ રૂપે પ્રસિદ્ધ થયા. નાનાક પંડિતે 'गीतं न गायतितरां युवतिर्निशासु' આ એક પાદ આપીને સમસ્યા પૂર્ણ કરવા કહ્યું ત્યારે અમરચંદ્રસૂરિએ તરત જ આ પ્રમાણે સમસ્યાપૂર્તિ કરી દીધી :

---

૧. પ્રથમ પ્રતાનના પાંચમા સ્તબકનો 'असतोऽपि निबन्धेन' થી લઈને 'ऐक्यमेवाभिसंमतम्' સુધીનો આખો પાઠ દેવેશ્વરે પોતાની 'કાવ્યકલ્પલતા'માં લીધો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

श्रुत्वा ध्वनेर्मधुरतां सहसावतीर्णे
भूमौ मृगे विगतलाञ्छन एव चन्द्रः ।
मा गान्मदीयवदनस्य तुलामतीव-
गीतं न गायतितरां युवतिर्निशासु ॥

આ સમસ્યાપૂર્તિથી બધા પ્રસન્ન થયા અને આચાર્ય અમરચંદ્રસૂરિ સમસ્ત કવિમંડલમાં શ્રેષ્ઠ કવિના રૂપમાં માન પામવા લાગ્યા. તેઓ 'વેણીકૃપાણ અમર' નામથી પણ પ્રખ્યાત છે.

તેમણે અનેક ગ્રંથોની રચના કરી છે, જેના આધારે જાણી શકાય છે કે તેઓ વ્યાકરણ, અલંકાર, છંદ ઇત્યાદિ વિષયોમાં ખૂબ પ્રવીણ હતા. તેમની રચનાશૈલી સરળ, મધુર, સ્વસ્થ અને નૈસર્ગિક છે. તેમની રચનાઓ શબ્દાલંકારો અને અર્થાલંકારોથી મનોહર બની છે. તેમના અન્ય ગ્રંથો આ છે : ૧. સ્યાદિશબ્દસમુચ્ચય, ૨. પદ્માનંદકાવ્ય, ૩. બાલભારત, ૪. છંદોરત્નાવલી, ૫. દ્રૌપદીસ્વયંવર,[1] ૬. કાવ્યકલ્પલતામંજરી, ૭. કાવ્યકલ્પલતા-પરિમલ, ૮. અલંકારપ્રબોધ, ૯. સૂક્તાવલી, ૧૦. કલાકલાપ આદિ.

**કાવ્યકલ્પલતાપરિમલ-વૃત્તિ તથા કાવ્યકલ્પલતામંજરી-વૃત્તિ :**

'કાવ્યકલ્પલતા-વૃત્તિ' પર જ આચાર્ય અમરચંદ્રસૂરિએ સ્વોપજ્ઞ 'કાવ્યકલ્પલતામંજરી', જે હજી સુધી પ્રાપ્ત થઈ નથી, તથા ૧૧૨૨ શ્લોક-પરિમાણ 'કાવ્યકલ્પલતાપરિમલ' વૃત્તિઓની રચના કરી છે.[2]

**કાવ્યકલ્પલતાવૃત્તિ-મકરન્દટીકા :**

'કાવ્યકલ્પલતાવૃત્તિ' પર આચાર્ય હીરવિજયસૂરિના શિષ્ય શુભવિજયજીએ વિ.સં. ૧૬૬૫માં (જહાંગીર બાદશાહના રાજ્યકાળમાં) આચાર્ય વિજયદેવસૂરિની આજ્ઞાથી ૩૧૯૬ શ્લોક-પરિમાણ એક ટીકા રચી છે.[3]

---

૧. આ ગ્રંથ અનુપલબ્ધ છે.

૨. 'કાવ્યકલ્પલતાપરિમલ'ની બે હસ્તલિખિત અપૂર્ણ પ્રતિઓ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

૩. આની પ્રતો જેસલમેરના ભંડારમાં અને અમદાવાદસ્થિત હાજા પટેલની પોળના ઉપાશ્રયમાં છે. આ ટીકા પ્રકાશિત થઈ નથી.

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના રચેલા અન્ય ગ્રંથો આ પ્રમાણે છે : ૧. હૈમનામમાલા-બીજક, ૨. તર્કભાષાવાર્તિક (સં. ૧૬૩૩), ૩. સ્યાદ્વાદભાષા-વૃત્તિયુત (સં. ૧૬૬૭), ૪. કલ્પસૂત્રટીકા, ૫. પ્રશ્નોત્તરરત્નાકર (સેનપ્રશ્ન).

**કાવ્યકલ્પલતાવૃત્તિ-ટીકા :**

જિનરત્નકોશના પૃ. ૮૯માં ઉપાધ્યાય યશોવિજયજીએ ૩૨૫૦ શ્લોક પરિમાણ એક ટીકાની આચાર્ય અમરચંદ્રસૂરિની 'કાવ્યકલ્પલતાવૃત્તિ' પર રચના કરી છે, તેવો ઉલ્લેખ છે.[૧]

**કાવ્યકલ્પલતાવૃત્તિ-બાલાવબોધ :**

નેમિચંદ્ર ભંડારી નામના વિદ્વાને 'કાવ્યકલ્પલતાવૃત્તિ' પર જૂની ગુજરાતીમાં 'બાલાવબોધ'ની રચના કરી છે. તેમણે 'ષષ્ટિશતક' પ્રકરણ પણ બનાવ્યું છે.

**કાવ્યકલ્પલતાવૃત્તિ-બાલાવબોધ :**

ખરતરગચ્છીય મુનિ મેરુસુંદરે વિ.સં. ૧૫૩૫માં 'કાવ્યકલ્પલતાવૃત્તિ' પર જૂની ગુજરાતીમાં એક અન્ય 'બાલાવબોધ'ની રચના કરી છે. તેમણે ષષ્ટિશતક, વિદગ્ધમુખમંડન, યોગશાસ્ત્ર ઇત્યાદિ ગ્રંથો પર બાલાવબોધોની રચના કરી છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**અલંકારપ્રબોધ :**

આચાર્ય અમરચંદ્રસૂરિએ 'અલંકારપ્રબોધ' નામના ગ્રંથની રચના વિ.સં. ૧૨૮૦ની આસપાસમાં કરી છે. તે ગ્રંથનો ઉલ્લેખ આચાર્યે પોતાની 'કાવ્યકલ્પલતા-વૃત્તિ (પૃ. ૧૧૬)માં કર્યો છે. આ ગ્રંથ હજી સુધી ઉપલબ્ધ નથી થયો.

**કાવ્યાનુશાસન :**

મહાકવિ વાગ્ભટે 'કાવ્યાનુશાસન' નામના અલંકાર-ગ્રંથની રચના ૧૪મી શતાબ્દીમાં કરી છે. તેઓ મેવાડ દેશમાં પ્રસિદ્ધ એવા જૈન શ્રેષ્ઠી નેમિકુમારના પુત્ર ને રાહડના લઘુબંધુ હતા.

આ ગ્રંથ પાંચ અધ્યાયોમાં ગદ્યમાં સૂત્રબદ્ધ છે. પ્રથમ અધ્યાયમાં કાવ્યનું પ્રયોજન અને હેતુ, કવિ-સમય, કાવ્યનું લક્ષણ અને ગદ્ય આદિ ત્રણ ભેદ, મહાકાવ્ય,

---

૧. આની પ્રત અમદાવાદના વિમલગચ્છના ઉપાશ્રયમાં છે, તેમ સૂચિત કરવામાં આવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખ્યાયિકા, કથા, ચંપૂ, મિશ્રકાવ્ય, રૂપકના દસ ભેદ અને ગેય — આ રીતે વિવિધ વિષયોનો સંગ્રહ છે.

બીજા અધ્યાયમાં પદ અને વાક્યના દોષો, અર્થના ચૌદ દોષો, બીજાઓ દ્વારા નિર્દિષ્ટ દસ ગુણ, ત્રણ ગુણોના સંબંધમાં પોતાનો સ્પષ્ટ અભિપ્રાય અને ત્રણ રીતિઓ વિષે ઉલ્લેખ છે.

ત્રીજા અધ્યાયમાં ૬૩ અલંકારોનું નિરૂપણ છે. તેમાં અન્ય, અપર, આશિષ, ઉભયન્યાસ, પિહિત, પૂર્વ, ભાવ, મત અને લેશ - આ રીતે કેટલાય વિરલ અલંકારોનો નિર્દેશ છે.

ચતુર્થ અધ્યાયમાં શબ્દાલંકારના ચિત્ર, શ્લેષ, અનુપ્રાસ, વક્રોક્તિ, યમક અને પુનરુક્તવદાભાસ — એવા ભેદ અને ઉપભેદ બતાવ્યા છે.

પંચમ અધ્યાયમાં નવ રસ, વિભાવ, અનુભાવ અને વ્યભિચારી, નાયક અને નાયિકાના ભેદ, કામની દસ દશાઓ અને રસના દોષ — આ પ્રમાણે વિવિધ વિષયોની ચર્ચા છે.

આ સૂત્રો પર સ્વોપજ્ઞ 'અલંકારતિલક' નામની વૃત્તિની રચના વાગ્ભટે કરી છે. તેમાં કાવ્ય-વસ્તુનું સ્ફુટ નિરૂપણ અને ઉદાહરણો આપવામાં આવ્યા છે. ચંદ્રપ્રભકાવ્ય, નેમિનિર્વાણ-કાવ્ય, રાજમતી-પરિત્યાગ, સીતા નામક કવયિત્રી અને અબ્ધિમંથન જેવા (અપભ્રંશ) ગ્રંથોના પદ્યો ઉદાહરણરૂપે આપવામાં આવ્યા છે. કાવ્યમીમાંસા અને કાવ્યપ્રકાશનો તેમાં ખૂબ ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં 'વાગ્ભટાલંકાર'નો પણ ઉલ્લેખ છે. વિવિધ દેશો, નદીઓ અને વનસ્પતિઓનો ઉલ્લેખ તથા મેદપાટ, રાહડપુર અને નલોટકપુરનો નિર્દેશ કરવામાં આવ્યો છે. કવિના પિતા નેમિકુમારનો પણ ઉલ્લેખ છે. તેમના અન્ય બે ગ્રંથો છંદોનુશાસન અને ઋષભચરિત-નો પણ ઉલ્લેખ મળે છે.

કવિએ ટીકાના અંતમાં પોતાની નમ્રતા પ્રગટ કરી છે.[1] તેઓ પોતાને દ્વિતીય વાગ્ભટ ગણાવીને લખે છે કે રાજા રાજસિંહ બીજા જયસિંહદેવ છે, તક્ષકનગર બીજું અણહિલ્લપુર છે અને હું વાદિરાજ બીજો વાગ્ભટ છું.

---

૧. श्रीमद्भीमनृपालजस्य बलिनः श्रीराजसिंहस्य मे
सेवायामवकाशमाप्य विहिता टीका शिशूनां हिता ।
हीनाधिक्यवचो यदत्र लिखितं तद् वै बुधैः क्षम्यतां
गार्हस्थ्यावनिनाथसेवनधियः कः स्वस्थतामाप्नुयात् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શૃંગારાર્ણવચંદ્રિકા :**

દિગંબર જૈનમુનિ વિજયકીર્તિના શિષ્ય વિજયવર્ણીએ[1] 'શૃંગારાર્ણવચંદ્રિકા' નામના અલંકાર-ગ્રંથની રચના કરી છે. દક્ષિણ કાનડા જિલ્લામાં રાજ કરનારા જૈન રાજવંશોમાં બંગવંશીય (ગંગવંશીય) રાજા કામરાય બંગ, જે શક સં. ૧૧૮૬ (સન્ ૧૨૬૪, વિ.સં. ૧૩૨૦)માં સિંહાસનારૂઢ થયો હતો, ની પ્રાર્થના સ્વીકારીને કવિવર વિજયવર્ણીએ આ ગ્રંથની રચના કરી હતી. તે સ્વયં કહે છે કે :

> **इत्थं नृपप्रार्थितेन मयाऽलङ्कारसंग्रहः ।**
> **क्रियते सूरिणा ( ? वर्णिना ) नाम्ना श्रृंगारार्णवचन्द्रिका ॥**

આ ગ્રંથમાં કાવ્યના ગુણ, રીતિ, દોષ, અલંકાર વગેરેનું નિરૂપણ કરતાં જેટલાં પણ પદ્યમય ઉદાહરણો આપવામાં આવ્યાં છે તે બધા રાજા કામરાય બંગની પ્રશંસારૂપે છે. અંતમાં વર્ણીજી કહે છે :

**श्रीवीरनरसिंहकामरायबङ्गनरेन्द्रशरदिन्दुसन्निभकीर्तिप्रकाशके श्रृङ्गारार्णवचन्द्रिकानाम्नि अलंकारसंग्रहे ॥**

जैन साईट JAINSITE

કવિએ પ્રારંભમાં ૭ પદ્યોમાં સુપ્રસિદ્ધ કન્નડ કવિ ગુણવર્માનું સ્મરણ કર્યું છે. અન્ય પદ્યોમાં બંગવાડીની તત્કાલીન સમૃદ્ધિની સ્પષ્ટ ઝલક મળે છે તથા કદંબ રાજવંશના વિષયમાં પણ સૂચના મળે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

'શૃંગારાર્ણવચંદ્રિકા'માં દસ પરિચ્છેદ આ પ્રમાણે છે : ૧. વર્ણ-ગણ-ફલ-નિર્ણય, ૨. કાવ્યગતશબ્દાર્થનિર્ણય, ૩. રસભાવનિર્ણય, ૪. નાયકભેદનિર્ણય, ૫. દશગુણનિર્ણય, ૬. રીતિનિર્ણય, ૭. વૃત્તિ(ત્ત)નિર્ણય ૮. શય્યાભાગનિર્ણય, ૯. અલંકારનિર્ણય, ૧૦. દોષ-ગુણનિર્ણય. આ સરળ અને સ્વતંત્ર ગ્રંથ છે.

**અલંકારસંગ્રહ :**

કન્નડ જૈન કવિ અમૃતનંદીએ 'અલંકારસંગ્રહ' નામક ગ્રંથની રચના કરી છે. તેને 'અલંકારસાર' પણ કહે છે 'કન્નડકવિચરિતે' (ભા. ૨, પૃ. ૩૩)થી જાણ થાય છે કે અમૃતનંદી ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા હતા.

'રસરત્નાકર' નામના કન્નડ અલંકારગ્રંથની ભૂમિકામાં એ. વેંકટરાવ તથા એચ.ટી.શેષ આયંગરે 'અલંકારસંગ્રહ' વિશે આ પ્રમાણે પરિચય આપ્યો છે :

---

૧. श्रीमद्विजयकीर्त्याख्यगुरुराजपदाम्बुजम् ॥५॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમૃતનંદીનો 'અલંકારસંગ્રહ' નામનો એક ગ્રંથ છે. તેના પ્રથમ પરિચ્છેદમાં વર્ણગણવિચાર, બીજામાં શબ્દાર્થનિર્ણય, ત્રીજામાં રસનિર્ણય, ચોથામાં નેતૃભેદવિચાર, પંચમમાં અલંકાર-નિર્ણય, છઠ્ઠામાં દોષગુણાલંકાર, સાતમામાં સન્ધ્યઙ્ગનિરૂપણ, આઠમામાં વૃત્તિ(ત્તિ)નિરૂપણ અને નવમા પરિચ્છેદમાં કાવ્યાલંકાર નિરૂપણ છે.[1]

આ તેમનો કોઈ સ્વતંત્ર ગ્રંથ નથી. પ્રાચીન આલંકારિકોના ગ્રંથોને જોઈને મન્વ ભૂપતિની અનુમતિથી તેમણે આ સંગ્રહાત્મક ગ્રંથ બનાવ્યો. ગ્રંથકાર સ્વયં આ વાતનો સ્વીકાર કરતાં કહે છે કે :

**संचित्यैकत्र कथय सौकर्याय सतामिति ।**
**मया तत्प्रार्थितेनेत्थममृतानन्दयोगिना ॥८॥**

મન્વ ભૂપતિના પિતા, વંશ, ધર્મ તથા કાવ્યવિષયક જિજ્ઞાસા વિશે પણ ગ્રંથકારે થોડો પરિચય આપ્યો છે.[2] મન્વ ભૂપતિનો સમય સન્ ૧૨૯૯ (વિ.સં. ૧૩૫૫)ની આસપાસનો માનવામાં આવે છે.

**અલંકારમંડન :**

માળવા-માંડવગઢના સુલતાન આલમશાહના મંત્રી મંડને વિવિધ વિષયો પર અનેક ગ્રંથો લખ્યા છે. તેમાં અલંકાર-સાહિત્ય વિષયનો 'અલંકારમંડન' પણ છે. તેનો રચના સમય વિ. ૧૫મી શતાબ્દી છે. તેમાં પાંચ પરિચ્છેદ છે. પ્રથમ પરિચ્છેદમાં કાવ્યનાં લક્ષણો, તેના પ્રકાર અને રીતિઓનું નિરૂપણ છે. દ્વિતીય પરિચ્છેદમાં દોષોનું વર્ણન છે. ત્રીજા પરિચ્છેદમાં ગુણોનું સ્વરૂપદર્શન છે. ચોથા પરિચ્છેદમાં રસોનું નિદર્શન છે. પાંચમા પરિચ્છેદમાં અલંકારોનું વિવરણ છે.

---

१. वर्णशुद्धि काव्यवृत्तिं रसान् भावानन्तरम् ।
नेतृभेदानलङ्कारान् दोपानपि च तद्गुणान् ॥६॥
नाट्यधर्मान् रूपकोपरूपकाणां भिदा लप्सि (?) ।
चाटुप्रबन्धभेदांश्च विकीर्णांस्तत्र तत्र तु ॥७॥

२. उद्दामफलदां गुर्वीमुदमेखलाम् (?) ।
भक्तिभूमिपतिः शास्ति जिनपादाब्जषट्पदः ॥३॥
तस्य पुत्रस्त्यागमहासमुद्रबिरुदाङ्कितः ।
सोमसूर्यकुलोत्तंसमहितो मन्त्रभूपतिः ॥४॥
स कदाचित् सभामध्ये काव्यालापकथान्तरे ।
अपृच्छदमृतानन्दमादरेण कवीश्वरम् ॥५॥

जैन साईट JAINSITE .com जिनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી મંડન શ્રીમાલવંશીય સોનગરા ગોત્રના હતા. તેઓ જાલોરના મૂળ નિવાસી હતા પરંતુ તેમની સાતમી-આઠમી પેઢીના પૂર્વજો માંડવગઢમાં આવીને વસ્યા હતા. તેમના વંશમાં મંત્રીપદ પણ પરંપરાગત ચાલ્યું આવતું હતું. મંડન પણ આલમશાહ (હુશંગગોરી-વિ.સં. ૧૪૬૧-૧૪૮૮)ના મંત્રી હતા. આલમશાહ વિદ્યાપ્રેમી હતો આથી મંડન પર તેને અધિક સ્નેહ હતો. તેઓ વ્યાકરણ, અલંકાર, સંગીત અને સાહિત્યશાસ્ત્રમાં પ્રવીણ અને કવિ હતા.

તેમનો કાકાનો દીકરો ધનદ પણ ખૂબ વિદ્વાન હતો. તેણે ભર્તૃહરિના 'સુભાષિતત્રિશતી'ની જેમ નીતિશતક, શ્રૃંગારશતક અને વૈરાગ્યશતક-આ ત્રણે શતકોની રચના કરી હતી.

તેમના વંશમાં વિદ્યા પ્રત્યે જેવો અનુરાગ હતો તેવી જ ધર્મમાં ઉત્કટ શ્રદ્ધાભક્તિ હતી. તે બધા જૈનધર્માવલમ્બી હતા. આચાર્ય જિનભદ્રસૂરિના ઉપદેશથી મંત્રી મંડને પ્રચુર ધન વ્યય કરીને જૈન સિદ્ધાંત-ગ્રંથોનો સિદ્ધાંતકોશ લખાવ્યો હતો.

મંત્રી મંડન વિદ્વાન હોવા સાથે ધનિક પણ હતા. તેઓ વિદ્વાનો પ્રત્યે અત્યંન્ત સ્નેહ રાખતા હતા અને તેમનું ઉચિત સમ્માન કરી દાન આપતા હતા.

મહેશ્વર નામના વિદ્વાન કવિએ મંડન અને તેમના પૂર્વજોનું વિગતસભર વર્ણન કરતો 'કાવ્યમનોહર' નામનો ગ્રંથ લખ્યો છે. તેમનાથી તેના જીવનની ઘણી-બધી વાતો વિશે જાણી શકાય છે. મંડને પોતાના લગભગ બધા ગ્રંથોના અંતમાં મંડન શબ્દ જોડ્યો છે. મંડનના અન્ય ગ્રંથો આ છે :

૧. સારસ્વતમંડન, ૨. ઉપસર્ગમંડન, ૩. શ્રૃંગારમંડન, ૪. કાવ્યમંડન, ૫. ચંપૂમંડન, ૬. કાદમ્બરીમંડન, ૭. સંગીતમંડન, ૮. ચંદ્રવિજય, ૯. કવિકલ્પદ્રુમસ્કન્ધ.

**કાવ્યાલંકાર સાર :**

કાલિકાચાર્ય-સંતાનીય ખંડિલગચ્છીય આચાર્ય જિનદેવસૂરિના શિષ્ય આચાર્ય ભાવદેવસૂરિએ પંદરમી શતાબ્દીના પ્રારંભમાં 'કાવ્યાલંકારસાર'[1] નામના ગ્રંથની રચના કરી છે. આ પદ્યાત્મક કૃતિના પ્રથમ પદ્યમાં તેનો 'કાવ્યાલંકારસારસંકલના', પ્રત્યેક અધ્યાયની પુષ્પિકામાં 'અલંકારસાર' અને આઠમા અધ્યાયના અંતિમ પદ્યમાં 'અલંકારસંગ્રહ' નામથી ઉલ્લેખ કર્યો છે :

---

૧. આ ગ્રંથ 'અલંકારમહોદધિ'ના અંતમાં ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ, વડોદરાથી પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आचार्यभावदेवेन प्राच्यशास्त्रमहोदधेः ।
आदाय साररत्नानि कृतोऽलंकारसंग्रहः ॥

આ નાનકડો પણ અત્યંત ઉપયોગી ગ્રંથ છે. તેમાં ૮ અધ્યાય અને ૧૩૧ શ્લોકો છે. ૮ અધ્યાયોના વિષય આ પ્રમાણે છે :

૧. કાવ્યનું ફળ, હેતુ અને સ્વરૂપનિરૂપણ, ૨. શબ્દાર્થસ્વરૂપનિરૂપણ, ૩. શબ્દાર્થદોષપ્રકટન, ૪. ગુણપ્રકાશન, ૫. શબ્દાલંકારનિર્ણય, ૬. અર્થાલંકાર પ્રકાશન, ૭. રીતિસ્વરૂપનિરૂપણ, ૮. ભાવાવિર્ભાવ.

તેમના અન્ય ગ્રંથો આ પ્રમાણે જણાય છે : ૧. પાર્શ્વનાથચરિત (વિ.સં. ૧૪૧૨), ૨. જઇદિણચરિયા (યતિદિનચર્યા), ૩. કાલિકાચાર્યકથા.

**અકબરસાહિશ્રૃંગારદર્પણ :**

જૈનાચાર્ય ભટ્ટારક પદ્મમેરુના શિષ્યરત્ન પદ્મસુંદરગણિએ 'અકબરસાહિ-શ્રૃંગારદર્પણ' નામના અલંકાર-ગ્રંથની રચના કરી છે. તેઓ નાગોરી તપાગચ્છના ભટ્ટારક યતિ હતા. તેમની પરંપરાના હર્ષકીર્તિસૂરિએ 'ધાતુતરઙ્ગિણી'માં તેમની યોગ્યતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :[1]

મોગલસમ્રાટ અકબરની વિદ્વત્સભામાં પદ્મસુંદરે કોઈ મહાપંડિતને શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યો હતો. અકબરે પોતાની વિદ્વત્સભામાં તેમને સમ્માન્ય વિદ્વાનોમાં સ્થાન આપ્યું હતું. તેમને રેશમી વસ્ત્ર, પાલખી અને ગામ ભેટમાં આપ્યું હતું. તેઓ જોધપુરના રાજા માલદેવના સમ્માન્ય વિદ્વાન હતા.

'અકબરસાહિશ્રૃંગારદર્પણ' નામથી જ ખ્યાલ આવે છે કે આ ગ્રંથ બાદશાહ અકબરને લક્ષમાં રાખીને લખવામાં આવ્યો છે. ગ્રંથકારે રુદ્ર કવિની 'શ્રૃંગારતિલક'ની શૈલીનું અનુસરણ કરીને તેની રચના કરી છે, પરંતુ તેનું પ્રસ્તુતીકરણ મૌલિક છે. ઘણી જગ્યાએ તો આ ગ્રંથ સૌંદર્ય અને શૈલીમાં તેનાથી ચઢિયાતો છે. લક્ષણ અને ઉદાહરણ ગ્રંથકર્તાનાં સ્વનિર્મિત છે.

આ ગ્રંથ ચાર ઉલ્લાસોમાં વિભક્ત છે. કુલ મળીને તેમાં ૩૪૫ નાના-મોટા પદ્યો

---

૧. साहेः संसदि पद्मसुन्दरगणिर्जित्वा महापण्डितं
क्षौम-ग्राम-सुखासनाद्यकबरश्रीसाहितो लब्धवान् ।
हिन्दूकाधिपमालदेवनृपतेर्मान्यो वदान्योऽधिकं ।
श्रीमद्योधपुरे सुरेप्सितवचाः पद्माह्वयं पाठकम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેના ત્રણ ઉલ્લાસોમાં શ્રૃંગારનું પ્રતિપાદન છે અને ચોથામાં રસોનું. આમાં નવ રસનો સ્વીકાર કરવામાં આવ્યો છે.[1]

ગ્રંથકારની અન્ય રચનાઓ આ પ્રમાણે છે : ૧. રાયમલ્લાભ્યુદયકાવ્ય (વિ.સં. ૧૬૧૫), ૨. યદુસુંદરમહાકાવ્ય, ૩. પાર્શ્વનાથચરિત, ૪. જમ્બૂસ્વામિકથાનક, ૫. રાજપ્રશ્નીયનાટ્યપદભંજિકા, ૬. પરમતવ્યવચ્છેદસ્યાદ્વાદદ્વાત્રિંશિકા, ૭. પ્રમાણસુંદર, ૮. સારસ્વતરૂપમાલા, ૯. સુંદરપ્રકાશશબ્દાર્ણવ, ૧૦, હાયનસુંદર, ૧૧. ષડ્ભાષાગર્ભિતનેમિસ્તવ, ૧૨. વરમંગલિકાસ્તોત્ર, ૧૩. ભારતીસ્તોત્ર.

**કવિમુખમંડન :**

ખરતરગચ્છીય સાધુકીર્તિ મુનિના શિષ્ય મહિમસુંદરના શિષ્ય પં. જ્ઞાનમેરુએ 'કવિમુખમંડન' નામના અલંકારગ્રંથથી રચના કરી છે. ગ્રંથનું નિર્માણ દૌલતખાં માટે કરવામાં આવ્યું છે તેવો ઉલ્લેખ કવિએ કર્યો છે.[2]

પં. જ્ઞાનમેરુએ ગુજરાતી ભાષામાં 'ગુણકરણ્ડગુણાવલીરાસ' તેમજ અન્ય ગ્રંથો રચ્યા છે. આ રાસ-ગ્રંથ વિ.સં. ૧૬૭૬માં રચાયો છે.[3]

**કવિમદપરિહાર :**

ઉપાધ્યાય સકલચંદ્રના શિષ્ય શાંતિચંદ્રે 'કવિમદપરિહાર' નામક અલંકારશાસ્ત્રસંબંધી એક ગ્રંથની રચના વિ.સં. ૧૭૦૦ની આસપાસમાં કરી છે, તેવો ઉલ્લેખ જિનરત્નકોશ, પૃ. ૮૨માં છે.

**કવિમદપરિહાર-વૃત્તિ :**

મુનિ શાંતિચંદ્રે 'કવિમદપરિહાર' પર સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે.

**મુગ્ધમેધાલંકાર :**

'મુગ્ધમેધાલંકાર' નામક અલંકારશાસ્ત્રવિષયક આ નાની એવી કૃતિ[4] ના કર્તા રત્નમંડનગણિ છે. તેમનો રચના-સમય ૧૭મી સદી છે.

---

૧. આ ગ્રંથ પ્રાધ્યાપક સી. કે. રાજા દ્વારા સંપાદિત થઈને ગંગા ઓરિયન્ટલ સિરીઝ, બીકાનેરથી સન્ ૧૯૪૩માં પ્રકાશિત થયો છે.

૨. આ 'રાજસ્થાનના જૈન શાસ્ત્ર-ભંડારોની ગ્રંથસૂચિ' ભા.૨, પૃ. ૨૭૮માં સૂચિત કરવામાં આવ્યો છે. આ ગ્રંથની ૧૦ પત્રોની પ્રતિ ઉપલબ્ધ છે.

૩. 'જૈન ગુર્જર કવિઓ' ભા. ૧, પૃ. ૪૯૫; ભાગ ૩, ખંડ ૧, પૃ. ૯૭૯.

૪. આ ૨ પત્રાત્મક કૃતિ પૂનાના ભાંડારકર ઓરિયંટલ ઈન્સ્ટીટ્યૂટમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નમંડનગણિએ ઉપદેશતરંગિણી આદિ ગ્રંથોની પણ રચના કરી છે.

**મુગ્ધમેધાલંકાર-વૃત્તિ :**

'મુગ્ધમેધાલંકાર' પર કોઈક વિદ્વાને ટીકા લખી છે.[1]

**કાવ્યલક્ષણ :**

અજ્ઞાતકર્તૃક 'કાવ્યલક્ષણ' નામક ૨૫૦૦ શ્લોક-પરિમાણ એક કૃતિનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલી પૃ. ૩૧૬ પર છે.

**કર્ણાલંકારમંજરી :**

ત્રિમલ્લ નામક વિદ્વાને 'કર્ણાલંકારમંજરી' નામના અલંકારગ્રંથની રચના કરી છે. તેનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલી પૃ. ૩૧૫માં છે.

**પ્રકાન્તાલંકાર-વૃત્તિ :**

જિનહર્ષના શિષ્યે 'પ્રકાન્તાલંકાર-વૃત્તિ' નામના ગ્રંથની રચના કરી છે. તેની હસ્તલિખિત તાડપત્રીય પ્રત પાટણના ભંડારમાં વિદ્યમાન છે. તેનો ઉલ્લેખ જિનરત્નકોશ, પૃ. ૨૫૭માં છે.

**અલંકાર-ચૂર્ણિ :**

'અલંકાર-ચૂર્ણિ' નામક ગ્રંથ કોઈ અજ્ઞાતનામા રચનાકારની રચના છે. તેનો ઉલ્લેખ જિનરત્નકોશ, પૃ. ૧૭માં છે.

**અલંકારચિંતામણી :**

દિગંબર વિદ્વાન અજિતસેને 'અલંકારચિંતામણિ'[2] નામના ગ્રંથની રચના ૧૮મી શતાબ્દીમાં કરી છે. તેમાં પાંચ પરિચ્છેદ છે અને વિષય-વર્ણન આ પ્રમાણે છે :

૧. કવિશિક્ષા, ૨, ચિત્ર(શબ્દ)-અલંકાર, ૩. યમકાદિવર્ણન, ૪. અર્થાલંકાર અને ૫. રસ આદિનું વર્ણન.

**અલંકારચિંતામણિ-વૃત્તિ :**

'અલંકારચિંતામણિ' પર કોઈ અજ્ઞાતનામી વિદ્વાને વૃત્તિની રચના કરી છે. તેનો ઉલ્લેખ જિનરત્નકોશ, પૃ. ૧૭માં છે.

---

૧. આની ૩ પત્રોની પ્રતિ પૂનાના ભાંડારકર ઓરિયંટલ ઇનસ્ટીટ્યૂટમાં છે.

૨. આ ગ્રંથ સોલાપુરથી પ્રકાશિત થઈ ગયો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વક્રોક્તિપંચાશિકા :**

રત્નાકરે 'વક્રોક્તિપંચાશિકા' નામક ગ્રંથની રચના કરી છે. તેનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલી, પૃ. ૩૧૨માં છે. તેમાં વક્રોક્તિનાં પચાસ ઉદાહરણ છે કે વક્રોક્તિ અલંકારવિષયક પચાસ પદ્યો છે, તે જાણી શકાયું નથી.

**રૂપકમંજરી :**

ગોપાલના પુત્ર રૂપચંદ્રે ૧૦૦ શ્લોક-પરિમાણ એક કૃતિની રચના વિ.સં. ૧૬૪૪માં કરી છે. તેનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલી, પૃ. ૩૧૨માં છે. જિનરત્નકોશમાં તેનો નિર્દેશ નથી, પરંતુ આ હકીકત તેમાં પૃ. ૩૩૨ પર 'રૂપમંજરીનામમાલા' માટે નિર્દિષ્ટ છે. ગ્રંથનું નામ જોતાં તેમાં રૂપક અલંકારના વિષયમાં નિરૂપણ હશે તેવું અનુમાન થાય છે. આ દૃષ્ટિએ આ ગ્રંથ અલંકાર-વિષયક માની શકાય.

**રૂપકમાલા :**

'રૂપકમાલા' નામની ત્રણ કૃતિઓનો ઉલ્લેખ મળે છે.

૧. ઉપાધ્યાય પુણ્યનંદને 'રૂપકમાલા'ની રચના કરી છે અને તેના પર સમયસુંદરગણિએ વિ.સં. ૧૬૬૩માં 'વૃત્તિ'ની રચના કરી છે.

૨. પાર્શ્વચંદ્રસૂરિએ વિ.સં. ૧૫૮૬માં 'રૂપકમાલા' નામક કૃતિની રચના કરી છે.

૩. કોઈ અજ્ઞાતનામા મુનિએ 'રૂપકમાલા'ની રચના કરી છે.

આ ત્રણે કૃતિઓ અલંકારવિષયક છે કે અન્યવિષયક તે શોધનીય છે.

**કાવ્યાદર્શ-વૃત્તિ :**

મહાકવિ દંડીએ લગભગ વિ.સં. ૭૦૦માં 'કાવ્યાદર્શ' ગ્રંથની રચના કરી છે. તેમાં ત્રણ પરિચ્છેદ છે. પ્રથમ પરિચ્છેદમાં કાવ્યની વ્યાખ્યા, પ્રકાર તથા વૈદર્ભી અને ગૌડી આ બે રીતિઓ, દસ ગુણ, અનુપ્રાસ અને કવિ બનવા માટે ત્રિવિધ યોગ્યતા આદિની ચર્ચા છે. બીજા પરિચ્છેદમાં ૩૫ અલંકારોનું નિરૂપણ છે. ત્રીજામાં યમકનું વિસ્તૃત નિરૂપણ, જુદા-જુદા પ્રકારના ચિત્રબંધો, સોળ પ્રકારની પ્રહેલિકાઓ અને દસ દોષોના વિષયમાં વિવરણ છે.

આ 'કાવ્યાદર્શ' પર ત્રિભુવનચંદ્ર અપરનામ વાદી સિંહસૂરિએ[1] ટીકાની રચના

---

૧. આ વાદી સિંહસૂરિ કદાચ વિ.સં. ૧૩૨૪માં 'પ્રશ્નશતક'ની રચના કરનારા કાસદ્રહ ગચ્છના નરચંદ્રસૂરિના ગુરુ હતા. જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૪૧૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી છે. તેની વિ.સં. ૧૭૫૮ની હસ્તલિખિત પ્રત બંગલા લિપિમાં છે.

**કાવ્યાલંકાર-વૃત્તિ :**

મહાકવિ રુદ્રટે લગભગ વિ.સં. ૯૪૦માં 'કાવ્યાલંકાર'ની ૧૬ અધ્યાયોમાં રચના કરી છે. કવિ ભામહ અને વામને પણ પોતાના અલંકારગ્રંથોના નામ 'કાવ્યાલંકાર' રાખ્યાં છે. રુદ્રટે અલંકારોના વર્ગીકરણ માટે સૈદ્ધાંતિક વ્યવસ્થા કરી છે. અલંકારોનું વર્ણન જ આ ગ્રંથોની વિશેષતા છે. ગ્રંથમાં આપવામાં આવેલા અનેક ઉદાહરણો તેમના પોતાનાં છે. અહીં નવ રસો ઉપરાંત દશમા 'પ્રેયસ્' નામક રસનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ત્રીજા અધ્યાયમાં યમકના વિષયમાં ૫૮ પદ્યો છે. પાંચમા અધ્યાયમાં ચિત્રબંધોનું વિવરણ છે.

આ 'કાવ્યાલંકાર' પર નમિસાધુએ વિ.સં. ૧૧૨૫માં વૃત્તિ, જેને 'ટિપ્પણ' કહે છે, તેની રચના કરી છે. આ નમિસાધુ થારાપદ્રગચ્છીય શાલિભદ્રના શિષ્ય હતા. તેમણે પોતાના પૂર્વના કવિઓ અને આલંકારિકો તથા તેમના ગ્રંથોનાં નામોનો નિર્દેશ કર્યો છે.

નમિસાધુએ અપભ્રંશના ૧. ઉપનાગર, ૨. આભીર અને ૩. ગ્રામ્ય – આ ત્રણ ભેદો સંબંધિત માન્યતાઓના વિષયમાં ઉલ્લેખ કર્યો છે, જેનું રુદ્રટે નિરસન કરીને અપભ્રંશના અનેક પ્રકારો ગણાવ્યા છે. દેશ-પ્રદેશભેદ ને કારણે અપભ્રંશ ભાષા પણ તત્તત્ પ્રકારની હોય છે. તેમનાં લક્ષણો જે-તે દેશોના લોકો પાસેથી જાણી શકાય છે.

નમિસાધુએ 'આવશ્યકચૈત્યવંદન-વૃત્તિ'ની રચના વિ.સં. ૧૧૨૨માં કરી છે.

**કાવ્યાલંકાર-નિબંધનવૃત્તિ :**

દિગંબર વિદ્વાન આશાધરે રુદ્રટના 'કાવ્યાલંકાર' પર નિબંધન નામની વૃત્તિ[1]ની રચના વિ.સં. ૧૨૯૬ની આસપાસમાં કરી છે.

**કાવ્યપ્રકાશ-સંકેતવૃત્તિ :**

મહાકવિ મમ્મટે લગભગ વિ. સં. ૧૧૧૦માં 'કાવ્યપ્રકાશ' નામના કાવ્યશાસ્ત્રના અતિ ઉપયોગી એવા ગ્રંથની રચના કરી છે. તેમાં ૧૦ ઉલ્લાસ છે અને ૧૪૩ કારિકાઓમાં સંપૂર્ણ કાવ્યશાસ્ત્રની લાક્ષણિક વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ પર સ્વયં મમ્મટે વૃત્તિ રચી છે. તેમાં તેમણે અન્ય ગ્રંથકારોના ૬૨૦ પદ્યો

---

૧. रौद्रटस्य व्यधात् काव्यालंकारस्य निबन्धनम् ॥ - સાગારધર્મામૃત, પ્રશસ્તિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાહરણરૂપે આપ્યા છે. પોતાની પહેલાંના ગ્રંથકારો જેવા કે ભામહ, વામન, અભિનવગુપ્ત, ઉદ્ભટ વગેરેના અભિપ્રાયોનો ઉલ્લેખ કરીને પોતાનો જુદો મત પ્રદર્શિત કર્યો છે. મમ્મટ પછીથી થઈ ગયેલા આલંકારિકોએ 'કાવ્યપ્રકાશ'નો યથેચ્છ ઉપયોગ કર્યો છે અને તેના પર અનેક ટીકાઓની રચના કરી છે, એ જ તેની લોકપ્રિયતાનું પ્રમાણ છે.

આ 'કાવ્યપ્રકાશ' પર રાજગચ્છીય આચાર્ય સાગરચંદ્રના શિષ્ય માણિક્યચંદ્રસૂરિએ સંકેત નામની ટીકાની રચના કરી છે જે ઉપલબ્ધ ટીકાઓમાં ખૂબ પ્રાચીન છે. તેમણે વિ.સં. 'રસ-વક્ત્ર-ગ્રહાધીશ'નો ઉલ્લેખ કર્યો છે, જેનો અર્થ કોઈ ૧૨૧૬, કોઈ ૧૨૪૬ અને કોઈ ૧૨૬૬ કરે છે. આચાર્ય માણિક્યચંદ્રસૂરિ મંત્રી વસ્તુપાલના સમકાલીન હતા આથી વિ.સં. ૧૨૬૬ યોગ્ય જણાય છે.

આચાર્ય માણિક્યચંદ્રે પોતાના પૂર્વકાલીન ગ્રંથકારોની કૃતિઓનો પણ પર્યાપ્ત ઉપયોગ કર્યો છે. આચાર્ય હેમચંદ્રના 'કાવ્યાનુશાસન'ની સ્વોપજ્ઞ 'અલંકારચૂડામણિ' અને 'વિવેક' ટીકાઓમાંથી પણ ઉપયોગી સામગ્રી ઉદ્ધૃત કરી છે.

**કાવ્યપ્રકાશ-ટીકા :**

તપાગચ્છીય મુનિ હર્ષકુલે 'કાવ્યપ્રકાશ' પર એક ટીકા રચી છે. તેઓ વિક્રમની સોળમી શતાબ્દીમાં થઈ ગયા.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**સારદીપિકા-વૃત્તિ :**

ખરતરગચ્છીય આચાર્ય જિનમાણિક્યસૂરિના શિષ્ય વિનયસમુદ્રગણિના શિષ્ય ગુણરત્નગણિએ 'કાવ્યપ્રકાશ' પર ૧૦૦૦૦ શ્લોક-પ્રમાણ 'સારદીપિકા'[1] નામની ટીકાની રચના[2] પોતાના શિષ્ય રત્નવિશાલ માટે કરી હતી.

**કાવ્યપ્રકાશ-વૃત્તિ :**

આચાર્ય જયાનંદસૂરિએ 'કાવ્યપ્રકાશ' પર એક વૃત્તિ લખી છે જેનું શ્લોક-પ્રમાણ ૪૪૦૦ છે.

---

૧. આની હસ્તલિખિત પ્રતિ પૂનાના ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટમાં છે.

૨. विलोक्य विविधाः टीका अधीत्य च गुरोर्मुखात् ।
काव्यप्रकाशटीकेयं रच्यते सारदीपिका ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કાવ્યપ્રકાશ-વૃત્તિ :**

ઉપાધ્યાય યશોવિજયગણિએ 'કાવ્યપ્રકાશ' પર એક વૃત્તિ ૧૭મી સદીમાં બનાવી હતી, જેનો થોડોક-અંશ હજી સુધી પ્રાપ્ત થયો છે.

**કાવ્યપ્રકાશ-ખંડન (કાવ્યપ્રકાશ-વિવૃત્તિ) :**

મહોપાધ્યાય સિદ્ધિચંદ્રગણિએ મમ્મટરચિત 'કાવ્યપ્રકાશ'ની ટીકા લખી છે, જેનું નામ તેમણે ગ્રંથના પ્રારંભના પદ્ય ૩માં 'કાવ્યપ્રકાશવિવૃત્તિ' જણાવ્યું છે[1] પરંતુ પદ્ય ૫માં 'खण्डनताण्डवं कुर्मे' અને 'तत्रादावनुवादपूर्वकं काव्याप्रकाशखण्डनमारभ्यते' એવા ઉલ્લેખો હોવાથી આ ટીકાનું નામ 'કાવ્યપ્રકાશખંડન' જ જણાય છે. રચના સમય વિ.સં. ૧૭૧૪ની આસપાસ છે.

આ ટીકામાં બે જગ્યાએ 'अस्मत्कृतबृहट्टीकातोऽवसेयः' અને 'गुरुनाम्ना बृहट्टीकातः' એવા ઉલ્લેખ હોવાથી જણાય છે કે આ ખંડનાત્મક ટીકા ઉપરાંત તેમણે વિસ્તૃત વ્યાખ્યાની રચના પણ કરી હતી, જે હજી સુધી પ્રાપ્ત થઈ નથી.

ટીકાકારે આ રચના આલોચનાત્મક દૃષ્ટિએ બનાવી છે. આલોચના પણ કાવ્યપ્રકાશગત બધા જ વિચારો પર નથી કરવામાં આવી, પરંતુ જે વિષયોમાં ટીકાકારને કંઈ મતભેદ છે તે વિચારોનું તેમાં ખંડન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

JAINSITE
जैनम् जयति शासनम्

કાવ્યની વ્યાખ્યા, કાવ્યના ભેદ, રસ અને અન્ય સાધારણ વિષયોના જે ઉલ્લેખો ટીકાકારને યોગ્ય નથી લાગ્યા તે વિષયોમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કરવા માટે તેમણે પ્રસ્તુત ટીકાનું નિર્માણ કર્યું છે.[2]

સિદ્ધિચંદ્રગણિની અન્ય રચનાઓ આ પ્રમાણે છે :

૧. કાદમ્બરી (ઉત્તરાર્ધ) ટીકા, ૨. શોભનસ્તુતિ-ટીકા, ૩. વૃદ્ધપ્રસ્તાવોક્તિરત્નાકર, ૪. ભાનુચંદ્રચરિત, ૫. ભક્તામરસ્તોત્ર-વૃત્તિ, ૬. તર્કભાષા-ટીકા, ૭. સપ્તપદાર્થી-ટીકા, ૮. જિનશતક-ટીકા, ૯. વાસવદત્તાવૃત્તિ અથવા વ્યાખ્યાટીકા, ૧૦. અનેકાર્થોપસર્ગ-વૃત્તિ, ૧૧. ધાતુમંજરી, ૧૨. આખ્યાતવાદ-ટીકા, ૧૩, પ્રાકૃતસુભાષિતસંગ્રહ, ૧૪. સૂક્તિરત્નાકર, ૧૫.

---

૧. शाहेरकब्बरधराधिपमौलिमौलेश्चेतःसरोरुहविलासषडंह्रितुल्यः ।
विद्वच्चमत्कृतकृते बुधसिद्धिचन्द्रः काव्यप्रकाशविवृतिं कुरुतेऽस्य शिष्यः ॥

૨. આ ગ્રંથ 'સિંધી જૈન ગ્રંથમાલા'માં છપાઈ ગયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંગલવાદ, ૧૬. સમસ્મરણવૃત્તિ, ૧૭. લેખલિખનપદ્ધતિ, ૧૮. સંક્ષિપ્તકાદમ્બરીકથાનક, ૧૯. કાવ્યપ્રકાશ-ટીકા.

**સરસ્વતીકંઠાભરણ-વૃત્તિ (પદપ્રકાશ) :**

અનેક ગ્રંથોના નિર્માતા એવા માલવાના વિદ્યાપ્રિય રાજા ભોજરાજે 'સરસ્વતીકંઠાભરણ' નામના કાવ્યશાસ્ત્રસંબંધી ગ્રંથનું નિર્માણ વિ.સં. ૧૧૫૦ની આસપાસમાં કર્યું છે. આ વિશાળકાય વૃત્તિ ૬૪૩ કારિકાઓમાં મોટાભાગે સંગ્રહાત્મક છે. તેમાં કાવ્યાદર્શ, ધ્વન્યાલોક ઇત્યાદિ ગ્રંથોનાં ૧૫૦૦ પદ્યો ઉદાહરણરૂપે આપવામાં આવ્યા છે. તેમાં પાંચ પરિચ્છેદ છે.

પ્રથમ પરિચ્છેદમાં કાવ્યનું પ્રયોજન, લક્ષણ અને ભેદ, પદ, વાક્ય અને વાક્યાર્થના સોળ-સોળ દોષો તથા શબ્દના ચોવીસ ગુણો નિરૂપિત છે.

દ્વિતીય પરિચ્છેદમાં ૨૪ શબ્દાલંકારોનું વર્ણન છે.

તૃતીય પરિચ્છેદમાં ૨૪ અર્થાલંકારોનું વર્ણન છે.

ચતુર્થ પરિચ્છેદમાં શબ્દ અને અર્થના ઉપમા આદિ અલંકારોનું નિરૂપણ છે.

પંચમ પરિચ્છેદમાં રસ, ભાવ, નાયક અને નાયિકા, પાંચ સંધિઓ, ચાર વૃત્તિઓ વગેરે નિરૂપિત છે.

આ 'સરસ્વતીકંઠાભરણ' પર ભાણ્ડાગારિક પાર્શ્વચંદ્રના પુત્ર આજડે 'પદપ્રકાશ' નામના ટીકા-ગ્રંથ[1] થી રચના કરી છે. તેઓ આચાર્ય ભદ્રેશ્વરસૂરિને ગુરુ માનતા હતા. તેમણે ભદ્રેશ્વરસૂરિને બૌદ્ધ તાર્કિક દિઙ્નાગ સમકક્ષ બતાવ્યા છે. આ ટીકા ગ્રંથમાં પ્રાકૃત ભાષાની વિશેષતાનાં ઉદાહરણ છે તથા વ્યાકરણના નિયમોનો ઉલ્લેખ છે.

**વિદગ્ધમુખમંડન-અવચૂર્ણિ :**

બૌદ્ધધર્મી ધર્મદાસે વિ.સં. ૧૩૧૦ની આસપાસમાં 'વિદગ્ધમુખમંડન' નામની અલંકારશાસ્ત્રસંબંધી કૃતિ ચાર પરિચ્છેદોમાં રચી છે. તેમાં પ્રહેલિકા અને ચિત્રકાવ્ય સંબંધી જાણકારી પણ આપવામાં આવી છે.

આ ગ્રંથ પર જૈનાચાર્યોએ અનેક ટીકાઓ રચી છે.

૧૪મી શતાબ્દીમાં વિદ્યમાન ખરતરગચ્છીય આચાર્ય જિનપ્રભસૂરિએ 'વિદગ્ધમુખમંડન' પર અવચૂર્ણિની રચના કરી છે.

---

૧. આની હસ્તલિખિત તાડપત્રીય પ્રત પાટણના ભંડારમાં ખંડિત અવસ્થામાં વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિદગ્ધમુખમંડન-ટીકા :**

ખરતરગચ્છીય આચાર્ય જિનસિંહસૂરિના શિષ્ય લબ્ધિચંદ્રના શિષ્ય શિવચંદ્રે 'વિદગ્ધમુખમંડન' પર વિ.સં. ૧૬૬૯માં 'સુબોધિકા' નામની ટીકા રચી છે. આ ટીકાનું પરિમાણ ૨૫૦૪ શ્લોક છે. ટીકાના અંતમાં કર્તાએ પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :

> श्रीलब्धिवर्धनमुनेर्विनयी विनेयो
> विद्यावतां क्रमसरोजपरीष्टिपूतः ।
> चक्रे यथामति शुभां शिवचन्द्रनामा
> वृत्तिं विदग्धमुखमण्डनकाव्यसत्काम् ॥१॥
> नन्दर्तु-भूपाल ( १६६९ ) विशालवर्षे हर्षेण वर्षात्ययहर्षदर्तौ ।
> मेवातिदेशे लवशभिधाने पुरे समारब्धमिदं समासीत् ॥२॥

**વિદગ્ધમુખમંડન-વૃત્તિ :**

ખરતરગચ્છીય સુમતિકલશના શિષ્ય મુનિ વિનયસાગરે વિ.સં. ૧૬૯૯માં 'વિદગ્ધમુખમંડન' પર એક વૃત્તિની રચના કરી છે.

**વિદગ્ધમુખમંડન-વૃત્તિ :**

મુનિ વિનયસુંદરના શિષ્ય વિનયરત્ને ૧૭મી શતાબ્દીમાં 'વિદગ્ધમુખમંડન' પર વૃત્તિ રચી છે.

**વિદગ્ધમુખમંડન-ટીકા :**

મુનિ ભીમવિજયે 'વિદગ્ધમુખમંડન' પર એક ટીકાની રચના કરી છે.

**વિદગ્ધમુખમંડન-અવચૂરિ :**

'વિદગ્ધમુખમંડન' પર કોઈ અજ્ઞાતનામા મુનિએ 'અવચૂરિ'ની રચના કરી છે. અવચૂરિનો પ્રારંભ 'स्मृत्वा जिनेन्द्रमपि' થી થાય છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે આ જૈનમુનિકૃત અવચૂરિ છે.

**વિદગ્ધમુખમંડન-ટીકા :**

કકુદાચાર્ય-સંતાનીય કોઈ મુનિએ 'વિદગ્ધમુખમંડન' પર એક ટીકા રચી છે. શ્રી અગરચંદજી નાહટાએ ભારતીય વિદ્યા, વર્ષ ૨, અંક ૩માં 'જૈનેતર ગ્રંથોં પર જૈન વિદ્વાનોં કી ટીકાએં' શીર્ષક હેઠળના લેખમાં તેનો ઉલ્લેખ કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિદગ્ધમુખમંડન-બાલાવબોધ :**

આચાર્ય જિનચંદ્રસૂરિ (વિ.સં. ૧૪૮૭-૧૫૩૦)ના શિષ્ય ઉપાધ્યાય મેરુસુંદરે 'વિદગ્ધમુખમંડન' પર જૂની ગુજરાતીમાં 'બાલાવબોધ'ની ૧૪૫૪ શ્લોક-પ્રમાણ રચના કરી છે. તેમણે ષષ્ટિશતક, વાગ્ભટાલંકાર, યોગશાસ્ત્ર ઈત્યાદિ ગ્રંથો પર પણ બાલાવબોધો રચ્યા છે.

**અલંકારાવચૂર્ણિ :**

કાવ્યશાસ્ત્રવિષયક કોઈ ગ્રંથ પર 'અલંકારાવચૂર્ણિ' નામની ટીકાની ૧૨ પત્રોની હસ્તલિખિત પ્રત પ્રાપ્ત થાય છે. આ ૩૫૦ શ્લોકોની પાંચ પરિચ્છેદાત્મક કોઈ કૃતિ પર ૧૫૦૦ શ્લોક-પરિમાણ વૃત્તિ-અવચૂરિ છે. તેમાં મૂળ કૃતિનાં પ્રતીક જ આપવામાં આવ્યા છે. મૂળ કૃતિ કઈ છે, તેનો નિર્ણય થતો નથી. આ અવચૂરિના કર્તા કોણ છે, તે પણ અજ્ઞાત છે. અવચૂરિમાં એક જગ્યાએ (૧૨મા પત્રમાં) 'જિન'નો ઉલ્લેખ છે. તેનાથી તથા 'અવચૂરિ' નામથી પણ આ ટીકા કોઈ જૈનની કૃતિ હશે તેમ અનુમાન થઈ શકે છે.

जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## ચોથું પ્રકરણ

# છંદ

'છંદ' શબ્દ ઘણા અર્થોમાં વપરાયો છે. પાણિનિના 'અષ્ટાધ્યાયી'માં 'છંદસ્' શબ્દ વેદોનો બોધક છે. 'ભગવદ્ગીતા'માં વેદોને છંદસ્ કહેવામાં આવ્યા છે :

**ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम्**
**छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥** (૧૫.૧)

'અમરકોશ' (છઠ્ઠી શતાબ્દી)માં 'अभिप्रायश्छन्द आशयः' (૩.૨૦) - 'છંદ'નો અર્થ 'મનની વાત' કે 'અભિપ્રાય' કરવામાં આવ્યો છે. તેમાં અન્યત્ર (૩.૮૮) 'છંદ' શબ્દનો 'વશ' અર્થ જણાવવામાં આવ્યો છે. તેમાં જ 'छन्दः पद्येऽभिलाषे च' (૩.૨૩૨) — છંદનો અર્થ 'પદ્ય' અને 'અભિલાષ' પણ કરવામાં આવ્યો છે.

તેથી 'છંદ' શબ્દનો પ્રયોગ પદ્યના અર્થમાં પણ અતિ પ્રાચીન જણાય છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદસ્ - આ છ વેદાંગોમાં 'છંદઃશાસ્ત્ર'ને ગણવામાં આવ્યું છે.

'છંદ' શબ્દનો પર્યાયવાચી 'વૃત્ત' શબ્દ છે, પરંતુ તે શબ્દ છંદની જેમ વ્યાપક નથી.

'છંદઃશાસ્ત્ર'નો અર્થ છે અક્ષર યા માત્રાઓના નિયમથી ઉદ્ભૂત એવા વિવિધ વૃત્તોની શાસ્ત્રીય વિચારણા. સામાન્યપણે આપણા દેશમાં સર્વપ્રથમ પદ્યાત્મક કૃતિની રચના થઈ છે આથી પ્રાચીનતમ 'ઋગ્વેદ' આદિનાં સૂક્તો છંદમાં જ રચાયેલાં છે. તેવી જ રીતે જૈનોના આગમગ્રંથો પણ અંશતઃ છંદમાં રચાયેલા છે. જૈનાચાર્યોએ છંદ-શાસ્ત્રના અનેક ગ્રંથો લખ્યા છે. આ ગ્રંથોના વિષયમાં આપણે અહીં વિચાર કરીશું.

**રત્નમંજૂષા :**

સંસ્કૃતમાં રચાયેલા 'રત્નમંજૂષા'[1] નામક છંદ-ગ્રંથના કર્તાનું નામ અજ્ઞાત છે. તેના પ્રત્યેક અધ્યાયના અંતમાં ટીકાકારે '**इति रत्नमञ्जूषायां छन्दोविचित्यां भाष्यतः**'

---

૧. આ ગ્રંથ 'સભાષ્ય-રત્નમંજૂષા'નામથી ભારતીય જ્ઞાનપીઠ, કાશીથી સન્ ૧૯૪૯માં પ્રો. વેલણકર દ્વારા સંપાદિત થઈને પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો નિર્દેશ કર્યો છે. તેથી તેનું નામ 'છન્દોવિચિતિ' પણ છે, તેમ જણાય છે.

સૂત્રબદ્ધ આ ગ્રંથમાં નાના-નાના આઠ અધ્યાય છે અને કુલ મળીને ૨૩૦ સૂત્રો છે. આ ગ્રંથ મુખ્યત્વે વર્ણવૃત્ત-વિષયક છે. તેમાં વૈદિક છંદોનું નિરૂપણ નથી કરવામાં આવ્યું. તેમાં આપવામાં આવેલ કેટલાક છંદોનાં નામ આચાર્ય હેમચંદ્રનાં 'છન્દોઽનુશાસન' સિવાય બીજા ગ્રંથોમાં ઉપલબ્ધ થતાં નથી. આ ગ્રંથના ઉદાહરણોમાં જૈનત્વની અસર જોવામાં આવે છે અને તેના ટીકાકાર જૈન છે આથી મૂળ કર્તા પણ જૈન હોવાથી સંભાવના જણાય છે.

પ્રથમ અધ્યાયમાં વિવિધ સંજ્ઞાઓનું નિરૂપણ છે. 'છંદઃશાસ્ત્ર'માં પિંગલે ગણો માટે म्, य्, र्, स्, त्, ज्, भ्, न् - આ આઠ ચિહ્નો બતાવ્યાં છે, જ્યારે આ ગ્રંથમાં તેના બદલે ક્રમશઃ क्, च्, त्, प्, श्, ष्, स्, ह् - આ આઠ વ્યંજન અને आ, ए, औ, ई, अ, उ, ऋ, इ - આ આઠ સ્વર-આ રીતે બે પ્રકારની સંજ્ઞાઓની યોજના કરવામાં આવી છે. પછી બે દીર્ઘ વર્ણો માટે य्, એક હ્રસ્વ અને એક દીર્ઘ માટે र्, એક દીર્ઘ અને એક હ્રસ્વ માટે ल्, બે હ્રસ્વ વર્ણો માટે व्, એક દીર્ઘ વર્ણ માટે म् અને એક હ્રસ્વ વર્ણ માટે न् સંજ્ઞાઓનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમાં ૧, ૨, ૩, ૪ અંકો માટે द, दा, दि, दी ઇત્યાદિનો; ક્યાંક-ક્યાંક ण् ના પ્રક્ષેપની સાથે પ્રયોગ કર્યો છે, જેમ કે द - दण् = दा- ૧, दाण् = ૨.

બીજા અધ્યાયમાં આર્યા, ગીતિ, આર્યાગીતિ, ગલિતક અને ઉપચિત્રક વર્ગના અર્ધસમવૃત્તોનાં લક્ષણો આપવામાં આવ્યા છે.

ત્રીજા અધ્યાયમાં વૈતાલીય, માત્રાવૃત્તોના માત્રાસમક વર્ગો, ગીત્યાર્યા, વિશિખા, કુલિક, નૃત્યગતિ અને નટચરણનાં લક્ષણો બતાવ્યાં છે. આચાર્ય હેમચંદ્ર સિવાય નૃત્યગતિ અને નટચરણનો નિર્દેશ કોઈ છંદ-શાસ્ત્રીએ કર્યો નથી.

ચતુર્થ અધ્યાયમાં વિષમવૃત્તના ૧. ઉદ્ગતા, ૨. દામાવારા એટલે કે પદચતુરૂર્ધ્વ અને ૩. અનુષ્ટુભ્વક્ત્રનો વિચાર કર્યો છે.

પિંગલ આદિ છંદ-શાસ્ત્રી ત્રણ પ્રકારના ભેદોનો અનુષ્ટુભ્વર્ગના છંદોના પ્રતિપાદન સમયે જ નિર્દેશ કરે છે, જ્યારે પ્રસ્તુત ગ્રંથકાર વિષમવૃત્તોનો પ્રારંભ કરતાં જ તેમાં અનુષ્ટુભ્વક્ત્રનો અંતર્ભાવ કરે છે. આથી જણાય છે કે ગ્રંથકારનો આ વિભાગ હેમચંદ્ર દ્વારા પુરસ્કૃત જૈન પરંપરાને જ અનુસરે છે.

પંચમ-ષષ્ઠ-સપ્તમ અધ્યાયોમાં વર્ણવૃત્તોનું નિરૂપણ છે. તેમનો છ-છ અક્ષરવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર ચરણોથી યુક્ત ગાયત્રીથી લઈને ઉત્કૃતિ સુધીના ૨૧ વર્ગોમાં વિભાજિત કરીને વિચાર કર્યો છે.

આ અધ્યાયોમાં આપવામાં આવેલા ૮૫ વર્ણવૃત્તોમાંથી ૨૧ વર્ણવૃત્તોનો નિર્દેશ ન તો પિંગલે કર્યો છે કે ન તો કેદાર ભટ્ટે. આ જ રીતે રત્નમંજૂષાકારે પણ પિંગલના સોળ છંદોનો ઉલ્લેખ નથી કર્યો.

પાંચમા અધ્યાયના પ્રારંભમાં સમગ્ર વર્ણવૃત્તોને સમાન, પ્રમાણ અને વિતાન- આ ત્રણ વર્ગોમાં વિભક્ત કરવામાં આવ્યા છે, પરંતુ અધ્યાય ૫-૭માં આપવામાં આવેલા સમસ્ત વૃત્તો વિતાન વર્ગના છે. આ રીતે ૨૧ વર્ગોના વૃત્તોનું આવું વિભાજન કોઈ અન્ય છંદ-ગ્રંથમાં નથી, એ જ આ ગ્રંથની વિશેષતા છે.

આઠમા અધ્યાયમાં ૧. પ્રસ્તાર, ૨. નષ્ટ, ૩. ઉદ્દિષ્ટ, ૪. લગક્રિયા, ૫. સંખ્યાન અને ૬. અધ્વન્ - આ રીતે છ પ્રકારના પ્રત્યયોનું નિરૂપણ છે.

**રત્નમંજૂષા-ભાષ્ય :**

'રત્નમંજૂષા' પર વૃત્તિરૂપ ભાષ્ય મળે છે, પરંતુ તેના કર્તા કોણ હતા તે અજ્ઞાત છે. તેમાં આપવામાં આવેલા મંગલાચરણ અને ઉદાહરણો પરથી ભાષ્યકાર તો જૈન હોવાનું પ્રમાણિત થાય છે.

તેમાં આપવામાં આવેલા ૮૫ ઉદાહરણોમાંથી ૪૦ તો તે-તે છંદોનાં નામસૂચક છે, આથી એમ કહી શકાય કે છંદોનાં યથાવત્ જ્ઞાન માટે ભાષ્યની રચના સમયે ભાષ્યકારે જ ઉદાહરણોની રચના કરી હશે અને છંદોના નામરહિત કેટલાક ઉદાહરણો અન્ય કૃતિકારોનાં હશે.

તેમાં 'અભિજ્ઞાનશાકુન્તલ' (અંક ૧, શ્લોક ૩૩), 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' (૨,૩) ઈત્યાદિનાં પદ્યો ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. ભાષ્યમાં ત્રણ સ્થાનો પર સૂત્રકારનો 'આચાર્ય' કહીને નિર્દેશ કરવામાં આવ્યો છે.

અધ્યાય ૮ના અંતિમ ઉદાહરણમાં નિર્દિષ્ટ 'एकच्छन्दसि खण्डमेरुरमल: पुन्नागचन्द्रोदित:' વાક્યથી જાણી શકાય છે કે તેના કર્તા કદાચ પુન્નાગચંદ્ર કે નાગચંદ્ર હોય. ધનંજય કવિરચિત 'વિષાપહારસ્તોત્ર'ના ટીકાકારનું નામ પણ નાગચંદ્ર છે. તેઓ જ આના કર્તા તો નથી ને ? અન્ય પ્રમાણોના અભાવે કંઈ કહી શકાય નહીં.

**છંદઃશાસ્ત્ર :**

બુદ્ધિસાગરસૂરિ (૧૧મી સદી)એ 'છંદઃશાસ્ત્ર'ની રચના કરી, એવો ઉલ્લેખ વિ.સં. ૧૧૩૯માં ગુણચંદ્રસૂરિરચિત 'મહાવીરચરિય'ની પ્રશસ્તિમાં છે. પ્રશસ્તિમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવામાં આવ્યું છે કે બુદ્ધિસાગરસૂરિએ ઉત્તમ વ્યાકરણ અને 'છંદઃશાસ્ત્ર'ની રચના કરી.

તેમણે વિ.સં. ૧૦૮૦માં 'પંચગ્રંથી' નામના સંસ્કૃત-વ્યાકરણની રચના કરી હતી. આ ગ્રંથ જેસલમેરના ગ્રંથભંડારમાં છે. પરંતુ તેમણે રચેલા 'છંદઃશાસ્ત્ર'ની હજી સુધી ભાળ મળી નથી, આથી તેના વિશે વધારે કશું કહી શકાતું નથી.

સંવત્ ૧૧૪૦માં વર્ધમાનસૂરિ-રચિત 'મનોરમાકહા'ની પ્રશસ્તિ પરથી જાણી શકાય છે કે જિનેશ્વરસૂરિ અને તેમના ગુરુભાઈ બુદ્ધિસાગરસૂરિએ વ્યાકરણ, છંદ, કાવ્ય, નિઘણ્ટુ, નાટક, કથા, પ્રબંધ ઇત્યાદિ વિષયક ગ્રંથોની રચના કરી છે, પરંતુ તેમણે રચેલા કાવ્ય, નાટક, પ્રબંધ આદિના વિષયમાં હજી સુધી કશું જાણવામાં આવ્યું નથી.

**છંદોનુશાસન :**

'છન્દોનુશાસન'[૧] ગ્રંથના રચયિતા જયકીર્તિ કન્નડ પ્રદેશનિવાસી દિગંબર જૈનાચાર્ય હતા. તેમણે પોતાના ગ્રંથમાં સન્ ૯૫૦માં થઈ જનારા કવિ અસગનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. આથી તેઓ સન્ ૧૦૦૦ની આસપાસમાં થઈ ગયા હોય, તેવો નિષ્કર્ષ કાઢી શકાય.

સંસ્કૃતભાષામાં નિબદ્ધ જયકીર્તિનું 'છંદોનુશાસન' પિંગલ અને જયદેવની પરંપરા અનુસાર આઠ અધ્યાયોમાં વિભક્ત છે. આ રચનામાં ગ્રંથકારે જનાશ્રય, જયદેવ, પિંગલ, પાદપૂજ્ય (પૂજ્યપાદ), માંડવ્ય અને સૈતવની છંદોવિષયક કૃતિઓનો ઉપયોગ કર્યો છે. જયકીર્તિના સમયમાં વૈદિક છંદોનો પ્રભાવ પ્રાયઃ સમાપ્ત થઈ ગયો હતો. એ કારણે અને એક જૈન હોવાને લીધે પણ તેમણે પોતાના ગ્રંથમાં વૈદિક છંદોની ચર્ચા કરી નથી.

આ સમસ્ત ગ્રંથ પદ્યબદ્ધ છે. ગ્રંથકારે સામાન્ય વિવેચન માટે અનુષ્ટુપ્, આર્યા અને સ્કન્ધક (આર્યાગીતિ) – આ ત્રણ છંદોનો આધાર લીધો છે, પરંતુ છંદોનાં લક્ષણો પૂર્ણતઃ કે અંશતઃ તે જ છંદોમાં આપવામાં આવ્યાં છે જેમનાં તે લક્ષણો છે. જુદા ઉદાહરણો આપવામાં આવ્યા નથી. આ રીતે આ ગ્રંથમાં લક્ષણ-ઉદાહરણમય છંદોનું વિવેચન કરવામાં આવ્યું છે.

---

૧. આ 'જયદામન્' નામક સંગ્રહ-ગ્રંથમાં છપાયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથના પૃ. ૪૫ પર 'ઉપજાતિ'ના સ્થાને 'ઇન્દ્રમાલા' નામ આપવામાં આવ્યું છે. પૃ. ૪૬ પર મુંનિ દમસાગર, પૃ. ૫૨ પર શ્રી પાલ્યકીર્તીશ અને સ્વયંભૂવેશ તથા પૃ. ૪૬ પર કવિ ચારુકીર્તિના મતો વિશે ઉલ્લેખ કરેલો છે.

પ્રથમ અધ્યાયમાં સંજ્ઞા, દ્વિતીયમાં સમ-વૃત્ત, તૃતીયમાં અર્ધ-સમ-વૃત્ત, ચતુર્થમાં વિષમ-વૃત્ત, પંચમમાં આર્યા-જાતિ-માત્રાસમક-જાતિ, છઠ્ઠામાં મિશ્ર, સાતમામાં કર્ણાટવિષયભાષાજાત્યધિકાર (જેમાં વૈદિક છંદોની જગ્યાએ કન્નડ ભાષાના છંદો નિર્દિષ્ટ છે), આઠમામાં પ્રસ્તારાદિ-પ્રત્યય સંબંધિત વિવેચન છે.

જયકીર્તિએ એવા ઘણા માત્રિક છંદોનો ઉલ્લેખ કર્યો છે જે જયદેવના ગ્રંથમાં નથી. હા. વિરહાંકે આવા છંદોનો ઉલ્લેખ કર્યો છે, તો પણ સંસ્કૃતના લક્ષણકારોમાં આ છંદોના પ્રથમ ઉલ્લેખનું શ્રેય જયકીર્તિને જ મળે છે.

**છંદઃશેખર :**

'છંદઃશેખર'ના કર્તાનું નામ છે રાજશેખર. તેઓ ઠક્કુર દુદક અને નાગદેવીના પુત્ર હતા અને ઠક્કુર યશના પુત્ર લાહરના પૌત્ર હતા.

કહેવામાં આવે છે કે આ 'છંદઃશેખર' ગ્રંથ ભોજદેવને પ્રિય હતો.

આ ગ્રંથની એક હસ્તલિખિત પ્રતિ વિ.સં. ૧૧૭૯ની મળે છે.

હેમચંદ્રાચાર્યે આ ગ્રંથનો પોતાના 'છંદોऽનુશાસન'માં ઉપયોગ કર્યો છે.

કહેવામાં આવે છે કે જયશેખરસૂરિ નામના વિદ્વાને પણ 'છંદઃશેખર'ના નામના છંદોગ્રંથની રચના કરી હતી પરંતુ તે પ્રાપ્ય નથી.

**છંદોऽનુશાસન :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ 'શબ્દાનુશાસન' અને 'કાવ્યાનુશાસન'ની રચના કર્યા પછી 'છંદોऽનુશાસન'ની રચના કરી છે.[1]

આ 'છંદોऽનુશાસન' આઠ અધ્યાયોમાં વિભક્ત છે અને તેમાં કુલ મળીને ૭૬૪ સૂત્રો છે.

તેની સ્વોપજ્ઞ વૃત્તિમાં સૂચિત કરવામાં આવ્યું છે કે તેમાં વૈદિક છંદોની ચર્ચા કરવામાં નથી આવી.

---

૧. शब्दानुशासनविरचनान्तरं तत्फलभूतं काव्यमनुशिष्य तदङ्गभूतं 'छन्दोऽनुशासन' मारिप्समानः शास्त्रकार इष्टाधिकृतदेवतानमस्कारपूर्वकमुप्रक्रमते ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમ અધ્યાયમાં છંદ-વિષયક પરિભાષા એટલે કે વર્ણગણ, માત્રાગણ, વૃત્ત, સમવૃત્ત, વિષમવૃત્ત, અર્ધસમવૃત્ત, પાદ અને યતિનું નિરૂપણ છે.

બીજા અધ્યાયમાં સમવૃત્ત છંદોના પ્રકાર, ગણોની યોજના અને અંતમાં દંડકના પ્રકાર બતાવવામાં આવ્યા છે. તેમાં ૪૧૧ છંદોનાં લક્ષણ આપવામાં આવ્યા છે.

ત્રીજા અધ્યાયમાં અર્ધસમ, વિષમ, વૈતાલીય, માત્રાસમક આદિ ૭૨ છંદોનાં લક્ષણો આપવામાં આવ્યા છે.

ચોથા અધ્યાયમાં પ્રાકૃત છંદોના આર્યા, ગલિતક, ખંજક અને શીર્ષક નામથી ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. તેમાં પ્રાકૃતના બધા માત્રિક છંદોની વિવેચના છે.

પાંચમા અધ્યાયમાં અપભ્રંશના ઉત્સાહ, રાસક, રડ્ડા, રાસાવલય, ધવલમંગલ આદિ છંદોનાં લક્ષણો આપ્યા છે.

છઠ્ઠા અધ્યાયમાં ધ્રુવા, ધ્રુવક એટલે કે ઘત્તાનાં લક્ષણ છે અને ષટ્પદી તથા ચતુષ્પદીના વિવિધ પ્રકારો વિશે ચર્ચા છે.

સાતમા અધ્યાયમાં અપભ્રંશ-સાહિત્યમાં પ્રયુક્ત દ્વિપદીની વિવેચના છે.

આઠમા અધ્યાયમાં પ્રસ્તાર આદિ વિષયક ચર્ચા છે.

આ વિષયાનુક્રમથી સ્પષ્ટ થાય છે કે આ ગ્રંથ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશના વિવિધ છંદો પર સર્વાંગપૂર્ણ પ્રકાશ પાડે છે. વિશેષતાની દૃષ્ટિએ જોઈએ તો વૈતાલીય અને માત્રાસમકના કેટલાક નવા ભેદ, જેનો નિર્દેશ પિંગલ, જયદેવ, વિરહાંક, જયકીર્તિ આદિ પૂર્વવર્તી આચાર્યોએ કર્યો ન હતો, તે હેમચંદ્રસૂરિએ પ્રસ્તુત કર્યા, જેમ કે દક્ષિણાંતિકા, પશ્ચિમાંતિકા, ઉપહાસિની, નટચરણ, નૃત્તગતિ. ગલિતક, ખંજક અને શીર્ષકના ક્રમશઃ જે ભેદ બતાવવામાં આવ્યા છે તે પણ પ્રાયઃ નવીન છે.

કુલ સાત-આઠ સો છંદો પર વિચાર કર્યો છે. માત્રિક છંદોનાં લક્ષણો દર્શાવનારા હેમચંદ્રના 'છંદોડનુશાસન' નું મહત્ત્વ નવીન માત્રિક છંદોના ઉલ્લેખની દૃષ્ટિએ ઘણું વધારે છે. એમ કહી શકાય કે છંદના વિષયમાં આવી સુગમ અને સાંગોપાંગ અન્ય કૃતિ સુલભ નથી.[1]

---

૧. આ ગ્રંથ સ્વોપજ્ઞવૃત્તિ સાથે સિંઘી જૈન ગ્રંથમાલા, મુંબઈથી પ્રો. વેલણકર દ્વારા સંપાદિત થઈને નવી આવૃત્તિ રૂપે પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ એક વિચારણીય પ્રશ્ન છે કે મુનિ નંદિષેણના 'અજિત-શાન્તિસ્તવ' (પ્રાકૃત)માં પ્રયુક્ત છંદોનાં નામ હેમચંદ્રના 'છન્દોઽનુશાસન'માં શા માટે નથી ?

**છન્દોનુશાસન-વૃત્તિ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ પોતાના 'છન્દોઽનુશાસન' પર સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે, જેનું અપર નામ 'છંદચૂડામણિ' પણ છે. આ સ્વોપજ્ઞ વૃત્તિમાં આપવામાં આવેલા સ્પષ્ટીકરણ અને ઉદાહરણ 'છન્દોઽનુશાસન'ની મહત્તાને વધારે છે. તેમાં ભરત, સૈતવ, પિંગલ, જયદેવ, કાશ્યપ, સ્વયંભૂ આદિ છંદશાસ્ત્રીઓનો અને સિદ્ધસેન (દિવાકર), સિદ્ધરાજ, કુમારપાળ આદિનો ઉલ્લેખ છે. કુમારપાળના ઉલ્લેખથી આ કૃતિ તેમના જ સમયમાં રચાઈ છે, એમ ફલિત થાય છે.

આ વૃત્તિમાં જે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશનાં પદ્યો છે તેમનું ઐતિહાસિક અને શાસ્ત્રીય ચર્ચાની દૃષ્ટિએ મહત્ત્વ હોવાથી આ બધાનાં મૂળ આધારસ્થાનો શોધવા જોઈએ.

૧. 'नमोऽस्तु वर्धमानाय' થી શરૂ થનાર પદ્ય યતિના ઉદાહરણમાં અ.૧, સૂ. ૧૫ની વૃત્તિમાં આપવામાં આવ્યું છે.

૨. 'जयति विजितान्यतेजाः...' પદ્ય અ.૪, સૂ. ૫ની વૃત્તિમાં છે.

૩. ઉપજાતિના ચૌદ પ્રકારો અ.૨, સૂ. ૧૫૫ની વૃત્તિમાં દર્શાવીને 'દશવૈકાલિક' અ.૨નું પાંચમું પદ્ય અને અ.૯, ઉ.૧ના બીજા પદ્યના અંશ ઉદ્ધૃત કર્યા છે.

૪. અ.૪, સૂ. ૫ની વૃત્તિના 'કમલા'થી શરૂ થનારા ત્રણ પદ્ય 'ગાહાલક્ખણ'ના ૪૦ થી ૪૨ પદ્યના રૂપમાં કેટલાક પાઠભેદપૂર્વક જોવામાં આવે છે.

૫. અ.૫, સૂ. ૧૬ની વૃત્તિમાં 'તિલકમંજરી'નું 'શુષ્કશિખરિણી'થી શરૂ થતું પદ્ય ઉદ્ધૃત કર્યું છે.

૬. અ.૬, સૂ.૧ની વૃત્તિમાં મુંજના પાંચ દોહા મુખ્ય પ્રતીકરૂપે આપીને તેમને કામદેવના પાંચ બાણો તરીકે દર્શાવ્યા છે.

૭. અ.૭માં દ્વિપદી ખંડનાં ઉદાહરણ હર્ષની 'રત્નાવલી'માંથી આપવામાં આવ્યા છે.

આ એક જાણવા જેવી વાત છે કે અ.૪, સૂ.૧ની વૃત્તિમાં 'આર્યા'ને સંસ્કૃતેતર ભાષાઓમાં 'ગાથા' કહેવામાં આવે છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાધ્યાય યશોવિજયગણિએ આ 'છન્દોઽનુશાસન' મૂળ પર કે તેની સ્વોપજ્ઞવૃત્તિ પર વૃત્તિની રચના કરી છે, એમ માનવામાં આવે છે. આ વૃત્તિ ઉપલબ્ધ નથી.

વર્ધમાનસૂરિએ પણ આ 'છન્દોઽનુશાસન' પર વૃત્તિ રચી છે, તેવો એક ઉલ્લેખ મળે છે. આ વૃત્તિ પણ અનુપલબ્ધ છે.

આચાર્ય વિજયલાવણ્યસૂરિએ પણ આ 'છન્દોઽનુશાસન' પર એક વૃત્તિની રચના કરી છે જે લાવણ્યસૂરિ જૈન ગ્રંથમાલા, બોટાદથી પ્રકાશિત થઈ છે.

**છંદોરત્નાવલી :**

સંસ્કૃતમાં અનેક ગ્રંથોની રચના કરનાર 'વેણીકૃપાણ' બિરુદધારી આચાર્ય અમરચંદ્રસૂરિ વાયડગચ્છીય આચાર્ય જિનદત્તસૂરિના શિષ્ય હતા. તેઓ ગુર્જરનરેશ વિશલદેવ (વિ.સં. ૧૨૪૩ થી ૧૨૬૧)ની રાજસભાના સમ્માન્ય વિદ્વદ્‌રત્ન હતા.

આ જ અમરચંદ્રસૂરિએ સંસ્કૃતમાં ૭૦૦ શ્લોક-પ્રમાણ 'છન્દોરત્નાવલી' ગ્રંથની રચના પિંગલ આદિ પૂર્વાચાર્યોના છંદગ્રંથોના આધારે કરી છે. તેમાં નવ અધ્યાય છે જેમાં સંજ્ઞા, સમવૃત્ત, અર્ધસમવૃત્ત, વિષમવૃત્ત, માત્રાવૃત્ત, પ્રસ્તાર આદિ, પ્રાકૃતછંદ, ઉત્સાહ આદિ, ષટ્પદી, ચતુષ્પદી, દ્વિપદી આદિનાં લક્ષણો ઉદાહરણપૂર્વક બતાવ્યા છે. તેમાં કેટલાક પ્રાકૃતભાષાના ઉદાહરણો પણ છે. આ ગ્રંથનો ઉલ્લેખ ખુદ ગ્રંથકારે પોતાની 'કાવ્યકલ્પલતાવૃત્તિ'માં કર્યો છે.

આ ગ્રંથ હજી સુધી અપ્રકાશિત છે.

**છંદોનુશાસન :**

મહાકવિ વાગ્ભટે પોતાના 'કાવ્યાનુશાસન'ની જેમ 'છન્દોઽનુશાસન'ની રચના[૧] પણ ૧૪મી શતાબ્દીમાં કરી છે. તેઓ મેવાડ દેશમાં પ્રસિદ્ધ જૈન શ્રેષ્ઠી નેમિકુમારના પુત્ર અને રાહડના લઘુબંધુ હતા.

સંસ્કૃતમાં નિબદ્ધ આ ગ્રંથમાં પાંચ અધ્યાય છે. પ્રથમ સંજ્ઞાસંબંધી, બીજો સમવૃત્ત, ત્રીજો અર્ધસમવૃત્ત, ચતુર્થ માત્રાસમક અને પંચમ માત્રાછંદસંબંધી છે. તેમાં છંદવિષયક અતિ ઉપયોગી ચર્ચા છે.

---

૧. श्रीमन्नेमिकुमारसूनुरखिलप्रज्ञालचूडामणि-
शछन्दःशास्त्रमिदं चकार सुधियामानन्दकृत् वाग्भटः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથ પર ગ્રંથકારે સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે. આ બધા મળીને ૫૪૦ શ્લોકોની કૃતિ છે.

**છન્દોવિદ્યા :**

કવિ રાજમલ્લજી આચારશાસ્ત્ર, અધ્યાત્મ, કાવ્ય અને ન્યાયશાસ્ત્રના પ્રકાંડ પંડિત હતા, તે તેમના રચેલા અન્યાન્ય ગ્રંથોથી વિદિત થાય છે. છંદઃશાસ્ત્ર પર પણ તેમનો અસાધારણ અધિકાર હતો. તેમણે રચિત 'છન્દોવિદ્યા' (પિંગલ) ગ્રંથની ૨૮ પત્રોની હસ્તલિખિત પ્રત દીલ્હીના દિગંબરીય શાસ્ત્રભંડારમાં છે. આ ગ્રંથની શ્લોક-સંખ્યા ૫૫૦ છે.

કવિ રાજમલ્લજી ૧૬મી શતાબ્દીમાં થઈ ગયા. 'છન્દોવિદ્યા'ની રચના રાજા ભારમલ્લજી માટે કરવામાં આવી હતી. છંદોના લક્ષણો પ્રાયઃ ભારમલ્લજીને સંબોધિત કરીને દર્શાવવામાં આવ્યા છે. આ ભારમલ્લજી શ્રીમાલવંશના શ્રાવકરત્ન, નાગોરી તપાગચ્છીય આમ્નાયને માનનારા તથા નાગોર દેશના સંઘાધિપતિ હતા. એટલું જ નહિ, તેઓ શાકંભરી દેશના શાસનાધિકારી પણ હતા.

છન્દોવિદ્યા પોતાની દૃષ્ટિએ અનોખો ગ્રંથ છે. તે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને હિન્દીમાં નિબદ્ધ છે. તેમાં પણ પ્રાકૃત અને અપભ્રંશ મુખ્ય છે. તેમાં ૮ થી ૬૪ પદ્યોમાં છંદશાસ્ત્રના નિયમ, ઉપનિયમ બતાવવામાં આવ્યા છે, જેમાં અનેક પ્રકારના છંદ-ભેદ, તેમનું સ્વરૂપ, ફળ અને પ્રસ્તારોનું વર્ણન છે. કવિ રાજમલ્લજીની સામે પૂજ્યપાદનો છંદશાસ્ત્રવિષયક કોઈ ગ્રંથ હતો. છન્દોવિદ્યામાં બાદશાહ અકબરના સમયની અનેક ઘટનાઓનો ઉલ્લેખ છે.

આ ગ્રંથ હજી અપ્રકાશિત છે.[1]

કવિ રાજમલ્લજીએ ૧. લાટી સંહિતા, ૨, જમ્બૂસ્વામિચરિત, ૩. અધ્યાત્મકમલમાર્તણ્ડ તેમ જ ૪. પંચાધ્યાયીની પણ રચના કરી છે.

**પિંગલશિરોમણિ :**

'પિંગલશિરોમણિ' નામના છંદ-વિષયક ગ્રંથની રચના મુનિ કુશલલાભે કરી છે. તેમણે જૂની ગુજરાતી-રાજસ્થાનીમાં અનેક ગ્રંથોની રચના કરી છે, પરંતુ સંસ્કૃતમાં તેમની આ જ રચના ઉપલબ્ધ થાય છે. કવિ કુશલલાભ ખરતરગચ્છીય ઉપાધ્યાય અભયધર્મના શિષ્ય હતા. તેમની ભાષા પરથી જાણી શકાય છે કે તેમનો જન્મ

---

૧. આ ગ્રંથનો કેટલોક પરિચય 'અનેકાંત' માસિક (સન્ ૧૯૪૧)માં પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારવાડમાં થયો હશે. તેમના ગૃહસ્થ જીવન સંબંધી કશી જાણકારી મળતી નથી. 'પિંગલશિરોમણિ' ગ્રંથની રચનાનો સમય ગ્રંથની પ્રશસ્તિમાં વિ.સં. ૧૫૭૫ જણાવ્યો છે.

'પિંગલશિરોમણિ'માં છંદો સિવાય કોશ અને અલંકારોનું પણ વર્ણન છે. આઠ અધ્યાયોમાં વિભક્ત આ ગ્રંથમાં અધોલિખિત વિષયો વર્ગીકૃત છે :

૧. વર્ણાવર્ણછન્દસંજ્ઞાકથન, ૨-૩. છન્દોનિરૂપણ, ૪. માત્રાપ્રકરણ, ૫. વર્ણપ્રસ્તાર-ઉદ્દિષ્ટ-નષ્ટ-નિરૂપતાકા-મર્કટી આદિ ષોડશલક્ષણ, ૬. અલંકાર વર્ણન, ૭. ડિંગલનામમાલા અને ૮. ગીતપ્રકરણ.

આ ગ્રંથ પરથી જણાય છે કે કવિ કુશલલાભનો ડિંગલ ભાષા પર પૂર્ણ અધિકાર હતો.

કવિના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે :

૧. ઢોલા-મારૂરી ચૌપાઈ (સં. ૧૬૧૭), ૨. માધવાનલકામકન્દલા ચૌપાઈ (સં. ૧૬૧૭), ૩. તેજપાલરાસ (સં. ૧૬૨૪), ૪. અગડદત્ત-ચૈપાઈ (સં. ૧૬૨૫), ૫. જિનપાલિત-જિનરક્ષિતસંધિ-ગાથા ૮૯ (સં. ૧૬૨૧), ૬. સ્તમ્ભનપાર્શ્વનાથસ્તવન, ૭. ગૌડીછન્દ, ૮. નવકારછન્દ, ૯. ભવાનીછંદ, ૧૦. પૂજ્યવાહણગીત આદિ.

**આર્યાસંખ્યા-ઉદ્દિષ્ટ-નષ્ટવર્તનવિધિ :**

ઉપાધ્યાય સમયસુંદરે છંદ-વિષયક 'આર્યાસંખ્યા-ઉદ્દિષ્ટ-નષ્ટવર્તનવિધિ' નામક ગ્રંથની રચના કરી છે.[૧] તેમાં આર્યા છંદની સંખ્યા અને ઉદ્દિષ્ટ-નષ્ટ વિષયોની ચર્ચા છે. તેનો પ્રારંભ આ પ્રમાણે છે :

**जगणविहीना विषमे चत्वारः पञ्चयुजि चतुर्मात्राः ।**
**द्वौ षष्ठाविति चगणास्तघातात् प्रथमदलसंख्या ॥**

૧૭મી શતાબ્દીમાં વિદ્યમાન ઉપાધ્યાય સમયસુંદરે સંસ્કૃત અને જૂની ગુજરાતીમાં અનેક ગ્રંથોની રચના કરી છે.

---

૧. તેની ત્રણ પત્રોની પ્રતિ અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે. આ પ્રત ૧૮મી શતાબ્દીમાં લખાયેલી હોય તેમ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વૃત્તમૌક્તિક :**

ઉપાધ્યાય મેઘવિજયે છન્દ વિષયક 'વૃત્તમૌક્તિક' નામના ગ્રંથની રચના સંસ્કૃતમાં કરી છે. તેની ૧૦ પત્રોની પ્રત મળે છે.[૧] ઉપાધ્યાયજીએ વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ, સામુદ્રિક, રમલ, યંત્ર, દર્શન અને અધ્યાત્મ આદિ વિષયો પર અનેક ગ્રંથોની રચના કરી છે, જેમનાથી તેમની સર્વતોમુખી પ્રતિભાનો પરિચય મળે છે.

પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારે પ્રસ્તાર-સંખ્યા, ઉદ્દિષ્ટ, નષ્ટ આદિનું વિશદ વર્ણન કર્યું છે.[૨] વિષયને સ્પષ્ટ કરવા માટે યંત્ર પણ આપવામાં આવ્યાં છે. આ ગ્રંથ વિ.સં. ૧૭૫૫માં મુનિ ભાનુવિજયના અધ્યયનાર્થ રચવામાં આવ્યો છે.[૩]

**છન્દોऽવતંસ :**

'છન્દોડવતંસ' નામના ગ્રંથના કર્તા ઉપાધ્યાય લાલચંદ્રગણિ છે, જે શાંતિહર્ષવાચકના શિષ્ય હતા.[૪] તેમણે વિ.સં. ૧૭૭૧માં આ ગ્રંથની રચના કરી.[૫]

આ કૃતિ સંસ્કૃત ભાષામાં છે. તેમણે કેદારભટ્ટના 'વૃત્તરત્નાકર'નું અનુસરણ કર્યું છે, પરંતુ તેમાંથી અતિ ઉપયોગી છંદો પર જ વિશદ શૈલીમાં વિવેચન કર્યું છે.

કવિ લાલચંદ્રગણિએ પોતાની રચનામાં નમ્રતા પ્રદર્શિત કરતાં વિદ્વાનોને આ ગ્રંથમાં રહી ગયેલી ત્રુટિઓ શુદ્ધ કરવાની પ્રાર્થના કરી છે.[૬]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રસ્તારવિમલેન્દુ :**

મુનિ બિહારીએ 'પ્રસ્તારવિમલેન્દુ' નામના છન્દ-વિષયક ગ્રંથની રચના કરી છે.

---

૧. જૈન સત્યપ્રકાશ, વર્ષ ૧૨, અંક-૫-૬.

૨. 'प्रस्तारपिण्डसंख्येयं विवृता वृतमौक्तिके ॥

૩. समित्यर्थाश्व-भू (१७५५) वर्षे प्रौढिरेषाऽभवत् श्रिये ।
भान्वादिविजयाध्यायहेतुतः सिद्धिमाश्रितः ॥

૪. तत् सर्वे गुरुराजवाचकवरश्रीशान्तिहर्षप्रभोः ।
शिष्यस्तत्कृपया व्यधत्त सुगमं श्रीलालचन्द्रो गणिः ॥

૫. विक्रमराज्यात् शशि-हय-भूधर-दशवाजिभि (१९७१) मिते वर्षे ।
माधवसिततृतीयायां रचितः छन्दोऽवतंसोऽयम् ॥

૬. क्वचित् प्रमादाद् वितथं मयाऽस्मिश्छन्दोवतंसे स्वकृते यदुक्तम् ।
संशोध्य तन्निर्मलयन्तु सन्तो विद्वत्सु विज्ञप्तिरियं मदीया ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮મી શતાબ્દીમાં વિદ્યમાન બિહારી મુનિએ અનેક ગ્રંથોની પ્રતિલિપિ કરી છે.[1] તેમના વિષયમાં વધારે જાણવા મળતું નથી. પ્રસ્તારવિમલેન્દુની પ્રતિના અંતમાં આ પ્રકારનો ઉલ્લેખ છે : बिहारिमुनिना चक्रे । इति प्रस्तारविमलेन्दुः समाप्तः । सं. १९७४ मिति अश्विन् वदि १४ चतुर्दशी लिपीकृतं देवेन्द्रऋषिणा वैरोवालमध्ये केसरऋषिनिमत्तार्थम् ।

### છન્દોદ્વાત્રિંશિકા :

શીલશેખરગણિએ સંસ્કૃતમાં ૩૨ પદ્યોમાં છન્દોદ્વાત્રિંશિકા નામક એક નાની એવી પરંતુ ઉપયોગી રચના કરી છે.[2] તેમાં મહત્ત્વના છંદોનાં લક્ષણો જણાવવામાં આવ્યા છે. તેનો પ્રારંભ આ પ્રમાણે થાય છે : विद्युन्माला गी: गी: प्रमाणी स्याज्जरौ लगौ । અંતે આવો ઉલ્લેખ છે : छन्दोद्वात्रिंशिका समाप्ता । कृतिः पण्डितपुरन्दराणां शीलशेखरगणिविबुधपुङ्गवानामिति ॥

શીલશેખરગણિ ક્યારે થઈ ગયા અને તેમની બીજી રચનાઓ કઈ હતી, તે હજી સુધી જાણી શકાયું નથી.

### જયદેવછન્દસ્ :

છંદશાસ્ત્રના 'જયદેવછંદસ્' નામના ગ્રંથના કર્તા જયદેવ નામના વિદ્વાન હતા. તેમણે પોતાના નામ પરથી જ આ ગ્રંથનું નામ 'જયદેવછન્દસ્' રાખ્યું છે. ગ્રંથના મંગલાચરણમાં પોતાના ઈષ્ટદેવ વર્ધમાનને નમસ્કાર કરવાથી પ્રતીત થાય છે કે તેઓ જૈન હતા. એટલું જ નહીં, તેઓ શ્વેતાંબર જૈનાચાર્ય હતા, તેમ હલાયુધ[3] અને કેદારભટ્ટના 'વૃત્તરત્નાકર'ના ટીકાકાર સુલ્હણે[4] (વિ.સં. ૧૨૪૬) જયદેવને આપેલા 'શ્વેતપટ' વિશેષણથી જાણી શકાય છે.

જયદેવ ક્યારે થઈ ગયા, તે નિશ્ચિતરૂપે કહી શકાતું નથી, તો પણ વિ.સં.

---

૧. આવી ઘણી પ્રતો અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે. ૧૫ પત્રોની પ્રસ્તારવિમલેન્દુની એક પ્રતિ વિ. સં. ૧૯૭૪માં લખેલી મળી છે.

૨. આ ગ્રન્થની એક હસ્તલિખિત પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના હસ્તલિખિત સંગ્રહમાં છે. પ્રત ૧૭મી સદીમાં લખાઈ હોય તેમ જણાય છે.

૩. 'अन्यदतो हि वितानं' श्वेतपटेन यदुक्तम् ।

૪. 'अन्यदतो हि वितानं' शूद्रश्वेतपटजयदेवेन यदुक्तम् ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧૯૦માં લિખિત હસ્તલિખિત પ્રત (જેસલમેરના ભંડારમાંથી) મળવાથી તે પહેલાં ક્યારેક થઈ ગયા, તે નિશ્ચિત છે.

કવિ સ્વયંભૂએ 'સ્વયંભૂચ્છન્દસ્'માં જયદેવનો ઉલ્લેખ કર્યો છે. તેઓ 'પઉમચરિય'ના કર્તા સ્વયંભૂથી અભિન્ન હોય તો સન્ ૭૯૧ (વિ.સં. ૮૪૭)માં વિદ્યમાન હતા, આથી જયદેવ તેમની પહેલાં થઈ ગયા, તેમ માની શકાય.

સંભવતઃ વિ.સં. ૫૬૨માં વિદ્યમાન 'પંચસિદ્ધાન્તિકા' ના રચયિતા વરાહમિહિરને આ જયદેવ પરિચિત હશે. જો એ સાચું હોય તો તેઓ છઠ્ઠી શતાબ્દીની આસપાસ કે પહેલાં થઈ ગયા, એવો નિર્ણય કરી શકાય.

ઈસ્વી ૧૦મી સદીના-ઉત્તરાર્ધમાં વિદ્યમાન ભટ્ટ હલાયુધે જયદેવના મતની આલોચના પોતાના 'પિંગલછંદઃસૂત્ર'ની ટીકા ('પિં.૧.૧૦, ૫.૮) માં કરી છે. ઈ. ૧૦ મી શતાબ્દીના 'નાટ્યશાસ્ત્ર'ના ટીકાકાર[1] અભિનવગુપ્તે જયદેવના આ ગ્રંથનું અવતરણ લીધું છે. તેથી તે ઈ. ૧૦મી શતી પૂર્વે થઈ ગયા, એવા નિશ્ચય પર પહોંચી શકાય. તાત્પર્ય એ છે કે તેઓ છઠ્ઠી શતાબ્દીથી ૧૦મી શતાબ્દી વચ્ચે ક્યારેક થઈ ગયા.

સન્ ૯૬૬માં વિદ્યમાન ઉત્પલ, સન્ ૧૦૦૦થી પૂર્વે થઈ જનારા કન્નડ ભાષાના 'છન્દોડમ્બુધિ' ગ્રંથના કર્તા નાગદેવ, સન્ ૧૦૭૦માં થઈ જનારા નમિસાધુ અને ૧૨મી શતાબ્દી અને તેની પછી થયેલા હેમચંદ્ર, ત્રિવિક્રમ, અમરચંદ્ર, સુલ્હણ, ગોપાલ, કવિદર્પણકાર, નારાયણ, રામચંદ્ર વગેરે જૈન-જૈનેતર છન્દશાસ્ત્રીઓએ જયદેવમાંથી અવતરણો લીધાં છે, તેમની શૈલીનું અનુસરણ કર્યું છે કે તેમના મતની ચર્ચા કરી છે આથી જયદેવની પ્રામાણિકતા અને લોકપ્રિયતાનો આભાસ મળે છે. એટલું જ નહીં, હર્ષટ નામના જૈનેતર વિદ્વાને 'જયદેવછન્દસ્' પર વૃત્તિ રચી છે, જે જૈન ગ્રંથો પર રચાયેલા વિરલ જૈનેતર ટીકાગ્રંથોમાં ઉલ્લેખનીય છે.

જયદેવે પોતાનો છંદોગ્રંથ સંસ્કૃતભાષામાં પિંગલના આદર્શને ધ્યાનમાં રાખીને લખ્યો, એમ પ્રતીત થાય છે. પિંગલની જેમ જયદેવે પણ પોતાના ગ્રંથના આઠ અધ્યાયોમાંથી પ્રથમ અધ્યાયમાં સંજ્ઞાઓ, બીજા-ત્રીજામાં વૈદિક છંદોનું નિરૂપણ અને ચોથાથી લઈને આઠમા સુધીના અધ્યાયોમાં લૌકિક છંદોનાં લક્ષણો આપ્યા છે. જયદેવે

---

૧. જુઓ—ગાયકવાડ ગ્રંથમાલામાં પ્રકાશિત ટીકા, પૃ. ૨૪૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધ્યાયોનો આરંભ જ નહીં, તેમની સમાપ્તિ પણ પિંગલની જેમ જ કરી છે. વૈદિક છંદોના લક્ષણો સૂત્રરૂપે જ આપ્યા છે, પરંતુ લૌકિક છંદોના નિરૂપણની શૈલી પિંગલથી ભિન્ન છે. તેમણે છંદોના લક્ષણો, જે-તે છંદોના પાદમાં જ દર્શાવ્યા છે, આ કારણે લક્ષણો જ ઉદાહરણની ગરજ સારે છે.[1] આ શૈલીનું અવલંબન જયદેવના પરવર્તી કેટલાય છંદોના લક્ષણકારોએ લીધું છે.

**જયદેવછન્દોવૃત્તિ :**

મુકુલ ભટ્ટના પુત્ર હર્ષટે 'જયદેવછન્દસ્' પર વૃત્તિની રચના કરી છે. આ વૃત્તિ જૈન વિદ્વાનોએ રચેલા ગ્રંથો પર જૈનેતર વિદ્વાનો દ્વારા રચિત વૃત્તિઓમાંથી એક છે.

કાવ્યપ્રકાશકાર મમ્મટે 'અભિધાવૃત્તિ-માતૃકા'ના કર્તા મુકુલ ભટ્ટનો ઉલ્લેખ કર્યો છે. તેમનો સમય સન્ ૯૨૫ની આસપાસ છે. સંભવતઃ હર્ષટ આ મુકુલ ભટ્ટનો પુત્ર જ છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

હર્ષટરચિત વૃત્તિની સન્ ૧૧૨૪ની હસ્તલિખિત પ્રત મળી છે તેથી તે તે સમય પહેલાં થઈ ગયો એ નિશ્ચિત છે. ટકારાંત નામ પરથી અનુમાન થઈ શકે કે તે કાશ્મીરી વિદ્વાન હશે.

**જયદેવછંદઃશાસ્ત્રવૃત્તિ-ટિપ્પનક :**

શીલભદ્રસૂરિના શિષ્ય શ્રીચન્દ્રસૂરિએ વિ. ૧૩મી શતાબ્દીમાં જયદેવકૃત છન્દઃશાસ્ત્રની વૃત્તિ પર ટિપ્પણની રચના કરી છે. આ ટિપ્પણ કયા વિદ્વાનની કૃતિ પર છે, તે જાણી નથી શકાયું. કદાચ હર્ષટની વૃત્તિ પર જ આ ટિપ્પણ હોય. શ્રીચંદ્રસૂરિનું આચાર્યાવસ્થા પૂર્વેનું નામ પાર્શ્વદેવગણિ હતું, તેવો તેમણે 'ન્યાયપ્રવેશપંજિકા'ની અંતિમ પુષ્પિકામાં નિર્દેશ કર્યો છે.

તેમના અન્ય ગ્રંથો આ પ્રમાણે છે :

---

૧. આ ગ્રન્થ હર્ષટની ટીકા સાથે 'જયદામન્' નામક છંદોના સંગ્રહ-ગ્રંથમાં હરિતોષમાલા ગ્રંથાવલી, મુંબઈથી સન્ ૧૯૪૯માં પ્રો. વેલણકર દ્વારા સંપાદિત થઈને પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. ન્યાયપ્રવેશ-પંજિકા, ૨. નિશીથચૂર્ણિ-ટિપ્પનક, ૩. નંદિસૂત્ર-હારિભદ્રીયવૃત્તિ-ટિપ્પનક, ૪. પંચોપાંગસૂત્રવૃત્તિ, ૫. શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર-વૃત્તિ ૬.પિંડવિશુદ્ધિ-વૃત્તિ, ૭. જીતકલ્પચૂર્ણિ-વ્યાખ્યા, ૮. સર્વસિદ્ધાન્તવિષમપદપર્યાય.

**સ્વયંભૂચ્છન્દસ્ :**

'સ્વયંભૂચ્છન્દસ્' ગ્રંથના કર્તા સ્વયંભૂને વેલણકર 'પઉમચરિય' અને 'હરિવંશપુરાણ'ના કર્તાથી ભિન્ન માને છે, જ્યારે રાહુલ સાંકૃત્યાન[1] અને હીરાલાલ જૈન આ ત્રણે ગ્રંથોના કર્તા એક જ સ્વયંભૂ હોવાનું માને છે. 'સ્વયંભૂચ્છન્દસ્'માં લેવામાં આવેલા કેટલાય અવતરણો 'પઉમચરિય'માં મળે છે.[2] તેનાથી પ્રતીત થાય છે કે હરિવંશપુરાણ, પઉમચરિય અને સ્વયંભૂચ્છન્દસના કર્તા એક જ સ્વયંભૂ છે. તેઓ જાતિએ બ્રાહ્મણ હતા, કવિ માઉરદેવ અને પદ્મિનીના પુત્ર હતા અને ત્રિભુવન સ્વયંભૂના પિતા હતા.

'સ્વયંભૂચ્છન્દસ્'ના સમાપ્તિસૂચક પદ્યો દ્વારા તે આઠ અધ્યાયોમાં વિભક્ત હોવાનો સંકેત મળે છે. પ્રથમ અધ્યાયના પ્રારંભિક ૨૨ પૃષ્ઠ ઉપલબ્ધ નથી. વર્ણવૃત્ત અક્ષર-સંખ્યા અનુસાર ૨૬ વર્ગોમાં વિભાજિત કરવાની પરિપાટીનું સ્વયંભૂ અનુસરણ કરે છે પરંતુ આ છંદોને સંસ્કૃતના છંદ ન માનીને પ્રાકૃત કાવ્યમાંથી તેમનાં ઉદાહરણો આપે છે. દ્વિતીય અધ્યાયમાં ૧૪ અર્ધસમવૃત્તોનો વિચાર કરવામાં આવ્યો છે. તૃતીય અધ્યાયમાં વિષમવૃત્તોનું પ્રતિપાદન છે. ચતુર્થથી અષ્ટમ અધ્યાય પર્યન્ત અપભ્રંશના છંદોની ચર્ચા કરવામાં આવી છે.

સ્વયંભૂની વિશેષતા એ છે કે તેમણે સંસ્કૃત વર્ણવૃત્તોના લક્ષણ-નિર્દેશ માટે માત્રાગણોનો ઉપયોગ કર્યો છે. છંદોનાં ઉદાહરણો પ્રાકૃત કવિઓના નામનિર્દેશપૂર્વક તેમની રચનાઓમાંથી આપ્યા છે. પ્રાકૃત કવિઓના ૨૦૬ પદ્યો ઉદ્ધૃત કર્યાં છે. તેમાંથી ૧૨૮ પદ્યો સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ છંદોના ઉદાહરણરૂપે આપ્યા છે.[3]

---

૧. 'હિંદી કાવ્યધારા' પૃ. ૨૨

૨. પ્રો. ભાયાણી : 'ભારતીય વિદ્યા' વો. ૮, નં. ૮-૧૦, ઉદાહરણાર્થ સ્વયંભૂછન્દસ્ ૮, ૩૧; પઉમચરિય ૩૧,૧

૩. આ ગ્રંથ Journal of the Bombay Branch of the Royal Asiatic Societyમાં સન્ ૧૯૩૫માં પ્રો. વેલણકર દ્વારા સંપાદિત થઈને પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વૃત્તજાતિસમુચ્ચય :**

'વૃત્તજાતિસમુચ્ચય' નામક છંદોગ્રન્થને કેટલાક વિદ્વાનો 'કવિસિદ્ધ', 'કૃતસિદ્ધ' અને 'છંદોવિચિતિ' નામથી પણ ઓળખે છે. પદ્યમય પ્રાકૃતભાષામાં નિબદ્ધ આ કૃતિ[1] ના કર્તાનું નામ છે વિરહાંક કે વિરહલાંછન.

કર્તાએ સદ્ભાવલાંછન, ગંધહસ્તી, અવલેપચિહ્ન અને પિંગલ નામક વિદ્વાનોને નમસ્કાર કર્યા છે. વિરહાંક ક્યારે થઈ ગયા, તે નિશ્ચિત નથી. તેઓ જૈન હતા કે નહીં, તે પણ જ્ઞાત નથી.

'કાવ્યાદર્શ'માં 'છન્દોવિચિતિ'નો ઉલ્લેખ છે, પરંતુ તે પ્રસ્તુત ગ્રંથ છે કે તેનાથી ભિન્ન એ કહેવું મુશ્કેલ છે. સિદ્ધહેમ-વ્યાકરણ(૮.૩.૧૩૪)માં આપવામાં આવેલ 'ઇઅરાઇં' થી શરૂ થતું પદ્ય આ ગ્રંથ (૧.૧૩)માં પૂર્વાર્ધરૂપે આપેલું છે. સિદ્ધહેમવ્યાકરણ (૮.૨.૪૦)ની વૃત્તિમાં આપવામાં આવેલું 'વિદ્ધકઈનિરૂવિઅં' પદ્ય પણ આ ગ્રંથ (૨.૮)માંથી લેવામાં આવ્યું હશે, કારણ કે તેના પૂર્વાર્ધમાં આ શબ્દ-પ્રયોગ છે. આનાથી આ છંદોગ્રન્થની પ્રામાણિકતાનો પરિચય મળે છે.

આ ગ્રંથમાં માત્રાવૃત્ત અને વર્ણવૃત્તની ચર્ચા છે. તે છ નિયમોમાં વિભક્ત છે. તેમાંથી પાંચમો નિયમ, જેમાં સંસ્કૃત સાહિત્યમાં પ્રયુક્ત છંદોનાં લક્ષણો આપવામાં આવ્યા છે, તે સંસ્કૃત ભાષામાં છે. બાકીના પાંચ નિયમો પ્રાકૃતમાં નિબદ્ધ છે.

છઠ્ઠા નિયમમાં શ્લોક પર-પ૩માં એક કોષ્ઠક આપવામાં આવ્યું છે, જે આ પ્રમાણે છે :[2]

૪ અંગુલ = ૧ રામ

૩ રામ = ૧ વિતસ્તિ

૨ વિતસ્તિ = ૧ હાથ

૨ હાથ = ૧ ધનુર્ધર

૨૦૦૦ ધનુર્ધર = ૧ કોશ

૮ કોશ = ૧ યોજન

---

૧. આની હસ્તલિખિત પ્રત વિ. સં. ૧૧૯૨ની મળે છે.

૨. આ ગ્રંથ Journal of the Bombay Branch of the Royal Asiatic Societyમાં પ્રગટ થઈ ગયેલ છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વૃત્તજાતિસમુચ્ચય વૃત્તિ :**

'વૃત્તજાતિસમુચ્ચય' પર ભટ્ટ ચક્રપાલના પુત્ર ગોપાલે વૃત્તિની રચના કરી છે. આ વૃત્તિમાં ટીકાકારે કાત્યાયન, ભરત, કંબલ અને અશ્વતરનું સ્મરણ કર્યું છે.

**ગાથાલક્ષણ :**

'ગાહાલક્ખણ'ના પ્રથમ પદ્યમાં ગ્રંથ અને તેના કર્તાનો ઉલ્લેખ છે. પદ્ય ૩૧ અને ૯૩માં પણ ગ્રંથનું 'ગાહાલક્ખણ' નામ નિર્દિષ્ટ છે. તેનાથી નંદિતાઢ્ય આ પ્રાકૃત 'ગાથાલક્ષણ'ના નિર્માતા હતા તે સ્પષ્ટ છે.

નંદિયઢ્ઢ(નંદિતાઢ્ય) ક્યારે થઈ ગયા તે તેમની અન્ય કૃતિઓ અને પ્રમાણોના અભાવે કહી શકાતું નથી. સંભવતઃ તેઓ હેમચંદ્રાચાર્ય પૂર્વે થઈ ગયા હોય. હોઈ શકે કે તેઓ વિરહાંકના સમકાલીન કે તેના પણ પૂર્વવર્તી હોય.

નંદિયઢ્ઢ એ મંગલાચરણમાં નેમિનાથને વંદન કર્યા છે. પદ્ય ૧૫માં મુનિપતિ વીરની, ૬૮, ૬૯માં શાંતિનાથની ૭૦, ૭૧માં પાર્શ્વનાથની, ૫૭માં બ્રાહ્મીલિપિની ૬૭માં જૈનધર્મની, ૨૧, ૨૨, ૨૫માં જિનવાણીની, ૨૩માં જિનશાસનની તેમ જ ૩૭માં જિનેશ્વરની સ્તુતિ કરી છે. પદ્ય ૬૨માં મેરુશિખર પર ૩૨ ઇંદ્રોએ વીરનો જન્માભિષેક કર્યો, એ નિર્દેશ છે. આ પ્રમાણોથી એ સ્પષ્ટ છે કે તેઓ શ્વેતાંબર જૈન હતા.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ ગ્રંથ મુખ્યતયા ગાથાછંદ સાથે સંબદ્ધ છે, એવું તેના નામ પરથી પ્રકટ છે. પ્રાકૃતના આ પ્રાચીનતમ ગાથાછંદનો જૈન તથા બૌદ્ધ આગમગ્રંથોમાં વ્યાપકરૂપે પ્રયોગ થયો છે. સંભવતઃ આ કારણે નન્દિતાઢ્યે ગાથા-છંદને એક લક્ષણ-ગ્રંથનો વિષય બનાવ્યો.

'ગાથા-લક્ષણ'માં ૯૬ પદ્યો છે. જે અધિકાંશતઃ ગાથા-નિબદ્ધ છે. તેમાંથી ૪૭ પદ્યોમાં ગાથાના વિવિધ ભેદોનાં લક્ષણો છે તથા ૪૯ પદ્ય ઉદાહરણોનાં છે. પદ્ય ૬ થી ૧૬ સુધી મુખ્ય ગાથાછંદનું વિવેચન છે. નન્દિતાઢ્યે 'શર' શબ્દને ચતુર્માત્રાના અર્થમાં લીધો છે, જ્યારે વિરહાંકે 'વૃત્તજાતિસમુચ્ચય'માં તેને પંચકલનો દ્યોતક માન્યો છે. આ એક વિચિત્ર અને અસામાન્ય વાત જણાય છે.

પદ્ય ૧૭ થી ૨૦માં ગાથાના મુખ્ય ભેદ પથ્યા, વિપુલા અને ચપલાનું વર્ણન તથા પદ્ય ૨૧ થી ૨૫ સુધી તેમનાં ઉદાહરણો છે. પદ્ય ૨૬ થી ૩૦માં ગીતિ, ઉદ્‌ગીતિ, ઉપગીતિ અને સંકીર્ણગાથા ઉદાહૃત છે. પદ્ય ૩૧માં નન્દિતાઢ્યે અવહટ્ટ (અપભ્રંશ)નો તિરસ્કાર કરતાં પોતાનો ભાષાસંબંધી દૃષ્ટિકોણ વ્યક્ત કર્યો છે. પદ્ય

૩૨ થી ૩૭ સુધી ગાથાના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ગોનો ઉલ્લેખ છે. બ્રાહ્મણમાં ગાથાના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ બંનેમાં ગુરુવર્ણોનું વિધાન છે. ક્ષત્રિયમાં પૂર્વાર્ધમાં બધા ગુરુવર્ણો અને ઉત્તરાર્ધમાં બધા લઘુવર્ણો નિર્દિષ્ટ છે. વૈશ્યમાં તેનાથી ઊંધું થાય છે અને શૂદ્રમાં બંને પાદોમાં બધા લઘુવર્ણ આવે છે.

પદ્ય ૩૮-૩૯માં પૂર્વોક્ત ગાથા-ભેદોને ફરીથી આપવામાં આવ્યા છે. પદ્ય ૪૦ થી ૪૪ સુધી ગાથામાં પ્રયુક્ત લઘુ-ગુરુવર્ણોની સંખ્યા અનુસાર ગાથાના ૨૬ ભેદોનું કથન છે.

પદ્ય ૪૫-૪૬માં લઘુ-ગુરુ જાણવાની રીત, પદ્ય ૪૭માં કુલ માત્રાસંખ્યા, પદ્ય ૪૮ થી ૫૧માં પ્રસ્તારસંખ્યા, પદ્ય ૫૨માં અન્ય છંદોની પ્રસ્તારસંખ્યા, પદ્ય ૫૩ થી ૬૨ સુધી ગાથા સંબંધી અન્ય ગણિતનો વિચાર છે. પદ્ય ૬૩ થી ૬૫માં ગાથાના ૬ ભેદોનાં લક્ષણો તથા પદ્ય ૬૬ થી ૬૯માં તેનાં ઉદાહરણો આપવામાં આવ્યા છે. પદ્ય ૭૨ થી ૭૫ સુધી ગાથાવિચાર છે.

આ ગ્રંથ અહીં (૭૫ પદ્યો સુધીમાં) પૂર્ણ થઈ જવો જોઈએ. પદ્ય ૩૧માં કર્તાએ અવહટ્ટ પ્રત્યે પ્રગટ કરેલા તિરસ્કાર છતાં પણ આ ગ્રંથમાં પદ્ય ૭૬ થી ૯૬ સુધી અપભ્રંશ-છંદ સંબંધી વિચાર આપવામાં આવ્યા છે, આથી આ પદ્યો પરવર્તી ક્ષેપક જણાય છે. પ્રો. વેલણકરે પણ આ જ મત પ્રગટ કર્યો છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પદ્ય ૭૬-૯૬માં અપભ્રંશના કેટલાક છંદોનાં લક્ષણ અને ઉદાહરણ આ પ્રમાણે દર્શાવવામાં આવ્યા છે : પદ્ય ૭૬-૭૭માં પદ્ધતિ, ૭૮-૭૯માં મદનાવતાર કે ચન્દ્રાનન, ૮૦-૮૧માં દ્વિપદી, ૮૨-૮૩માં વસ્તુક કે સાર્ધછન્દસ્, ૮૪ થી ૯૪માં દૂહા, તેના ભેદ, ઉદાહરણ તથા રૂપાંતર અને ૯૫-૯૬માં શ્લોક.

ગાથા-લક્ષણના બધા પદ્યો નંદિતાઢ્યે રચેલાં હોય તેમ જણાતું નથી. તેનું ચોથુ પદ્ય 'નાટ્યશાસ્ત્ર' (અ. ૨૭)માં થોડા પાઠભેદ સાથે મળે છે, ૧૫મું પદ્ય 'સૂયગડ'ની ચૂર્ણિ (પત્ર ૩૦૪)માં કેટલાક પાઠભેદ સાથે ઉપલબ્ધ થાય છે.

આ 'ગાથાલક્ષણ'ના ટીકાકાર મુનિ રત્નચંદ્રે સૂચિત કર્યું છે કે ૫૭મું પદ્ય 'રોહિણી-ચરિત્ર'માંથી, ૫૯મું અને ૬૦મું પદ્ય 'પુષ્પદન્તચરિત્ર'માંથી અને ૬૧મું પદ્ય 'ગાથાસહસ્રપથાલંકાર' માંથી લેવામાં આવ્યું છે.[૧]

---

૧. આ ગ્રંથ ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર ત્રૈમાસિક, પુ. ૧૪, પૃ. ૧-૩૮માં પ્રો. વેલણકરે સંપાદિત કરીને પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાલક્ષણ વૃત્તિ :**

'ગાથાલક્ષણ' છંદ-ગ્રંથ પર રત્નચંદ્ર મુનિએ વૃત્તિની રચના કરી છે. ટીકાના અંતમાં આ પ્રકારનો ઉલ્લેખ છે : नंदिताढ्यस्य च्छन्दसष्टीका कृतिः श्रीदेवाचार्यस्य शिष्येणाष्टोत्तरशतप्रकरणकर्तुर्महाकवेः पण्डितरत्नचन्द्रेणेति ।

**माण्डव्यपुरगच्छीयदेवानन्दमुनेर्गिरा ।**
**टीकेयं रत्नचन्द्रेण नंदिताढ्यस्य निर्मिता ॥**

૧૦૮ પ્રકરણ-ગ્રંથોના રચયિતા મહાકવિ દેવાનંદાચાર્ય, જે માંડવ્યપુરગચ્છના હતા, તેમની આજ્ઞાથી તેમના જ શિષ્ય રત્નચંદ્રે નન્દિતાઢ્યના આ ગાથાલક્ષણની વૃત્તિ રચી છે.

આ વૃત્તિ પરથી ગાથાલક્ષણમાં પ્રયુક્ત પદ્યો કયા-કયા ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યા છે એ વાત જાણી શકાય છે. ટીકાની રચના વિશદ છે.

**કવિદર્પણ :**

પ્રાકૃતભાષામાં ગ્રથિત આ મહત્ત્વપૂર્ણ છંદ-કૃતિના કર્તાનું નામ અજ્ઞાત છે. તેઓ જૈન વિદ્વાન હશે તેવું અનુમાન કૃતિમાં આપવામાં આવેલા જૈન ગ્રંથકારોનાં નામ અને જૈન પરિભાષા જોતાં કરી શકાય. ગ્રંથકાર આચાર્ય હેમચંદ્રના 'છન્દોऽનુશાસન'થી પરિચિત છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

'કવિદર્પણ'માં સિદ્ધરાજ જયસિંહ, કુમારપાલ, સમુદ્રસૂરિ, ભીમદેવ, તિલકસૂરિ, શાકંભરીરાજ, યશોઘોષસૂરિ અને સૂરપ્રભસૂરિનાં નામ નિર્દિષ્ટ છે. આ બધી વ્યક્તિ ૧૨-૧૩મી સદીમાં વિદ્યમાન હતી. આ ગ્રંથમાં જિનચંદ્રસૂરિ, હેમચંદ્રસૂરિ, સૂરપ્રભસૂરિ, તિલકસૂરિ અને (રત્નાવલીના કર્તા) હર્ષદેવની કૃતિઓમાંથી અવતરણો લેવામાં આવ્યા છે.

છ ઉદ્દેશાત્મક આ ગ્રંથમાં પ્રાકૃતના ૨૧ સમ, ૧૫ અર્ધસમ અને ૧૩ સંયુક્ત છંદ દર્શાવવામાં આવ્યા છે. ગ્રંથમાં ૯૯ ઉદાહરણો છે જે સ્વયં ગ્રંથકારે જ રચેલાં હોય તેમ જણાય છે. આમાં બધા પ્રાકૃત છંદોની ચર્ચા નથી, પોતાના સમયમાં પ્રચલિત મહત્ત્વપૂર્ણ છંદો લેવામાં આવ્યા છે. છંદોના લક્ષણનિર્દેશ અને વર્ગીકરણ દ્વારા કવિદર્પણકારની મૌલિક દૃષ્ટિનો યથેષ્ટ પરિચય મળે છે. આ ગ્રંથમાં છંદોનાં લક્ષણો અને ઉદાહરણો અલગ-અલગ આપવામાં આવ્યા છે.[1]

---

૧. આ ગ્રંથ વૃત્તિસહિત પ્રો. વેલણકરે સંપાદિત કરીને પૂનાના ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરના ત્રૈમાસિક (પુ. ૧૬, પૃ. ૪૪-૮૯; પુ. ૧૭, પૃ. ૩૭-૬૦ અને ૧૭૪-૧૮૪)માં પ્રકાશિત કરેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કવિદર્પણ-વૃત્તિ :**

'કવિદર્પણ' પર કોઈ વિદ્વાને વૃત્તિની રચના કરી છે, તેનું નામ પણ અજ્ઞાત છે. વૃત્તિમાં 'છન્દઃકન્દલી' નામના પ્રાકૃત છન્દોગ્રંથનાં લક્ષણો આપવામાં આવ્યા છે. વૃત્તિમાં જે ૫૭ ઉદાહરણો છે તે અન્યકર્તૃક છે. તેમાં સૂર, પિંગલ અને ત્રિલોચનદાસ – આ વિદ્વાનોની સંસ્કૃત અને સ્વયંભૂ, પાદલિપ્તસૂરિ અને મનોરથ - આ વિદ્વાનોની પ્રાકૃત કૃતિઓમાંથી અવતરણો આપવામાં આવ્યા છે. રત્નસૂરિ, સિદ્ધરાજ જયસિંહ, ધર્મસૂરિ અને કુમારપાળનાં નામોનો ઉલ્લેખ છે. આ નામો જોતાં વૃત્તિકાર પણ જૈન જણાય છે.

**છંદઃકોશ :**

'છન્દઃકોશ'ના રચયિતા રત્નશેખરસૂરિ છે, જે ૧૫મી શતાબ્દીમાં થઈ ગયા. તેઓ બૃહદ્ગચ્છીય વજ્રસેનસૂરિ (પછીથી રૂપાંતરિત નાગપુરીય તપાગચ્છના હેમતિલકસૂરિ)ના શિષ્ય હતા.

પ્રાકૃતભાષામાં રચાયેલ આ 'છન્દઃકોશ'માં[1] કુલ ૭૪ પદ્યો છે. પદ્ય-સંખ્યા ૫ થી ૫૦ સુધી (૪૬ પદ્યો) અપભ્રંશ ભાષામાં રચેલાં છે. પ્રાકૃત છંદોમાંથી કેટલાક પ્રસિદ્ધ છંદોનાં લક્ષણ લક્ષ્ય-લક્ષણયુક્ત અને ગણ-માત્રાદિપૂર્વક આપવામાં આવ્યા છે. તેમાં અલ્લુ (અર્જુન) અને ગુલ્હુ (ગોસલ) નામક લક્ષણકારોમાંથી ઉદ્ધરણો લેવામાં આવ્યા છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**છન્દઃકોશ-વૃત્તિ :**

આ 'છન્દઃકોશ' ગ્રંથ પર આચાર્ય રત્નશેખરસૂરિના સંતાનીય ભટ્ટારક રાજરત્નસૂરિ અને તેમના શિષ્ય ચંદ્રકીર્તિસૂરિએ ૧૭મી શતાબ્દીમાં વૃત્તિની રચના કરી છે.

**છન્દઃકોશ-બાલાવબોધ :**

'છન્દઃકોશ' પર આચાર્ય માનકીર્તિના શિષ્ય અમરકીર્તિસૂરિએ ગુજરાતી ભાષામાં 'બાલાવબોધ'ની રચના કરી છે.[2]

---

૧. આનું પ્રકાશન ડૉ. શુબ્રિંગે (Z D M G., Vol. 75 pp. 97 ff.) સન્ ૧૯૨૨માં કર્યું હતું. ફરી ત્રણ હસ્તલિખિત પ્રતના આધાર પર પ્રો. એચ.ડી.વેલણકરે સંપાદિત કરી મુંબઈ વિશ્વવિદ્યાલય પત્રિકામાં સન્ ૧૯૩૩માં પ્રકાશિત કરેલ છે.

૨. આની એક હસ્તલિખિત પ્રત અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. પ્રતિ ૧૮મી શતાબ્દીમાં લખાઈ હોય તેમ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલાવબોધકારે આ પ્રમાણે કહ્યું છે :

> तेषां पदे सुविख्याताः सूरयोऽमरकीर्त्तयः।
> तैश्चक्रे बालावबोधोऽयं छन्दःकोशाभिधस्य वै ॥

**છન્દઃકન્દલી :**

'છન્દઃકન્દલી'ના કર્તાનું નામ હજી સુધી અજ્ઞાત છે. પ્રાકૃત ભાષામાં નિબદ્ધ આ ગ્રંથમાં 'કવિ-દપ્પણ'ની પરિભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથ હજી સુધી પ્રકાશિત થયો નથી.

**છન્દસ્તત્ત્વ :**

અંચલગચ્છીય મુનિ ધર્મનંદનગણિએ 'છન્દસ્તત્ત્વ' નામક છન્દવિષયક ગ્રંથની રચના કરી છે.[1]

આ ગ્રંથો સિવાય રામવિજયગણિરચિત છન્દઃશાસ્ત્ર, અજ્ઞાતકર્તૃક છન્દોઽલંકાર જેના પર કોઈ અજ્ઞાતનામી આચાર્યે ટિપ્પણ લખી છે, મુનિ અજિતસેનરચિત છન્દઃશાસ્ત્ર, વૃત્તવાદ અને છન્દઃપ્રકાશ - આ ત્રણ ગ્રંથો, આશાધરકૃત વૃત્તપ્રકાશ, ચંદ્રકીર્તિકૃત છન્દઃકોશ (પ્રાકૃત) અને ગાથારત્નાકર, છન્દોરૂપક, સંગીતસહપિંગલ ઇત્યાદિ નામો મળે છે.

આ દૃષ્ટિએ જોવામાં આવે તો છન્દઃશાસ્ત્રમાં જૈનાચાર્યોનું યોગદાન કંઈ ઓછું નથી. એટલું જ નહીં, આ આચાર્યોએ જૈનેતર લેખકોના છન્દશાસ્ત્રના ગ્રંથો પર ટીકાઓ પણ લખી છે.

**જૈનેતર ગ્રંથો પર જૈન વિદ્વાનોના ટીકાગ્રંથ :**

શ્રુતબોધ - કેટલાક વિદ્વાનો વરરુચિને 'શ્રુતબોધ'ના કર્તા માને છે અને કેટલાક કાલિદાસને. શીઘ્ર કંઠસ્થ થઈ જાય તેવી સરળ અને ઉપયોગી ૪૪ પદ્યોની નાની એવી કૃતિ પોતાની પત્નીને સંબોધિત કરીને લખાઈ છે. છન્દોનાં લક્ષણો તે તે છંદોમાં જ આપ્યા છે.

આ ગ્રંથથી જાણી શકાય છે કે કવિઓએ પ્રસ્તારવિધિથી છંદોની વૃદ્ધિ નહીં કરીને લયસામ્યના આધાર પર ગુરુ-લઘુ વર્ણોના પરિવર્તન દ્વારા જ નવીન છંદોની રચના કરી હશે.

---

૧. આની હસ્તલિખિત પ્રત છાણીના ભંડારમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'શ્રુતબોધ'માં આઠ ગણો તેમ જ ગુરુ લઘુ વર્ણોનાં લક્ષણો બતાવીને આર્યા આદિ છંદોથી પ્રારંભ કરી યતિનો નિર્દેશ કરતા સમવૃત્તોનાં લક્ષણો બતાવવામાં આવ્યા છે.

આ કૃતિ પર જૈન લેખકોએ નિમ્નોક્ત ટીકાઓની રચના કરી છે :

૧. નાગપુરીય તપાગચ્છના ચન્દ્રકીર્તિસૂરિના શિષ્ય હર્ષકીર્તિસૂરિએ વિક્રમની ૧૭મી શતાબ્દીમાં વૃત્તિની રચના કરી છે. ટીકા[1]ના અંતમાં વૃત્તિકારે પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :

> श्रीमन्नागपुरीयपूर्वकतपागच्छाम्बुजाहस्कराः
> सूरीन्द्राः [ चन्द्र ] कीर्तिगुरवो विश्वत्रयीविश्रुताः ।
> तत्पादाम्बुरुहप्रसादपदतः श्रीहर्षकीर्त्याह्वयो–
> पाध्यायः श्रुतबोधवृत्तिमकरोद् बालावबोधाय वै ॥

૨. નયવિમલસૂરિએ વિ. ૧૭મી શતાબ્દીમાં વૃત્તિની રચના કરી છે.

૩. વાચક મેઘચંદ્રના શિષ્યે વૃત્તિ રચી છે.

૪. મુનિ કાંતિવિજયે વૃત્તિ રચી છે.

૫. માણિક્યમલ્લે વૃત્તિનું નિર્માણ કર્યું છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

વૃત્તરત્નાકર—શૈવ શાસ્ત્રોના વિદ્વાન પબ્વેકના પુત્ર કેદાર ભટ્ટે[2] સંસ્કૃત પદ્યોમાં 'વૃત્તરત્નાકર'ની રચના સન્ ૧૦૦૦ની આસપાસમાં કરી છે. તેમાં કર્તાએ છંદ-વિષયક ઉપયોગી સામગ્રી આપી છે. આ કૃતિ ૧. સંજ્ઞા, ૨. માત્રાવૃત્ત, ૩. સમવૃત્ત, ૪. અર્ધસમવૃત્ત, ૫. વિષમવૃત્ત અને ૬. પ્રસ્તાર- આ છ અધ્યાયોમાં વિભક્ત છે.

તેના પર જૈન લેખકોએ નિમ્નલિખિત ટીકાઓ લખી છે :

૧. આસડ નામના કવિએ 'વૃત્તરત્નાકર' પર 'ઉપાધ્યાયનિરપેક્ષા' નામની વૃત્તિની રચના કરી છે. આસડની નવરસથી ભરપૂર કાવ્યવાણી સાંભળીને રાજસભ્યોએ તેમને 'સભાશ્રૃંગાર'ની પદવીથી અલંકૃત કર્યા હતા. તેમણે 'મેઘદૂત' કાવ્ય પર સુંદર ટીકા ગ્રંથની રચના કરી હતી. પ્રાકૃત ભાષામાં 'વિવેકમંજરી' અને 'ઉપદેશકન્દલી' નામના બે પ્રકરણ ગ્રંથ પણ રચ્યા હતા. તેઓ વિ.સં. ૧૨૪૮માં વિદ્યમાન હતા.

૨. વાદી દેવસૂરિના સંતાનીય જયમંગલસૂરિના શિષ્ય સોમચંદ્રગણિએ વિ.સં.

---

૧. આ ટીકાની એક હસ્તલિખિત ૭ પત્રોની પ્રતિ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

૨. वेदार्थशैवशास्त्रज्ञः पब्वेकोऽभूद् द्विजोत्तमः ।
तस्य पुत्रोऽस्ति केदारः शिवपादार्चने रतः ॥

૧૩૨૯માં 'વૃત્તરત્નાકર' પર વૃત્તિની રચના કરી હતી. તેમાં તેમણે આચાર્ય હેમચંદ્રના 'છંદોનુશાસન'ની સ્વોપજ્ઞ વૃત્તિમાંથી ઉદાહરણો લીધા છે. ક્યાંક-ક્યાંક 'વૃત્તિરત્નાકર'ના ટીકાકાર સુલ્હણમાંથી પણ ઉદાહરણો લીધા છે. સુલ્હણની ટીકાના મૂળ પાઠ કરતાં ક્યાંક-ક્યાંક અંતર છે.

ટીકાકારે પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :

वादिश्रीदेवसूरेर्गणगगनविधौ बिभ्रतः शारदायाः,
नाम प्रत्यक्षपूर्वं सुजयपदभृतो मङ्गलाह्वस्य सूरेः ।
पादद्वन्द्वारविन्देऽम्बुमधुपहिते भृङ्गभङ्गी दधानो,
वृत्तिं सोमोऽभिरामामकृत कृतिमतां वृत्तरत्नाकरस्य ॥[1]

૩. ખરતરગચ્છીય આચાર્ય જિનભદ્રસૂરિના શિષ્ય મુનિ ક્ષેમહંસે તેના પર ટિપ્પણની રચના કરી છે. તેઓ વિ. ૧૫મી શતાબ્દીમાં વિદ્યમાન હતા.

૪. નાગપુરી તપાગચ્છીય હર્ષકીર્તિસૂરિના શિષ્ય અમરકીર્તિ અને તેમના શિષ્ય યશઃકીર્તિએ તેના પર વૃત્તિની રચના કરી છે.

૫. ઉપાધ્યાય સમયસુંદરગણિએ તેના પર વૃત્તિની રચના વિ.સં. ૧૬૯૪માં કરી છે.[2]

તેના અંતમાં વૃત્તિકારે પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :

वृत्तरत्नाकरे वृत्तिं गणिः समयसुन्दरः ।
षष्ठाध्यायस्य संबद्धा पूर्णीचक्रे प्रयत्नतः ॥१॥

संवति विधिमुख-निधि-रस-शशिसंख्ये दीपपर्वदिवसे च ।
जालोरनामनगरे लुणिया-कसलार्पितस्थाने ॥२॥

श्रीमत्खरतरगच्छे श्रीजिनचन्द्रसूरयः ।
तेषां सकलचन्द्राख्यो विनेयो प्रथमोऽभवत् ॥३॥

तच्छिष्यसमयसुन्दरः एतां वृत्तिं चकार सुगमतराम् ।
श्रीजिनसागरसूरिप्रवरे गच्छाधिराजेऽस्मिन् ॥४॥

૬. ખરતરગચ્છીય મેરુસુંદરસૂરિએ તેના પર બાલાવબોધની રચના કરી છે. મેરુસુંદરસૂરિ વિ. ૧૬ની શતાબ્દીમાં વિદ્યમાન હતા.

---

૧. આ ટીકા-ગ્રંથની એક હસ્તલિખિત ૩૩ પત્રોની પ્રતિ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

૨. આની એક હસ્તલિખિત ૩૧ પત્રોની પ્રતિ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાંચમું પ્રકરણ

# નાટ્ય

દુઃખી, શોકાર્ત, શ્રાંત તેમજ તપસ્વી વ્યક્તિઓને વિશ્રાંતિ આપવા માટે નાટ્યની સૃષ્ટિ કરવામાં આવી છે. સુખ-દુઃખથી યુક્ત લોકનો સ્વભાવ જ આંગિક, વાચિક ઇત્યાદિ અભિનયોથી યુક્ત હોવાથી નાટ્ય કહેવાય છે :

**योऽयं स्वभावो लोकस्य सुख-दुःख-समन्वितः ।**
**सोऽङ्गाद्यभिनयोपेतो नाट्यमित्यभिधीयते ॥**

**નાટ્યદર્પણ :**

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિના બે શિષ્યો કવિ કટારમલ્લ બિરુદધારી રામચંદ્રસૂરિ અને તેમના ગુરુભાઈ ગુણચંદ્રગણિએ મળીને 'નાટ્યદર્પણ'ની રચના વિ. સં. ૧૨૦૦ની આસપાસમાં કરી છે.

'નાટ્યદર્પણ'માં ચાર વિવેક છે જેમાં બધા મળીને ૨૦૭ પદ્યો છે.

પ્રથમ વિવેક 'નાટકનિર્ણય'માં નાટ્યસંબંધી બધી વાતોનું નિરૂપણ છે. તેમાં ૧. નાટક, ૨. પ્રકરણ, ૨. નાટિકા, ૪. પ્રકરણી, ૫. વ્યાયોગ, ૬. સમવકાર, ૭. ભાણ, ૮. પ્રહસન, ૯. ડિમ, ૧૦. અંક, ૧૧. ઈહામૃગ અને ૧૨. વીથિ — આ બાર પ્રકારના રૂપકો બતાવવામાં આવ્યા છે. પાંચ અવસ્થાઓ અને પાંચ સંધિઓનો પણ ઉલ્લેખ છે.

દ્વિતીય વિવેક 'પ્રકરણાદ્યેકાદશનિર્ણય'માં પ્રકરણથી લઈને વીથિ સુધીના ૧૧ રૂપકોનું વર્ણન છે.

તૃતીય વિવેક 'વૃત્તિ-રસ-ભાવાભિનયવિચાર'માં ચાર વૃત્તિઓ, નવ રસો, નવ સ્થાયી ભાવો, તેત્રીસ વ્યભિચારી ભાવો, રસ આદિ આઠ અનુભાવો અને ચાર અભિનયોનું નિરૂપણ છે.

ચતુર્થ વિવેક 'સર્વરૂપકસાધારણલક્ષણનિર્ણય'માં બધા રૂપકોનાં લક્ષણો

બતાવવામાં આવ્યા છે.

આચાર્ય રામચંદ્રસૂરિ સમર્થ આશુકવિ રૂપે પ્રસિદ્ધ હતા. તેઓ કાવ્યના ગુણ-દોષોના મોટા પરીક્ષક હતા. તેમણે નાટક આદિ અનેક ગ્રંથોની રચના કરી છે. ગુરુ હેમચંદ્રસૂરિએ જે નાટક આદિ વિષયો પર નહોતું લખ્યું તે વિષયો પર આચાર્ય રામચંદ્રસૂરિએ પોતાની કલમ ચલાવી છે. તેમને પ્રબન્ધશતકર્તા પણ માનવામાં આવ્યા છે. તેનો અર્થ 'સો પ્રબન્ધોના કર્તા' નહીં પરંતુ 'પ્રબન્ધશત નામના ગ્રંથના કર્તા' છે પરંતુ 'પ્રબંધશત' ગ્રંથ હજી સુધી નથી મળ્યો. રાજા અજયપાળ નિમિત્તે સં. ૧૨૩૦ની આસપાસ આવા સમર્થ કવિનું અકાળે મૃત્યુ થયું, એવી સૂચના પ્રબંધોમાં મળે છે.

તેમના ગુરુભાઈ ગુણચંદ્રગણિ પણ સમર્થ વિદ્વાન હતા. તેમણે સવૃત્તિક દ્રવ્યાલંકાર આચાર્ય રામચંદ્રસૂરિની સાથે રચ્યો છે.

આચાર્ય રામચંદ્રસૂરિએ નિમ્નલિખિત ગ્રંથોની પણ રચના કરી છે :

૧. કૌમુદીમિત્રાણંદ (પ્રકરણ) ૨. નલવિલાસ (નાટક), ૩. નિર્ભયભીમ (વ્યાયોગ), ૪. મલ્લિકામકરન્દ (પ્રકરણ), ૫. યાદવાભ્યુદય (નાટક), ૬. રઘુવિલાસ (નાટક), ૭. રાઘવાભ્યુદય (નાટક), ૮. રોહિણીમૃગાંક (પ્રકરણ), ૯. વનમાલા (નાટિકા), ૧૦. સત્યહરિશ્ચન્દ્ર (નાટક), ૧૧. સુધાકલશ (કોશ), ૧૨. આદિદેવસ્તવન, ૧૩. કુમારવિહારશતક, ૧૪. જિનસ્તોત્ર ૧૫. નેમિસ્તવ, ૧૬. મુનિસુવ્રતસ્તવ, ૧૭. યદુવિલાસ, ૧૮. સિદ્ધહેમચંદ્ર-શબ્દાનુશાસન-લઘુન્યાસ, ૧૯. સોળ સાધારણજિનસ્તવ, ૨૦. પ્રસાદદ્વાત્રિંશિકા, ૨૧. યુગાદિદ્વાત્રિંશિકા, ૨૨. વ્યતિરેકદ્વાત્રિંશિકા, ૨૩. પ્રબંધશત.

**નાટ્યદર્પણ-વિવૃતિ :**

આચાર્ય રામચંદ્રસૂરિ અને ગુણચંદ્રસૂરિએ પોતાના 'નાટ્યદર્પણ' પર સ્વોપજ્ઞ વિવૃતિની રચના કરી છે. તેમાં રૂપકોનાં ઉદાહરણો ૫૫ ગ્રંથોમાંથી આપવામાં આવ્યા છે. સ્વરચિત કૃતિઓમાંથી પણ ઉદાહરણો લેવામાં આવ્યા છે. તેમાં ૧૩ ઉપરૂપકોનાં સ્વરૂપનું આલેખન કરવામાં આવ્યું છે.

ધનંજયના 'દશરૂપક' ગ્રંથને આદર્શ માનીને આ વિવૃતિ રચવામાં આવી છે. વિવૃતિકારે ક્યાંક-ક્યાંક ધનંજયના મતથી ભિન્ન પોતાનો મત પ્રદર્શિત કર્યો છે. ભરતના નાટ્યશાસ્ત્રમાં પૂર્વાપર વિરોધ છે, તેવો પણ ઉલ્લેખ કર્યો છે. પોતાના ગુરુ આચાર્ય હેમચંદ્રસૂરિના 'કાવ્યાનુશાસન'થી પણ ભિન્ન એવા મતનું ક્યાંક-ક્યાંક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિરૂપણ કર્યું છે. આ દૃષ્ટિએ આ કૃતિ વિશેષરૂપે અધ્યયન કરવા યોગ્ય છે.[૧]

**પ્રબંધશત :**

આચાર્ય હેમચંદ્રસૂરિના શિષ્યરત્ન આચાર્ય રામચંદ્રસૂરિએ 'નાટ્યદર્પણ' સિવાય નાટ્યશાસ્ત્રવિષયક 'પ્રબંધશત' નામક ગ્રંથની રચના પણ કરી હતી, જે અનુપલબ્ધ છે.

ઘણા વિદ્વાનો 'પ્રબંધશત'નો અર્થ 'સો પ્રબંધો' કરે છે પરંતુ પ્રાચીન ગ્રંથસૂચિમાં 'रामचन्द्रकृतं प्रबन्धशतं द्वादशरूपकनाटकादिवस्वरूपज्ञापकम्' એવો ઉલ્લેખ મળે છે, તેનાથી જાણી શકાય છે કે 'પ્રબંધશત' નામની તેમની કોઈ નાટ્યવિષયક રચના હતી.

---

૧. 'નાટ્યદર્પણ' સ્વોપજ્ઞ વિવૃત્તિ સાથે ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ દ્વારા બે ભાગોમાં છપાઈ ગયેલ છે. આ ગ્રંથનું કે. એચ. ત્રિવેદીકૃત આલોચનાત્મક અધ્યયન લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદથી પ્રકાશિત થયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

छठ्ठु प्रकरण

# સંગીત

'સમ્' અને 'ગીત' - આ બંને શબ્દોના મળવાથી 'સંગીત' પદ બને છે. મોઢેથી ગાવું તે ગીત. 'સમ્' નો અર્થ છે સારું. વાદ્ય અને નૃત્ય બંનેના સમન્વયથી ગીત સારું બને છે. કહેવાયું છે કે :

**गीतं वाद्यं च नृत्यं च त्रयं संगीतमुच्यते ।**

સંગીતશાસ્ત્રનો ઉપલબ્ધ એવો આદિ ગ્રંથ ભરતનું 'નાટ્યશાસ્ત્ર' છે, જેમાં સંગીત-વિભાગ (અધ્યાય ૨૮ થી ૩૬ સુધી) છે. તેમાં ગીત અને વાદ્યોનું પૂર્ણ વિવરણ છે, પરંતુ રાગોનાં નામ અને તેમનું વિવરણ નથી આપવામાં આવ્યું.

ભરતના શિષ્ય દત્તિલ, કોહલ અને વિશાખિલ - આ ત્રણેયે ગ્રંથોની રચના કરી હતી. પ્રથમના ગ્રંથનું નામ દત્તિલમ્, બીજાના ગ્રંથનું કોહલીયમ્ અને ત્રીજાના ગ્રંથનું વિશાખિલમ્ હતું. વિશાખિલમ્ પ્રાપ્ય નથી.

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

મધ્યકાળમાં હિંદુસ્તાની અને કર્ણાટકી પદ્ધતિઓ ચાલી. તે પછી સંગીતશાસ્ત્રના ગ્રંથો લખાયા.

સન્ ૧૨૦૦માં બધી પદ્ધતિઓનું મંથન કરીને શાર્ઙ્ગદેવે 'સંગીતરત્નાકર' નામનો ગ્રંથ લખ્યો. તેના પર છ ટીકા ગ્રંથો પણ લખાયા છે. તેમાંથી ચાર ટીકા-ગ્રંથ ઉપલબ્ધ નથી.

અર્ધમાગધી (પ્રાકૃત)માં રચાયેલ 'અનુયોગદ્વાર' સૂત્રમાં સંગીતવિષયક સામગ્રી પદ્યમાં મળે છે. તેનાથી જાણ થાય છે કે પ્રાકૃતમાં સંગીતનો કોઈ ગ્રંથ રચ્યો હશે.

ઉપર્યુક્ત જૈનેતર ગ્રંથોના આધારે જૈનાચાર્યોએ પણ પોતાની વિશેષતા દર્શાવતા કેટલાક ગ્રંથોની રચના કરી છે.

**સંગીતસમયસાર :**

દિગંબર જૈન મુનિ અભયચંદ્રના શિષ્ય મહાદેવાર્ય અને તેમના શિષ્ય પાર્શ્વચંદ્રે 'સંગીતસમયસાર'[1] નામના ગ્રંથની રચના લગભગ વિ. સં. ૧૩૮૦માં કરી છે. આ

---

૧. આ ગ્રંથ 'ત્રિવેન્દ્રમ સંસ્કૃત ગ્રંથમાળા'માં છપાઈ ગયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથમાં ૯ અધિકરણ છે જેમાં નાદ, ધ્વનિ, સ્થાયી, રાગ, વાદ્ય, અભિનય, તાલ, પ્રસ્તાર અને આધ્વયોગ – આ પ્રમાણે અનેક વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમાં પ્રતાપ, દિગંબર અને શંકર નામક ગ્રંથકારોનો ઉલ્લેખ છે. ભોજ, સોમેશ્વર અને પરમર્દી - આ ત્રણ રાજાઓનાં નામ પણ ઉલ્લિખિત છે.[1]

**સંગીતોપનિષત્સારોદ્ધાર :**

આચાર્ય રાજશેખરસૂરિના શિષ્ય સુધાકલશે વિ.સં. ૧૪૦૬માં 'સંગીતોપનિષત્ સારોદ્ધાર'ની રચના કરી છે.[2] આ ગ્રંથ સ્વયં સુધાકલશ દ્વારા સં. ૧૩૮૦માં રચાયેલ 'સંગીતોપનિષત્'ના સારરૂપ છે. આ ગ્રંથમાં છ અધ્યાય અને ૬૧૦ શ્લોકો છે. પ્રથમ અધ્યાયમાં ગીતપ્રકાશન, બીજામાં પ્રસ્તારાદિસોપાશ્રય-તાલપ્રકાશન, ત્રીજામાં ગુણ-સ્વર-રાગાદિપ્રકાશન, ચોથામાં ચતુર્વિધ વાદ્યપ્રકાશન, પાંચમામાં નૃત્યાંગ-ઉપાંગ-પ્રત્યંગપ્રકાશન, છઠ્ઠામાં નૃત્યપદ્ધતિપ્રકાશન છે.

આ કૃતિ સંગીતમકરંદ અને સંગીતપારિજાતથી પણ વિશિષ્ટતર અને અધિક મહત્ત્વની છે.

આ ગ્રંથમાં નરચંદ્રસૂરિનો સંગીતજ્ઞ તરીકે ઉલ્લેખ છે. પ્રશસ્તિમાં તેમણે 'સંગીતોપનિષત્'ની રચના વિ.સં. ૧૩૮૦માં કર્યાનો ઉલ્લેખ છે.

મલધારી અભયદેવસૂરિની પરંપરામાં અમરચંદ્રસૂરિ થઈ ગયા. તેઓ સંગીતશાસ્ત્રમાં વિશારદ હતા, તેવો ઉલ્લેખ સુધાકલશ મુનિએ કર્યો છે.

**સંગીતોપનિષત્ :**

આચાર્ય રાજશેખરસૂરિના શિષ્ય સુધાકલશે 'સંગીતોપનિષત્' ગ્રંથની રચના વિ.સં. ૧૩૮૦માં કરી, એવો ઉલ્લેખ ગ્રંથકારે સ્વયં સં. ૧૪૦૬માં રચેલા પોતાના 'સંગીતોપનિષત્સારોદ્ધાર' નામના ગ્રંથની પ્રશસ્તિમાં કર્યો છે. આ ગ્રંથ ખૂબ મોટો હતો. તે હજી સુધી ઉપલબ્ધ થયો નથી.

સુધાકલશે 'એકાક્ષરનામમાલા'ની પણ રચના કરી છે.

---

૧. વિશેષ પરિચય માટે જુઓ - 'જૈન સિદ્ધાંત ભાસ્કર' ભાગ ૯, અંક ૨ અને ભાગ ૧૦, અંક ૧૦.

૨. આ ગ્રંથ ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ, વડોદરાથી પ્રકાશિત થઈ ગયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંગીતમંડન :**

માળવા-માંડવગઢના સુલતાન આલમશાહના મંત્રી મંડને વિવિધ વિષયો પર અનેક ગ્રંથો લખ્યા છે, તેમાંનો 'સંગીતમંડન' પણ એક છે. આ ગ્રંથની રચના લગભગ વિ.સં. ૧૪૯૦માં થઈ છે. તેની હસ્તલિખિત પ્રત મળે છે. આ ગ્રંથ હજી સુધી અપ્રકાશિત છે.

**સંગીતદીપક, સંગીતરત્નાવલી, સંગીતસહપિંગલ :**

આ ત્રણ કૃતિઓનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલીમાં છે, પરંતુ તેના વિશે કોઈ વિશેષ જાણકારી નથી મળી.

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સાતમું પ્રકરણ

# કલા

**ચિત્રવર્ણસંગ્રહ :**

સોમરાજારચિત 'રત્નપરીક્ષા' ગ્રંથના અંતમાં 'ચિત્રવર્ણસંગ્રહ'ના ૪૨ શ્લોકોનું પ્રકરણ અત્યંત ઉપયોગી છે.

તેમાં ભીંતચિત્ર બનાવવા માટે ભીંત કેવી હોવી જોઈએ, રંગ કેવી રીતે બનાવવો જોઈએ, કલમ-પીંછી કેવી હોવી જોઈએ, ઇત્યાદિ બાબતોનું વિગતવાર વર્ણન છે.

પ્રાચીન ભારતમાં સિત્તનવાસલ, અજંતા, બાઘ ઇત્યાદિ ગુફાઓ અને રાજા-મહારાજાઓ તથા શ્રેષ્ઠીઓના મહેલોમાં ચિત્રોનું જે આલેખન કરવામાં આવતું હતું તેની વિધિ આ નાના-એવા ગ્રંથમાં જણાવવામાં આવી છે.

આ પ્રકરણ પ્રકાશિત નથી થયું.

**કલાકલાપ :**

વાયડગચ્છીય જિનદત્તસૂરિના શિષ્ય કવિ અમરચંદ્રસૂરિની કૃતિઓ બાબતે 'પ્રબંધકોશ'માં ઉલ્લેખ છે, જેમાં 'કલાકલાપ' નામક કૃતિનો પણ નિર્દેશ છે. આ ગ્રંથનો શાસ્ત્રરૂપે ઉલ્લેખ છે, પરંતુ તેની કોઈ પણ પ્રત હજી સુધી પ્રાપ્ત થઈ નથી.

તેમાં ૭૨ કે ૬૪ કલાઓનું નિરૂપણ હોય તેવી સંભાવના છે.

**મષીવિચાર :**

'મષીવિચાર' નામક એક ગ્રંથ જેસલમેરભાંડાગારમાં છે, તેમાં તાડપત્ર અને કાગળ પર લખવાની શાહી બનાવવાની પ્રક્રિયા જણાવવામાં આવી છે. તેનો જૈન ગ્રંથાવલી પૃ. ૩૬૨માં ઉલ્લેખ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આઠમું પ્રકરણ

# ગણિત

ગણિત વિષય ઘણો વ્યાપક છે. તેની ઘણી શાખાઓ છે : અંકગણિત, બીજગણિત, સમતલભૂમિતિ, ઘનભૂમિતિ, સમતલત્રિકોણમિતિ, ગોલીય-ત્રિકોણમિતિ, સમતલબીજભૂમિતિ, ઘનબીજભૂમિતિ, શૂન્યલબ્ધિ (સૂક્ષ્મકલન), શૂન્યયુતિ (સમાકલન) અને શૂન્ય સમીકરણ. આના સિવાય પણ સ્થિતિશાસ્ત્ર, ગતિશાસ્ત્ર, ઉદકસ્થિતિશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર આદિનો પણ ગણિતશાસ્ત્રમાં સમાવેશ થાય છે.

મહાવીરાચાર્યે ગણિતશાસ્ત્રની વિશેષતા અને વ્યાપકતા દર્શાવતાં કહ્યું છે કે લૌકિક, વૈદિક તથા સામયિક જે પણ વ્યવહાર થાય છે તે બધામાં ગણિત-સંખ્યાનનો ઉપયોગ થાય છે. કામશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગાંધર્વશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, પાકશાસ્ત્ર, આયુર્વેદ, વાસ્તુવિદ્યા અને છંદ, અલંકાર, કાવ્ય, તર્ક, વ્યાકરણ, જ્યોતિષ આદિમાં તથા કળાઓના સમસ્ત ગુણોમાં ગણિત અત્યંત ઉપયોગી શાસ્ત્ર છે. સૂર્ય આદિ ગ્રહોની ગતિ જાણવામાં, પ્રસન અર્થાત્ દિશા, દેશ અને કાળને જાણવા માટે, ચંદ્રમાના પરિલેખમાં – સર્વત્ર ગણિત જ અંગીકૃત છે.

દ્વીપો, સમુદ્રો અને પર્વતોની સંખ્યા, વ્યાસ અને પરિધિ, લોક, અંતર્લોક, જ્યોતિર્લોક, સ્વર્ગ અને નરકમાં સ્થિત શ્રેણીબદ્ધ ભવનો, સભાભવનો અને ગુંબજાકાર મંદિરોના પરિમાણ તથા અન્ય વિવિધ પરિમાણ ગણિતની સહાયથી જ જાણી શકાય છે.

જૈન શાસ્ત્રોમાં ચાર અનુયોગ ગણાવવામાં આવ્યા છે, તેમાં ગણિતાનુયોગ પણ એક છે. કર્મસિદ્ધાંતના ભેદ-પ્રભેદ, કાળ અને ક્ષેત્રનાં પરિમાણ આદિ સમજવામાં ગણિતના જ્ઞાનની વિશેષ આવશ્યકતા હોય છે.

ગણિત જેવા સૂક્ષ્મ શાસ્ત્રના વિષયમાં અન્ય શાસ્ત્રોની અપેક્ષાએ ઓછાં પુસ્તકો પ્રાપ્ત થાય છે, તેમાં પણ જૈન વિદ્વાનોનાં ગ્રંથ ઘણી ઓછી સંખ્યામાં મળે છે.

**ગણિતસારસંગ્રહ :**

'ગણિતસારસંગ્રહ'ના રચયિતા મહાવીરાચાર્ય દિગંબર જૈન વિદ્વાન હતા. તેમણે ગ્રંથના આરંભમાં કહ્યું છે કે જગતના પૂજ્ય તીર્થંકરોના શિષ્ય-પ્રશિષ્યોના પ્રસિદ્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણરૂપ સમુદ્રોમાંથી રત્નસમાન, પાષાણોમાંથી કંચન સમાન અને શુક્તિઓમાંથી મુક્તાફળ સમાન સાર નીચોવીને મેં આ 'ગણિતસારસંગ્રહ'ની યથામતિ રચના કરી છે. આ ગ્રંથ લઘુ હોવા છતાં પણ અનલ્પાર્થક છે.

તેમાં આઠ વ્યવહારોનું નિરૂપણ આ પ્રમાણે છે : ૧. પરિકર્મ, ૨. કલાસવર્ણ, ૩. પ્રકીર્ણક, ૪. ત્રૈરાશિક, ૫. મિશ્રક, ૬. ક્ષેત્રગણિત, ૭. ખાત અને ૮. છાયા.

પ્રથમ અધ્યાયમાં ગણિતના વિભિન્ન એકમો તેમ જ ક્રિયાઓનાં નામ, સંખ્યાઓ, ઋણસંખ્યા અને ગ્રંથનો મહિમા તથા વિષય નિરૂપિત છે.

મહાવીરાચાર્યે ત્રિભુજ અને ચતુર્ભુજ સંબંધી ગણિતનું વિશ્લેષણ વિશિષ્ટ રીતે કર્યું છે. આ વિશેષતા અન્યત્ર ક્યાંય નથી જોવા મળતી.[1]

ત્રિકોણમિતિ તથા રેખાગણિતના મૌલિક અને વ્યાવહારિક પ્રશ્નો પરથી જાણી શકાય છે કે મહાવીરાચાર્ય ગણિતમાં બ્રહ્મગુપ્ત અને ભાસ્કરાચાર્યની બરોબરીના છે. તથાપિ મહાવીરાચાર્ય તેમના કરતાં વધારે પૂર્ણ અને આગળ છે. વિસ્તારમાં પણ ભાસ્કરાચાર્યની લીલાવતી કરતાં તેમનો ગ્રંથ મોટો છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

મહાવીરાચાર્યે અંકસંબંધી સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ, ઘન અને ઘનમૂળ - આ આઠ પરિકર્મોનો ઉલ્લેખ કર્યો છે. તેમણે શૂન્ય અને કાલ્પનિક સંખ્યાઓનો પણ વિચાર કર્યો છે. ભિન્નોના ભાગ વિષયમાં મહાવીરાચાર્યની વિધિ વિશેષ ઉલ્લેખનીય છે.

લઘુતમ સમાપવર્ત્તકના વિષયમાં અનુસંધાન કરનારાઓમાં મહાવીરાચાર્ય પ્રથમ ગણિતજ્ઞ છે, જેમણે લાઘવાર્થ – નિરુદ્ધ લઘુતમ સમાપવર્ત્યની કલ્પના કરી. તેમણે 'નિરુદ્ધ'ની પરિભાષા કરતાં કહ્યું કે છેદોના મહત્તમ સમાપવર્ત્તક અને તેનો ભાગ આપવાથી પ્રાપ્ત લબ્ધિઓનું ગુણનફલ 'નિરુદ્ધ' કહેવાય છે. ભિન્નોનો સમચ્છેદ કરવા માટેનો નિયમ આ પ્રમાણે છે—નિરુદ્ધને હરથી ભાગતાં જે લબ્ધિ પ્રાપ્ત થાય તેનાથી હર અને અંશ બંનેને ગુણવાથી બધા ભિન્નોનો હર એક જેવો થઈ જશે.

મહાવીરાચાર્યે સમીકરણને વ્યાવહારિક પ્રશ્નો દ્વારા સમજાવ્યું છે. આ પ્રશ્નોને બે ભાગોમાં વિભાજિત કર્યા છે : એક તો એ પ્રશ્નો કે જેમાં અજ્ઞાત રાશિના વર્ગમૂળનું

---

૧. જુઓ, ડૉ. વિભૂતિભૂષણ-મેથેમેટિકલ સોસાયટી બુલેટિન નં. ૨૦માં 'ઑન મહાવીર્સ સોલ્યુશન ઑફ ટ્રાયેંગલ્સ એન્ડ ક્વાડ્રીલેટરલ' શીર્ષક લેખ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કથન હોય અને બીજા જેમાં અજ્ઞાત રાશિના વર્ગનો નિર્દેશ હોય છે.

'ગણિતસાર સંગ્રહ'માં ચોવીસ અંક સુધીની સંખ્યાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે જેનાં નામ આ પ્રમાણે છે : ૧. એક, ૨. દશ, ૩. શત, ૪. સહસ્ર, ૫. દશસહસ્ર, ૬. લક્ષ, ૭. દશલક્ષ, ૮. કોટિ, ૯. દશકોટિ, ૧૦. શતકોટિ, ૧૧. અર્બુદ, ૧૨. ન્યર્બુદ, ૧૩. ખર્વ, ૧૪. મહાખર્વ, ૧૫. પદ્મ, ૧૬. મહાપદ્મ, ૧૭. ક્ષોણી, ૧૮. મહાક્ષોણી, ૧૯. શંખ, ૨૦. મહાશંખ, ૨૧. ક્ષિતિ, ૨૨. મહાક્ષિતિ, ૨૩. ક્ષોભ, ૨૪ મહાક્ષોભ.

અંકો માટે શબ્દોનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે, જેમ કે – ૩ માટે રત્ન, ૬ માટે દ્રવ્ય, ૭ માટે તત્ત્વ, પન્નગ અને ભય, ૮ માટે કર્મ, તનુ, મદ અને ૯ માટે પદાર્થ ઇત્યાદિ. મહાવીરાચાર્ય બ્રહ્મગુપ્તકૃત 'બ્રાહ્મસ્ફૂટસિદ્ધાંત' ગ્રંથથી પરિચિત હતા. શ્રીધરની 'ત્રિશતિકા'નો પણ તેમણે ઉપયોગ કર્યો હતો એમ જણાય છે. તેઓ રાષ્ટ્રકૂટ વંશના શાસક અમોઘવર્ષ નૃપતુંગ (સન્ ૮૧૪ થી ૮૭૮)ના સમકાલીન હતા. તેમણે 'ગણિતસારસંગ્રહ'ની ઉત્થાનિકામાં તેની ખૂબ પ્રશંસા કરી છે.

આ કૃતિમાં જિનેશ્વરની પૂજા, ફલપૂજા, દીપપૂજા, ગંધપૂજા, ધૂપપૂજા ઇત્યાદિ વિષયક ઉદાહરણો અને બાર પ્રકારના તપ તથા બાર અંગો-દ્વાદશાંગીનો ઉલ્લેખ હોવાથી મહાવીરાચાર્ય નિઃસંદેહ જૈનાચાર્ય હતા એવો નિર્ણય કરી શકાય છે.[1]

**ગણિતસારસંગ્રહ-ટીકા :**

દક્ષિણ ભારતમાં મહાવીરાચાર્યરચિત. 'ગણિતસાર-સંગ્રહ' સર્વમાન્ય ગ્રંથ રહ્યો છે.

આ ગ્રંથ પર વરદરાજ અને અન્ય કોઈ વિદ્વાને સંસ્કૃતમાં ટીકાઓ લખી છે. ૧૧મી શતાબ્દીમાં પાવુલૂરિમલ્લે તેનો તેલુગુ ભાષામાં અનુવાદ કર્યો છે. વલ્લભ નામના વિદ્વાને કન્નડમાં તથા અન્ય કોઈ વિદ્વાને તેલુગુમાં વ્યાખ્યા કરી છે.

**ષટ્ત્રિંશિકા :**

મહાવીરાચાર્યે 'ષટ્ત્રિંશિકા' ગ્રંથની પણ રચના કરી છે. તેમાં તેમણે બીજગણિતની ચર્ચા કરી છે.

---

૧. આ ગ્રંથ મદ્રાસ સરકારની અનુમતિથી પ્રો. રંગાચાર્યે અંગ્રેજી ટિપ્પણોની સાથે સંપાદિત કરીને સન્ ૧૯૧૨માં પ્રકાશિત કર્યો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'રાજસ્થાનકે જૈન શાસ્ત્રભંડારોં કી ગ્રંથસૂચિ'માં જયપુરના ઠોલિઓના મંદિરના ભંડારમાં આ ગ્રંથની બે હસ્તિલિખિત પ્રતો, જેમાંની એક ૪૫ પત્રોની અને બીજી ૧૮ પત્રોની, હોવાનો ઉલ્લેખ છે.

**ગણિતસારકૌમુદી :**

જૈન ગૃહસ્થ વિદ્વાન ઠક્કર ફેરુએ 'ગણિતસારકૌમુદી' નામના ગ્રંથની રચના પદ્યમાં પ્રાકૃતભાષામાં કરી છે. જેમાં તેમણે તેમના અન્ય ગ્રંથોની જેમ પૂર્વવર્તી સાહિત્યકારોનાં નામોનો ઉલ્લેખ કર્યો નથી.

ઠક્કર ફેરુએ પોતાની આ રચનામાં ભાસ્કરાચાર્યની 'લીલાવતી'નો ઘણો ઉપયોગ કર્યો છે. બંને ગ્રંથોમાં ઘણે અંશે સામ્ય જોવા મળે છે. જેમ કે – પરિભાષા, શ્રેઢીવ્યવહાર, ક્ષેત્રવ્યવહાર, મિશ્રવ્યવહાર, ખાત્તવ્યવહાર, ચિતિવ્યવહાર, રાશિવ્યવહાર, છાયાવ્યવહાર — આ વિષયવિભાગ જેવો 'લીલાવતી'માં છે તેવો જ આમાં પણ છે. સ્પષ્ટ છે કે ઠક્કર ફેરુએ પોતાના 'ગણિતસારકૌમુદી' ગ્રંથની રચનામાં 'લીલાવતી'ને જ આદર્શ ગણ્યો છે. ક્યાંક-ક્યાંક તો 'લીલાવતી'નાં પદ્યો જ અનુવાદ કરીને મૂકી દીધા છે.

જે વિષયોનો ઉલ્લેખ 'લીલાવતી' નથી એવા દેશાધિકાર, વસ્ત્રાધિકાર, તાત્કાલિક ભૂમિકર, ધાન્યોત્પત્તિ આદિ ઇતિહાસ અને વિજ્ઞાનની દૃષ્ટિએ અતિ મૂલ્યવાન પ્રકરણો આમાં છે. તેનાથી ઠક્કર ફેરુની મૌલિક વિચારધારાનો પણ પરિચય મળે છે. આ પ્રકરણો નાના હોવા છતાં અતિ મહત્ત્વના છે. આ વિષયો પર તે સમયના અન્ય કોઈ વિદ્વાને પ્રકાશ પાડ્યો નથી. અલાઉદ્દીન અને કુતુબુદ્દીન બાદશાહોના સમયની સાંસ્કૃતિક અને સામાજિક સ્થિતિનું જ્ઞાન આમનાં જ સૂક્ષ્મતમ અધ્યયન પર નિર્ભર છે.

આ ગ્રંથના ક્ષેત્ર-વ્યવહાર-પ્રકરણમાં નામો સ્પષ્ટ કરવા માટે યંત્ર આપવામાં આવ્યાં છે. અન્ય વિષયોને પણ સુગમ બનાવવા માટે અનેક યંત્રોનું આલેખન કરવામાં આવ્યું છે. ઠક્કર ફેરુના યંત્રો ક્યાંક-ક્યાંક 'લીલાવતી'ના યંત્રો સાથે મેળ નથી ખાતા.

ઠક્કર ફેરુએ પોતાની ગ્રંથ રચનામાં મહાવીરાચાર્યના 'ગણિતસારસંગ્રહ'નો પણ ઉપયોગ કર્યો છે.

'ગણિતસારકૌમુદી'માં લોકભાષાના શબ્દોનો પણ છૂટથી પ્રયોગ કરવામાં આવ્યો છે, જે ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમાં યંગ-પ્રકરણમાં અંકસૂચક શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ઠક્કર ફેરુ ઠક્કુર ચંદ્રના પુત્ર હતા. તેઓ દિલ્હીની ટંકશાળના અધ્યક્ષપદે નિયુક્ત હતા. તેમણે આ ગ્રંથ વિ.સં. ૧૩૭૨ થી ૧૩૮૦ની વચ્ચે રચ્યો હશે. આ ગ્રંથ હજી સુધી પ્રકાશિત થયો નથી.

ઠક્કર ફેરુએ અન્ય કેટલાક ગ્રંથોની રચના કરી છે જે આ પ્રમાણે છે :

૧. વાસ્તુસાર, ૨. જ્યોતિસ્સાર, ૩. રત્નપરીક્ષા, ૪. દ્રવ્યપરીક્ષા (મુદ્રાશાસ્ત્ર), ૫. ભૂર્ગભપ્રકાશ, ૬. ધાતૂત્પત્તિ, ૭. યુગપ્રધાન ચૌપાઈ.

**પાટીગણિત :**

'પાટીગણિત'ના કર્તા પલ્લીવાલ અનંતપાલ જૈન ગૃહસ્થ હતા. તેમણે 'નેમિચરિત' નામક મહાકાવ્યની રચના કરી છે. અનંતપાલના ભાઈ ધનપાલે વિ.સં. ૧૨૬૧માં 'તિલકમંજરીકથાસાર'ની રચના કરી હતી.

આ 'પાટીગણિત'માં અંકગણિતવિષયક ચર્ચા જ હશે, એવું અનુમાન છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ગણિતસંગ્રહ :**

'ગણિતસંગ્રહ' નામના ગ્રંથના રચયિતા યલ્લાચાર્ય હતા. તેઓ જૈન હતા. યલ્લાચાર્ય પ્રાચીન લેખક છે, પરંતુ તેઓ ક્યારે થઈ ગયા એ કહેવું મુશ્કેલ છે.

**સિદ્ધ-ભૂ-પદ્ધતિ :**

'સિદ્ધ-ભૂ-પદ્ધતિ' ગ્રંથ કોણે ક્યારે રચ્યો, તે નિશ્ચિત નથી. તેના ટીકાકાર વીરસેન ૯મી શતાબ્દીમાં વિદ્યમાન હતા. તેનાથી સિદ્ધ-ભૂ-પદ્ધતિ તેના પહેલાં રચાઈ હતી તે નિશ્ચિત છે.

'ઉત્તરપુરાણ'ની પ્રશસ્તિમાં ગુણભદ્રે પોતાના દાદાગુરુ વીરસેનાચાર્ય વિષયમાં ઉલ્લેખ કર્યો છે કે 'સિદ્ધ-ભૂ-પદ્ધતિ'નું પ્રત્યેક પદ વિષમ હતું. તેના પર વીરસેનાચાર્યે ટીકા-નિર્માણ કરવાથી તે મુનિઓ માટે સમજવામાં સુગમ થઈ ગઈ.

તેમાં ક્ષેત્રગણિતનો વિષય હશે, તેવું અનુમાન છે.

**સિદ્ધ-ભૂ-પદ્ધતિ-ટીકા :**

'સિદ્ધ-ભૂ-પદ્ધતિ-ટીકા'ના કર્તા વીરસેનાચાર્ય છે. તેઓ આર્યનંદિના શિષ્ય, જિનસેનાચાર્ય પ્રથમના ગુરુ તથા 'ઉત્તરપુરાણ'ના રચયિતા ગુણભદ્રાચાર્યના પ્રગુરુ હતા. તેમનો જન્મ શક સં. ૬૬૦ (વિ.સં. ૭૯૫) અને સ્વર્ગવાસ શક સં. ૭૪૫ (વિ.સં. ૮૮૦)માં થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય વીરસેને 'ષટ્ખણ્ડાગમ' (કર્મપ્રાભૃત)ના પાંચ ખંડોની વ્યાખ્યા 'ધવલા' નામથી શક સં. ૭૩૮ (વિ.સં. ૮૭૩)માં કરી છે. આ વ્યાખ્યા પરથી પ્રતીત થાય છે કે વીરસેનાચાર્ય સારા ગણિતજ્ઞ હતા. તેમણે 'કસાયપાહુડ' પર 'જયધવલા' નામની ટીકાની રચના કરવાનો પ્રારંભ કર્યો હતો પરંતુ ૨૦૦૦૦ શ્લોક-પ્રમાણ ટીકા લખ્યા પછી તેમનો સ્વર્ગવાસ થઈ ગયો.

'સિદ્ધ-ભૂ-પદ્ધતિ' પર પણ તેમણે ટીકાની રચના કરી, જેનાથી આ ગ્રંથ સમજવો સરળ થઈ ગયો.

**ક્ષેત્રગણિત :**

'ક્ષેત્રગણિત'ના કર્તા નેમિચંદ્ર છે, તેવો ઉલ્લેખ 'જિનરત્નકોશ' પૃ. ૯૮માં છે.

**ઇષ્ટાંકપંચવિંશતિકા :**

લોકાગચ્છીય મુનિ તેજસિંહે 'ઇષ્ટાંકપંચવિંશતિકા' ગ્રંથ રચ્યો છે. તેમાં કુલ ૨૬ પદ્યો છે. આ ગ્રંથ ગણિતવિષયક છે.[1]

**ગણિતસૂત્ર :**

'ગણિતસૂત્ર'ના કર્તાનું નામ અજ્ઞાત છે, પરંતુ એટલું નિશ્ચિત છે કે આ ગ્રંથની રચના કોઈ દિગંબર જૈનાચાર્યે કરી છે.[2]

**ગણિતસાર-ટીકા :**

શ્રીધરકૃત 'ગણિતસાર' ગ્રંથ પર ઉપકેશગચ્છીય સિદ્ધસૂરિએ ટીકા રચી છે. તેનો ઉલ્લેખ શ્રી અગરચંદજી નાહટાએ પોતાના 'જૈનેતર ગ્રંથોં પર જૈન વિદ્વાનોં કી ટીકાએં' શીર્ષક લેખમાં કર્યો છે.

**ગણિતતિલક-વૃત્તિ :**

શ્રીપતિકૃત 'ગણિતતિલક' પર આચાર્ય વિબુધચંદ્રના શિષ્ય સિંહતિલકસૂરિએ

---

૧. તેની ૩ પત્રોની પ્રત અમદાવાદના લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે.

૨. તેની હસ્તલિખિત પ્રત આરાના જૈન સિદ્ધાંત ભવનમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લગભગ વિ.સં. ૧૩૩૦માં ટીકાની રચના કરી છે.[1] તેમાં તેમણે 'લીલાવતી' અને 'ત્રિંશતિકા'નો ઉપયોગ કર્યો છે.

સિંહતિલકસૂરિના ઉપલબ્ધ ગ્રંથો આ પ્રમાણે છે :

૧. મંત્રરાજરહસ્ય (સૂરિમંત્રસંબંધી), ૨. વર્ધમાનવિદ્યાકલ્પ, ૩. ભુવનદીપકવૃત્તિ (જ્યોતિષ), ૪. પરમેષ્ઠિવિદ્યાયંત્ર સ્તોત્ર, ૫. લઘુનમસ્કારચક્ર, ૬. ઋષિમંડલયંત્રસ્તોત્ર.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. આ ટીકા પ્રો. હીરાલાલ ર. કાપડીયા દ્વારા સંપાદિત થઈને ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ, વડોદરાથી સન્ ૧૯૩૭માં પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નવમું પ્રકરણ

# જ્યોતિષ

જ્યોતિષ-વિષયક જૈન આગમ-ગ્રંથોમાં નિમ્નલિખિત અંગબાહ્ય સૂત્રોનો સમાવેશ થાય છે :

૧. સૂર્યપ્રજ્ઞપ્તિ,[1] ૨. ચંદ્રપ્રજ્ઞપ્તિ,[2] ૩. જ્યોતિષ્કરણ્ડક,[3] ૪. ગણિવિદ્યા.[4]

**જ્યોતિસ્સાર :**

ઠક્કર ફેરુએ 'જ્યોતિસ્સાર' નામક ગ્રંથ[5]ની પ્રાકૃતમાં રચના કરી છે. તેમણે આ ગ્રંથમાં લખ્યું છે કે હરિભદ્ર, નરચંદ્ર, પદ્મપ્રભસૂરિ, જઉણ, વરાહ, લલ્લ, પરાશર, ગર્ગ આદિ ગ્રંથકારોના ગ્રંથોનું અવલોકન કરીને આની રચના (વિ.સં. ૧૩૭૨-૭૫ની આસપાસ) કરી છે.

ચાર દ્વારોમાં વિભક્ત આ ગ્રંથમાં કુલ મળીને ૨૩૮ ગાથાઓ છે. દિનશુદ્ધિ નામક દ્વારમાં ૪૨ ગાથાઓ છે, જેમાં વાર, તિથિ અને નક્ષત્રોમાં સિદ્ધિયોગનું પ્રતિપાદન છે. વ્યવહારદ્વારમાં ૬૦ ગાથાઓ છે, જેમાં ગ્રહોની રાશિ, સ્થિતિ, ઉદય, અસ્ત અને વક્ર દિનની સંખ્યાનું વર્ણન છે. ગણિતદ્વારમાં ૩૮ ગાથાઓ છે અને લગ્નદ્વારમાં ૯૮ ગાથાઓ છે. તેમના અન્ય ગ્રંથો વિશે અન્યત્ર લખવામાં આવ્યું છે.

---

૧. સૂર્યપ્રજ્ઞપ્તિના પરિચય માટે જુઓ – આ ઇતિહાસનો ભાગ ૨, પૃ. ૮૫-૯૦.

૨. ચન્દ્રપ્રજ્ઞપ્તિના પરિચય માટે જુઓ – એજન, પૃ. ૯૦.

૩. જ્યોતિષ્કરણ્ડકના પરિચય માટે જુઓ – ભાગ ૩, પૃ. ૩૯૩-૯૪. આ પ્રકીર્ણકના પ્રણેતા પાદલિપ્તાચાર્ય હોવાનો સંભવ છે.

૪. ગણિવિદ્યાના પરિચય માટે જુઓ – ભાગ ૨, પૃ. ૨૯૦. આ બધા ગ્રંથોની વ્યાખ્યાઓ માટે આ જ ઇતિહાસનો તૃતીય ભાગ જોવો જોઈએ.

૫. આ 'રત્નપરીક્ષાદિસપ્તગ્રન્થસંગ્રહ'માં રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુરથી પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવાહપડલ (વિવાહપટલ) :**

'વિવાહપડલ'ના કર્તા-અજ્ઞાત છે. આ પ્રાકૃતમાં રચાયેલ એક જ્યોતિષ-વિષયક ગ્રંથ છે, જે વિવાહના સમયે કામમાં આવે છે. તેનો ઉલ્લેખ 'નિશીથવિશેષચૂર્ણિ'માં મળે છે.

**લગ્ગસુદ્ધિ (લગ્નશુદ્ધિ) :**

'લગ્ગસુદ્ધિ' નામક ગ્રંથના કર્તા યાકિની-મહત્તરાસૂનુ હરિભદ્રસૂરિ હોવાનું માનવામાં આવે છે. પરંતુ તે સંદિગ્ધ જણાય છે. આ 'લગ્નકુણ્ડલિકા' નામે પ્રસિદ્ધ છે. પ્રાકૃતની કુલ ૧૩૩ ગાથાઓમાં ગોચરશુદ્ધિ, પ્રતિદ્વારદશક, માસ-વાર-તિથિ-નક્ષત્ર-યોગશુદ્ધિ, સુગણદિન, રજછન્નદ્વાર, સંક્રાંતિ, કર્કયોગ, વાર-નક્ષત્ર-અશુભ-યોગ, સુગણાર્ક્ષદ્વાર, હોરા, નવાંશ, દ્વાદશાંશ, ષડ્વર્ગશુદ્ધિ, ઉદયાસ્તશુદ્ધિ ઇત્યાદિ વિષયો પર ચર્ચા કરવામાં આવી છે.[1]

**દિણસુદ્ધિ (દિનશુદ્ધિ) :**

પંદરમી સદીમાં વિદ્યમાન રત્નશેખરસૂરિએ 'દિનશુદ્ધિ' નામક ગ્રંથની પ્રાકૃતમાં રચના કરી છે. તેમાં ૧૪૪ ગાથાઓ છે, જેમાં રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિનું વર્ણન કરીને તિથિ, લગ્ન, પ્રહર, દિશા અને નક્ષત્રની શુદ્ધિ દર્શાવવામાં આવી છે.[2]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**કાલસંહિતા :**

'કાલસંહિતા'નામની કૃતિ આચાર્ય કાલકે રચી છે, એવો ઉલ્લેખ મળે છે. વરાહમિહિરકૃત 'બૃહજ્જાતક' (૧૬.૧)ની ઉત્પલકૃત ટીકામાં બંકાલકાચાર્યકૃત 'બંકાલકસંહિતા'માંથી બે પ્રાકૃત પદ્યો ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. 'બંકાલકસંહિતા' નામ અશુદ્ધ પ્રતીત થાય છે. તે 'કાલકસંહિતા' હોવું જોઈએ. એવું અનુમાન કરી શકાય. આ ગ્રંથ અનુપલબ્ધ છે.

કાલકસૂરિએ કોઈ નિમિત્તગ્રંથનું નિર્માણ કર્યું હતું, તે નીચેના ઉલ્લેખ પરથી જાણી શકાય છે :

---

૧. આ ગ્રંથ ઉપાધ્યાય ક્ષમાવિજયજી દ્વારા સંપાદિત થઈને શાહ મૂલચંદ બુલાખીદાસ દ્વારા સન્ ૧૯૩૮માં મુંબઈથી પ્રકાશિત થયો છે.

૨. આ ગ્રંથ ઉપાધ્યાય ક્ષમાવિજયજી દ્વારા સંપાદિત થઈને શાહ મૂલચંદ બુલાખીદાસ દ્વારા સન્ ૧૯૩૮માં મુંબઈથી પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पढमाणुओगे कासी जिणचक्किदसारचरियपुव्वभवे ।
कालगसूरी बहुयं लोगाणुओगे निमित्तं च ॥

**ગણહરહોરા (ગણધરહોરા) :**

'ગણહરહોરા' નામક આ કૃતિ કોઈ અજ્ઞાતનામા વિદ્વાને રચી છે. તેમાં ૨૯ ગાથાઓ છે. મંગલાચરણમાં 'नमिऊण इंदभूइं' ઉલ્લેખ હોવાથી આ કોઈ જૈનાચાર્યની રચના પ્રતીત થાય છે. તેમાં જ્યોતિષ-વિષયક હોરાસંબંધી વિચારો છે. તેની ૩ પત્રોની એક પ્રત પાટણના જૈન ભંડારમાં છે.

**પ્રશ્નપદ્ધતિ :**

'પ્રશ્નપદ્ધતિ' નામક જ્યોતિષવિષયક ગ્રંથની હરિશ્ચન્દ્રગણિએ સંસ્કૃતમાં રચના કરી છે. કર્તાએ નિર્દેશ કર્યો છે કે ગીતાર્થચૂડામણિ આચાર્ય અભયદેવસૂરિના મુખેથી પ્રશ્નોને અવધારણ કરીને તેમની કૃપાથી આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ કર્તાએ પોતાના હાથે પાટણના અન્નપાટકમાં ચાતુર્માસની અવસ્થિતિના સમયે લખ્યો છે.

**જોઈસદાર (જ્યોતિર્દ્વાર) :**

'જોઈસદાર' નામક પ્રાકૃત ભાષાની ૨ પત્રોની એક કૃતિ પાટણના જૈન ભંડારમાં છે. તેના કર્તાનું નામ અજ્ઞાત છે. તેમાં રાશિ અને નક્ષત્રો વડે શુભાશુભ ફળોનું વર્ણન કરવામાં આવ્યું છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**જોઈસચક્કવિયાર (જ્યોતિષ્ચક્રવિચાર) :**

જૈન ગ્રંથાવલી (પૃ. ૩૪૭)માં 'જોઈસચક્કવિયાર' નામક પ્રાકૃતભાષાની કૃતિનો ઉલ્લેખ છે. આ ગ્રંથનું પરિમાણ ૧૫૫ ગ્રંથાગ્ર છે. તેના કર્તાનું નામ વિનયકુશલ મુનિ નિર્દિષ્ટ છે.

**ભુવનદીપક :**

'ભુવનદીપક'નું બીજું નામ 'ગ્રહભાવપ્રકાશ' છે.[1] તેના કર્તા આચાર્ય પદ્મપ્રભસૂરિ[2] છે. તેઓ નાગપુરીય તપાગચ્છના સંસ્થાપક છે. તેમણે વિ.સં. ૧૨૨૧માં 'ભુવનદીપક'ની રચના કરી હતી.

---

૧. ग्रहभावप्रकाशाख्यं शास्त्रमेतत् प्रकाशितम् ।
जगद्भावप्रकाशाय श्रीपद्मप्रभसूरिभिः ॥

૨. આચાર્ય પદ્મપ્રભસૂરિએ 'મુનિસુવ્રતચરિત'ની રચના કરી છે, જેની વિ.સં. ૧૩૦૪માં લખાયેલ પ્રતિ જેસલમેર-ભંડારમાં વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથ નાનો હોવા છતાં પણ મહત્ત્વપૂર્ણ છે. તેમાં ૩૬ દ્વાર (પ્રકરણ) છે : ૧. ગ્રહોના અધિપતિ, ૨. ગ્રહોની ઉચ્ચ-નીચ સ્થિતિ, ૩. પરસ્પરમિત્રતા. ૪. રાહુવિચાર, ૫. કેતુવિચાર, ૬. ગ્રહચક્રોનું સ્વરૂપ, ૭. બારભાવ, ૮. અભીષ્ટ કાલ નિર્ણય, ૯. લગ્નવિચાર, ૧૦. વિનષ્ટ ગ્રહ, ૧૧. ચાર પ્રકારના રાજયોગ, ૧૨. લાભવિચાર, ૧૩. લાભફળ, ૧૪. ગર્ભની ક્ષેમકુશળતા, ૧૫ સ્ત્રીગર્ભ-પ્રસૂતિ, ૧૬. બે સંતાનોનો યોગ, ૧૭. ગર્ભના મહીના, ૧૮. ભાર્યા, ૧૯. વિષકન્યા, ૨૦. ભાવોના ગ્રહ, ૨૧. વિવાહવિચારણા, ૨૨. વિવાદ, ૨૩. મિશ્રપદ-નિર્ણય, ૨૪. પૃચ્છા-નિર્ણય, ૨૫. પ્રવાસીનું ગમનાગમન, ૨૬. મૃત્યુયોગ, ૨૭. દુર્ગભંગ, ૨૮. ચૌર્યસ્થાન, ૨૯. અર્ઘજ્ઞાન, ૩૦. મરણ, ૩૧. લાભોદય, ૩૨. લગ્નનું માસફળ, ૩૩. દ્રેક્કાણફળ, ૩૪. દોષજ્ઞાન, ૩૫. રાજાઓની દિનચર્યા, ૩૬. આ ગર્ભમાં શું હશે ? આ પ્રમાણે કુલ ૧૭૦ શ્લોકોમાં જ્યોતિષવિષયક અનેક વિષયો પર વિચાર કરવામાં આવ્યો છે.

**૧. ભુવનદીપક-વૃત્તિ :**

'ભુવનદીપક' પર આચાર્ય સિંહતિલકસૂરિએ વિ.સં. ૧૩૨૬માં ૧૭૦૦ શ્લોક-પ્રમાણ વૃત્તિની રચના કરી છે. સિંહતિલકસૂરિ જ્યોતિષ શાસ્ત્રના મર્મજ્ઞ વિદ્વાન હતા. તેમણે શ્રીપતિના 'ગણિતતિલક' પર પણ એક મહત્ત્વપૂર્ણ ટીકા લખી છે.

સિંહતિલકસૂરિ વિબુધચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે વર્ધમાનવિદ્યાકલ્પ, મંત્રરાજયરહસ્ય આદિ ગ્રંથોની રચના કરી છે.

**૨. ભુવનદીપક-વૃત્તિ :**

મુનિ હેમતિલકે 'ભુવનદીપક' પર એક વૃત્તિ રચી છે. સમય અજ્ઞાત છે.

**૩. ભુવનદીપક-વૃત્તિ :**

દૈવજ્ઞ શિરોમણિએ 'ભુવનદીપક' પર એક વિવરણાત્મક વૃત્તિની રચના કરી છે. સમય જ્ઞાત નથી. આ ટીકાકાર જૈનેતર છે.

**૪. ભુવનદીપક-વૃત્તિ :**

કોઈ અજ્ઞાતનામા જૈન મુનિએ 'ભુવનદીપક' પર એક વૃત્તિ રચી છે. સમય પણ અજ્ઞાત છે.

**ઋષિપુત્રની કૃતિ :**

ગર્ગાચાર્યના પુત્ર અને શિષ્યે નિમિત્તશાસ્ત્રસંબંધી કોઈ ગ્રંથનું નિર્માણ કર્યું છે. ગ્રંથ પ્રાપ્ય નથી. કેટલાક વિદ્વાનોના મતે તેમનો સમય દેવલની પછી અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વરાહમિહિરની પહેલાં ક્યાંક છે. ભટ્ટોત્પલી ટીકામાં ઋષિપુત્રના સંબંધમાં ઉલ્લેખ છે. તેનાથી તેઓ શક સં. ૮૮૮ (વિ. સં. ૧૦૨૩) પૂર્વે થઈ ગયા તે નિર્વિવાદ છે.

**આરંભસિદ્ધિ :**

નાગેન્દ્રગચ્છીય આચાર્ય વિજયસેનસૂરિના શિષ્ય ઉદયપ્રભસૂરિએ 'આરંભસિદ્ધિ' (પંચવિમર્શ) ગ્રંથની રચના (વિ.સં. ૧૨૮૦) સંસ્કૃતમાં ૪૧૩ પદ્યોમાં કરી છે.[1]

આ ગ્રંથમાં પાંચ વિમર્શ અને ૧૧ દ્વારોમાં આ પ્રમાણેના વિષયો છે : ૧. તિથિ, ૨. વાર, ૩. નક્ષત્ર, ૪. સિદ્ધિ આદિ યોગ, ૫. રાશિ, ૬. ગોચર, ૭. (વિદ્યારંભ આદિ) કાર્ય, ૮. ગમન-યાત્રા, ૯. (ગૃહ આદિનું) વાસ્તુ, ૧૦. વિલગ્ન અને ૧૧. મિશ્ર.

તેમાં પ્રત્યેક કાર્યના શુભ-અશુભ મુહૂર્ત્તોનું વર્ણન છે. મુહૂર્ત્ત માટે 'મુહૂર્ત્તચિંતામણિ' ગ્રંથની જેમ જ આ ગ્રંથ ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ છે. ગ્રંથનું અધ્યયન કરવાથી કર્તાનું ગણિત વિષયક જ્ઞાન પણ જાણી શકાય છે.

આ ગ્રંથના કર્તા આચાર્ય ઉદયપ્રભસૂરિ મલ્લિષેણસૂરિ અને જિનભદ્રસૂરિના ગુરુ હતા. ઉદયપ્રભસૂરિએ ધર્માભ્યુદયમહાકાવ્ય, નેમિનાથચરિત્ર, સુકૃતકીર્તિ-કલ્લોલિનીકાવ્ય તેમ જ વિ.સં. ૧૨૯૯માં 'ઉવએસમાલા' પર 'કર્ણિકા' નામના ટીકાગ્રંથની રચના કરી છે. 'છાસીઈ' અને 'કમ્મત્થય' પર ટિપ્પણ આદિ ગ્રંથ રચ્યા છે. ગિરનારના વિ.સં. ૧૨૮૮ના શિલાલેખોમાંથી એક શિલાલેખની રચના તેમણે કરી છે.

**આરંભસિદ્ધિ-વૃત્તિ :**

આચાર્ય રત્નશેખરસૂરિના શિષ્ય હેમહંસગણિએ વિ.સં. ૧૫૧૪માં 'આરંભસિદ્ધિ' પર 'સુધીશ્રૃંગાર' નામથી વાર્તિક રચ્યું છે. ટીકાકારે મુહૂર્ત્ત સંબંધી સાહિત્યનું સુંદર સંકલન કર્યું છે. ટીકામાં વચ્ચે-વચ્ચે ગ્રહગણિત-વિષયક પ્રાકૃત ગાથાઓ ઉદ્ધૃત કરી છે તેનાથી જાણી શકાય છે કે પ્રાકૃતમાં ગ્રહગણિતનો કોઈ ગ્રંથ હતો. તેના નામનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

---

૧. આ હેમહંસકૃત વૃત્તિસહિત જૈન શાસન પ્રેસ, ભાવનગરથી પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મણ્ડલપ્રકરણ :**

આચાર્ય વિજયસેનસૂરિના શિષ્ય મુનિ વિનયકુશલે પ્રાકૃત ભાષામાં ૯૯ ગાથાઓમાં 'મણ્ડલપ્રકરણ' નામક ગ્રંથની રચના વિ.સં. ૧૬૫૨માં કરી છે.

ગ્રંથકારે સ્વયં નિર્દેશ કર્યો છે કે આચાર્ય મુનિચંદ્રસૂરિએ 'મણ્ડલકુલક' રચ્યું છે, તેને આધારભૂત માનીને 'જીવાજીવાભિગમ'ની કેટલીક ગાથાઓ લઈને આ પ્રકરણની રચના કરવામાં આવી છે. આ કોઈ નવીન રચના નથી.

જ્યોતિષના ખગોળ-વિષયક વિચારો આમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ગ્રંથ પ્રકાશિત નથી.

**મણ્ડલપ્રકરણ-ટીકા :**

'મણ્ડલપ્રકરણ' પર મૂળ પ્રાકૃત ગ્રંથના રચયિતા વિનયકુશલે જ સ્વોપજ્ઞ ટીકા લગભગ વિ.સં. ૧૬૫૨માં લખી છે, જે ૧૨૩૧ ગ્રંથાગ્ર-પ્રમાણ છે. આ ટીકા નથી છપાઈ.[1]

**ભદ્રબાહુસંહિતા :**

આજે સંસ્કૃતમાં જે 'ભદ્રબાહુસંહિતા' નામનો ગ્રંથ મળે છે તે તો આચાર્ય ભદ્રબાહુ દ્વારા પ્રાકૃતમાં રચાયેલ ગ્રંથના ઉદ્ધારના રૂપમાં મળે છે, તેવું વિદ્વાનોનું મંતવ્ય છે. વસ્તુતઃ ભદ્રબાહુરચિત ગ્રંથ પ્રાકૃતમાં હતો જેનું ઉદ્ધરણ ઉપાધ્યાય મેઘવિજયજી દ્વારા રચિત 'વર્ષ-પ્રબોધ' ગ્રંથ (પૃ. ૪૨૬-૨૭)માં મળે છે. આ ગ્રંથ પ્રાપ્ત થતો ન હોવાથી તેના વિષયમાં કશું કહી શકાય નહીં.

આ નામનો સંસ્કૃતમાં રચાયેલો જે ગ્રંથ પ્રકાશમાં આવ્યો છે[2] તેમાં ૨૭ પ્રકરણો આ પ્રમાણે છે : ૧. ગ્રંથાંગસંચય, ૨-૩ ઉલ્કાલક્ષણ. ૪. પરિવેષવર્ણન, ૫. વિદ્યુલ્લક્ષણ, ૬. અભ્રલક્ષણ, ૭. સંધ્યાલક્ષણ, ૮. મેઘકાંડ, ૯. વાતલક્ષણ, ૧૦. સકલમારસમુચ્ચયવર્ષણ, ૧૧. ગંધર્વનગર, ૧૨. ગર્ભવાતલક્ષણ, ૧૩. રાજયાત્રાધ્યાય ૧૪. સકલશુભાશુભવ્યાખ્યાનવિધાનકથન, ૧૫. ભગવત્ત્રિલોકપતિદૈત્યગુરુ, ૧૬. શનૈશ્ચરચાર, ૧૭. બૃહસ્પતિચાર, ૧૮. બુધચાર, ૧૯. અંગારકચાર, ૨૦-૨૧. રાહુચાર, ૨૨. આદિત્યચાર, ૨૩. ચંદ્રચાર, ૨૪. ગ્રહયુદ્ધ, ૨૫. સંગ્રહયોગાર્ઘકાણ્ડ, ૨૬. સ્વપ્નાધ્યાય, ૨૭. વસ્ત્રવ્યવહારનિમિત્તક, પરિશિષ્ટાધ્યાય-વસ્ત્રવિચ્છેદનાધ્યાય.

---

૧. આની પ્રતિ લા. દ. ભા. સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં છે.

૨. હિન્દીભાષાનુવાદસહિત—ભારતીય જ્ઞાનપીઠ, કાશી, સન્ ૧૯૫૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાક વિદ્વાનો આ ગ્રંથને ભદ્રબાહુનો નહીં, પરંતુ તેમના નામે અન્ય દ્વારા રચાયેલો માને છે. મુનિ શ્રી જિનવિજયજી તેને બારમી-તેરમી શતાબ્દીની રચના માને છે. જ્યારે પં.શ્રી કલ્યાણવિજયજી આ ગ્રંથને પંદરમી શતાબ્દી પછીનો માને છે. આ માન્યતાનું કારણ જણાવતાં તેઓ કહે છે કે આની ભાષા બિલકુલ સરળ અને ઉતરતી કોટિની સંસ્કૃત છે. રચનામાં અનેક પ્રકારની વિષયસંબંધી તથા છન્દોવિષયક અશુદ્ધિઓ છે. આના નિર્માતા પ્રથમ પંક્તિના વિદ્વાન ન હતા. 'સોરઠ' જેવા શબ્દપ્રયોગો પરથી પણ આના લેખક પંદરમી-સોળમી સદીના હોવાનું જ્ઞાત થાય છે. આના સંપાદક પં. નેમિચંદ્રજી તેને અનુમાને આઠમી શતાબ્દીની કૃતિ જણાવે છે. તેમનું આ અનુમાન નિરાધાર છે.

પં. જુગલકિશોરજી મુખ્તારે આને સત્તરમી સદીના એક ભટ્ટારકના સમયની કૃતિ ગણાવી છે, જે યોગ્ય જણાય છે.[૧]

**જ્યોતિસ્સાર :**

આચાર્ય નરચંદ્રસૂરિએ 'જ્યોતિસ્સાર' (નારચંદ્ર-જ્યોતિષ) નામક ગ્રંથની રચના વિ.સં. ૧૨૮૦માં ૨૫૭ પદ્યોમાં કરી છે. તેઓ મલધારી ગચ્છના આચાર્ય દેવપ્રભસૂરિના શિષ્ય હતા.

આ ગ્રંથમાં કર્તાએ નિમ્નોક્ત ૪૮ વિષયો પર પ્રકાશ પાડ્યો છે. : ૧. તિથિ, ૨. વાર, ૩. નક્ષત્ર, ૪. યોગ, ૫. રાશિ, ૬. ચંદ્ર, ૭. તારકાબલ, ૮. ભદ્રા, ૯. કુલિક, ૧૦. ઉપકુલિક, ૧૧. કણ્ટક, ૧૨. અર્ધપ્રહર, ૧૩. કાલવેલા, ૧૪ સ્થવિર, ૧૫-૧૬. શુભ-અશુભ, ૧૭-૧૯. રવ્યુપકુમાર, ૨૦. રાજાદિયોગ, ૨૧, ગણ્ડાન્ત, ૨૨. પંચક, ૨૩. ચંદ્રાવસ્થા, ૨૪. ત્રિપુષ્કર, ૨૫. યમલ, ૨૬. કરણ, ૨૭. પ્રસ્થાનક્રમ, ૨૮. દિશા, ૨૯. નક્ષત્રશૂલ, ૩૦. કીલ, ૩૧. યોગિની, ૩૨. રાહુ, ૩૩.હંસ, ૩૪. રવિ, ૩૫. પાશ, ૩૬. કાલ, ૩૭. વત્સ, ૩૮. શુક્રગતિ, ૩૯. ગમન, ૪૦. સ્થાનનામ, ૪૧. વિદ્યા, ૪૨. ક્ષૌર, ૪૩. અંબર, ૪૪. પાત્ર, ૪૫. નષ્ટ, ૪૬. રોગવિગમ, ૪૭. પૈત્રિક, ૪૮. ગેહારમ્ભ.[૨]

નરચંદ્રસૂરિએ ચતુર્વિંશતિજિનસ્તોત્ર, પ્રાકૃતદીપિકા, અનર્ઘરાઘવ-ટિપ્પણ, ન્યાયકંદલી-ટિપ્પણ અને વસ્તુપાલ-પ્રશસ્તિરૂપ (વિ.સં. ૧૨૮૮નો ગિરનારના જિનાલયનો) શિલાલેખ વગેરે રચ્યા છે. તેમણે પોતાના ગુરુ આચાર્ય દેવપ્રભસૂરિ-રચિત

૧. જુઓ–'નિબન્ધનિચય' પૃ. ૨૯૭.

૨. આ કૃતિ પં. ક્ષમાવિજયજી દ્વારા સંપાદિત થઈને સન્ ૧૯૩૮માં પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંડવચરિત્ર અને આચાર્ય ઉદયપ્રભસૂરિ-રચિત 'ધર્માભ્યુદયકાવ્ય'નું સંશોધન કર્યું હતું.

આચાર્ય નરચંદ્રસૂરિના આદેશથી મુનિ ગુણવલ્લભે વિ.સં. ૧૨૭૧માં 'વ્યાકરણચતુષ્કાવચૂરિ'ની રચના કરી.

**જ્યોતિસ્સાર-ટિપ્પણ :**

આચાર્ય નરચંદ્રસૂરિ-રચિત 'જ્યોતિસ્સાર' ગ્રંથ પર સાગરચંદ્ર મુનિએ ૧૩૩૫ શ્લોક-પ્રમાણ ટિપ્પણની રચના કરી છે. તેમાં ખાસ કરીને 'જ્યોતિસ્સાર'માં દર્શાવવામાં આવેલા યંત્રોનો ઉદ્ધાર અને તેના પર વિવેચન કર્યું છે.

મંગલાચરણમાં કહેવામાં આવ્યું છે કે :

**सरस्वतीं नमस्कृत्य यन्त्रकोद्धारटिप्पणम् ।**
**करिष्ये नारचन्द्रस्य मुग्धानां बोधहेतवे ॥**

આ ટિપ્પણ પણ હજી સુધી પ્રકાશિત થયેલ નથી.

**જન્મસમુદ્ર :**

'જન્મસમુદ્ર' ગ્રંથના કર્તા નરચંદ્ર ઉપાધ્યાય છે, જે કાસહૃદ્ગચ્છના ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય સિંહસૂરિના શિષ્ય હતા. તેમણે વિ.સં. ૧૩૨૩માં આ ગ્રંથની રચના કરી. આચાર્ય દેવાનંદસૂરિને પોતાના વિદ્યાગુરુ રૂપે સ્વીકાર કરતાં નિમ્ન શબ્દોમાં કૃતજ્ઞતાભાવ પ્રદર્શિત કર્યો છે :

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**देवानन्दमुनीश्वरपदपङ्कजसेवकषट्चरणः ।**
**ज्योतिःशास्त्रमकार्षीद् नरचन्द्राख्यो मुनिप्रवरः ॥**

આ જ્યોતિષ-વિષયક ઉપયોગી લાક્ષણિક ગ્રંથ છે, જે નીચે દર્શાવેલ આઠ કલ્લોલોમાં વિભક્ત છે : ૧. ગર્ભસંભવાદિલક્ષણ (પદ્ય ૩૧), ૨. જન્મપ્રત્યયલક્ષણ (પદ્ય ૨૯), ૩. રિષ્ટયોગતદ્ભંગલક્ષણ (પદ્ય ૧૦), ૪. નિર્વાણલક્ષણ (પદ્ય ૨૦), ૫. દ્રવ્યોપાર્જનરાજયોગલક્ષણ (પદ્ય ૨૬), ૬. બાલસ્વરૂપલક્ષણ (પદ્ય ૨૦), ૭. સ્ત્રીજાતકસ્વરૂપલક્ષણ (પદ્ય ૧૮), ૮. નાભસાદિયોગદીક્ષાવસ્થાયુર્યોગલક્ષણ (પદ્ય ૨૩).

આમાં લગ્ન અને ચંદ્રના સમસ્ત ફળનો વિચાર કરવામાં આવ્યો છે. જાતકનો આ અત્યંત ઉપયોગી ગ્રંથ છે.[1]

---

૧. આ કૃતિ હાલમાં છપાયેલ નથી. આની ૭ પત્રોની હસ્તલિખિત પ્રતિ લા. દ. ભા. સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં છે. આ પ્રતિ ૧૬મી શતાબ્દીમાં લખાયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બેડાજાતકવૃત્તિ :**

'જન્મસમુદ્ર' પર નરચંદ્ર ઉપાધ્યાયે 'બેડાજાતક' નામક સ્વોપજ્ઞ-વૃત્તિની રચના વિ.સં. ૧૩૨૪ની માઘ-શુક્લા અષ્ટમી (રવિવાર)ના દિવસે કરી છે. આ વૃત્તિ ૧૦૫૦ શ્લોક-પ્રમાણ છે. આ ગ્રંથ હજી સુધી છપાયો નથી.

નરચંદ્ર ઉપાધ્યાયે પ્રશ્નશતક, જ્ઞાન-ચતુર્વિંશિકા, લગ્નવિચાર, જ્યોતિષપ્રકાશ, જ્ઞાનદીપિકા આદિ જ્યોતિષ-વિષયક અનેક ગ્રંથો રચ્યા છે.

**પ્રશ્નશતક :**

કાસહૃદ્ગચ્છીય નરચંદ્ર ઉપાધ્યાયે 'પ્રશ્નશતક' નામનો જ્યોતિષ-વિષયક ગ્રંથ વિ.સં.૧૩૨૪માં રચ્યો છે. તેમાં લગભગ સો પ્રશ્નોનું સમાધાન કર્યું છે. આ ગ્રંથ છપાયો નથી.

**પ્રશ્નશતક-અવચૂરિ :**

નરચંદ્ર ઉપાધ્યાયે પોતાના 'પ્રશ્નશતક' ગ્રંથ પર વિ.સં. ૧૩૨૪માં સ્વોપજ્ઞ અવચૂરિની રચના કરી છે. આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.

**જ્ઞાનચતુર્વિંશિકા :**

કાસહૃદ્ગચ્છીય ઉપાધ્યાય નરચંદ્રે 'જ્ઞાનચતુર્વિંશિકા' નામના ગ્રંથની ૨૪ પદ્યોમાં રચના લગભગ વિ. સં. ૧૩૨૫માં કરી છે. તેમાં લગ્નાનયન, હોરાદ્યાનયન, પ્રશ્નાક્ષરાલ્લગ્નાયન, સર્વલગ્નગ્રહબલ, પ્રશ્નયોગ, પતિતાદિજ્ઞાન, પુત્ર-પુત્રી જ્ઞાન, દોષજ્ઞાન, જયપૃચ્છા, રોગપૃચ્છા આદિ વિષયોનું વર્ણન છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.[1]

**જ્ઞાનચતુર્વિંશિકા-અવચૂરિ :**

'જ્ઞાનચતુર્વિંશિકા' પર ઉપાધ્યાય નરચંદ્રે લગભગ વિ.સં. ૧૩૨૫માં સ્વોપજ્ઞ અવચૂરિની રચના કરી છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.

**જ્ઞાનદીપિકા :**

કાસહૃદ્ગચ્છીય ઉપાધ્યાય નરચંદ્રે 'જ્ઞાનદીપિકા' નામના ગ્રંથની રચના લગભગ વિ.સં. ૧૩૨૪માં કરી છે.

---

૧. આની એક પ્રતિ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં છે. તે વિ. સં. ૧૭૦૮માં લખાયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લગ્નવિચાર :**

કાસહૃદ્‌ગચ્છીય ઉપાધ્યાય નરચંદ્રે 'લગ્નવિચાર' નામના ગ્રંથની રચના લગભગ વિ.સં. ૧૩૨૫માં કરી છે.

**જ્યોતિષપ્રકાશ :**

કાસહૃદ્‌ગચ્છીય નરચંદ્રમુનિએ 'જ્યોતિષપ્રકાશ' નામના ગ્રંથની રચના લગભગ વિ.સં. ૧૩૨૫માં કરી છે. ફલિત જ્યોતિષ્‌ના મુહૂર્ત અને સંહિતાનો આ સુંદર ગ્રંથ છે. તેના બીજા ભાગમાં જન્મકુંડળીના ફળનો અત્યન્ત સરળતાપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે. ફલિત-જ્યોતિષ્‌નું જરૂરી એવું જ્ઞાન આ ગ્રંથ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.

**ચતુર્વિંશિકોદ્ધાર :**

કાસહૃદ્‌ગચ્છીય નરચંદ્ર ઉપાધ્યાયે 'ચતુર્વિંશિકોદ્ધાર' નામના જ્યોતિષગ્રંથની રચના લગભગ વિ.સં. ૧૩૨૫માં કરી છે. પ્રથમ શ્લોકમાં જ કર્તાએ ગ્રંથનો ઉદ્દેશ્ય આ પ્રમાણે જણાવ્યો છે :

**श्रीवीराय जिनेशाय नत्वाऽतिशयशालिने ।**
**प्रश्नलग्नप्रकारोऽयं संक्षेपात् क्रियते मया ॥**

આ ગ્રંથમાં પ્રશ્ન-લગ્નના પ્રકારો સંક્ષેપેમાં સમજાવવામાં આવ્યા છે. ગ્રંથમાં માત્ર ૧૭ શ્લોકો છે, જેમાં હોરાદ્યાનયન, સર્વલગ્નગ્રહબલ, પ્રશ્નયોગ, પતિતાદિજ્ઞાન, જયાજયપૃચ્છા, રોગપૃચ્છા આદિ વિષયોની ચર્ચા છે. ગ્રંથના પ્રારંભમાં જ જ્યોતિષ-સંબંધી મહત્ત્વપૂર્ણ ગણિત સમજાવ્યું છે. આ ગ્રંથ અત્યન્ત ગૂઢ અને રહસ્યમય છે. નિમ્ન શ્લોકમાં કર્તાએ અત્યન્ત કુશળતાપૂર્વક દિનમાન સિદ્ધ કરવાની રીત જણાવી છે :

**पञ्चवेदयामगुण्ये रविभुक्तदिनान्विते ।**
**त्रिंशद्भुक्ते स्थितं यत् तत् लग्नं सूर्योदयर्क्षतः ॥**

આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.[1]

---

૧. આની એક પ્રતિ અમદાવાદ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચતુર્વિંશિકોદ્ધાર-અવચૂરિ :**

'ચતુર્વિંશિકોદ્ધાર' ગ્રંથ પર નરચંદ્ર ઉપાધ્યાયે અવચૂરિ પણ રચી છે. આ અવચૂરિ પ્રકાશિત થઈ નથી.

**જ્યોતિસ્સારસંગ્રહ :**

નાગોરી તપાગચ્છીય આચાર્ય ચંદ્રકીર્તિસૂરિના શિષ્ય હર્ષકીર્તિસૂરિએ વિ.સં. ૧૬૬૦માં 'જ્યોતિસ્સારસંગ્રહ' નામના ગ્રંથની રચના કરી છે. તેને 'જ્યોતિષસારોદ્ધાર' પણ કહેવામાં આવે છે. આ ગ્રંથ ત્રણ પ્રકરણોમાં વિભક્ત છે.[1]

ગ્રંથકારે ભક્તામરસ્તોત્ર, લઘુશાન્તિસ્તોત્ર, અજિતશાંતિસ્તવ, ઉવસગ્ગહરથોત્ત, નવકારમંત આદિ સ્તોત્રો પર ટીકાઓ લખી છે.

**૧. જન્મપત્રીપદ્ધતિ :**

નાગોરી તપાગચ્છીય આચાર્ય હર્ષકીર્તિસૂરીએ લગભગ વિ. સં. ૧૬૬૦માં 'જન્મપત્રીપદ્ધતિ' નામના ગ્રંથની રચના કરી છે.

સારાવલી, શ્રીપતિપદ્ધતિ આદિ વિખ્યાત ગ્રંથોના આધારે આ ગ્રંથની સંકલના કરવામાં આવી છે. તેમાં જન્મપત્રી બનાવવાની રીત, ગ્રહ, નક્ષત્ર, વાર, દશા આદિનાં ફળ બતાવવામાં આવ્યાં છે.[2]

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**૨. જન્મપત્રીપદ્ધતિ :**

ખરતરગચ્છીય મુનિ કલ્યાણનિધાનના શિષ્ય લબ્ધિચંદ્રગણિએ વિ.સં. ૧૭૫૧માં 'જન્મપત્રીપદ્ધતિ' નામના એક વ્યવહારોપયોગી જ્યોતિષ-ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં ઈષ્ટકાળ, ભયાત, ભભોગ, લગ્ન અને નવગ્રહો વિશે સ્પષ્ટીકરણ આદિ ગણિત-વિષયક ચર્ચાની સાથે-સાથે જન્મપત્રીના સામાન્ય ફળોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.

**૩. જન્મપત્રીપદ્ધતિ :**

મુનિ મહિમોદયે 'જન્મપત્રીપદ્ધતિ' નામક ગ્રંથની વિ.સં. ૧૭૨૧માં રચના કરી છે. આ ગ્રંથ પદ્યમાં છે. તેમાં સારણી, ગ્રહ, નક્ષત્ર, વાર આદિનાં ફળ બતાવવામાં આવ્યા છે.[3]

---

૧. અમદાવાદના ડેલાના ભંડારમાં આની હસ્તલિખિત પ્રત છે.

૨. આ ગ્રંથની ૫૩ પત્રોની પ્રતિ અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

૩. આ ગ્રંથની ૧૦ પત્રોની પ્રતિ અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહિમોદય મુનિએ 'જ્યોતિષ-રત્નાકર' આદિ ગ્રંથોની રચના પણ કરી છે જેનો પરિચય આગળ આપવામાં આવ્યો છે.

**માનસાગરી પદ્ધતિ :**

'માનસાગરી' નામ પરથી અનુમાન કરી શકાય કે તેના કર્તા માનસાગર મુનિ હશે. આ નામના અનેક મુનિઓ થઈ ગયા હોવાથી કયા માનસાગરે આ કૃતિની રચના કરી હશે તેનો નિર્ણય થઈ શકતો નથી.

આ ગ્રંથ પદ્યાત્મક છે. તેમાં ફલાદેશ-વિષયક વર્ણન છે. પ્રારંભમાં આદિનાથ આદિ તીર્થંકરો અને નવગ્રહોની સ્તુતિ કરીને જન્મપત્રી બનાવવાની વિધિ જણાવી છે. પછી સંવત્સરના ૬૦ નામ, સંવત્સર, યુગ, ઋતુ, માસ, પક્ષ, તિથિ, વાર અને જન્મલગ્ન-રાશિ આદિનાં ફળો, કરણ, દશા, અંતરદશા તથા ઉપદશાનાં વર્ષમાન, ગ્રહોના ભાવ, યોગ, અપયોગ આદિ વિષયોની ચર્ચા છે, પ્રસંગવશ ગણનાઓની ભિન્ન-ભિન્ન રીતિઓ જણાવી છે. નવગ્રહ, ગજચક્ર, યમદંષ્ટ્રાચક્ર આદિ ચક્રો અને દશાઓનાં કોષ્ટક આપવામાં આવ્યા છે.[1]

**ફલાફલવિષયક-પ્રશ્નપત્ર :**

'ફલાફલવિષયક-પ્રશ્નપત્ર' નામની નાની એવી કૃતિ ઉપાધ્યાય યશોવિજય ગણિની રચના હશે એમ પ્રતીત થાય છે. વિ.સં. ૧૭૩૦માં તેની રચના થઈ છે. તેમાં ચાર ચક્ર છે અને પ્રત્યેક ચક્રમાં સાત કોષ્ઠક છે. વચ્ચેના ચારેય કોષ્ઠકોમાં "ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः" લખેલું છે. આગળ-પાછળના છ-છ કોષ્ઠકોને ગણતરીમાં લેવાથી કુલ ૨૪ કોષ્ઠકો બને છે. તેમાં ઋષભદેવથી લઈને મહાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરોનાં નામ અંકિત છે. આસપાસના ૨૪ કોષ્ઠકોમાં ૨૪ બાબતોને ધ્યાનમાં રાખીને પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યા છે :

૧. કાર્યની સિદ્ધિ, ૨. મેઘવૃષ્ટિ, ૩. દેશનું સૌખ્ય, ૪. સ્થાનસુખ, ૫. ગ્રામાંતર, ૬. વ્યવહાર, ૭. વ્યાપાર, ૮. વ્યાજદાન, ૯. ભય. ૧૦. ચતુષ્પાદ, ૧૧. સેવા, ૧૨. સેવક, ૧૩. ધારણા, ૧૪. બાધારુધા, ૧૫. પુરરોધ, ૧૬. કન્યાદાન, ૧૭. વર, ૧૮. જયાજય, ૧૯. મન્ત્રૌષધિ, ૨૦. રાજ્યપ્રાપ્તિ, ૨૧. અર્થચિંતન, ૨૨. સંતાન, ૨૩. આગંતુક અને ૨૪ ગતવસ્તુ.

ઉપર્યુક્ત ૨૪ તીર્થંકરોમાંથી કોઈ એક પર ફલાફલવિષયક છ-છ ઉત્તરો છે. જેમ કે ઋષભદેવના નામે નિમ્નોક્ત ઉત્તરો છે :

---

૧. આ ગ્રંથ વેંકટેશ્વર પ્રેસ, મુંબઈથી વિ. સં. ૧૯૬૧માં પ્રકાશિત થયેલ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**शीघ्रं सफला कार्यसिद्धिर्भविष्यति, अस्मिन् व्यवहारे मध्यमं फलं दृश्यते, ग्रामान्तरे फलं नास्ति, कष्टमस्ति, भव्यं स्थानसौख्यं भविष्यति, अल्पा मेघवृष्टिः संभाव्यते ।**

ઉપર્યુક્ત ૨૪ પ્રશ્નોના ૧૪૪ ઉત્તરો સંસ્કૃતમાં છે તથા પ્રશ્નો કેવી રીતે કાઢવા અને તેનું ફલાફલ કેવી રીતે જાણવું - આ વાતો તે સમયની ગુજરાતી ભાષામાં આપવામાં આવી છે.

અંતમાં '**पं. श्रीनयविजयगणिशिष्यगणिजसविजयलिखितम्**' એમ લખ્યું છે.[1]

**ઉદયદીપિકા :**

ઉપાધ્યાય મેઘવિજયજીએ વિ.સં. ૧૭૫૨માં 'ઉદયદીપિકા' નામના ગ્રંથની રચના મદનસિંહ શ્રાવક માટે કરી હતી. તેમાં જ્યોતિષ-સંબંધી પ્રશ્નો અને તેના ઉત્તરોનું વર્ણન છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

**પ્રશ્નસુંદરી :**

ઉપાધ્યાય મેઘવિજયજીએ વિ.સં. ૧૭૫૫માં 'પ્રશ્નસુંદરી' નામક ગ્રંથની રચના કરી છે. તેમાં પ્રશ્નો કાઢવાની પદ્ધતિનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**વર્ષપ્રબોધ :**

ઉપાધ્યાય મેઘવિજયજીએ 'વર્ષપ્રબોધ' અપર નામ 'મેઘમહોદય' નામક ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે. કેટલાંક અવતરણો પ્રાકૃત ગ્રંથોનાં પણ છે. આ ગ્રંથનો સંબંધ 'સ્થાનાંગ' સાથે દર્શાવવામાં આવ્યો છે. સમસ્ત ગ્રંથ તેર અધિકારોમાં વિભક્ત છે, જેમાં નિમ્નાંકિત વિષયોની ચર્ચા કરવામાં આવી છે : ૧. ઉત્પાત, ૨. કર્પૂરચક્ર, ૩. પદ્મિનીચક્ર, ૪. મંડલપ્રકરણ, ૫. સૂર્ય-ચંદ્ર-ગ્રહણનું ફળ તથા પ્રતિમાસના વાયુનો વિચાર. ૬. વરસાદ લાવવાના અને તેને રોકવાના મંત્ર-યંત્ર, ૭. સાઠ સંવત્સરોનું ફળ, ૮. રાશીઓ પર ગ્રહોના ઉદય અને અસ્તના વક્રીનું ફળ, ૯. અયન-માસ-પક્ષ અને દિવસનો વિચાર, ૧૦. સંક્રાંતિફળ, ૧૧. વર્ષના રાજા અને મંત્રી આદિ. ૧૨. વર્ષાનો ગર્ભ, ૧૩. વિશ્વાઆયવ્યય-સર્વતોભદ્રચક્ર અને વર્ષાની એંધાણી આપતા શુકનો.

---

૧. આ કૃતિ 'જૈન સંશોધક' ત્રૈમાસિક પત્રિકામાં પ્રકાશિત થઈ ચૂકી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથમાં રચના-સમયનો ઉલ્લેખ નથી, પરંતુ આચાર્ય વિજયરત્નસૂરિના શાસનકાળમાં તેની રચના થઈ હોવાથી વિ.સં. ૧૭૩૨ પૂર્વે તો આ નહીં લખાયો હોય. તેમાં અનેક ગ્રંથો અને ગ્રંથકારોનો ઉલ્લેખ તથા અવતરણો આપવામાં આવ્યા છે. ક્યાંક ક્યાંક ગુજરાતી પદ્ય પણ છે.[1]

**ઉસ્તરલાવયંત્ર :**

મુનિ મેઘરત્ને 'ઉસ્તરલાવયંત્ર'ની રચના વિ.સં. ૧૫૫૦ આસપાસમાં કરી છે. તેઓ વડગચ્છીય વિનયસુંદરમુનિના શિષ્ય હતા.

આ કૃતિ ૩૮ શ્લોકોની છે. અક્ષાંશ અને રેખાંશનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આ યંત્રનો ઉપયોગ થાય છે તથા નતાંશ અને ઉન્નતાંશનો વેધ કરવામાં તેની સહાય લેવામાં આવે છે. તેનાથી કાળનું પરિજ્ઞાન પણ થાય છે. આ કૃતિ ખગોળશાસ્ત્રીઓ માટે ઉપયોગી વિશિષ્ટ યંત્ર પર પ્રકાશ પાડે છે.[2]

**ઉસ્તરલાવયંત્ર-ટીકા :**

આ લઘુ કૃતિ પર સંસ્કૃતમાં ટીકા છે, કદાચ મુનિ મેઘરત્ને જ સ્વોપજ્ઞ ટીકા લખી હોય.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**દોષરત્નાવલી :**

જયરત્નગણિએ જ્યોતિષવિષયક પ્રશ્નલગ્ન પર 'દોષરત્નાવલી' નામક ગ્રંથની રચના કરી છે. જયરત્નગણિ પૂર્ણિમાપક્ષના આચાર્ય ભાવરત્નના શિષ્ય હતા. તેમણે

---

૧. આ ગ્રંથ પં. ભગવાનદાસ જૈન, જયપુર, દ્વારા 'મેઘમહોદય-વર્ષપ્રબોધ' નામથી હિન્દી અનુવાદસહિત સન્ ૧૯૧૬માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. શ્રી પોપટલાલ સાકરચંદે, ભાવનગરથી આ ગ્રન્થ ગુજરાતી અનુવાદસહિત છપાવેલ છે. તેમણે જ આની બીજી આવૃત્તિ પણ છપાવી છે.

૨. આનો પરિચય Encyclopaedia Britanica, Vol. II, pp. 574-575માં આપવામાં આવ્યો છે. આની હસ્તલિખિત પ્રતિ બીકાનેરના અનૂપ સંસ્કૃત પુસ્તકાલયમાં છે, જે વિ. સં. ૧૬૦૦માં લખવામાં આવી છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી, પરંતુ આનો પરિચય શ્રી અગરચન્દજી નાહટાએ 'ઉસ્તરલાવ-યંત્રસમ્બન્ધી એક મહત્ત્વપૂર્ણ જૈન ગ્રંથ' શીર્ષકથી 'જૈન સત્યપ્રકાશ'માં આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્ર્યંબાવતી (ખંભાત)માં આ ગ્રંથની રચના કરી હતી.[1] 'જ્વરપરાજય' નામના વૈદ્યક-ગ્રંથની રચના તેમણે વિ.સં. ૧૬૬૨માં કરી છે. તેની આસપાસ જ આ કૃતિની રચના પણ કરી હશે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

**જાતકદીપિકાપદ્ધતિ :**

કર્તાએ આ ગ્રંથની[2] રચના કેટલાક પ્રાચીન ગ્રંથકારોની કૃતિઓના આધારે કરી છે.[3] તેમાં વારસ્પષ્ટીકરણ, ધ્રુવાદિનયન, ભૌમાદીશવીજધ્રુવકરણ, લગ્નસ્પષ્ટીકરણ, હોરાકરણ, નવમાંશ, દશમાંશ, અન્તર્દશા, ફલદશા આદિ વિષયો પદ્યમાં છે. કુલ ૯૪ શ્લોકો છે. આ ગ્રંથના કર્તાનું નામ અને રચના-સમય અજ્ઞાત છે.

**જન્મપ્રદીપશાસ્ત્ર :**

'જન્મપ્રદીપશાસ્ત્ર'ના કર્તા કોણ છે અને ગ્રંથ ક્યારે રચાયો હશે તે અજ્ઞાત છે. તેમાં કુન્ડલીના ૧૨ ભુવનોના લગ્નેશ બાબતે ચર્ચા કરવામાં આવી છે. ગ્રંથ પદ્યમાં છે.[4]

**કેવલજ્ઞાનહોરા :**

દિગમ્બર જૈનાચાર્ય ચંદ્રસેને ૩-૪ હજાર શ્લોક-પ્રમાણ 'કેવલજ્ઞાનહોરા' નામના ગ્રંથની રચના કરી છે. આચાર્યે ગ્રંથના આરંભમાં જ કહ્યું છે—

जैन साईट JAINSITE

---

१. श्रीमद्गुर्जरदेशभूषणमणित्र्यंबावतीनामके,
श्रीपूर्णे नगरे बभूव सुगुरुः श्रीभावरत्नाभिधः ।
तच्छिष्यो जयरत्न इत्यभिधया यः पूर्णिमागच्छवाँ-
स्तेनेयं क्रियते जनोपकृतये श्रीज्ञानरत्नावली ॥
इति प्रश्नोत्तरी दोषरत्नावली सम्पूर्णा—
પિટર્સન : અલવર મહારાજા લાયબ્રેરી કેટલૉગ.

૨. અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં વિ. સં. ૧૮૪૭માં લખવામાં આવેલ આની ૧૨ પત્રોની પ્રતિ છે.

૩. पुराविदैर्यदुक्तानि पद्यान्यादाय शोभनम् ।
संमील्य सोमयोग्यानि लेखयि(खि)ष्यामि शिशोः मुदे ॥

૪. આની ૫ પત્રોની હસ્તલિખિત પ્રતિ અમદાવાદમાં લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**होरा नाम महाविद्या वक्तव्यं च भवद्धितम् ।**
**ज्योतिर्ज्ञानकरं सारं भूषणं बुधपोषणम् ॥**

'હોરા'ના ઘણા અર્થો થાય છે—

૧. હોરા એટલે અઢી ઘટી એટલે એક કલાક.

૨. એક રાશિ કે લગ્નનો અર્ધભાગ.

૩. જન્મકુંડળી.

૪. જન્મકુંડળી અનુસાર ભવિષ્ય કહેવાની વિદ્યા અર્થાત્ જન્મકુંડળીનું ફળ દર્શાવનારું શાસ્ત્ર. આ શાસ્ત્ર લગ્નના આધાર પર શુભ-અશુભ ફળોનું નિદર્શન કરે છે.

પ્રસ્તુત ગ્રંથમાં હેમપ્રકરણ, દામ્યપ્રકરણ, શિલાપ્રકરણ, મૃત્તિકાપ્રકરણ, વૃક્ષ-પ્રકરણ, કર્પાસ-ગુલ્મ-તૃણ-રોમ-ચર્મ-પટપ્રકરણ, સંખ્યાપ્રકરણ, નષ્ટદ્રવ્યપ્રકરણ, નિર્વાહપ્રકરણ, અપત્યપ્રકરણ, લાભાલાભપ્રકરણ, સ્વરપ્રકરણ, સ્વપ્નપ્રકરણ, વાસ્તુવિદ્યાપ્રકરણ, ભોજનપ્રકરણ, દેહલોહદીક્ષાપ્રકરણ, અંજનવિદ્યાપ્રકરણ, વિષવિદ્યાપ્રકરણ આદિ અનેક પ્રકરણો છે. આ પ્રકરણો કલ્યાણવર્માની 'સારાવલી'ને મળતા જણાય છે. દક્ષિણમાં રચાયેલ હોવાથી કર્ણાટક પ્રદેશના જ્યોતિષનો આના પર વધારે પ્રભાવ છે. વચ્ચે વચ્ચે વિષય સ્પષ્ટ કરવા માટે કન્નડ ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચંદ્રસેન મુનિએ પોતાનો પરિચય આપતાં આ પ્રમાણે કહ્યું છે :

**आगमः सदृशो जैनः चन्द्रसेनसमो मुनिः ।**
**केवली सदृशी विद्या दुर्लभा सचराचरे ॥**

આ ગ્રંથ પ્રકાશિત થયેલ નથી.

**યંત્રરાજ :**

આચાર્ય મદનસૂરિના શિષ્ય મહેન્દ્રસૂરિએ ગ્રહગણિત માટે ઉપયોગી 'યંત્રરાજ' નામના ગ્રંથની રચના શક સં. ૧૨૯૨ (વિ.સં. ૧૪૨૭)માં કરી છે. તે બાદશાહ ફિરોજશાહ તુગલકના મુખ્ય સભાપંડિત હતા.

આ ગ્રંથની ઉપયોગિતા બતાવતાં સ્વયં ગ્રંથકારે કહ્યું છે :

**यथा भटः प्रौढरणोत्त्कटोऽपि शस्त्रैर्विमुक्तः परिभूतिमेति ।**
**तद्वन्महाज्योतिषनिस्तुषोऽपि यन्त्रेण हीनो गणकस्तथैव ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથ પાંચ અધ્યાયોમાં વહેંચાયેલો છે : ૧. ગણિતાધ્યાય, ૨. યંત્રઘટનાધ્યાય, ૩. યંત્રરચનાધ્યાય, ૪. યન્ત્રશોધનાધ્યાય અને ૫. યંત્રવિચારણાધ્યાય. તેમાં કુલ મળીને ૧૮૨ પદ્યો છે.

આ ગ્રંથની અનેક વિશેષતાઓ છે. તેમાં નાડીવૃત્તના ધરાતલમાં ગોળપૃષ્ઠસ્થ બધા વૃત્તોનું પરિગમન બતાવવામાં આવ્યું છે. ક્રમોત્ક્રમજ્યાનયન, ભુજકોટિજ્યાનું ચાપસાધન, ક્રાન્તિસાધન, દ્યુજ્યાખંડસાધન, દ્યુજ્યાફલાનયન, સૌમ્ય યંત્રના વિભિન્ન ગણિતનાં સાધનો, અક્ષાંશથી ઉન્નતાંશ સાધન, ગ્રંથનાં નક્ષત્ર, ધ્રુવ આદિના અભીષ્ટ વર્ષોનાં ધ્રુવાદિ સાધન, નક્ષત્રોનાં દક્કર્મસાધન, દ્વાદશ રાશીઓનાં વિભિન્ન વૃત્તસંબંધી ગણિતનાં સાધનો, ઇષ્ટ શંકુથી છાયાકરણસાધન, યંત્રશોધનપ્રકાર અને તદનુસાર વિભિન્ન રાશિઓ અને નક્ષત્રોનાં ગણિતનાં સાધન, દ્વાદશભાવો અને નવગ્રહોનાં ગણિતનાં સ્પષ્ટીકરણનું ગણિત અને વિભિન્ન યંત્રો દ્વારા બધા ગ્રહોનાં સાધનનું ગણિત અતિ સુંદર રીતે પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. આ ગ્રંથના જ્ઞાનથી ખૂબ સરળતાપૂર્વક પંચાંગ બનાવી શકાય.

**યંત્રરાજ-ટીકા :**

'યંત્રરાજ'[1] પર આચાર્ય મહેન્દ્રસૂરિના શિષ્ય આચાર્ય મલયેન્દુસૂરિએ ટીકા લખી છે. તેમણે મૂળ ગ્રંથમાં નિર્દિષ્ટ યંત્રો ઉદાહરણપૂર્વક સમજાવ્યા છે. તેમાં ૭૫ નગરોના અક્ષાંશ આપવામાં આવ્યા છે. વેધોપયોગી ૩૨ તારાઓના સાયન ભોગશર પણ આપવામાં આવ્યા છે. અયનવર્ષગતિ ૫૪ વિકલા માનવામાં આવી છે.

**જ્યોતિષ્રત્નાકર :**

મુનિ લબ્ધિવિજયના શિષ્ય મહિમોદય મુનિએ 'જ્યોતિષ્રત્નાકર' નામની કૃતિની રચના કરી છે. મુનિ મહિમોદય વિ.સં. ૧૭૨૨માં વિદ્યમાન હતા. તેઓ ગણિત અને ફલિત બંને પ્રકારની જ્યોતિર્વિદ્યાના મર્મજ્ઞ વિદ્વાન હતા.

આ ગ્રંથ ફલિત જ્યોતિષનો છે. તેમાં સંહિતા મુહૂર્ત અને જાતક—આ ત્રણે વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ ગ્રંથ નાનો છતાં અત્યન્ત ઉપયોગી છે. આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.

---

૧. આ ગ્રંથ રાજસ્થાન પ્રાચ્યવિદ્યા શોધ-સંસ્થાન, જોધપુરથી ટીકા સાથે પ્રકાશિત થયો છે. સુધાકર દ્વિવેદીએ આ ગ્રંથ કાશીથી છપાવ્યો છે. આ મુંબઈથી પણ પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પંચાંગનયનવિધિ :**

ઉપર્યુક્ત મહિમોદય મુનિએ 'પંચાંગનયન વિધિ' નામના ગ્રંથની રચના વિ.સં. ૧૭૨૨ની આસપાસ કરી છે. ગ્રંથના નામ પરથી જ વિષય સ્પષ્ટ છે. તેમાં અનેક સારણીઓ આપી છે, જેનાથી પંચાંગના ગણિતમાં સારી સહાયતા મળે છે. આ ગ્રંથ પણ હજી પ્રકાશિત થયો નથી.

**તિથિસારણી :**

પાર્શ્વચન્દ્રગચ્છીય વાઘજી મુનિએ 'તિથિસારણી' નામના મહત્ત્વપૂર્ણ જ્યોતિષગ્રંથની વિ.સં. ૧૭૮૩માં રચના કરી છે. તેમાં પંચાંગ બનાવવાની પ્રક્રિયા દર્શાવી છે. આ ગ્રંથ 'મકરન્દસારણી' જેવો છે. લીંબડીના જૈન ગ્રંથભંડારમાં તેની પ્રતિ છે.

**યશોરાજીપદ્ધતિ :**

મુનિ યશસ્વત્સાગર, જેમને જસવંતસાગર પણ કહેતા હતા, વ્યાકરણ, દર્શન અને જ્યોતિષના ધુરંધર વિદ્વાન હતા. તેમણે વિ.સં. ૧૭૬૨માં જન્મકુંડલી વિષયક 'યશોરાજીપદ્ધતિ' નામનો વ્યવહારોપયોગી ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથના પૂર્વાર્ધમાં જન્મકુંડળીની રચનાના નિયમો પર પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે તથા ઉત્તરાર્ધમાં જાતકપદ્ધતિ અનુસાર સંક્ષિપ્ત ફળ જણાવવામાં આવ્યું છે. ગ્રંથ પ્રકાશિત થયો નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ત્રૈલોક્યપ્રકાશ :**

આચાર્ય દેવેન્દ્રસૂરિના શિષ્ય હેમપ્રભસૂરિએ 'ત્રૈલોક્યપ્રકાશ' નામના ગ્રંથની રચના વિ.સં. ૧૩૦૫માં કરી છે. ગ્રંથકારે આ ગ્રંથનું નામ 'ત્રૈલોક્યપ્રકાશ' કેમ રાખ્યું તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે :

> **त्रीन् कालान् त्रिषु लोकेषु यस्माद् बुद्धिः प्रकाशते ।**
> **तत् त्रैलोक्यप्रकाशाख्यं ध्यात्वा शास्त्रं प्रकाश्यते ॥**

આ તાજિક-વિષયક ચમત્કારી ગ્રંથ ૧૨૫૦ શ્લોકાત્મક છે. કર્તાએ લગ્નશાસ્ત્રનું મહત્ત્વ દર્શાવતાં ગ્રંથના પ્રારંભે જ કહ્યું છે કે :

> **म्लेच्छेषु विस्तृतं लग्नं कलिकालप्रभावतः ।**
> **प्रभुप्रसादमासाद्य जैने धर्मेऽवतिष्ठते ॥**

આ ગ્રંથમાં જ્યોતિષ-યોગોના શુભાશુભ ફળોના વિષયમાં વિચાર કરવામાં આવ્યો છે અને માનવજીવનસંબંધી અનેક વિષયોનો ફળાદેશ બતાવવામાં આવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં મુથશિલ, મચકૂલ, શૂર્લાવ-ઉસ્તરલાવ આદિ સંજ્ઞાઓના પ્રયોગ મળે છે, જે મુસ્લિમ પ્રભાવનું સૂચન કરે છે. તેમાં નિમ્ન વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે :

સ્થાનબળ, કાયબળ, દૃષ્ટિબળ, દિક્ફળ, ગ્રહાવસ્થા, ગ્રહમૈત્રી, રાશિવૈચિત્ર્ય, ષડ્વર્ગશુદ્ધિ, લગ્નજ્ઞાન, અંશકફલ, પ્રકારાન્તરથી જન્મદશાફળ, રાજયોગ, ગ્રહસ્વરૂપ, દ્વાદશ ભાવોની તત્ત્વચિંતા, કેન્દ્રવિચાર, વર્ષફળ, નિધાનપ્રકરણ, સેવધિપ્રકરણ, ભોજનપ્રકરણ, ગ્રામપ્રકરણ, પુત્રપ્રકરણ, રોગપ્રકરણ, જાયાપ્રકરણ, સુરતપ્રકરણ, પરચંક્રમણ, ગમનાગમન, ગજ-અશ્વ-ખડ્ગ આદિ ચક્રયુદ્ધપ્રકરણ, સંધિવિગ્રહ, પુષ્પનિર્ણય, સ્થાનદોષ, જીવિતમૃત્યુફળ, પ્રવહણપ્રકરણ, વૃષ્ટિપ્રકરણ, અર્ઘકાંડ, સ્ત્રીલાભપ્રકરણ આદિ.[1]

ગ્રંથના એક પદ્યમાં કર્તાએ પોતાનું નામ આ પ્રકારે ગૂંથી લીધું છે.

> **श्रीहेलाशालिनां योग्यमप्रभीकृतभास्करम् ।**
> **भसूक्ष्मेक्षिकया चक्रेऽरिभिः शास्त्रमदूषितम् ।**

આ શ્લોકના પ્રત્યેક ચરણના અંતિમ બંને વર્ણોમાં 'શ્રીહેમપ્રભસૂરિ' નામ અન્તર્નિહિત છે.

**જોઈસહીર (જ્યોતિષહીર) :**

'જોઈસહીર' નામક પ્રાકૃત ભાષાના ગ્રંથ-કર્તાનું નામ જાણી શકાતું નથી. તેમાં ૨૮૭ ગાથાઓ છે. ગ્રંથના અંતમાં લખ્યું છે કે 'પ્રથમપ્રકીર્ણ સમાપ્તમ્' જેથી ખ્યાલ આવે છે કે આ ગ્રંથ અધૂરો છે. તેમાં શુભાશુભ તિથિ, ગ્રહની સબળતા, શુભ ઘડીઓ, દિનશુદ્ધિ, સ્વરજ્ઞાન, દિશાશૂલ, શુભાશુભ યોગ, વ્રત આદિ ગ્રહણ કરવાનું મુહૂર્ત, ક્ષૌર કર્મનું મુહૂર્ત અને ગ્રહ-ફળ આદિનું વર્ણન છે.[2]

**જ્યોતિસ્સાર (જોઈસહીર) :**

'જ્યોતિસ્સાર' (જોઈસહીર) નામના ગ્રંથની રચના ખરતરગચ્છીય ઉપાધ્યાય દેવતિલકના શિષ્ય મુનિ હીરકલશે વિ.સં. ૧૬૨૧માં પ્રાકૃતમાં કરી છે. આમાં

---

૧. આ ગ્રંથ કુશલ એસ્ટ્રોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, લાહોરથી હિન્દી અનુવાદસહિત પ્રકાશિત થયેલ છે. પં. ભગવાનદાસ જૈને 'જૈન સત્યપ્રકાશ' વર્ષ ૧૨, અંક ૧૨માં અનુવાદમાં વધારે ભૂલો હોવા અંગે 'ત્રૈલોક્યપ્રકાશ કા હિન્દી અનુવાદ' શીર્ષક લેખ લખ્યો છે.

૨. આ ગ્રન્થ પં. ભગવાનદાસ જૈન દ્વારા હિન્દીમાં અનુવાદિત થઈને નરસિંહ પ્રેસ, કલકત્તાથી પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે પ્રકરણ છે. આ ગ્રંથની હસ્તલિખિત પ્રત મુંબઈના માણકચન્દ્રજી ભંડારમાં છે.

મુનિ હીરકલશે રાજસ્થાની ભાષામાં 'જ્યોતિષ્હીર' કે 'હીરકલશ' ગ્રંથની રચના ૯૦૦ દોહાઓમાં કરી છે, જે શ્રી સારાભાઈ નવાબે (અમદાવાદ) પ્રકાશિત કર્યો છે. આ ગ્રંથમાં જે વિષય નિરૂપિત છે તે જ આ પ્રાકૃત ગ્રંથમાં પણ નિબદ્ધ છે.

મુનિ હીરકલશની અન્ય કૃતિઓ આ મુજબ છે :

૧. અઠારા-નાતા-સજ્ઝાય, ૨. કુમતિ-વિધ્વંસ-ચૌપાઈ, ૩. મુનિપતિ-ચૌપાઈ, ૪. સોલ-સ્વપ્ન-સજ્ઝાય, ૫. આરાધના-ચૌપાઈ, ૬. સમ્યક્ત્વ-ચૌપાઈ, ૭. જંબૂચૌપાઈ, ૮. મોતી-કપાસિયા-સંવાદ, ૯. સિંહાસન-બત્તીસી, ૧૦. રત્નચૂડ-ચૌપાઈ, ૧૧. જીભ-દાંત-સંવાદ, ૧૨. હિયાલ, ૧૩. પંચાખ્યાન, ૧૪. પંચસતી-દ્રુપદી-ચૌપાઈ, ૧૫. હિયાલી.

આ બધી કૃતિઓ જૂની ગુજરાતી અથવા રાજસ્થાનીમાં છે.

**પંચાંગતત્ત્વ :**

'પંચાંગતત્ત્વ'ના કર્તાનું નામ અને તેમનો રચના-સમય અજ્ઞાત છે. આમાં પંચાંગના તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ — આ વિષયોનું નિરૂપણ છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પંચાંગતત્ત્વ-ટીકા :**

'પંચાંગતત્ત્વ' પર અભયદેવસૂરિ નામક કોઈ આચાર્યે ૯૦૦૦ શ્લોક-પ્રમાણ ટીકા રચી છે. આ ટીકા પણ અપ્રકાશિત છે.

**પંચાંગતિથિવિવરણ :**

'પંચાંગતિથિવિવરણ' નામક ગ્રંથ અજ્ઞાતકર્તૃક છે તથા તેનો રચના-સમય પણ અજ્ઞાત છે. આ ગ્રંથ 'કરણશેખર' કે 'કરણશેષ' નામે પણ પ્રસિદ્ધ છે. આમાં પંચાંગ બનાવવાની રીત સમજાવવામાં આવી છે. ગ્રંથ પ્રકાશિત થયો નથી. આના પર કોઈ જૈન મુનિએ વૃત્તિ પણ રચી છે, એવું જાણવામાં આવ્યું છે.

**પંચાંગદીપિકા :**

'પંચાંગદીપિકા' નામક ગ્રંથ પણ કોઈ મુનિની રચના છે. આમાં પંચાગ બનાવવાની વિધિ બતાવવામાં આવી છે. ગ્રંથનો રચના-સમય અજ્ઞાત છે. ગ્રંથ અપ્રકાશિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પંચાંગપત્રવિચાર :**

'પંચાંગપત્રવિચાર' નામક ગ્રંથની કોઈ જૈન મુનિએ રચના કરી છે. આમાં પંચાંગનો વિષય વિશદ રીતે નિર્દિષ્ટ છે. ગ્રંથનો રચના-સમય જ્ઞાત નથી. ગ્રંથ પ્રકાશિત પણ નથી થયો.

**બલિરામાનન્દસારસંગ્રહ :**

ઉપાધ્યાય ભુવનકીર્તિના શિષ્ય પં. લાભોદય મુનિએ 'બલિરામાનન્દસારસંગ્રહ' નામક જ્યોતિષ-ગ્રંથની રચના કરી છે. આનો સમય નિશ્ચિત નથી. તેમના ગુરુ ઉપાધ્યાય ભુવનકીર્તિ સારા કવિ હતા. તેમના વિ.સં.૧૬૬૭થી ૧૭૬૦ સુધીના કેટલાય રાસ ઉપલબ્ધ છે. આથી પં. લાભોદય મુનિનો સમય આની જ આસપાસ હોઈ શકે છે.

આ ગ્રંથમાં સામાન્ય મુહૂર્ત્ત, મુહૂર્ત્તાધિકાર, નાડીચક્ર, નાસિકાવિચાર, શકુનવિચાર, સ્વપ્નાધ્યાય, અંગોપાંગસ્ફુરણ, સામુદ્રિક સંક્ષેપ, લગ્નનિર્ણયવિધિ, નર-સ્ત્રી-જન્મપત્રીનિર્ણય, યોગોત્પત્તિ, માસાદિવિચાર, વર્ષશુભાશુભ ફળ વગેરે વિષયોનું વિવરણ છે. આ એક સંગ્રહગ્રંથ[1] જણાય છે.

**ગણસારણી :**

'ગણસારણી' નામક જ્યોતિષ-વિષયક ગ્રંથની રચના પાર્શ્વચન્દ્રગચ્છીય જગચ્ચન્દ્રના શિષ્ય લક્ષ્મીચન્દ્રે વિ.સં.૧૭૬૦માં કરી છે.[2]

આ ગ્રંથમાં તિથિધ્રુવાંક, અંતરાંકી, તિથિકેન્દ્રચક્ર, નક્ષત્રધ્રુવાંક, નક્ષત્રચક્ર, યોગકેન્દ્રચક્ર, તિથિસારણી, તિથિગણખેમા, તિથિ-કેન્દ્રઘટી અંશફલ, નક્ષત્રફલસારણી, નક્ષત્રકેન્દ્રફલ, યોગગણકોષ્ઠક વગેરે વિષયો છે.

આ ગ્રંથ અપ્રકાશિત છે.

---

૧. આની અપૂર્ણ પ્રત લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદમાં છે. પ્રતિ-લેખન ૧૯મી સદીનું છે.

૨. तद्विनेयाः पाठकाः श्रीजगच्चन्द्राः सुकीर्तयः ।

शिष्येण लक्ष्मीचन्द्रेण कृतेयं सारणी शुभा ।

संवत् खर्त्वश्वेन्दु (१७६०) मिते बहुले पूर्णिमातिथौ ।

कृता परोपकृत्यर्थं शोधनीया च धीधनैः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લાલચન્દ્રીપદ્ધતિ :**

મુનિ કલ્યાણનિધાનના શિષ્ય લબ્ધિચન્દ્રે 'લાલચન્દ્રીપદ્ધતિ' નામક ગ્રંથ વિ.સં.૧૭૫૧માં રચ્યો છે.

આ ગ્રંથમાં જાતકના અનેક વિષયો છે. કેટલીય સારણીઓ આપી છે. અનેક ગ્રંથોનાં ઉદ્ધરણો અને પ્રમાણોથી આ ગ્રંથ પરિપૂર્ણ છે.[1]

**ટિપ્પનકવિધિ :**

મતિવિશાલ ગણિએ 'ટિપ્પનકવિધિ' નામક ગ્રંથ[2] પ્રાકૃતમાં લખ્યો છે. આનો રચના-સમય જ્ઞાત નથી.

આ ગ્રંથમાં પંચાંગતિથિકર્ષણ, સંક્રાંતિકર્ષણ, નવગ્રહકર્ષણ, વક્રાતીચાર, સરલગતિકર્ષણ, પંચગ્રહાસ્તમિતોદિતકથન, ભદ્રાકર્ષણ, અધિકમાસકર્ષણ, તિથિ-નક્ષત્ર-યોગવર્ધન-ઘટનકર્ષણ, દિનમાનકર્ષણ વગેરે ૧૩ વિષયોનું વિશદ વર્ણન છે.

**હોરામકરન્દ :**

આચાર્ય ગુણાકરસૂરિએ 'હોરામકરન્દ' નામક ગ્રંથની રચના કરી છે. રચના-સમય જ્ઞાત નથી પરંતુ ૧૫મી સદી હશે એવું અનુમાન છે. હોરા અર્થાત્ રાશિનો દ્વિતીયાંશ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ ગ્રંથમાં ૩૧ અધ્યાય છે : ૧. રાશિપ્રભેદ, ૨. ગ્રહસ્વરૂપબલનિરૂપણ, ૩. વિયોનિજન્મ, ૪. નિષેક, ૫. જન્મવિધિ, ૬. રિષ્ટ, ૭. રિષ્ટભંગ, ૮. સર્વગ્રહારિષ્ટભંગ, ૯. આયુર્દા, ૧૦. દશમ-અધ્યાય (?), ૧૧. અન્તર્દશા, ૧૨. અષ્ટકવર્ગ, ૧૩. કર્માજીવ, ૧૪. રાજયોગ, ૧૫. નાભસયોગ, ૧૬. વોસિવેસ્સુભયચરી-યોગ, ૧૭. ચન્દ્રયોગ, ૧૮. ગ્રહપ્રવ્રજ્યાયોગ, ૧૯. દેવનક્ષત્રફલ, ૨૦. ચન્દ્રરાશિફલ, ૨૧. સૂર્યાદિરાશિફલ, ૨૨. રશ્મિચિન્તા, ૨૩. દૃષ્ટ્યાદિફલ, ૨૪. ભાવફલ, ૨૫. આશ્રયાધ્યાય, ૨૬. કારક, ૨૭. અનિષ્ટ, ૨૮. સ્ત્રીજાતક, ૨૯. નિર્યાણ, ૩૦. દ્રેષ્કાણસ્વરૂપ. ૩૧. પ્રશ્નજાતક.

---

૧. આની ૧૪૮ પત્રોની ૧૮મી સદીમાં લખવામાં આવેલી પ્રત અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

૨. આની ૧ પત્રની વિ.સં.૧૬૯૪માં લખવામાં આવેલી પ્રત અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથ છપાયો નથી.[1]

**હાયનસુન્દર :**

આચાર્ય પદ્મસુન્દરસૂરિએ 'હાયનસુન્દર' નામક જ્યોતિષવિષયક ગ્રંથ[2] ની રચના કરી છે.

**વિવાહપટલ :**

'વિવાહપટલ' નામના એકથી વધુ ગ્રંથો છે. અજૈન કૃતિઓમાં શાર્ઙ્ગધરે શક સં. ૧૪૦૦ (વિ.સં.૧૫૩૫)માં અને પીતાંબરે શક સં. ૧૪૪૪ (વિ.સં.૧૫૭૯)માં તેમની રચના કરી છે. જૈન કૃતિઓમાં 'વિવાહપટલ'ના કર્તા અભયકુશલ કે ઉભયકુશલનો ઉલ્લેખ મળે છે. આની જે હસ્તલિખિત પ્રત મળે છે તેમાં ૧૩૦ પદ્યો છે, વચ્ચે-વચ્ચે પ્રાકૃત ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. આમાં નિમ્નોક્ત વિષયોની ચર્ચા છે :

**योनि-नाडीगणश्चैव स्वामिमित्रैस्तथैव च ।**
**जुञ्जा प्रीतिश्च वर्णश्च लीहा सप्तविधा स्मृता ॥**

નક્ષત્ર, નાડીવેધયન્ત્ર, રાશિસ્વામી, ગ્રહશુદ્ધિ, વિવાહનક્ષત્ર, ચન્દ્ર-સૂર્ય-સ્પષ્ટીકરણ, એકાર્ગલ, ગોધૂલિકાફલ વગેરે વિષયોનું વિવેચન છે.

આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**કરણરાજ :**

રુદ્રપલ્લીગચ્છીય જિનસુન્દરસૂરિના શિષ્ય મુનિસુન્દરે વિ.સં. ૧૬૫૫માં 'કરણરાજ' નામક ગ્રંથ[3] ની રચના કરી છે.

આ ગ્રંથ દસ અધ્યાયો — જેમને કર્તાએ 'વ્યય' નામથી ઉલ્લિખિત કર્યા છે — માં વિભાજિત છે : ૧. ગ્રહમધ્યમસાધન, ૨. ગ્રહસ્પષ્ટીકરણ, ૩. પ્રશ્નસાધક, ૪. ચન્દ્રગ્રહણ-સાધન, ૫. સૂર્યસાધક, ૬. ત્રુટિત હોવાથી વિષય જ્ઞાત નથી થતો, ૭. ઉદયાસ્ત, ૮. ગ્રહયુદ્ધનક્ષત્રસમાગમ, ૯. પાતાવ્યય, ૧૦. નિમિશક (?). અંતમાં પ્રશસ્તિ છે.

---

૧. આની ૪૧ પત્રોની પ્રત અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં છે.

૨. આની પ્રત બીકાનેરસ્થિત અનૂપ સંસ્કૃત લાયબ્રેરીના સંગ્રહમાં છે.

૩. આની ૭ પત્રોની અપૂર્ણ પ્રત અનૂપ સંસ્કૃત લાયબ્રેરી, બીકાનેરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દીક્ષા-પ્રતિષ્ઠાશુદ્ધિ :**

ઉપાધ્યાય સમયસુન્દરે 'દીક્ષા-પ્રતિષ્ઠાશુદ્ધિ' નામક જ્યોતિષવિષયક ગ્રંથ[૧]ની વિ.સં. ૧૬૮૫માં રચના કરી છે.

આ ગ્રંથ ૧૨ અધ્યાયોમાં વિભાજિત છે : ૧. ગ્રહગોચરશુદ્ધિ, ૨. વર્ષશુદ્ધિ, ૩. અયનશુદ્ધિ, ૪. માસશુદ્ધિ, ૫. પક્ષશુદ્ધિ, ૬. દિનશુદ્ધિ, ૭. વારશુદ્ધિ, ૮. નક્ષત્રશુદ્ધિ, ૯. યોગશુદ્ધિ, ૧૦. કરણશુદ્ધિ, ૧૧. લગ્નશુદ્ધિ અને ૧૨. ગ્રહશુદ્ધિ.

કર્તાએ પ્રશસ્તિમાં કહ્યું છે કે વિ.સં.૧૬૮૫માં લૂણકરણસરમાં પ્રશિષ્ય વાચક જયકીર્તિ, જે જ્યોતિષ-શાસ્ત્રમાં વિચક્ષણ હતા, તેની સહાયતાથી આ ગ્રંથની રચના કરી. પ્રશસ્તિ આ મુજબ છે :

**दीक्षा-प्रतिष्ठाया या शुद्धिः सा निगदिता हिताय नृणाम् ।**
**श्रीलूणकरणसरसि स्मरशर-वसु-षड्डुपति ( १६८५ ) वर्षे ॥ १ ॥**
**ज्योतिष्शास्त्रविचक्षणवाचकजयकीर्तिसहायैः ।**
**समयसुन्दरोपाध्यायसंदर्भितो ग्रन्थः ॥ २ ॥**

**વિવાહરત્ન :**

ખરતરગચ્છીય આચાર્ય જિનોદયસૂરિએ 'વિવાહરત્ન' નામક ગ્રન્થ[૨]ની રચના કરી છે.

આ ગ્રંથમાં ૧૫૦ શ્લોક છે, ૧૩ પત્રોની પ્રત જેસલમેરમાં વિ.સં.૧૮૩૩માં લખવામાં આવી છે.

**જ્યોતિપ્રકાશ :**

આચાર્ય જ્ઞાનભૂષણે 'જ્યોતિપ્રકાશ' નામક ગ્રન્થ[૩]ની રચના વિ.સં.૧૭૫૫ પછી ક્યારેક કરી છે.

---

૧. આની એકમાત્ર પ્રત બીકાનેરના ખરતરગચ્છના આચાર્યશાખાના ઉપાશ્રયસ્થિત જ્ઞાનભંડારમાં છે.

૨. આની હસ્તલિખિત પ્રત મોતીચન્દ ખજાનચીના સંગ્રહમાં છે.

૩. આની હસ્તલિખિત પ્રત દિલ્હીના ધર્મપુરાના મંદિરમાં સંગૃહીત છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only • info@jainsite.com

આ ગ્રંથ સાત પ્રકરણોમાં વિભક્ત છે : ૧. તિથિદ્વાર, ૨. વાર, ૩. તિથિઘટિકા, ૪. નક્ષત્રસાધન, ૫. નક્ષત્રઘટિકા, ૬. આ પ્રકરણનો પત્રાંક ૪૪ નષ્ટ હોવાથી સ્પષ્ટ નથી, ૭. આ પ્રકરણના અંતે '**इति चतुर्दश, पंचदश,.... सप्तदश, रूपैश्चतुर्भिद्वारैः संपूर्णोऽयं ज्योतिप्रकाशः ।**' એવો ઉલ્લેખ છે.

સાત પ્રકરણ પૂર્ણ થયા પછી ગ્રંથની સમાપ્તિનું સૂચન છે, પરંતુ પ્રશસ્તિના કેટલાંક પદ્ય અપૂર્ણ રહી જાય છે.

ગ્રંથમાં 'ચન્દ્રપ્રજ્ઞપ્તિ', 'જ્યોતિષ્કરણ્ડક'ની મલયગિરિ-ટીકા વગેરેના ઉલ્લેખની સાથે એક જગ્યાએ વિનયવિજયના 'લોકપ્રકાશ'નો પણ ઉલ્લેખ છે. આથી આની રચના વિ.સં.૧૭૩૦ પછીની સિદ્ધ થાય છે.[1]

જ્ઞાનભૂષણનો ઉલ્લેખ પ્રત્યેક પ્રકાશના અંતે મળે છે અને અકબરનો પણ ઉલ્લેખ કેટલીય વાર થયો છે.

**ખેટચૂલા :**

આચાર્ય જ્ઞાનભૂષણે 'ખેટચૂલા' નામક ગ્રંથની રચના કરી, એવો ઉલ્લેખ તેમના સ્વરચિત ગ્રંથ 'જ્યોતિપ્રકાશ'માં છે.

**ષષ્ટિસંવત્સરફલ :**

દિગંબરાચાર્ય દુર્ગદેવરચિત 'ષષ્ટિસંવત્સરફલ' નામક સંસ્કૃત ગ્રંથની ૬ પત્રોની પ્રત[2]માં સંવત્સરોનાં ફળનો નિર્દેશ છે.

**લઘુજાતક-ટીકા :**

'પઞ્ચસિદ્ધાન્તિકા' ગ્રંથની શક સં. ૪૨૭ (વિ.સં.૫૬૨)માં રચના કરનાર વરાહમિહિરે 'લઘુજાતક'ની રચના કરી છે. આ હોરાશાખાના 'બૃહજ્જાતક'નું સંક્ષિપ્ત રૂપ છે. ગ્રંથમાં લખ્યું છે :

**होराशास्त्रं वृत्तैर्मया निबद्धं निरीक्ष्य शास्त्राणि ।**
**यत्तस्याप्यार्याभिः सारमहं संप्रवक्ष्यामि ॥**

---

૧. દ્વિતીય પ્રકાશમાં વિ.સં.૧૭૨૫, ૧૭૩૦, ૧૭૩૫, ૧૭૪૦, ૧૭૪૫, ૧૭૫૦, ૧૭૫૫ના પણ ઉલ્લેખો છે. તે અનુસાર વિ.સં.૧૭૫૫ પછી આની રચના સંભવે છે.

૨. આની પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આના પર ખરતરગચ્છીય મુનિ ભક્તિલાભે વિ.સં. ૧૫૭૧માં વિક્રમપુરમાં ટીકાની રચના કરી છે તથા મતિસાગર મુનિએ વિ.સં.૧૬૦૨માં ભાષામાં વચનિકા અને ઉપકેશગચ્છીય ખુશાલસુન્દર મુનિએ વિ.સં.૧૮૩૯માં સ્તબક લખ્યો છે. મુનિ મતિસાગરે આ ગ્રંથ પર વિ.સં.૧૬૦૫માં વાર્તિક રચ્યું છે. લઘુશ્યામસુંદરે પણ 'લઘુજાતક' પર ટીકા લખી છે.

**જાતકપદ્ધતિ-ટીકા :**

શ્રીપતિએ 'જાતકપદ્ધતિ'ની રચના લગભગ વિ.સં.૧૧૦૦માં કરી છે. આના પર અંચલગચ્છીય હર્ષરત્નના શિષ્ય મુનિ સુમતિહર્ષે વિ.સં.૧૬૭૩માં પદ્માવતીપત્તનમાં 'દીપિકા' નામક ટીકાની રચના કરી છે. આચાર્ય જિનેશ્વરસૂરિએ પણ આ ગ્રંથ પર ટીકા લખી છે.

સુમતિહર્ષે 'બૃહત્પર્વમાલા' નામક જ્યોતિષ-ગ્રંથની પણ રચના કરી છે. તેમણે તાજિકસાર, કરણકુતૂહલ અને હોરામકરન્દ નામક ગ્રંથો પર પણ ટીકાઓ રચી છે.

**તાજિકસાર-ટીકા :**

'તાજિક' શબ્દની વ્યાખ્યા કરતાં કોઈ વિદ્વાને આ મુજબ બતાવ્યું છે : **यवनाचार्येण पारसीकभाषया ज्योतिषशास्त्रैकदेशरूपं वार्षिकादिनानाविध-फलादेशफलकशास्त्रं ताजिकशब्दवाच्यम् ।**

આનો અભિપ્રાય એવો છે કે જે સમયે મનુષ્યના જન્મકાલીન સૂર્યની જેવો સૂર્ય હોય છે અર્થાત્ જ્યારે તેના આયુષ્યનું કોઈ પણ સૌર વર્ષ સમાપ્ત થઈને બીજું સૌર વર્ષ બેસે છે તે સમયના લગ્ન અને ગ્રહ-સ્થિતિ દ્વારા મનુષ્યને તે વર્ષમાં થનાર સુખ-દુઃખનો નિર્ણય જે પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે તેને 'તાજિક' કહે છે.

ઉપર્યુક્ત વ્યાખ્યાથી એમ પણ ચોક્કસપણે જાણી શકાય છે કે આ તાજિકશાખા મુસલમાનો પાસેથી આવી છે. શક-સં. ૧૨૦૦ પછી આ દેશમાં મુસલમાની રાજ્ય હોવાથી આપણે ત્યાં તાજિક-શાખાનું પ્રચલન થયું. આનો અર્થ માત્ર એટલો જ છે કે વર્ષ-પ્રવેશકાલીન લગ્ન દ્વારા ફલાદેશ કહેવાની કલ્પના અને કેટલાક પારિભાષિક શબ્દો યવનો પાસેથી લેવામાં આવ્યા. જન્મકુંડળી અને તેના ફળના નિયમો તાજિકમાં પ્રાયઃ જાતકસદૃશ છે અને તે આપણા જ છે એટલે કે આ ભારત દેશના જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હરિભટ્ટ નામક વિદ્વાને 'તાજિકસાર' નામક ગ્રંથની રચના વિ.સં.૧૫૮૦ની આસપાસ કરી છે. હરિભટ્ટને હરિભદ્ર નામથી પણ ઓળખવામાં આવે છે. આ ગ્રંથ પર અંચલગચ્છીય મુનિ સુમતિહર્ષે વિ.સં.૧૬૭૭માં વિષ્ણુદાસ રાજાના રાજ્યકાળમાં ટીકા લખી છે.[1]

**કરણકુતૂહલ-ટીકા :**

જ્યોતિર્ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યે 'કરણકુતૂહલ'ની રચના વિ.સં.૧૨૪૦ આસપાસ કરી છે. તેમનો આ ગ્રંથ કરણ-વિષયક છે. આમાં મધ્યમગ્રહસાધન અહર્ગણ દ્વારા કરવામાં આવ્યું છે. ગ્રંથમાં નિમ્નોક્ત દસ અધિકાર છે : ૧. મધ્યમ, ૨. સ્પષ્ટ, ૩. ત્રિપ્રશ્ન, ૪. ચન્દ્ર-ગ્રહણ, ૫. સૂર્ય-ગ્રહણ, ૬. ઉદયાસ્ત, ૭. શ્રૃંગોન્નતિ, ૮. ગ્રહયુતિ, ૯. પાત અને ૧૦. ગ્રહણસંભવ. કુલ મળીને ૧૩૯ પદ્યો છે. આના પર સોઢલ, નાર્મદાત્મજ પદ્મનાભ, શંકર કવિ વગેરેની ટીકાઓ છે.

આ 'કરણકુતૂહલ' પર અંચલગચ્છીય હર્ષરત્ન મુનિના શિષ્ય સુમતિહર્ષ મુનિએ વિ.સં.૧૬૭૮માં હેમાદ્રિના રાજ્યમાં 'ગણકકુમુદકૌમુદી' નામક ટીકા રચી છે. તેમાં તેમણે લખ્યું છે :

करणकुतूहलवृत्तावेतस्यां सुमतिहर्षरचितायाम् ।
गणककुमुदकौमुद्यां विवृता स्फुटता हि खेटानाम् ॥

આ ટીકાના ગ્રન્થાગ્ર ૧૮૫૦ શ્લોક છે.[2]

**જ્યોતિર્વિદાભરણ-ટીકા :**

'જ્યોતિર્વિદાભરણ' નામક જ્યોતિષશાસ્ત્રનો ગ્રંથ 'રઘુવંશ' વગેરે કાવ્યોના કર્તા કવિ કાલિદાસની રચના છે એવું ગ્રંથમાં લખ્યું છે, પરંતુ આ કથન યોગ્ય નથી. આમાં ઐન્દ્રયોગનો તૃતીય અંશ વ્યતીત થવા પર સૂર્ય-ચન્દ્રમાનું ક્રાંતિસામ્ય બતાવવામાં આવ્યું છે, આનાથી આનો રચનાકાળ શક-સં. ૧૧૬૪ (વિ.સં.૧૨૯૯) નિશ્ચિત થાય છે. આથી રઘુવંશાદિ કાવ્યોના નિર્માતા કાલિદાસ આ ગ્રંથના કર્તા ના હોઈ શકે. આ કોઈ બીજા જ કાલિદાસ હોવા જોઈએ. એક વિદ્વાને તો આ 'જ્યોતિર્વિદાભરણ' ગ્રંથ ૧૬મી શતાબ્દીનો હોવાનો નિર્ણય કર્યો છે. આ ગ્રંથ મુહૂર્તવિષયક છે.

---

૧. આ ટીકા-ગ્રંથ મૂળ સાથે વેંકટેશ્વર પ્રેસ, મુંબઈથી પ્રકાશિત થયો છે.

૨. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના સંગ્રહમાં આની ૨૯ પત્રોની પ્રતિ છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આના પર પૂર્ણિમાગચ્છના ભાવરત્ને (ભાવપ્રભસૂરિ) સન્ ૧૭૧૨માં સુબોધિની-વૃત્તિ રચી છે. આ હજી સુધી અપ્રકાશિત છે.

**મહાદેવીસારણી ટીકા :**

મહાદેવ નામક વિદ્વાને 'મહાદેવીસારણી' નામક ગ્રહસાધન-વિષયક ગ્રંથની શક સં. ૧૨૩૮ (વિ.સં.૧૩૭૩)માં રચના કરી છે. કર્તાએ લખ્યું છે :

**चक्रेश्वरारब्धनभश्चराशुसिद्धिं महादेव ऋ षींश्च नत्वा ।**

આનાથી અનુમાન થાય છે કે ચક્રેશ્વર નામક જ્યોતિષીના આરંભ કરેલા આ અપૂર્ણ ગ્રંથને મહાદેવે પૂર્ણ કર્યો. મહાદેવ પદ્મનાભ બ્રાહ્મણના પુત્ર હતા. તેઓ ગોદાવરી તટની નજીક રાસિણ ગામના નિવાસી હતા પરંતુ તેમના પૂર્વજોનું મૂળ સ્થાન ગુજરાતસ્થિત સૂરતની નજીકનો પ્રદેશ હતો.

આ ગ્રંથમાં લગભગ ૪૩ પદ્યો છે. તેમાં માત્ર મધ્યમ અને સ્પષ્ટ ગ્રહોનું સાધન છે. ક્ષેપક મધ્યમ-મેષસંક્રાંતિકાલીન છે અને અહર્ગણ દ્વારા મધ્યમ ગ્રહસાધન કરવા માટે સારણીઓ બનાવી છે.

जैन साईट JAINSITE

આ ગ્રંથ પર અંચલગચ્છીય મુનિ ભોજરાજના શિષ્ય મુનિ ધનરાજે દીપિકા-ટીકાની રચના વિ.સં.૧૬૯૨માં પદ્માવતીપત્તનમાં કરી છે.[1] ટીકામાં સિરોહીનું દેશાંતર સાધન કર્યું છે. ટીકાનું પ્રમાણ ૧૫૦૦ શ્લોક છે. 'જિનરત્નકોશ' અનુસાર મુનિ ભુવનરાજે આના પર ટિપ્પણ લખ્યું છે. મુનિ તત્ત્વસુન્દરે આ ગ્રંથ પર વિવૃતિ રચી છે. કોઈ અજ્ઞાત વિદ્વાને પણ આના પર ટીકા લખી છે.

**વિવાહપટલ-બાલાવબોધ :**

અજ્ઞાતકર્તૃક 'વિવાહપટલ' પર નાગોરી-તપાગચ્છીય આચાર્ય હર્ષકીર્તિસૂરિએ 'બાલાવબોધ' નામથી ટીકા રચી છે.

આચાર્ય સોમસુન્દરસૂરિના શિષ્ય અમરમુનિએ 'વિવાહપટલ' પર 'બોધ' નામથી ટીકા રચી છે.

મુનિ વિદ્યાહેમે વિ.સં.૧૮૭૩માં 'વિવાહપટલ' પર 'અર્થ' નામથી ટીકા રચી છે.

---

૧. આ ટીકાની પ્રતિ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના સંગ્રહમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગ્રહલાઘવ-ટીકા :**

ગણેશ નામક વિદ્વાને 'ગ્રહલાઘવ'ની રચના કરી છે. તેઓ ખૂબ મોટા જ્યોતિષી હતા. તેમના પિતાનું નામ હતું કેશવ અને માતાનું નામ હતું લક્ષ્મી. તેઓ સમુદ્રતટવર્તી નાંદગાંવના નિવાસી હતા. સોળમી સદીના ઉત્તરાર્ધમાં તેઓ વિદ્યમાન હતા.

ગ્રહલાઘવની વિશેષતા એ છે કે તેમાં જ્યાચાપનો સંબંધ બિલકુલ નથી રાખવામાં આવ્યો તેથી સ્પષ્ટ સૂર્ય લાવવામાં કરણગ્રંથોથી પણ આ ખૂબ સૂક્ષ્મ છે. આ ગ્રંથ નિમ્નલિખિત ૧૪ અધિકારોમાં વિભક્ત છે : ૧. મધ્યમાધિકાર, ૨. સ્પષ્ટાધિકાર, ૩. પંચતારાધિકાર, ૪. ત્રિપ્રશ્ન, ૫. ચન્દ્રગ્રહણ, ૬. સૂર્યગ્રહણ, ૭. માસગ્રહણ, ૮. સ્થૂલગ્રહસાધન, ૯. ઉદયાસ્ત, ૧૦. છાયા, ૧૧. નક્ષત્ર-છાયા, ૧૨. શૃંગોન્નતિ, ૧૩. ગ્રહયુતિ અને ૧૪. મહાપાત. બધા મળીને આમાં ૧૮૭ શ્લોકો છે.

આ 'ગ્રહલાઘવ' ગ્રંથ પર ચારિત્રસાગરના શિષ્ય કલ્યાણસાગરના શિષ્ય યશસ્વત્સાગરે (જસવંતસાગરે) વિ.સં.૧૭૬૦માં ટીકા રચી છે.

આ 'ગ્રહલાઘવ' પર રાજસોમ મુનિએ ટિપ્પણ લખ્યું છે.

મુનિ યશસ્વત્સાગરે જૈનસપ્તપદાર્થી (સં.૧૭૫૭), પ્રમાણવાદાર્થ (સં.૧૭૫૯), ભાવસપ્તતિકા (સં.૧૭૪૦), યશોરાજપદ્ધતિ (સં.૧૭૬૨), વાદાર્થનિરૂપણ, સ્યાદ્વાદમુક્તાવલી, સ્તવનરત્ન વગેરે ગ્રંથ રચ્યા છે.

**ચન્દ્રાર્કી-ટીકા :**

મોઢ દિનકરે 'ચન્દ્રાર્કી' નામક ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં ૩૩ શ્લોકો છે, સૂર્ય અને ચન્દ્રમાનું સ્પષ્ટીકરણ છે. ગ્રંથમાં આરંભ વર્ષ શક સં. ૧૫૦૦ છે.

આ 'ચન્દ્રાર્કી' ગ્રંથ પર તપાગચ્છીય મુનિ કૃપાવિજયજીએ ટીકા રચી છે.

**ષટ્પઞ્ચાશિકા-ટીકા :**

પ્રસિદ્ધ જ્યોતિર્વિદ્ વરાહમિહિરના પુત્ર પૃથુયશે 'ષટ્પઞ્ચાશિકા'ની રચના કરી છે. આને જાતકનો પ્રામાણિક ગ્રંથ ગણવામાં આવે છે. આમાં ૫૬ શ્લોક છે. આ 'ષટ્પઞ્ચાશિકા' પર ભટ્ટ ઉત્પલની ટીકા છે.

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથ પર ખરતરગચ્છીય લબ્ધિવિજયના શિષ્ય મહિમોદય મુનિએ એક ટીકા લખી છે. તેમણે વિ.સં. ૧૭૨૨માં જ્યોતિષ્રત્નાકર, પચ્ચાંગાનયનવિધિ, ગણિતસાઠસો વગેરે ગ્રંથ પણ રચ્યા છે.

**ભુવનદીપક-ટીકા :**

પંડિત હરિભટ્ટે લગભગ વિ.સં.૧૫૭૦માં 'ભુવનદીપક' ગ્રંથની રચના કરી છે.

આ 'ભુવનદીપક' પર ખરતરગચ્છીય મુનિ લક્ષ્મીવિજયે વિ.સં.૧૭૬૭માં ટીકા રચી છે.

**ચમત્કારચિન્તામણિ-ટીકા :**

રાજર્ષિ ભટ્ટે 'ચમત્કારચિન્તામણિ' ગ્રંથની રચના કરી છે. આમાં મુહૂર્ત અને જાતક બંને અંગોના વિષયમાં ઉપયોગી વાતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ 'ચમત્કારચિન્તામણિ' ગ્રંથ પર ખરતરગચ્છીય મુનિ પુણ્યહર્ષના શિષ્ય અભયકુશલે લગભગ વિ.સં. ૧૭૩૭માં બાલાવબોધિની-વૃત્તિની રચના કરી છે.

મુનિ મતિસાગરે વિ.સં.૧૮૨૭માં આ ગ્રંથ પર 'ટબા'ની રચના કરી છે.

**હોરામકરન્દ-ટીકા :**

અજ્ઞાતકર્તૃક 'હોરામકરન્દ' નામક ગ્રંથ પર મુનિ સુમતિહર્ષે લગભગ વિ.સં.૧૬૭૮માં ટીકા રચી છે.

**વસન્તરાજશાકુન-ટીકા :**

વસન્તરાજ નામક વિદ્વાને શકુનવિષયક એક ગ્રંથની રચના કરી છે. આને 'શકુન-નિર્ણય' અથવા 'શકુનાર્ણવ' કહે છે.

આ ગ્રંથ પર ઉપાધ્યાય ભાનુચન્દ્રગણિએ ૧૭મી સદીમાં ટીકા લખી છે.[1]

—★—

૧. આ વેંકટેશ્વર પ્રેસ, મુંબઈથી પ્રકાશિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દસમું પ્રકરણ

# શકુન

**શકુનરહસ્ય :**

વિ.સં. ૧૨૭૦માં 'વિવેકવિલાસ'ની રચના કરનાર વાયડગચ્છીય જિનદત્તસૂરિએ 'શકુનરહસ્ય' નામક શકુનશાસ્ત્રવિષયક ગ્રંથની રચના કરી છે. આચાર્ય જિનદત્તસૂરિ 'કવિશિક્ષા' નામક ગ્રંથની રચના કરનાર આચાર્ય અમરચન્દ્રસૂરિના ગુરુ હતા.

'શકુનરહસ્ય' નવ પ્રસ્તાવોમાં વિભક્ત પદ્યાત્મક કૃતિ છે. આમાં સંતાનના જન્મ, લગ્ન અને શયનસંબંધી શકુન, પ્રભાતમાં જાગ્રત હોવાના સમયનાં શકુન, દાતણ અને સ્નાન કરવાનાં શકુન, પરદેશ જવાના સમયનાં શકુન અને નગરમાં પ્રવેશ કરવાનાં શકુન, વર્ષા-સંબંધી પરીક્ષા, વસ્તુના મૂલ્યમાં વૃદ્ધિ અને ઘટ, મકાન બનાવવા માટે જમીનની પરીક્ષા, જમીન ખોદતાં નીકળેલી વસ્તુનાં ફળ, સ્ત્રીને ગર્ભ નહીં રહેવાનાં કારણો, સંતાનોનાં અપમૃત્યુવિષયક ચર્ચા, મોતી, હીરા વગેરે રત્નોના પ્રકાર અને તદનુસાર તેમનાં શુભાશુભ ફળ વગેરે વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.[1]

**શકુનશાસ્ત્ર :**

'શકુનશાસ્ત્ર'—જેનું બીજું નામ 'શકુનસારોદ્ધાર' છે—ની વિ.સં. ૧૩૩૮માં આચાર્ય માણિક્યસૂરિએ રચના કરી છે.[2] આ ગ્રંથમાં ૧. દિક્સ્થાન, ૨. ગ્રામ્યનિમિત્ત, ૩. તિત્તિરિ, ૪. દુર્ગા, ૫. લટ્ટાગૃહોલિકાક્ષુત, ૬. વૃક, ૭. રાત્રેય ૮. હરિણ, ૯. ભષણ,

---

૧. પં. હીરાલાલ હંસરાજે સાનુવાદ 'શકુનરહસ્ય'નું 'શકુનશાસ્ત્ર' નામે સન્ ૧૮૯૯માં જામનગરથી પ્રકાશન કર્યું છે.

૨. सारं गरीयः शकुनार्णवेभ्यः पीयूषमेतद् रचयांचकार।
माणिक्यसूरिः स्वगुरुप्रसादाद् यत्पानतः स्याद् विबुधप्रमोदः ॥ ४१ ॥

वसु-वह्नि-वह्नि-चन्द्रेऽब्दे शकयुजि पूर्णिमातिथौ रचितः ।
शकुनानामुद्धारोऽभ्यासवशादस्तु चिद्रूपः ॥ ४२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. મિશ્ર અને અને ૧૧. સંગ્રહ – આ મુજબ ૧૧ વિષયોનું વર્ણન છે. કર્તાએ અનેક શાકુનવિષયક ગ્રંથોના આધારે આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.

**શકુનરત્નાવલિ-કથાકોશ :**

આચાર્ય અભયદેવસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ 'શકુનરત્નાવલિ' નામક ગ્રંથની રચના કરી છે.

**શકુનાવલિ :**

'શકુનાવલિ' નામના ઘણા ગ્રંથો છે.

એક 'શકુનાવલિ'ના કર્તા ગૌતમ મહર્ષિ હતા, એવો ઉલ્લેખ મળે છે.

બીજી 'શકુનાવલિ'ના કર્તા આચાર્ય હેમચન્દ્રસૂરિ માનવામાં આવે છે.

ત્રીજી 'શકુનાવલિ' કોઈ અજ્ઞાત વિદ્વાને રચી છે.

ત્રણેના કર્તાવિષયક ઉલ્લેખો સંદિગ્ધ છે. તે બધી પ્રકાશિત પણ નથી.

**સઉણદાર (શકુનદ્વાર) :**

'સઉણદાર' નામક ગ્રંથ[1] પ્રાકૃત ભાષામાં છે. તે અપૂર્ણ છે. તેમાં કર્તાનું નામ નથી આપવામાં આવ્યું.

**શકુનવિચાર :**

'શકુનવિચાર' નામક કૃતિ[2] ૩ પત્રોની છે. તેની ભાષા અપભ્રંશ છે. તેમાં કોઈ પશુ જમણી કે ડાબી તરફ થઈને નીકળવાનાં શુભાશુભ ફળ વિષયમાં વિચાર કરવામાં આવ્યો છે. આ અજ્ઞાતકર્તૃક રચના છે.

—★—

૧. આ પાટણના ભંડારમાં છે.

૨. આની પ્રતિ પાટણના જૈન ભંડારમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અગિયારમું પ્રકરણ

# નિમિત્ત

**જયપાહુડ :**

'જયપાહુડ'[1] નિમિત્તશાસ્ત્રનો ગ્રંથ છે. તેના કર્તાનું નામ અજ્ઞાત છે. તેને જિનભાષિત કહેવામાં આવ્યું છે. તે ઈસુની ૧૦મી શતાબ્દી પહેલાંની રચના છે. પ્રાકૃતમાં રચાયેલ આ ગ્રંથ અતીત, અનાગત વગેરે સંબંધિત નષ્ટ, મુષ્ટિ, ચિંતા, વિકલ્પ વગેરે અતિશયોનો બોધ કરાવે છે. તેનાથી લાભ-અલાભનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમાં ૩૭૮ ગાથાઓ છે જેમાં સંકટ-વિકટપ્રકરણ, ઉત્તરાધરપ્રકરણ, અભિઘાત, જીવસમાસ, મનુષ્યપ્રકરણ, પક્ષિપ્રકરણ, ચતુષ્પદ, ધાતુપ્રકૃતિ, ધાતુયોનિ, મૂલભેદ, મુષ્ટિવિભાગપ્રકરણ-વર્ણ, ગંધ-રસ-સ્પર્શપ્રકરણ, નષ્ટિકાચક્ર, ચિંતાભેદપ્રકરણ તથા લેખગંડિકાધિકારમાં સંખ્યાપ્રમાણ, કાલપ્રકરણ, લાભગંડિકા, નક્ષત્રગંડિકા, સ્વવર્ગસંયોગકરણ, પરવર્ગસંયોગકરણ, સિંહાવલોકિતકરણ, ગજવિલુલિત, ગુણાકારપ્રકરણ, અસ્ત્રવિભાગપ્રકરણ વગેરે સંબંધી વિવેચન છે.

**નિમિત્તશાસ્ત્ર :**

આ 'નિમિત્તશાસ્ત્ર' નામક ગ્રંથ[2]ના કર્તા છે ઋષિપુત્ર. તેઓ ગર્ગ નામક આચાર્યના પુત્ર હતા. ગર્ગ સ્વયં જ્યોતિષના પ્રકાંડ પંડિત હતા. પિતાએ પુત્રને જ્યોતિષનું જ્ઞાન વારસામાં આપ્યું. આ સિવાય ગ્રંથકર્તા સંબંધે બીજી કંઈ વિગત મળતી નથી. તેઓ ક્યારે થયા, તે પણ જ્ઞાત નથી.

આ ગ્રંથમાં ૧૮૭ ગાથાઓ છે જેમાં નિમિત્તના ભેદ, આકાશ-પ્રકરણ, ચંદ્ર-પ્રકરણ, ઉત્પાત-પ્રકરણ, વર્ષા-ઉત્પાત, દેવ-ઉત્પાતયોગ, રાજ-ઉત્પાતયોગ,

---

૧. આ ગ્રંથ ચૂડામણિસાર-સટીક સાથે સિંઘી જૈન ગ્રંથમાલા, મુંબઈથી પ્રકાશિત થયો છે.

૨. આ પં. લાલારામ શાસ્ત્રી દ્વારા હિંદીમાં અનુવાદિત થઈ વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી, સોલાપુર દ્વારા સન્ ૧૯૪૧માં પ્રકાશિત થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈન્દ્રધનુષ દ્વારા શુભ-અશુભનું જ્ઞાન, ગંધર્વનગરનું ફળ, વિદ્યુલ્લતાયોગ અને મેઘયોગનું વર્ણન છે.

'બૃહત્સંહિતા'ની ભટ્ટોત્પલી ટીકામાં આ આચાર્યનું અવતરણ આપવામાં આવ્યું છે.

**નિમિત્તપાહુડ :**

'નિમિત્તપાહુડ' શાસ્ત્ર દ્વારા કેવલી, જ્યોતિષ અને સ્વપ્ન વગેરે નિમિત્તોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવતું હતું. આચાર્ય ભદ્રેશ્વરે પોતાની 'કહાવલી'માં અને શીલાંકસૂરિએ પોતાની 'સૂત્રકૃતાંગ-ટીકા'માં 'નિમિત્તપાહુડ'નો ઉલ્લેખ કર્યો છે.[1]

**જોણિપાહુડ :**

'જોણિપાહુડ' (યોનિપ્રાભૃત) નિમિત્તશાસ્ત્રનો અતિ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. દિગંબર આચાર્ય ધરસેને આની પ્રાકૃતમાં રચના કરી છે. તેઓ પ્રજ્ઞાશ્રમણ નામથી પણ વિખ્યાત હતા. વિ.સં.૧૫૫૬માં લખવામાં આવેલી 'બૃહટ્ટિપ્પણિકા' નામક ગ્રંથસૂચી અનુસાર વીર-નિર્વાણના ૬૦૦ વર્ષ પછી ધરસેનાચાર્યે આ ગ્રંથની રચના કરી હતી.[2]

કૂષ્માંડી દેવી દ્વારા ઉપદિષ્ટ આ પદ્યાત્મક કૃતિની રચના આચાર્ય ધરસેને પોતાના શિષ્યો પુષ્પદંત અને ભૂતબલિ માટે કરી. આના વિધાનથી જ્વર, ભૂત, શાકિની વગેરે દૂર કરી શકાય છે. આ સમસ્ત નિમિત્તશાસ્ત્રના ઉદ્‌ગમરૂપ છે. સમસ્ત વિદ્યાઓ અને ધાતુવાદના વિધાનનું મૂલભૂત કારણ છે. આયુર્વેદના સારરૂપ છે. આ કૃતિને જાણનાર કલિકાલસર્વજ્ઞ અને ચતુર્વર્ગનો અધિષ્ઠાતા બની શકે છે. બુદ્ધિશાળી લોકો આને સાંભળે છે ત્યારે મંત્ર-તંત્રવાદી મિથ્યાદૃષ્ટિઓનું તેજ નિષ્પ્રભ થઈ જાય છે. આ પ્રમાણે આ કૃતિનો પ્રભાવ વર્ણિત છે. આમાં એક જગ્યાએ કહેવામાં આવ્યું છે કે પ્રજ્ઞાશ્રમણ મુનિએ 'બાલતંત્ર' સંક્ષેપમાં કહ્યું છે.

---

૧. જુઓ -- પ્રો. હીરાલાલ ર. કાપડિયા : પાઈય ભાષાઓ અને સાહિત્ય, પૃ. ૧૬૭-૧૬૮.

૨. योनिप्राभृतं वीरात् ६०० धारसेनम् ।

— બૃહટ્ટિપ્પણિકા, જૈન સાહિત્ય સંશોધક ૧, ૨ : પરિશિષ્ટ;

'ષટ્ખંડાગમ'ની પ્રસ્તાવના, ભા. ૧, પૃ. ૩૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ધવલા-ટીકા'માં ઉલ્લેખ છે કે 'યોનિપ્રાભૃત'માં મંત્ર-તંત્રની શક્તિનું વર્ણન છે અને તેના દ્વારા પુદ્ગલાનુભાગ જાણી શકાય છે. આગમિક વ્યાખ્યાઓના ઉલ્લેખાનુસાર આચાર્ય સિદ્ધસેને 'જોણિપાહુડ'ના આધારે અશ્વ બનાવ્યા હતા. આના બળથી મહિષોને અચેતન કરી શકાતા હતા અને ધન પેદા કરી શકાતું હતું. 'વિશેષાવશ્યક-ભાષ્ય' (ગાથા ૧૭૭૫)ની મલધારી હેમચન્દ્રસૂરિકૃત ટીકામાં અનેક વિજાતીય દ્રવ્યોના સંયોગથી સર્પ, સિંહ વગેરે પ્રાણી અને મણિ, સુવર્ણ વગેરે અચેતન પદાર્થ પેદા કરવાનો ઉલ્લેખ મળે છે. કુવલયમાલાકારના કથનાનુસાર 'જોણિપાહુડ'માં કહેવામાં આવેલી વાતો ક્યારેય અસત્ય નથી હોતી. જિનેશ્વરસૂરિએ પોતાના 'કથાકોશપ્રકરણ'ના સુંદરીદત્તકથાનકમાં આ શાસ્ત્રનો ઉલ્લેખ કર્યો છે.[1] 'પ્રભાવકચરિત' (૫, ૧૧૫-૧૨૭)માં આ ગ્રંથના બળથી માછલી અને સિંહ બનાવવાનો નિર્દેશ છે. કુલમંડનસૂરિ દ્વારા વિ.સં.૧૪૭૩માં રચિત 'વિચારામૃતસંગ્રહ' (પૃ.૯)માં 'યોનિપ્રાભૃત'ને પૂર્વશ્રુતથી ચાલ્યું આવતું સ્વીકારવામાં આવ્યું છે.[1] 'યોનિપ્રાભૃત'માં આ મુજબ ઉલ્લેખ છે :

अग्गेणिपुव्वनिग्गयपाहुडसत्थस्स मज्झयारम्मि ।
किंचि उद्देसदेसं धरसेणो वज्जियं भणइ ॥
गिरिउज्जितठिएण पच्छिमदेसे सुरट्ठगिरिनयरे ।
बुड्डुंतं उद्धरियं दूसमकालप्पयावम्मि ॥
— प्रथम खण्ड

अट्ठावीससहस्सा गाहाणं जत्थ वन्निया सत्थे ।
अग्गेणिपुव्वमज्झे संखेवं वित्थरे मुत्तुं ॥
— चतुर्थ खण्ड

આ કથનથી જ્ઞાત થાય છે કે અગ્રાયણીય પૂર્વનો કેટલોક અંશ લઈ ધરસેનાચાર્યે આ ગ્રંથનો ઉદ્ધાર કર્યો. આમાં પહેલાં અઠ્યાવીસ હજાર ગાથાઓ હતી, તેમને જ સંક્ષિપ્ત કરી 'યોનિપ્રાભૃત'માં મૂકી છે.[3]

---

૧. जिणभासियपुव्वगए जोणीपाहुडसुए समुद्दिट्ठं ।
एयंपि संचकज्जे कायव्वं धीरपुरिसेहिं ॥

૨. જુઓ — હીરાલાલ ૨. કાપડિયા : આગમોનું દિગ્દર્શન, પૃ. ૨૩૪-૨૩૫.

૩. આ અપ્રકાશિત ગ્રંથની હસ્તલિખિત પ્રત ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટ, પૂનામાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રિટ્ઠસમુચ્ચય (રિષ્ટસમુચ્ચય) :**

'રિટ્ઠસમુચ્ચય'ના કર્તા આચાર્ય દુર્ગદેવ દિગંબર સંપ્રદાયના વિદ્વાન હતા. તેમણે વિ.સં.૧૦૮૯ (ઈસ્વીસન ૧૦૩૨)માં કુમ્ભનગર (કુંભેરગઢ, ભરતપુર)માં જ્યારે લક્ષ્મીનિવાસ રાજાનું રાજ્ય હતું ત્યારે આ ગ્રંથ સમાપ્ત કર્યો હતો. દુર્ગદેવના ગુરુનું નામ સંજંમદેવ હતું. તેમણે પ્રાચીન આચાર્યોની પરંપરાથી આગત 'મરણકરંડિયા'ના આધારે 'રિષ્ટસમુચ્ચય'માં રિષ્ટોનો એટલે કે મરણ-સૂચક અનિષ્ટ ચિહ્નોનો ઊહાપોહ કર્યો છે. તેમાં કુલ ૨૬૧ ગાથાઓ છે, જે મુખ્યત્વે શૌરસેની પ્રાકૃતમાં લખવામાં આવી છે.

આ ગ્રંથમાં ૧. પિંડસ્થ, ૨. પદસ્થ અને ૩. રૂપસ્થ — આ ત્રણ પ્રકારના રિષ્ટ બતાવવામાં આવ્યા છે. જેમાં આંગળીઓ તૂટતી જણાય, નેત્ર સ્તબ્ધ થઈ જાય, શરીર વિવર્ણ બની જાય, નેત્રોમાંથી સતત જળ વહ્યા કરે એવી ક્રિયાઓ પિંડસ્થરિષ્ટ માનવામાં આવે છે. જેમાં ચન્દ્ર અને સૂર્યનાં વિવિધ રૂપો દેખાય, દીપક-શિખાનાં અનેક રૂપો દેખાય, દિવસનો રાત્રિ સમાન અને રાત્રિનો દિવસ સમાન આભાસ થાય એવી ક્રિયાઓને પદસ્થરિષ્ટ કહેવામાં આવી છે. જેમાં પોતાની ખુદની છાયા જોઈ ન શકાય એવી ક્રિયાને રૂપસ્થરિષ્ટ માનવામાં આવી છે.

ત્યાર પછી સ્વપ્નવિષયક વર્ણન છે. સ્વપ્નના એક દેવેન્દ્રકથિત અને બીજો સહજ — આ બે પ્રકારો માનવામાં આવ્યા છે. દુર્ગદેવે 'મરણકંડી'નું પ્રમાણ આપતાં આ પ્રમાણે કહ્યું છે :

**न हु सुणइ सतणुसद्दं दीवयगंधं च णेव गिण्हेइ ।**
**जो जियइ सत्तदियहे इय कहिअं मरणकंडीए ॥ १३९ ॥**

અર્થાત્ જે પોતાના શરીરનો શબ્દ નથી સાંભળતો અને જેને દીપકની ગંધ નથી આવતી તે સાત દિવસ સુધી જીવે છે, એવું 'મરણકંડી'માં કહેવામાં આવ્યું છે.

પ્રશ્નારિષ્ટના ૧. અંગુલી-પ્રશ્ન, ૨. અલક્તક-પ્રશ્ન, ૩. ગોરોચના-પ્રશ્ન, ૪. પ્રશ્નાક્ષર-પ્રશ્ન, ૫. શકુનપ્રશ્ન, ૬. અક્ષર-પ્રશ્ન, ૭. હોરા-પ્રશ્ન અને ૮. જ્ઞાનપ્રશ્ન — આ આઠ ભેદ બતાવીને તેમનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રશ્નારિષ્ટનો અર્થ બતાવતાં આચાર્યે કહ્યું છે કે મંત્રોચ્ચારણ પછી પ્રશ્ન કરનાર પાસે પ્રશ્ન કરાવવો જોઈએ, પ્રશ્નના અક્ષરોને બમણા કરવા જોઈએ અને માત્રાઓને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારગણી કરવી જોઈએ તથા તેનું જે યોગફળ આવે તેને સાત વડે ભાગવું જોઈએ. જો કંઈ શેષ રહે તો રોગી સારો થશે.[1]

**પણ્હાવાગરણ (પ્રશ્નવ્યાકરણ) :**

'પણ્હાવાગરણ' નામક દસમા અંગ આગમથી ભિન્ન આ નામનો એક ગ્રંથ નિમિત્તવિષયક છે, જે પ્રાકૃતભાષામાં ગાથાબદ્ધ છે. તેમાં ૪૫૦ ગાથાઓ છે. તેની તાડ-પત્રીય પ્રતિ પાટણના ગ્રંથભંડારમાં છે. તેના અંતે 'લીલાવતી' નામક ટીકા પણ (પ્રાકૃતમાં) છે.

આ ગ્રંથમાં નિમિત્તના બધા અંગોનું નિરૂપણ નથી. માત્ર જાતકવિષયક પ્રશ્નવિદ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રશ્નકર્તાના પ્રશ્નના અક્ષરો ઉપરથી જ ફલાદેશ બતાવી દેવામાં આવે છે. આમાં સમસ્ત પદાર્થોને જીવ, ધાતુ અને મૂલ — આ ત્રણ ભેદોમાં વિભાજિત કરવામાં આવ્યા છે તથા પ્રશ્નો દ્વારા નિર્ણય કરવા માટે અવર્ગ, કવર્ગ વગેરે નામોથી પાંચ વર્ગોમાં નવ-નવ અક્ષરોના સમૂહોમાં વહેંચવામાં આવ્યા છે. આનાથી આ વિદ્યા વર્ગકેવલીના નામથી ઓળખાય છે. ચૂડામણિશાસ્ત્રમાં પણ આ જ પદ્ધતિ છે.

આ ગ્રંથ પર ત્રણ અન્ય ટીકાઓ હોવાનો ઉલ્લેખ મળે છે : ૧. ચૂડામણિ, ૨. દર્શનજ્યોતિ જે લીંબડી-ભંડારમાં છે અને ૩. એક ટીકા જેસલમેરભંડારમાં વિદ્યમાન છે.

આ ગ્રંથ હજી સુધી પ્રકાશિત નથી થયો.

**સાણરુય (શ્વાનરુત) :**

'સાણરુય' નામક ગ્રંથ[2]ના કર્તાનું નામ અજ્ઞાત છે પરંતુ મંગલાચરણમાં 'नमिऊण जिणेसरं महावीरं' ઉલ્લેખ હોવાથી કોઈ જૈનાચાર્યની રચના હોવાનો નિશ્ચય થાય છે. આમાં બે પ્રકરણ છે : ગમનાગમન-પ્રકરણ (૨૦ ગાથાઓમાં) અને જીવિત-મરણપ્રકરણ (૧૦ ગાથાઓમાં). આ ગ્રંથમાં કૂતરાના ભિન્ન-ભિન્ન અવાજોના આધારે ગમન-આગમન, જીવન-મરણ વગેરે વાતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

---

૧. આ ગ્રંથ ડૉ. એ. એસ. ગોપાણી દ્વારા સંપાદિત થઈ સિંધી જૈન ગ્રંથમાલા, મુંબઈથી સન્ ૧૯૪૫માં પ્રકાશિત થયો છે.

૨. આની હસ્તલિખિત પ્રત પાટણના ભંડારમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સિદ્ધાદેશ :**

'સિદ્ધાદેશ' નામક કૃતિ સંસ્કૃત ભાષામાં ૬ પત્રોમાં છે. આની પ્રત પાટણના ભંડારમાં છે. આના કર્તાનું નામ જ્ઞાત નથી. આમાં વૃષ્ટિ, વાયુ અને વીજળીના શુભાશુભ વિષયોનો વિચાર કરવામાં આવ્યો છે.

**ઉવસ્સુઈદાર (ઉપશ્રુતિદ્વાર) :**

'ઉવસ્સુઈદાર' નામક ૩ પત્રોની પ્રાકૃત ભાષાની કૃતિ પાટણના જૈન ગ્રંથ-ભંડારમાં છે. કર્તાનું નામ નિર્દિષ્ટ નથી. આમાં સાંભળવામાં આવેલા શબ્દોના આધારે શુભાશુભ ફળોનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**છાયાદાર (છાયાદ્વાર) :**

કોઈ અજ્ઞાતનામ વિદ્વાન દ્વારા પ્રાકૃત ભાષામાં રચવામાં આવેલી 'છાયાદાર' નામક ૨ પત્રોની ૧૨૩ ગાથાત્મક કૃતિ હજી સુધી પ્રકાશિત નથી થઈ. પ્રત પાટણના જૈન ભંડારમાં છે. આમાં છાયાના આધારે શુભ-અશુભ ફળોનો વિચાર કરવામાં આવ્યો છે.

**નાડીદાર (નાડીદ્વાર) :**

કોઈ અજ્ઞાતનામ વિદ્વાન દ્વારા રચવામાં આવેલી 'નાડીદાર' નામક પ્રાકૃત ભાષાની ૪ પત્રોની કૃતિ પાટણના જૈન ભંડારમાં વિદ્યમાન છે. આમાં ઇડા, પિંગળા અને સુષુમ્ણા નામની નાડીઓ વિશે વિચાર કરવામાં આવ્યો છે.

**નિમિત્તદાર (નિમિત્તદ્વાર) :**

'નિમિત્તદાર' નામક પ્રાકૃત ભાષાની ૪ પત્રોની કૃતિ કોઈ અજ્ઞાતનામ વિદ્વાને રચી છે. પ્રત પાટણના ગ્રંથ-ભંડારમાં છે. આમાં નિમિત્તવિષયક વિવરણ છે.

**રિટ્ઠદાર (રિષ્ટદ્વાર) :**

'રિટ્ઠદાર' નામક પ્રાકૃત ભાષાની ૭ પત્રોની કૃતિ કોઈ અજ્ઞાત વિદ્વાન દ્વારા રચવામાં આવી છે. પ્રત પાટણના ભંડારમાં છે. આમાં ભવિષ્યમાં થનારી ઘટનાઓનો — જીવન-મરણના ફળાદેશનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

**પિપીલિયાનાણ (પિપીલિકાજ્ઞાન) :**

કોઈ જૈનાચાર્ય દ્વારા રચવામાં આવેલી 'પિપીલિયાનાણ' નામની પ્રાકૃતભાષાની ૪ પત્રોની કૃતિ પાટણના જૈન ભંડારમાં છે. આમાં કયા રંગની કીડીઓ કયા સ્થાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરફ જાય છે, તે જોઈ ભવિષ્યમાં થનારી શુભાશુભ ઘટનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

**પ્રણષ્ટલાભાદિ :**

'પ્રણષ્ટલાભાદિ' નામક પ્રાકૃત ભાષામાં રચવામાં આવેલી ૫ પત્રોની પ્રત પાટણના જૈન ભંડારમાં છે. મંગલાચરણમાં 'સિદ્ધે, જિણે' વગેરે શબ્દોનો પ્રયોગ હોવાથી આ કૃતિ જૈનાચાર્યરચિત હોવાનો નિર્ણય થાય છે. આમાં ગતવસ્તુલાભ, બંધ-મુક્તિ અને રોગવિષયક ચર્ચા છે. જીવન અને મરણસંબંધી વિચાર પણ કરવામાં આવ્યો છે.

**નાડીવિયાર (નાડીવિચાર) :**

કોઈ અજ્ઞાત વિદ્વાન દ્વારા પ્રાકૃતમાં રચવામાં આવેલી 'નાડીવિચાર' નામક કૃતિ પાટણના જૈન ભંડારમાં છે. આમાં કોઈ કાર્યમાં ડાબી કે જમણી નાડી શુભ કે અશુભ છે, તેનો વિચાર કરવામાં આવ્યો છે.

**મેઘમાલા :**

અજ્ઞાત ગ્રંથકાર દ્વારા પ્રાકૃત ભાષામાં રચાયેલી ૩૨ ગાથાઓની 'મેઘમાલા' નામની કૃતિ પાટણના જૈન-ભંડારમાં છે. તેમાં નક્ષત્રોના આધારે વર્ષાના ચિહ્નો અને તેના આધારે શુભ-અશુભ ફળોની ચર્ચા છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**છીંકવિચાર :**

'છીંકવિચાર' નામક કૃતિ પ્રાકૃત ભાષામાં છે. લેખકનું નામ નિર્દિષ્ટ નથી. તેમાં છીંકના શુભ-અશુભ ફળો વિશે વર્ણન છે. તેની પ્રત પાટણના ભંડારમાં છે.

પ્રિયંકરનૃપકથા (પૃ. ૬-૭)માં કોઈ પ્રાકૃત ગ્રંથનું અવતરણ આપતાં પ્રત્યેક દિશા અને વિદિશામાં છીંકનું ફળ બતાવવામાં આવ્યું છે.

**સિદ્ધપાહુડ (સિદ્ધપ્રાભૃત) :**

જે ગ્રંથમાં અંજન, પાદલેપ, ગુટિકા વગેરેનું વર્ણન હતું તે 'સિદ્ધપાહુડ' ગ્રંથ આજે અપ્રાપ્ય છે.

પાદલિપ્તસૂરિ અને નાગાર્જુન પાદલેપ કરી આકાશમાર્ગે વિચરણ કરતા હતા. આર્ય સુસ્થિતસૂરિના બે ક્ષુલ્લક શિષ્ય આંખોમાં અંજન લગાવી અદૃશ્ય થઈ દુષ્કાળમાં ચંદ્રગુપ્ત રાજા સાથે બેસી ભોજન કરતા હતા. 'સમરાઇચ્ચકહા' (ભવ ૬, પત્ર ૫૨૧)માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંડરુદ્રનું કથાનક આવે છે. તે 'પરદિટ્ઠિમોહિણી' નામક ચોરગુટિકાને પાણીમાં ઘસી આંખોમાં આંજતો હતો, જેનાથી અદશ્ય લક્ષ્મી પ્રગટ થઈ જતી હતી.

આર્ય સમિતસૂરિએ યોગચૂર્ણથી નદીનો પ્રવાહ રોકી બ્રહ્મદ્વીપના પાંચસો તાપસોને પ્રતિબોધ આપ્યો હતો. આવા જે અંજન, પાદલેપ અને ગુટિકાનાં દૃષ્ટાંત મળે છે તે 'સિદ્ધપાહુડ'માં નિર્દિષ્ટ વાતોનો પ્રભાવ હતો.

**પ્રશ્નપ્રકાશ :**

'પ્રભાવકચરિત' (શ્રૃંગ ૫, શ્લો. ૩૪૭)ના કથનાનુસાર 'પ્રશ્નપ્રકાશ' નામક ગ્રંથના કર્તા પાદલિપ્તસૂરિ હતા. આગમોની ચૂર્ણિઓને જોવાથી જણાય છે કે પાદલિપ્તસૂરિએ 'કાલજ્ઞાન' નામક ગ્રંથની રચના કરી હતી.

આચાર્ય પાદલિપ્તસૂરિએ 'ગાહાજુઅલેણ'થી શરૂ થનાર 'વીરથય'ની રચના કરી છે અને તેમાં સુવર્ણસિદ્ધિ તથા વ્યોમસિદ્ધિ (આકાશગામિની વિદ્યા)નું વિવરણ ગુપ્ત રીતે આપ્યું છે. આ સ્તવ પ્રકાશિત છે.

પાદલિપ્તસૂરિ સંગમસિંહના શિષ્ય વાચનાચાર્ય મંડનગણિના શિષ્ય હતા. સ્કંદિલાચાર્યના તેઓ ગુરુ હતા. 'કલ્પચૂર્ણિ'માં તેમને વાચક બતાવવામાં આવ્યા છે. હરિભદ્રસૂરિએ 'આવસ્સયણિજ્જુત્તિ' (ગા. ૯૪૪)ની ટીકામાં વૈનયિકી બુદ્ધિનું ઉદાહરણ આપતાં પાદલિપ્તસૂરિનો ઉલ્લેખ કર્યો છે.

**વગ્ગકેવલી (વર્ગકેવલી) :**

વારાણસી-નિવાસી વાસુકિ નામક એક જૈન શ્રાવક 'વગ્ગકેવલી' નામક ગ્રંથ લઈ યાકિનીધર્મસૂનુ આચાર્ય હરિભદ્રસૂરિની પાસે આવ્યો હતો. ગ્રંથ લઈ આચાર્યશ્રીએ તેની પર ટીકા લખી હતી. પછીથી આવા રહસ્યમય ગ્રંથનો દુરુપયોગ થવાની સંભાવનાથી આચાર્યશ્રીએ તે ટીકા-ગ્રંથ નષ્ટ કરી દીધો, એવો ઉલ્લેખ 'કહાવલી'માં છે.

**નરપતિજયચર્યા :**

'નરપતિજયચર્યા'ના કર્તા ધારાનિવાસી આમ્રદેવના પુત્ર જૈન ગૃહસ્થ નરપતિ છે. તેમણે વિ.સં.૧૨૩૨માં જ્યારે અણહિલ્લપુરમાં અજયપાલનું શાસન હતું ત્યારે આ કૃતિ આશાપલ્લીમાં રચી હતી.

કર્તાએ આ ગ્રંથમાં માતૃકા વગેરે સ્વરોના આધાર પર શુકન જોવાની અને મુખ્યત્વે માંત્રિક યંત્રો દ્વારા યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા માટે શુકન જોવાની વિધિઓનું વર્ણન કર્યું

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આમાં બ્રહ્મયામલ વગેરે સાત યામલોનો ઉલ્લેખ તથા ઉપયોગ કરવામાં આવ્યો છે. વિષયનો મર્મ ૮૪ ચક્રોના નિદર્શન દ્વારા સુસ્પષ્ટ કરી આપવામાં આવ્યો છે.

તાંત્રિકોમાં પ્રચલિત મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે ષટ્કર્મો તથા મંત્રોનો પણ આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[1]

**નરપતિજયચર્યા-ટીકા :**

હરિવંશ નામક કોઈ જૈનેતર વિદ્વાને 'નરપતિજયચર્યા' પર સંસ્કૃતમાં ટીકા રચી છે. ક્યાંક-ક્યાંક હિંદી ભાષા અને હિંદી પદ્યોનાં અવતરણો પણ આપ્યા છે. આ ટીકા આધુનિક છે. કદાચ ૪૦-૫૦ વર્ષ પહેલાં લખવામાં આવી હશે.

**હસ્તકાંડ :**

'હસ્તકાંડ' નામક ગ્રંથની રચના આચાર્ય ચન્દ્રસૂરિના શિષ્ય પાર્શ્વચન્દ્રે ૧૦૦ પદ્યોમાં કરી છે. પ્રારંભમાં વર્ધમાન જિનેશ્વરને નમસ્કાર કરી ઉત્તર અને અધર-સંબંધી પરિભાષા બતાવી છે. ત્યાર પછી લાભ-હાનિ, સુખ-દુઃખ, જીવિત-મરણ, ભૂભંગ (જમીન અને છત્રનું પતન), મનોગત વિચાર, વર્ણોનો ધર્મ, સંન્યાસી વગેરેનો ધર્મ, દિશા, દિવસ વગેરેનો કાલ-નિર્ણય, અર્ઘકાંડ, ગર્ભસ્થ સંતાનનો નિર્ણય, ગમનાગમન, વૃષ્ટિ અને શલ્યોદ્ધાર વગેરે વિષયોની ચર્ચા છે. આ ગ્રંથ અનેક ગ્રંથોના આધારે રચવામાં આવ્યો છે.[2]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**મેઘમાલા :**

હેમપ્રભસૂરિએ 'મેઘમાલા' નામક ગ્રંથ વિ.સં.૧૩૦૫ આસપાસમાં રચ્યો છે. આમાં દશગર્ભનું બલવિશોધક, જલમાન, વાતસ્વરૂપ, વિદ્યુત્ વગેરે વિષયો પર વિવેચન છે. કુલ મળીને ૧૯૯ પદ્યો છે.

ગ્રંથના અંતમાં કર્તાએ લખ્યું છે :

**देवेन्द्रसूरिशिष्यैस्तु श्रीहेमप्रभसूरिभिः ।**
**मेघमालाभिधं चक्रे त्रिभुवनस्य दीपकम् ॥**

આ ગ્રંથ છપાયો નથી.

---

૧. આ ગ્રંથ વેંકટેશ્વર પ્રેસ, મુંબઈથી પ્રકાશિત થયો છે.

૨. श्रीचन्द्राचार्यशिष्येण पार्श्वचन्द्रेण धीमता ।
उद्धृत्यानेकशास्त्राणि हस्तकाण्डं विनिर्मितम् ॥ १०० ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્વાનશકુનાધ્યાય :**

સંસ્કૃત ભાષામાં રચાયેલ ૨૨ પદ્યોની 'શ્વાનશકુનાધ્યાય' નામક કૃતિ ૫ પત્રોની છે.[1] આમાં કર્તાનો નિર્દેશ નથી. આ ગ્રંથમાં કૂતરાના હલન-ચલન અને ચેષ્ટાઓના આધારે ઘરથી નીકળતાં મનુષ્યને પ્રાપ્ત થનાર શુભાશુભ ફળોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

**નાડીવિજ્ઞાન :**

'નાડીવિજ્ઞાન' નામક સંસ્કૃત ભાષાની ૮ પત્રોની કૃતિ ૭૮ પદ્યોમાં છે. 'नत्वा वीरं' એવા ઉલ્લેખથી પ્રતીત થાય છે કે આ કૃતિ કોઈ જૈનાચાર્ય દ્વારા રચવામાં આવી છે. આમાં દેહસ્થિત નાડીઓની ગતિવિધિના આધારે શુભાશુભ ફળોનો વિચાર કરવામાં આવ્યો છે.

—★—

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. આ પ્રત પાટણના જૈન ભંડારમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બારમું પ્રકરણ

# સ્વપ્ન

### સુવિણદાર (સ્વપ્નદ્વાર) :

પ્રાકૃત ભાષાની ૬ પત્રોની 'સુવિણદાર' નામની કૃતિ પાટણના જૈન ભંડારમાં છે. તેમાં કર્તાનું નામ નથી પરંતુ અંતે 'पंचनमोक्कारमंतसरणाओ' એવો ઉલ્લેખ હોવાથી તે જૈનાચાર્યની કૃતિ હોવાનો નિર્ણય થાય છે. આમાં સ્વપ્નોના શુભાશુભ ફળોનો વિચાર કરવામાં આવ્યો છે.

### સ્વપ્નશાસ્ત્ર :

'સ્વપ્નશાસ્ત્ર'ના કર્તા જૈન ગૃહસ્થ વિદ્વાન મંત્રી દુર્લભરાજના પુત્ર હતા. દુર્લભરાજ અને તેમનો પુત્ર બંને ગુર્જરેશ્વર કુમારપાળના મંત્રી હતા.[1]

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ ગ્રંથ બે અધ્યાયોમાં વિભક્ત છે. પ્રથમ અધિકારમાં ૧૫૨ શ્લોક શુભ સ્વપ્નોના વિષયમાં છે અને બીજા અધિકારમાં ૧૫૯ શ્લોક અશુભ સ્વપ્નો વિશે છે. કુલ મળીને ૩૧૧ શ્લોકોમાં સ્વપ્નવિષયક ચર્ચા કરવામાં આવી છે.

### સુમિણસત્તરિયા (સ્વપ્નસપ્તતિકા) :

કોઈ અજ્ઞાત વિદ્વાને 'સુમિણસત્તરિયા' નામક કૃતિ પ્રાકૃત ભાષામાં ૭૦ ગાથાઓમાં રચી છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

### સુમિણસત્તરિયા-વૃત્તિ :

'સુમિણસત્તરિયા' પર ખરતરગચ્છીય સર્વદેવસૂરિએ વિ.સં.૧૨૮૭માં જેસલમેરમાં વૃત્તિની રચના કરી છે અને તેમાં સ્વપ્ન-વિષયક વિશદ વિવેચન કર્યું છે. આ ટીકા-ગ્રંથ પણ અપ્રકાશિત છે.

### સુમિણવિયાર (સ્વપ્નવિચાર) :

'સુમિણવિયાર' નામક ગ્રંથ જિનપાલગણિએ પ્રાકૃતમાં ૮૭૫ ગાથાઓમાં રચ્યો છે. આ ગ્રંથ અપ્રકાશિત છે.

---

૧. श्रीमान् दुर्लभराजस्तदपत्यं बुद्धिधामसुकविरभूत् ।
यं कुमारपालो महत्तमं क्षितिपतिः कृतवान् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વપ્નપ્રદીપ :**

'સ્વપ્નપ્રદીપ'નું બીજું નામ 'સ્વપ્નવિચાર' છે. આ ગ્રંથની રુદ્રપલ્લીય ગચ્છના આચાર્ય વર્ધમાનસૂરિએ રચના કરી છે. કર્તાનો સમય જ્ઞાત નથી.

આ ગ્રંથમાં ૪ ઉદ્યોત છે : ૧. દૈવતસ્વપ્નવિચાર શ્લોક ૪૪, ૨. દ્વાસપ્તતિમહાસ્વપ્ન શ્લો. ૪૫થી ૮૦, ૩. શુભસ્વપ્નવિચાર શ્લો. ૮૧થી ૧૨૨ અને ૪. અશુભસ્વપ્નવિચાર શ્લોક ૧૨૩થી ૧૬૨. ગ્રંથ અપ્રકાશિત છે.

આ સિવાય સ્વપ્નચિંતામણિ, સ્વપ્નલક્ષણ, સ્વપ્નસુભાષિત, સ્વપ્નાધિકાર, સ્વપ્નાધ્યાય, સ્વપ્નાવલી, સ્વપ્નાષ્ટક વગેરે ગ્રંથોનાં નામ પણ મળે છે.

—★—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તેરમું પ્રકરણ

# ચૂડામણિ

**અર્હચ્ચૂડામણિસાર :**

'અર્હચ્ચૂડામણિસાર'નું બીજું નામ છે 'ચૂડામણિસાર' કે 'જ્ઞાનદીપક'[1]. આમાં કુલ મળીને ૭૪ ગાથાઓ છે. આના કર્તા ભદ્રબાહુસ્વામી હોવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આના પર સંસ્કૃતમાં એક નાની એવી ટીકા પણ છે.

**ચૂડામણિ :**

'ચૂડામણિ' નામક ગ્રંથ આજે અનુપલબ્ધ છે. ગુણચન્દ્રગણિએ 'કહારયણકોસ'માં ચૂડામણિશાસ્ત્રનો ઉલ્લેખ કર્યો છે. તેના આધારે ત્રણે કાળોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું હતું.

'સુપાસનાહચરિય'માં ચંપકમાલાના અધિકારમાં આ ગ્રંથનો મહિમા બતાવવામાં આવ્યો છે. ચંપકમાલા 'ચૂડામણિશાસ્ત્ર'ની વિદૂષી હતી. તેનો પતિ કોણ હશે અને તેને કેટલા સંતાનો હશે, તે બધું તે જાણતી હતી.[2]

આ ગ્રંથના આધારે ભદ્રલક્ષણે 'ચૂડામણિસાર' નામક ગ્રંથની રચના કરી છે અને પાર્શ્વચન્દ્ર મુનિએ પણ આ જ ગ્રંથના આધારે પોતાના 'હસ્તકાંડ'ની રચના કરી છે.

કહેવામાં આવે છે કે દ્રવિડ દેશમાં દુર્વિનીત નામક રાજાએ પાંચમી સદીમાં ૯૬૦૦૦ શ્લોક-પ્રમાણ 'ચૂડામણિ' નામક ગ્રંથ ગદ્યમાં રચ્યો હતો.

---

૧. આ ગ્રંથ સિંઘી સિરીજમાં પ્રકાશિત 'જયપાહુડ'ના પરિશિષ્ટ રૂપે છપાયો છે.

૨. જુઓ — લક્ષ્મણગણિરચિત સુપાસનાહચરિય, પ્રસ્તાવ ૨, સમ્યક્ત્વપ્રશંસાકથાનક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચન્દ્રોન્મીલન :**

'ચન્દ્રોન્મીલન' ચૂડામણિ વિષયક ગ્રંથ છે. આના કર્તા કોણ હતા અને આની રચના ક્યારે થઈ, તે જાણવા મળ્યું નથી.

આ ગ્રંથમાં ૫૫ અધિકાર છે જેમાં મૂલમંત્રાર્થસંબંધ, વર્ગવર્ગપંચ, સ્વરાક્ષરાનયન, પ્રશ્નોત્તર, અષ્ટક્ષિપ્રસમુદ્ધાર, જીવિત-મરણ, જય-પરાજય, ધનાગમનાગમન, જીવ-ધાતુ-મૂલ, દેવભેદ, સ્વરભેદ, મનુષ્યયોનિ, પક્ષિભેદ, નારકભેદ, ચતુષ્પદભેદ, અપદભેદ, કીટયોનિ, ઘટિતલોહભેદ, ધામ્યાધમ્યયોનિ, મૂલયોનિ, ચિન્તાલૂકાશ્ચતુર્ભેદ, નામાક્ષર-સ્વરવર્ણપ્રમાણસંખ્યા, સ્વરસંખ્યા, અક્ષરસંખ્યા, ગણચક્ર, અભિઘાતપ્રશ્ને સિંહાવલોકિતચક્ર, ધૂમિતપ્રશ્ને અશ્વાવલોકિતચક્ર, દગ્ધપ્રશ્ને મંડૂકલુપ્રચક્ર, વર્ગાનયન, અક્ષરાનયન, મહાશાસ્ત્રાર્થવિવશપ્રકરણ, શલ્યોદ્ધારનભશ્ચક્ર, તસ્કરાગમનપ્રકરણ, કાલજ્ઞાન, ગમનાગમન, ગર્ભાગર્ભપ્રકરણ, મૈથુનાધ્યાય, ભોજનાધ્યાય, છત્રભંગ, રાષ્ટ્રનિર્ણય, કોટભંગ, સુભિક્ષવર્ણન પ્રાવૃટ્કાલજલદાગમ, કૂપજલોદ્દેશપ્રકરણ, આરામપ્રકરણ, ગૃહપ્રકરણ, ગુહ્યજ્ઞાનપ્રકરણ, પત્રલેખનજ્ઞાન, પારધિપ્રકરણ, સંધિશુદ્ધપ્રકરણ, વિવાહપ્રકરણ, નષ્ટ-જાતકપ્રકરણ, સફલ-નિષ્ફલવિચાર, મિત્રભાવપ્રકરણ, અન્યયોનિપ્રકરણ, જ્ઞાતનિર્ણય, શિક્ષાપ્રકરણ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.[1]

**કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ :**

'કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ' નામક શાસ્ત્રના રચયિતા આચાર્ય સમન્તભદ્ર હોવાનું માનવામાં આવે છે. આ ગ્રંથના સંપાદક અને અનુવાદક પં. નેમિચન્દ્રજીએ બતાવ્યું છે કે સમંતભદ્ર 'આપ્તમીમાંસા'ના કર્તાથી જુદા છે. તેમણે તેમના 'અષ્ટાંગઆયુર્વેદ' અને 'પ્રતિષ્ઠાતિલક'ના કર્તા નેમિચન્દ્રના ભાઈ વિજયપના પુત્ર હોવાની સંભાવના દર્શાવી છે.

અક્ષરોના વર્ગીકરણથી આ ગ્રંથનો પ્રારંભ થાય છે. આમાં કાર્યની સિદ્ધિ, લાભાલાભ, ચોરાયેલી વસ્તુની પ્રાપ્તિ, પ્રવાસીનું આગમન, રોગનિવારણ, જયપરાજય વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે. નષ્ટ જન્મપત્ર બનાવવાની વિધિ પણ આમાં બતાવવામાં આવી છે. ક્યાંક-ક્યાંક તદ્વિષયક પ્રાકૃત ગ્રંથોનાં ઉદ્ધરણો પણ મળે છે.[2]

---

૧. આ ગ્રંથની પ્રત અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

૨. આ ગ્રંથ ભારતીય જ્ઞાનપીઠ, કાશીથી સન્ ૧૯૫૦માં પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અક્ષરચૂડામણિશાસ્ત્ર :**

'અક્ષરચૂડામણિશાસ્ત્ર' નામક ગ્રંથનું નિર્માણ કોણે કર્યું તે જ્ઞાત નથી, પરંતુ આ ગ્રંથ કોઈ જૈનાચાર્યનો રચેલો છે તે આ ગ્રંથના અંતરંગ-નિરીક્ષણથી સ્પષ્ટ થાય છે. આ શ્વેતાંબરાચાર્યકૃત છે કે દિગંબરાચાર્યકૃત તે કહી શકાતું નથી. આ ગ્રંથમાં ૩૦ પત્રો છે. ભાષા સંસ્કૃત છે અને ક્યાંક-ક્યાંક પ્રાકૃત પદ્યો પણ આપવામાં આવ્યા છે. ગ્રંથ આખો પદ્યમાં હોવા છતાં પણ ક્યાંક-ક્યાંક કર્તાએ ગદ્યમાં પણ લખ્યું છે. ગ્રંથનો પ્રારંભ આ મુજબ છે :

**नमामि पूर्णचिद्रूपं नित्योदितमनावृतम् ।**
**सर्वाकारा च भाषिण्याः सत्कालिङ्गितमीश्वरम् ॥**
**ज्ञानदीपकमालायाः वृत्तिं कृत्वा सदक्षरैः ।**
**स्वरस्नेहेन संयोज्यं ज्वालयेदुत्तराधरैः ॥**

આમાં દ્વારગાથા આ મુજબ છે :

**अथातः संप्रवक्ष्यामि उत्तराधरमुत्तमम् ।**
**येन विज्ञातमात्रेण त्रैलोक्यं दृश्यते स्फुटम् ॥**

આ ગ્રંથમાં ઉત્તરાધરપ્રકરણ, લાભાલાભપ્રકરણ, સુખ-દુઃખપ્રકરણ, જીવિતમરણપ્રકરણ, જયચક્ર, જયાજયપ્રકરણ, દિનસંખ્યાપ્રકરણ, દિનવક્તવ્યતાપ્રકરણ, ચિન્તાપ્રકરણ (મનુષ્યયોનિપ્રકરણ, ચતુષ્પદયોનિપ્રકરણ, જીવયોનિપ્રકરણ, ધામ્યધાતુપ્રકરણ, ધાતુયોનિપ્રકરણ), નામબન્ધપ્રકરણ, અકડમવિવરણ, સ્થાપના, સર્વતોભદ્રચક્રવિવરણ, કચટાદિવર્ણાક્ષરલક્ષણ, અહિવલયે દ્રવ્યશલ્યાધિકાર, ઈદાચક્ર, પચ્ચચક્રવ્યાખ્યા, વર્ગચક્ર, અર્ઘકાંડ, જલયોગ, નવોત્તર, જીવ-ધાતુ-મૂલાક્ષર, આલિંગિતાદિક્રમણ વગેરે વિષયોનું વિવેચન છે. ગ્રંથ પ્રકાશિત થયો નથી.

---

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચૌદમું પ્રકરણ

# સામુદ્રિક

**અંગવિજ્જા (અઙ્ગવિદ્યા) :**

'અંગવિજ્જા' એક અજ્ઞાતકર્તૃક રચના છે. તે ફલાદેશનો એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે, જે સાંસ્કૃતિક સામગ્રીથી ભરપૂર છે. 'અંગવિદ્યા'નો ઉલ્લેખ અનેક પ્રાચીન ગ્રંથોમાં મળે છે.[1] આ લોક-પ્રચલિત વિદ્યા હતી, જેનાથી શરીરનાં લક્ષણો જોઈને અથવા અન્ય પ્રકારના નિમિત્ત કે મનુષ્યની વિવિધ ચેષ્ટાઓ દ્વારા શુભ-અશુભ ફળનો વિચાર કરવામાં આવતો હતો. 'અંગવિદ્યા' અનુસાર અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન, સ્વપ્ન, છીંક, ભૌમ અને અંતરિક્ષ — આ આઠ નિમિત્તોનો આધાર છે અને આ આઠ મહાનિમિત્તો દ્વારા ભૂત, ભવિષ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે.

આ 'અંગવિજ્જા' પૂર્વાચાર્ય દ્વારા ગદ્ય-પદ્યમિશ્રિત પ્રાકૃત ભાષામાં પ્રણીત છે જે નવમી-દસમી શતાબ્દી પહેલાંનો ગ્રંથ છે. આમાં ૬૦ અધ્યાયો છે. આરંભમાં અંગવિદ્યાની પ્રશંસા કરવામાં આવી છે અને તેના દ્વારા સુખ-દુઃખ, લાભ-હાનિ, જય-પરાજય, સુભિક્ષ-દુર્ભિક્ષ, જીવન-મરણ વગેરે વાતોનું જ્ઞાન થાય છે તે બતાવવામાં આવ્યું છે. ૩૦ પટલોમાં વિભક્ત આઠમા અધ્યાયમાં આસનોના અનેક ભેદ બતાવવામાં આવ્યા છે. નવમા અધ્યાયમાં ૧૮૬૮ ગાથાઓ છે, જેમાં ૨૭૦ વિષયોનું નિરૂપણ છે. આ વિષયોમાં અનેક પ્રકારની શય્યા, આસન, યાન, કુડ્ય, ખંભ, વૃક્ષ, વસ્ત્ર, આભૂષણ, વાસણો, સિક્કા વગેરેનું વર્ણન છે. અગિયારમા અધ્યાયમાં સ્થાપત્યસંબંધી વિષયોનું મહત્ત્વપૂર્ણ વર્ણન કરતાં તત્સંબંધી શબ્દોની વિસ્તૃત સૂચી આપવામાં આવી છે. ઓગણીસમા અધ્યાયમાં રાજોપજીવી શિલ્પી અને તેમના ઉપકરણો સંબંધમાં ઉલ્લેખ છે. એકવીસમો અધ્યાય વિજયદ્વાર નામક છે જેમાં જય-

---

૧. 'પિંડનિર્યુક્તિ-ટીકા' (૪૦૮)માં 'અંગવિજ્જા'ની નિમ્નલિખિત ગાથા ઉદ્ધૃત છે :

इंदिएहिं दियत्थेहिं समाधानं च अप्पणो ।
नाणं पवत्तए जम्हा निमित्तं तेण आहियं ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરાજયસંબંધી કથન છે. બાવીસમા અધ્યાયમાં ઉત્તમ ફળોની સૂચી આપવામાં આવી છે. પચ્ચીસમા અધ્યાયમાં ગોત્રોનો વિસ્તૃત ઉલ્લેખ છે. છવ્વીસમા અધ્યાયમાં નામોનું વર્ણન છે. સત્યાવીસમા અધ્યાયમાં રાજા, મંત્રી, નાયક, ભાંડાગારિક, આસનસ્થ, મહાનસિક, ગજાધ્યક્ષ વગેરે રાજકીય અધિકારીઓનાં પદોની સૂચી છે. અઠ્યાવીસમા અધ્યાયમાં ઉદ્યોગી લોકોની મહત્ત્વપૂર્ણ સૂચી છે. ઓગણત્રીસમો અધ્યાય નગરવિજય નામનો છે, તેમાં પ્રાચીન ભારતીય નગરો સંબંધમાં ઘણીબધી વાતોનું વર્ણન છે. ત્રીસમા અધ્યાયમાં આભૂષણોનું વર્ણન છે. બત્રીસમા અધ્યાયમાં ધાન્યનાં નામ છે. તેત્રીસમા અધ્યાયમાં વાહનોનાં નામ આપવામાં આવ્યા છે. છત્રીસમા અધ્યાયમાં દોહદસંબંધી વિચાર છે. સાડત્રીસમા અધ્યાયમાં ૧૨ પ્રકારનાં લક્ષણોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ચાલીસમા અધ્યાયમાં ભોજનવિષયક વર્ણન છે. એકતાલીસમા અધ્યાયમાં મૂર્તિઓ, તેમના પ્રકાર, આભૂષણો અને અનેક પ્રકારની ક્રીડાઓનું વર્ણન છે. તેંતાલીસમાં અધ્યાયમાં યાત્રાસંબંધી વર્ણન છે. છેંતાલીસમાં અધ્યાયમાં ગૃહપ્રવેશસંબંધી શુભ-અશુભફળોનું વર્ણન છે. સુડતાલીસમા અધ્યાયમાં રાજાઓની સૈન્યયાત્રા-સંબંધી શુભાશુભફળોનું વર્ણન છે. ચોપનમા અધ્યાયમાં સાર અને અસાર વસ્તુઓનો વિચાર છે. પંચાવનમા અધ્યાયમાં જમીનમાં દટાયેલી ધનરાશિની શોધ કરવા સંબંધી વિચાર છે. અઠ્ઠાવનમા અધ્યાયમાં જૈનધર્મમાં નિર્દિષ્ટ જીવ અને અજીવનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. સાઠમા અધ્યાયમાં પૂર્વભવ જાણવાની યુક્તિ બતાવવામાં આવી છે.[1]

જૈનમ્ જયતિ શાસનમ્

**કરલક્ખણ (કરલક્ષણ) :**

'કરલક્ખણ' પ્રાકૃત ભાષામાં રચાયેલો સામુદ્રિક શાસ્ત્રવિષયક અજ્ઞાતકર્તૃક ગ્રંથ છે. આદ્ય પદ્યમાં ભગવાન મહાવીરને નમસ્કાર કરવામાં આવ્યો છે. આમાં ૬૧ ગાથાઓ છે. આ કૃતિનું બીજું નામ 'સામુદ્રિકશાસ્ત્ર' છે.

આ ગ્રંથમાં હસ્તરેખાઓનું મહત્ત્વ બતાવતાં પુરુષોનાં લક્ષણો, પુરુષોનો જમણો અને સ્ત્રીઓનો ડાબો હાથ જોઈ ભવિષ્ય-કથન વગેરે વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. વિદ્યા, કુળ, ધન, રૂપ અને આયુ-સૂચક પાંચ રેખાઓ હોય છે. હસ્ત રેખાઓથી ભાઈ-બહેન, સંતાનોની સંખ્યાની પણ ખબર પડે છે. કેટલીક રેખાઓ ધન અને વ્રત-સૂચક પણ હોય છે. ૬૦મી ગાથામાં વાચનાચાર્ય, ઉપાધ્યાય અને સૂરિપદ પ્રાપ્ત થવાનો

૧. આ ગ્રંથ મુનિ શ્રી પુણ્યવિજયજી દ્વારા સંપાદિત થઈ પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, વારાણસીથી સન્ ૧૯૫૭માં પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'યવ' ક્યાં હોય છે, તે બતાવવામાં આવ્યું છે. અંતમાં મનુષ્યની પરીક્ષા કરી 'વ્રત' આપવાની વાતનો સ્પષ્ટ ઉલ્લેખ છે.[1]

કર્તાએ પોતાના નામનો કે રચના-સમયનો કોઈ ઉલ્લેખ કર્યો નથી.

**સામુદ્રિક :**

'સામુદ્રિક' નામની પ્રસ્તુત કૃતિ સંસ્કૃત ભાષામાં છે. પાટણના ભંડારમાં વિદ્યમાન આ કૃતિના ૮ પત્રોમાં પુરુષ-લક્ષણ ૩૮ શ્લોકોમાં અને સ્ત્રી-લક્ષણ પણ ૩૮ પદ્યોમાં છે. કર્તાનો નામોલ્લેખ નથી પરંતુ મંગલાચરણમાં 'आदिदेवं प्रणम्यादौ' ઉલ્લિખિત હોવાથી આ જૈનાચાર્યની રચના જણાય છે. આમાં પુરુષ અને સ્ત્રીની હસ્તરેખા અને શારીરિક બંધારણના આધારે શુભાશુભ ફલોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

**સામુદ્રિકતિલક :**

'સામુદ્રિકતિલક'ના કર્તા જૈન ગૃહસ્થ વિદ્વાન દુર્લભરાજ છે. તેઓ ગુર્જરનૃપતિ ભીમદેવના અમાત્ય હતા. તેમણે ૧. ગજપ્રબંધ, ૨. ગજપરીક્ષા, ૩. તુરંગપ્રબંધ, ૪. પુરુષ-સ્ત્રીલક્ષણ અને ૫. શકુનશાસ્ત્રની રચના કરી હતી, એવી માન્યતા છે. પુરુષ-સ્ત્રીલક્ષણની રચના પૂરી નહિ થઈ શકી હોય એટલા માટે તેમના પુત્ર જગદેવે તેનો બાકી ભાગ પૂરો કર્યો હશે, એવું અનુમાન છે.

આ ગ્રંથમાં પુરુષો અને સ્ત્રીઓના લક્ષણો ૮૦૦ આર્યાઓમાં આપવામાં આવ્યા છે. આ ગ્રંથ પાંચ અધિકારોમાં વિભક્ત છે જે ક્રમશઃ ૨૯૮, ૯૯, ૪૬, ૧૮૮ અને ૧૪૯ પદ્યોમાં છે.

પ્રારંભમાં તીર્થંકર ઋષભદેવ અને બ્રાહ્મીની સ્તુતિ છે, બાદ સામુદ્રિકશાસ્ત્રની ઉત્પત્તિ બતાવતાં ક્રમશઃ કેટલાય ગ્રંથકારોના નામોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

પ્રથમ અધિકારમાં ૨૯૮ શ્લોકોમાં પાદતલથી લઈ માથાના વાળનું વર્ણન અને તેમનાં ફળોનું નિરૂપણ છે.

---

૧. આ ગ્રંથ સંસ્કૃત છાયા, હિંદી અનુવાદ, ક્વચિત્ સ્પષ્ટીકરણ અને પારિભાષિક શબ્દોની અનુક્રમણિકાપૂર્વક પ્રો. પ્રફુલ્લકુમાર મોદીએ સંપાદિત કરી ભારતીય જ્ઞાનપીઠ, કાશીથી સન્ ૧૯૫૪માં બીજું સંસ્કરણ પ્રકાશિત કર્યું છે. પ્રથમ સંસ્કરણ સન્ ૧૯૪૭માં પ્રકાશિત થયું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વિતીય અધિકારમાં ૯૯ શ્લોકોમાં ક્ષેત્રોની સંહતિ, સાર વગેરે આઠ પ્રકાર અને પુરુષનાં ૩૨ લક્ષણ નિરૂપિત છે.

તૃતીય અધિકારમાં ૪૬ શ્લોકોમાં આવર્ત, ગતિ, છાયા, સ્વર વગેરે વિષયોની ચર્ચા છે.

ચતુર્થ અધિકારમાં ૧૪૯ શ્લોકોમાં સ્ત્રીઓના વ્યંજન, સ્ત્રીઓની દેવ વગેરે બાર પ્રકૃતિઓ, પદ્મિની વગેરેનાં લક્ષણ વગેરે વિષય છે.

અંતમાં ૧૦ પદ્યોની પ્રશસ્તિ છે જે કવિ જગદેવે રચી છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.

**સામુદ્રિકશાસ્ત્ર :**

અજ્ઞાતકર્તૃક 'સામુદ્રિકશાસ્ત્ર' નામક કૃતિમાં ત્રણ અધ્યાય છે જેમાં ક્રમશઃ ૨૪, ૧૨૭ અને ૧૨૧ પદ્યો છે. પ્રારંભમાં આદિનાથ તીર્થંકરને નમસ્કાર કરી ૩૨ લક્ષણો તથા નેત્ર વગેરેનું વર્ણન કરતાં હસ્તરેખા વગેરે વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

દ્વિતીય અધ્યાયમાં શરીરના અવયવોનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં સ્ત્રીઓનાં લક્ષણ, કન્યા કેવી પસંદ કરવી જોઈએ તથા પદ્મિની વગેરે પ્રકાર વર્ણિત છે.

૧૩મી શતાબ્દીમાં વાયડગચ્છીય જિનદત્તસૂરિરચિત 'વિવેકવિલાસ'ના કેટલાય શ્લોકો સાથે આ રચનાના પદ્યો સામ્ય ધરાવે છે. આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.

**હસ્તસંજીવન (સિદ્ધજ્ઞાન) :**

'હસ્તસંજીવન' અપરનામ 'સિદ્ધજ્ઞાન' ગ્રંથના કર્તા ઉપાધ્યાય મેઘવિજયગણિ છે. તેમણે વિ.સં.૧૭૩૫માં ૫૧૯ પદ્યોમાં સંસ્કૃતમાં આ ગ્રંથની રચના કરી છે. અષ્ટાંગ નિમિત્ત ઘટાવવાના ઉદ્દેશ્યથી સમસ્ત ગ્રંથને ૧. દર્શન, ૨. સ્પર્શન, ૩. રેખાવિમર્શન અને ૪. વિશેષ – આ ચાર અધિકારોમાં વિભક્ત કરવામાં આવ્યો છે. અધિકારોના પદ્યોની સંખ્યા ક્રમશઃ ૧૭૭, ૫૪, ૨૪૧ અને ૪૭ છે.

પ્રારંભમાં શંખેશ્વર પાર્શ્વનાથ વગેરેને નમસ્કાર કરી હસ્તની પ્રશંસા હસ્તજ્ઞાનદર્શન, સ્પર્શન અને રેખાવિમર્શન – આ ત્રણ પ્રકારોમાં બતાવી છે. હાથની રેખાઓનો બ્રહ્મા દ્વારા બનાવેલી અક્ષય જન્મપત્રી રૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાથમાં ૩ તીર્થ અને ૨૪ તીર્થંકર છે. પાંચે આંગળીઓનાં નામ, ગુરુને હાથ બતાવવાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિધિ અને પ્રસંગવશ ગુરુનાં લક્ષણ વગેરે બતાવવામાં આવ્યા છે. ત્યાર પછી તિથિ, વારના ૧૭ ચક્રોની જાણકારી અને હાથના વર્ણ વગેરેનું વર્ણન છે.

બીજા સ્પર્શન અધિકારમાં હાથમાં આઠ નિમિત્ત કયા પ્રકારે ઘટી શકે છે, તે બતાવવામાં આવ્યું છે. તેનાથી શુકન, શુકનશલાકા, પાશકકેવલી વગેરેનો વિચાર કરવામાં આવે છે. ચૂડામણિ શાસ્ત્રનો પણ અહીં ઉલ્લેખ છે.

ત્રીજા અધિકારમાં ભિન્ન-ભિન્ન રેખાઓનું વર્ણન છે. આયુષ્ય, સંતાન, સ્ત્રી, ભાગ્યોદય, જીવનની મુખ્ય ઘટનાઓ અને સાંસારિક સુખો વિશે ગવેષણાપૂર્વક જ્ઞાન કરાવવામાં આવ્યું છે.

ચતુર્થ અધિકારમાં વિશ્વા – લંબાઈ, નખ, આવર્તનનાં લક્ષણો, સ્ત્રીઓની રેખાઓ, પુરુષના જમણા હાથનું વર્ણન વગેરે વાતો છે.[1]

**હસ્તસંજીવન-ટીકા :**

'હસ્તસંજીવન' પર ઉપાધ્યાય મેઘવિજયજીએ વિ.સં.૧૭૩૫માં 'સામુદ્રિકલહરી' નામે ૩૮૦૦ શ્લોક-પ્રમાણ સ્વોપજ્ઞ ટીકાની રચના કરી છે. કર્તાએ આ ગ્રંથ જીવરામ કવિના આગ્રહથી રચ્યો છે.

આ ટીકાગ્રંથમાં સામુદ્રિક-ભૂષણ, શૈવ-સામુદ્રિક ગ્રંથોનો પરિચય આપ્યો છે. આમાં ખાસ કરીને ૪૩ ગ્રંથોની સાક્ષી છે. હસ્તબિમ્બ, હસ્તચિહ્નસૂત્ર, કરરેહાપયરણ, વિવેકવિલાસ વગેરે ગ્રંથોનો ઉપયોગ કર્યો છે.

**અઙ્ગવિદ્યાશાસ્ત્ર :**

કોઈ અજ્ઞાતનામ વિદ્વાને 'અંગવિદ્યાશાસ્ત્ર' નામક ગ્રંથની રચના કરી છે. ગ્રંથ અપૂર્ણ છે. ૪૪ શ્લોકો સુધી ગ્રંથ પ્રાપ્ત થયો છે. આની ટીકા પણ રચવામાં આવી છે પરંતુ તે જાણ નથી કે ગ્રંથકારની સ્વોપજ્ઞ છે કે કોઈ અન્ય વિદ્વાન દ્વારા રચિત છે. ગ્રંથ જૈનાચાર્યરચિત માલૂમ પડે છે. તે 'અંગવિજ્જા'ના અંતે સટીક છપાયો છે.

આ ગ્રંથમાં અશુભસ્થાનપ્રદર્શન, પુંસંજ્ઞક અંગ, સ્ત્રીસંજ્ઞક અંગ, ભિન્ન-ભિન્ન ફલનિર્દેશ, ચોરજ્ઞાન, અપહૃત વસ્તુનું લાભાલાભજ્ઞાન, પીડિતનું મરણજ્ઞાન, ભોજનજ્ઞાન, ગર્ભિણીજ્ઞાન, ગર્ભગ્રહણમાં કાલજ્ઞાન, ગર્ભિણીને કયા નક્ષત્રમાં સંતાનનો જન્મ થશે – આ બધા વિષયો પર વિવેચન છે.

—★—

---

૧. આ ગ્રંથ સટીક મોહનલાલજી ગ્રંથમાલા, ઇંદોરથી પ્રકાશિત થયો છે. મૂળ ગ્રંથ ગુજરાતી અનુવાદ સાથે સારાભાઈ નવાબ, અમદાવાદે પણ પ્રકાશિત કર્યો છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પંદરમું પ્રકરણ

# રમલ

પાસા પર બિંદુના આકારના કેટલાક ચિહ્નો કરેલા હોય છે. પાસા ફેંકવામાં આવે ત્યારે ચિહ્નોની જે સ્થિતિ હોય છે તે અનુસાર દરેક પ્રશ્નનો ઉત્તર બતાવવાની એક વિદ્યા છે. તેને પાશકવિદ્યા કે રમલશાસ્ત્ર કહે છે.

'રમલ' શબ્દ અરબી ભાષાનો છે અને આ સમયે સંસ્કૃતમાં જે ગ્રંથ આ વિષયના પ્રાપ્ત થાય છે તેમાં અરબીના જ પારિભાષિક શબ્દો વપરાયેલ મળે છે. આનાથી એ સ્પષ્ટ છે કે આ વિદ્યા આરબ મુસલમાનો પાસેથી આવી છે. અરબી ગ્રંથોના આધારે સંસ્કૃતમાં કેટલાક ગ્રંથ બન્યા છે, જેમના વિષયમાં અહીં કેટલીક જાણકારી પ્રસ્તુત કરવામાં આવી રહી છે.

**રમલશાસ્ત્ર :**

'રમલશાસ્ત્ર'ની રચના ઉપાધ્યાય મેઘવિજયજીએ વિ.સં. ૧૭૩૫માં કરી છે. તેમણે પોતાના 'મેઘમહોદય' ગ્રંથમાં આનો ઉલ્લેખ કર્યો છે. પોતાના શિષ્ય મુનિ મેરુવિજયજી માટે ઉપાધ્યાયજીએ આ કૃતિનું નિર્માણ કર્યું હતું.

આ ગ્રંથ પ્રકાશિત નથી થયો.

**રમલવિદ્યા :**

'રમલવિદ્યા' નામક ગ્રંથની રચના મુનિ ભોજસાગરે ૧૮મી શતાબ્દીમાં કરી છે. આ ગ્રંથમાં કર્તાએ નિર્દેશ કર્યો છે કે આચાર્ય કાલકસૂરિ આ વિદ્યા યવનદેશથી ભારતમાં લાવ્યા. આ ગ્રંથ અપ્રકાશિત છે.

મુનિ વિજયદેવે પણ 'રમલવિદ્યા' સંબંધી એક ગ્રંથની રચના કરી હતી, એવો ઉલ્લેખ મળે છે.

**પાશકકેવલી :**

'પાશકકેવલી' નામક ગ્રંથની રચના ગર્ગાચાર્યે કરી છે. તેનો ઉલ્લેખ આ મુજબ મળે છે :

JAINSITE.com जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन आसीद् जगद्वन्द्यो गर्गनामा महामुनिः ।
तेन स्वयं निर्णीतं यत् सत्पाशाऽत्र केवली ॥
एतज्ज्ञानं महाज्ञानं जैनर्षिभिरुदाहृतम् ।
प्रकाश्य शुद्धशीलाय कुलीनाय महात्मभिः ॥

'મદનકામરત્ન' ગ્રંથમાં પણ એવો ઉલ્લેખ મળે છે. આ ગ્રંથ સંસ્કૃતમાં હતો કે પ્રાકૃતમાં, તે જ્ઞાત નથી. ગર્ગ મુનિ ક્યારે થયા, તે પણ અજ્ઞાત છે. તે અતિ પ્રાચીન સમયમાં થયા હશે, એવું અનુમાન છે. તેમણે એક 'સંહિતા' ગ્રંથની પણ રચના કરી હતી.

**પાશાકેવલી :**

અજ્ઞાતકર્તૃક 'પાશાકેવલી' ગ્રંથ[1] માં સંકેતના પારિભાષિક શબ્દ અદઅ, અઅય, અયય વગેરેના અક્ષરોના કોષ્ઠક આપવામાં આવ્યા છે. તે કોષ્ઠકોના અ પ્રકરણ, વ પ્રકરણ, ય પ્રકરણ, દ પ્રકરણ — આ પ્રમાણે શીર્ષક આપી શુભાશુભ ફળ સંસ્કૃત ભાષામાં બતાવવામાં આવ્યાં છે.

ગ્રંથના પ્રારંભમાં આ મુજબ લખ્યું છે :

संसारपाशछित्त्यर्थं नत्वा वीरं जिनेश्वरम् ।
आशापाशावने मुक्तः पाशाकेवलिः कथ्यते ॥

ગ્રંથ અપ્રકાશિત છે.

—★—

૧. આની ૧૦ પત્રોની પ્રત લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સોળમું પ્રકરણ

## લક્ષણ

**લક્ષણમાલા :**

આચાર્ય જિનભદ્રસૂરિએ 'લક્ષણમાલા' નામક ગ્રંથની રચના કરી છે. ભાંડારકરના રિપોર્ટમાં આ ગ્રંથનો ઉલ્લેખ છે.

**લક્ષણસંગ્રહ :**

આચાર્ય રત્નશેખરસૂરિએ 'લક્ષણસંગ્રહ' નામક ગ્રંથની રચના કરી છે.[૧] રત્નશેખરસૂરિ ૧૬મી શતાબ્દીના પૂર્વાર્ધમાં થયા છે.

**લક્ષ્ય-લક્ષણવિચાર :**

જૈન સાઈટ JAINSITE

આચાર્ય હર્ષકીર્તિસૂરિએ 'લક્ષ્ય-લક્ષણવિચાર' નામક ગ્રંથની રચના કરી છે.[૨] હર્ષકીર્તિસૂરિ ૧૭મી સદીમાં વિદ્યમાન હતા. તેમણે કેટલાય ગ્રંથો રચ્યાં છે.

જૈનમ્ જયતિ શાસનમ્

**લક્ષણ :**

કોઈ અજ્ઞાતનામ મુનિએ 'લક્ષણ' નામક ગ્રંથની રચના કરી છે.[૩]

**લક્ષણ-અવચૂરિ :**

'લક્ષણ' ગ્રંથ પર કોઈ અજ્ઞાતનામ જૈન મુનિએ 'અવચૂરિ' રચી છે.[૪]

**લક્ષણપંક્તિકથા :**

દિગંબરાચાર્ય શ્રુતસાગરસૂરિએ 'લક્ષણપંક્તિકથા' નામક ગ્રંથની રચના કરી છે.[૫]

—★—

૧. આનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલી, પૃ. ૯૬માં છે.
૨. આ ગ્રંથનો ઉલ્લેખ સૂરત-ભંડારની સૂચીમાં છે.
૩. આ ગ્રંથ વડોદરાના હંસવિજયજી જ્ઞાનમંદિરમાં છે.
૪. આ ગ્રંથ વડોદરાના હંસવિજયજી જ્ઞાનમંદિરમાં છે.
૫. જિનરત્નકોશમાં આનો ઉલ્લેખ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સત્તરમું પ્રકરણ

# આય

**આયનાણતિલય (આયજ્ઞાનતિલક) :**

'આયનાણતિલય' પ્રશ્ન-પ્રણાલીનો ગ્રંથ છે. ભટ્ટ વોસરિએ આ કૃતિને ૨૫ પ્રકરણોમાં વિભાજિત કરી કુલ ૭૫૦ પ્રાકૃત ગાથાઓમાં રચી છે.

ભટ્ટ વોસરિ દિગંબર જૈનાચાર્ય દામનંદિના શિષ્ય હતા. મલ્લિષેણસૂરિએ, જે સન્ ૧૦૪૩માં વિદ્યમાન હતા, 'આયજ્ઞાનતિલક'નો ઉલ્લેખ કર્યો છે. આનાથી ભટ્ટ વોસરિ તેમની પહેલાં થયા તે નિશ્ચિત છે.

ભાષા દૃષ્ટિએ આ ગ્રંથ ઈ. ૧૦મી શતાબ્દીમાં રચિત હોવાનું જણાય છે. પ્રશ્નશાસ્ત્રની દૃષ્ટિએ આ કૃતિ અતિ મહત્ત્વપૂર્ણ છે. આમાં ધ્વજ, ધૂમ, સિંહ, ગજ, ખર, સ્વાન, વૃષ અને ધ્વાંક્ષ — આ આઠ આયો દ્વારા પ્રશ્નફલોનું રહસ્યાત્મક તથા સુંદર વર્ણન કર્યું છે. ગ્રંથના અંતે આ પ્રમાણે ઉલ્લેખ છે : इति दिगम्बराचार्यपण्डित-दामनन्दिशिष्यभट्टवोसरिविरचिते.... ।

આ ગ્રંથ અપ્રકાશિત છે.[1]

'આયજ્ઞાનતિલક' પર ભટ્ટ વોસરિએ ૧૨૦૦ શ્લોક-પ્રમાણ સ્વોપજ્ઞ ટીકા લખી છે, જે આ વિષયમાં તેમના વિશદ જ્ઞાનનો પરિચય આપે છે.

**આયસદ્ભાવ :**

'આયસદ્ભાવ' નામક સંસ્કૃત ગ્રંથની રચના દિગમ્બરાચાર્ય જિનસેનસૂરિના શિષ્ય આચાર્ય મલ્લિષેણે કરી છે. ગ્રંથકાર સંસ્કૃત, પ્રાકૃત ભાષાના ઉદ્ભટ વિદ્વાન હતા. તેઓ ધારવાડ જિલ્લા અંતર્ગત ગદગ તાલુકાના નિવાસી હતા. તેમનો સમય સન્ ૧૦૪૩ (વિ.સં.૧૧૦૦) માનવામાં આવે છે.

કર્તાએ પ્રારંભમાં જ સુગ્રીવ વગેરે મુનિઓ દ્વારા 'આયસદ્ભાવ'ની રચના કરવાનો ઉલ્લેખ આ મુજબ કર્યો છે :

---

૧. આની વિ.સં.૧૪૪૧માં લખવામાં આવેલીહસ્તલિખિત પ્રત મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सुग्रीवादिमुनीन्द्रैः रचितं शास्त्रं यदायसद्भावम् ।
तत् संप्रत्यर्थाभिर्विरच्यते मल्लिषेणेन ॥

તેમણે ભટ્ટ વોસરિનો પણ ઉલ્લેખ કર્યો છે. તે ગ્રંથોમાંથી સાર ગ્રહણ કરી મલ્લિષેણે ૧૯૫ શ્લોકોમાં આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ ૨૦ પ્રકરણોમાં વિભક્ત છે. કર્તાએ આમાં અષ્ટ આય — ૧. ધ્વજ, ૨. ધૂમ, ૩. સિંહ, ૪. મંડલ, ૫. વૃષ, ૬. ખર, ૭. ગજ, ૮. વાયસ — ના સ્વરૂપ અને ફળોનું સુંદર વિવેચન કર્યું છે. આયોની અધિષ્ઠાત્રી પુલિન્દિની દેવીનું આમાં સ્મરણ કરવામાં આવ્યું છે.

ગ્રંથના અંતે કર્તાએ કહ્યું છે કે આ કૃતિથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનું જ્ઞાન થાય છે. અન્ય વ્યક્તિને વિદ્યા ન આપવા માટે પણ પોતાનો વિચાર આ મુજબ પ્રકટ કર્યો છે :

अन्यस्य न दातव्यं मिथ्यादृष्टेस्तु विशेषतः ।
शपथं च कारयित्वा जिनवरदेव्याः पुरः सम्यक् ॥

આ ગ્રંથ પ્રકાશિત થયો નથી.

**આયસદ્ભાવ-ટીકા :**

'આયસદ્ભાવ' પર ૧૬૦૦ શ્લોક-પ્રમાણ અજ્ઞાત કર્તા દ્વારા ટીકાની રચના થઈ છે. આ ટીકા પણ અપ્રકાશિત છે.

---

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અઢારમું પ્રકરણ

# અર્ઘ

**અગ્ઘકંડ (અર્ઘકાંડ) :**

આચાર્ય દુર્ગદેવે 'અગ્ઘકંડ' નામક ગ્રંથનું ગ્રહચારના આધારે પ્રાકૃતમાં નિર્માણ કર્યું છે. આ ગ્રંથથી એ જાણી શકાય છે કે કઈ વસ્તુ ખરીદવાથી અને કઈ વસ્તુ વેચવાથી લાભ થઈ શકે છે.[1]

'અગ્ઘકંડ'નો ઉલ્લેખ 'વિશેષનિશીથચૂર્ણિ'માં મળે છે. એવી કોઈ પ્રાચીન કૃતિ હશે જેના આધારે દુર્ગદેવે આ કૃતિનું નિર્માણ કર્યું છે.

કેટલાય જ્યોતિષ-ગ્રંથોમાં 'અર્ઘ'નું સ્વતંત્ર પ્રકરણ રહે છે પરંતુ સ્વતંત્ર કૃતિ રૂપે આ જ એક ગ્રંથ પ્રાપ્ત થયો છે.

—★—

१. इमं दव्वं विक्कीणाहि, इमं वा कीणाहि ।

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ઓગણીસમું પ્રકરણ

# કોષ્ઠક

**કોષ્ઠકચિન્તામણિ :**

આગમગચ્છીય આચાર્ય દેવરત્નસૂરિના શિષ્ય આચાર્ય શીલસિંહસૂરિએ પ્રાકૃતમાં ૧૫૦ પદ્યોમાં 'કોષ્ઠકચિંતામણિ' નામક ગ્રંથની રચના કરી છે. સંભવતઃ ૧૩મી શતાબ્દીમાં આની રચના કરવામાં આવી હશે, એવું પ્રતીત થાય છે.

આ ગ્રંથમાં ૯, ૧૬, ૨૦ વગેરે કોષ્ઠકોમાં જે-જે અંકોને રાખવાનું વિધાન કર્યું છે તેમને ચારે તરફથી ગણવાથી સરવાળો એક સમાન આવે છે. આ મુજબ પંદરિયા, વીસા, ચોત્રીસા વગેરે શતાધિક યંત્રો વિશે વિવરણ છે.

આ ગ્રંથ હજી પ્રકાશિત નથી થયો.

**કોષ્ઠકચિન્તામણિ-ટીકા :**

શીલસિંહસૂરિએ પોતાના 'કોષ્ઠકચિંતામણિ' ગ્રંથ પર સંસ્કૃતમાં વૃત્તિ પણ રચી છે.[1]

—★—

૧. મૂળ ગ્રંથસહિત આ ટીકાની ૧૦૧ પત્રોની લગભગ ૧૬મી શતાબ્દીમાં લખવામાં આવેલી પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વીસમું પ્રકરણ

# આયુર્વેદ

**સિદ્ધાન્તરસાયનકલ્પ :**

દિગમ્બરાચાર્ય ઉગ્રાદિત્યે 'કલ્યાણકારક' નામક વૈદ્યકગ્રંથની રચના કરી છે. તેના વીસમા પરિચ્છેદ (શ્લો. ૮૬)માં સમંતભદ્રે 'સિદ્ધાન્તરસાયનકલ્પ'ની રચના કરી હતી, એવો ઉલ્લેખ છે. આ અનુપલબ્ધ ગ્રંથના જે અવતરણ અહીં-તહીં મળે છે તે જો એકત્રિત કરવામાં આવે તો બે-ત્રણ હજાર શ્લોક-પ્રમાણ થઈ જાય. કેટલાક વિદ્વાનો માને છે કે આ ગ્રંથ ૧૮૦૦૦ શ્લોક-પ્રમાણ હતો. આમાં આયુર્વેદના આઠ અંગો — કાય, બલ, ગ્રહ, ઊર્ધ્વાંગ, શલ્ય, દંષ્ટ્રા, જરા અને વિષ — ના વિષયમાં વિવેચન હતું જેમાં જૈન પારિભાષિક શબ્દોનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ શબ્દોના સ્પષ્ટીકરણ માટે અમૃતનંદિએ એક કોશ-ગ્રંથની રચના પણ કરી હતી જે આખો પ્રાપ્ત નથી થયો.

**પુષ્પાયુર્વેદ :**

આચાર્ય સમંતભદ્રે પરાગરહિત ૧૮૦૦૦ પ્રકારના પુષ્પો વિશે 'પુષ્પાયુર્વેદ' નામક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથ આજે નથી મળતો.

**અષ્ટાંગસંગ્રહ :**

સમંતભદ્રાચાર્યે 'અષ્ટાઙ્ગસંગ્રહ' નામક આયુર્વેદનો વિસ્તૃત ગ્રંથ રચ્યો હતો, એવો 'કલ્યાણકારક'ના કર્તા ઉગ્રાદિત્યે ઉલ્લેખ કર્યો છે. તેમણે એમ પણ કહ્યું છે કે તે 'અષ્ટાઙ્ગસંગ્રહ'નું અનુસરણ કરી મેં 'કલ્યાણકારક' ગ્રંથ સંક્ષેપમાં રચ્યો છે.[1]

---

૧. अष्टाङ्गमप्यखिलमत्र समन्तभद्रैः,
प्रोक्तं सविस्तरमथो विभवैः विशेषात् ।
संक्षेपतो निगदितं तदिहात्मशक्त्या,
कल्याणकारकमशेषपदार्थयुक्तम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિમ્નોક્ત ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ઉલ્લેખ કલ્યાણકારક-કારે કર્યો છે :

૧. શાલાક્યતંત્ર — પૂજ્યપાદ
૨. શલ્યતંત્ર — પાત્રકેસરી
૩. વિષ તથા ઉગ્રગ્રહશમનવિધિ — સિદ્ધસેન
૪. કાય-ચિકિત્સા — દશરથ
૫. બાલ-ચિકિત્સા — મેઘનાદ
૬. વૈદ્ય, વૃષ્ય તથા દિવ્યામૃત — સિંહનાદ

**નિદાનમુક્તાવલી :**

વૈદ્યક-વિષયક 'નિદાનમુક્તાવલી' નામક ગ્રંથમાં ૧. કાલારિષ્ટ અને ૨. સ્વસ્થારિષ્ટ — આ બે નિદાન છે. મંગલાચરણમાં આ શ્લોક છે :

**रिष्टं दोषं प्रवक्ष्यामि सर्वशास्त्रेषु सम्मतम् ।**
**सर्वप्राणिहितं दृष्टं कालारिष्टं च निर्णयम् ॥**

ગ્રંથમાં પૂજ્યપાદનું નામ નથી પરંતુ પ્રકરણ-સમાપ્તિ-સૂચક વાક્ય 'पूज्यपादविरचितम्' એ પ્રમાણે છે.[1]

**મદનકામરત્ન :**

'મદનકામરત્ન' નામક ગ્રંથને કામશાસ્ત્રનો ગ્રંથ પણ કહી શકાય કેમકે હસ્તલિખિત પ્રતિના ૬૪ પત્રોમાંથી માત્ર ૧૨ પત્ર સુધી જ મહાપૂર્ણ ચંદ્રોદય, લોહ, અગ્નિકુમાર, જ્વરબલફણિગરુડ, કાલકૂટ, રત્નાકર, ઉદયમાર્તણ્ડ, સુવર્ણમાલ્ય, પ્રતાપલંકેશ્વર, બાલસૂર્યોદય અને અન્ય જ્વર વગેરે રોગોના વિનાશક રસોનું તથા કર્પૂરગુણ, મૃગહારભેદ, કસ્તૂરીભેદ, કસ્તૂરીગુણ,કસ્તૂર્યનુપાન, કસ્તૂરીપરીક્ષા વગેરેનું વર્ણન છે. બાકી પત્રોમાં કામદેવના પર્યાયવાચી શબ્દોના ઉલ્લેખ સાથે ૩૪ પ્રકારના કામેશ્વરરસનું વર્ણન છે. સાથે જ વાજીકરણ, ઔષધ, તેલ, લિંગવર્ધનલેપ, પુરુષવશ્યકારી ઔષધ, સ્ત્રીવશ્યભૈષજ, મધુરસ્વરકારી ઔષધ અને ગુટિકાના નિર્માણની વિધિ બતાવવામાં આવી છે. કામસિદ્ધિ માટે છ મંત્ર પણ આપવામાં આવ્યા છે.

સમગ્ર ગ્રંથ પદ્યબદ્ધ છે. આના કર્તા પૂજ્યપાદ હોવાનું માનવામાં આવે છે પરંતુ તેઓ દેવનંદિથી ભિન્ન હોય એમ પ્રતીત થાય છે. ગ્રંથ અપૂર્ણ હોય તેમ જણાય છે.

---

૧. આની હસ્તલિખિત ૬ પત્રોની પ્રત મદ્રાસના રાજકીય પુસ્તકાલયમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નાડીપરીક્ષા :**

આચાર્ય પૂજ્યપાદે 'નાડીપરીક્ષા' નામક ગ્રંથની રચના કરી છે, એવો 'જિનરત્નકોશ' પૃ.૨૧૦માં ઉલ્લેખ છે. આ કૃતિ તેમના કોઈ વૈદ્યક-ગ્રંથના વિભાગ રૂપે પણ હોઈ શકે છે.

**કલ્યાણકારક :**

પૂજ્યપાદે 'કલ્યાણકારક' નામક વૈદ્યક-ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથ અનુપલબ્ધ છે. આમાં પ્રાણીઓના દેહજ દોષોને નષ્ટ કરવાની વિધિ બતાવવામાં આવી હતી. ગ્રંથકારે પોતાના ગ્રંથમાં જૈન પ્રક્રિયાનું જ અનુસરણ કર્યું હતું. જૈન પ્રક્રિયા કંઈક ભિન્ન છે, જેમકે – 'सुतं केसरिगन्धकं मृगनवासारद्रुमम्' – આ રસસિન્દૂર તૈયાર કરવાનો પાઠ છે. આમાં જૈન તીર્થંકરોનાં ભિન્ન-ભિન્ન ચિહ્નોથી પરિભાષા બતાવવામાં આવી છે. મૃગ વડે ૧૬નો અર્થ લેવામાં આવ્યો છે, કેમકે સોળમા તીર્થંકરનું લાંછન મૃગ છે.

**મેરુદણ્ડતંત્ર :**

ગુમ્મટદેવ મુનિએ 'મેરુદણ્ડતંત્ર' નામક વૈદ્યક-ગ્રંથની રચના કરી છે. આમાં તેમણે પૂજ્યપાદના નામનો આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**યોગરત્નમાલા-વૃત્તિ :**

નાગાર્જુને 'યોગરત્નમાલા' નામક વૈદ્યકગ્રંથની રચના કરી છે. તેના પર ગુણાકરસૂરિએ વિ.સં.૧૨૯૬માં વૃત્તિ રચી છે, એવું પિટર્સનના રિપોર્ટ[1]થી જાણવા મળે છે.

**અષ્ટાઙ્ગહૃદય-વૃત્તિ :**

વાગ્ભટ નામક વિદ્વાને 'અષ્ટાંગહૃદય' નામક વૈદ્યક-વિષયક પ્રામાણિક ગ્રંથ રચ્યો છે. તેના પર આશાધર નામક દિગંબર જૈન ગૃહસ્થ વિદ્વાને 'ઉદ્યોત' વૃત્તિની રચના કરી છે. આ ટીકા-ગ્રંથ લગભગ વિ.સં.૧૨૯૬ (સન્ ૧૨૪૦)માં લખવામાં આવ્યો છે. પિટર્સને આશાધરના ગ્રંથોમાં આનો પણ ઉલ્લેખ કર્યો છે.

**યોગશત-વૃત્તિ :**

વરરુચિ નામક વિદ્વાને 'યોગશત' નામક વૈદ્યક-ગ્રંથની રચના કરી છે. તેની પર પૂર્ણસેને વૃત્તિ રચી છે. આમાં બધા પ્રકારના રોગોનાં ઔષધ બતાવવામાં આવ્યા છે.

૧. પિટર્સન : રિપોર્ટ ૩, એપેન્ડિક્ષ, પૃ. ૩૩૦ અને રિપોર્ટ ૪, પૃ. ૨૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**યોગચિન્તામણિ :**

નાગપુરીય તપાગચ્છના આચાર્ય ચન્દ્રકીર્તિસૂરિના શિષ્ય આચાર્ય હર્ષકીર્તિસૂરિએ 'યોગચિન્તામણિ' નામક વૈદ્યક-ગ્રંથની રચના લગભગ વિ.સં.૧૬૬૦માં કરી છે. આ કૃતિ 'વૈદ્યકસારસંગ્રહ' નામથી પણ પ્રસિદ્ધ છે.

આત્રેય, ચરક, વાગ્ભટ, સુશ્રુત, અશ્વિ, હારીતક, વૃન્દ, કલિક, ભૃગુ, ભેલ વગેરે આયુર્વેદના ગ્રંથોનું રહસ્ય પ્રાપ્ત કરી આ ગ્રંથનું પ્રણયન કરવામાં આવ્યું છે, એવો ગ્રંથકારે ઉલ્લેખ કર્યો છે.[1]

આ ગ્રંથના સંકલનમાં ગ્રંથકારની ઉપકેશગચ્છીય વિદ્યાતિલક વાચકે સહાયતા કરી હતી.[2]

ગ્રંથમાં ૨૯ પ્રકરણો છે, જેમાં નિમ્નલિખિત વિષયો છે :

૧. પાકાધિકાર, ૨. પુષ્ટિકારકયોગ, ૩. ચૂર્ણાધિકાર, ૪. ક્વાથાધિકાર, ૫. ઘૃતાધિકાર, ૬. તૈલાધિકાર, ૭. મિશ્રકાધિકાર, ૮. સંખદ્રાવવિધિ, ૯. ગન્ધકશોધન, ૧૦. શિલાજિત્સત્ત્વવર્ણાદિધાતુ-મારણાધિકાર, ૧૧. મંડૂરપાક, ૧૨. અભ્રકમારણ, ૧૩. પારદમારણરાદિકો હિંગૂલસે પારદસાધન, ૧૪. હરતાલમારણ-નાગ-તાંબાકાઢણવિધિ, ૧૫. સોવનમાખીમણશિલાદિશોધન-લોકનાથરસ, ૧૬. આસવાધિકાર, ૧૭. કલ્યાણગુલ-જંબીરદ્રવલેપાધિકાર-કેશકલ્પલેપ-રોમશાતન, ૧૮. મલમ-રુધિરસ્રાવ, ૧૯. વમન-વિરેચનવિધિ, ૨૦. બફારૌ અધૂલૌ નાસિકાયાં મસ્તકરોધબન્ધન, ૨૧. તક્રપાનવિધિ, ૨૨. જ્વરહરાદિસાધારણયોગ, ૨૩. વર્ધમાન-હરીતકી-ત્રિફલાયોગ-ત્રિગડૂ-આસગન્ધ, ૨૪. કાયચિકિત્સા-એરણ્ડતૈલ-હરીતકી-ત્રિફલાદિસાધારણયોગ, ૨૫. ડંભ-વિષચિકિત્સા-સ્ત્રીકુક્ષિરોગ-ચિકિત્સા, ૨૬. ગર્ભનિવારણ-કર્મવિપાક, ૨૭. (વન્ધ્યા) સ્ત્રી-રોગાધિકાર-સર્વરોગ-સર્વદોષશાન્તિકરણ, ૨૮. નાડીપરીક્ષા-મૂત્રપરીક્ષા, ૨૯. નેત્રપરીક્ષા-જિહ્વાપરીક્ષાદિ.

---

૧. आत्रेयका चरक-वाग्भट-सुश्रुताश्वि-हारीत-वृन्द-कलिका-भृगु-भेड ( ल )पूर्वाः ।
येऽमी निदानयुतकर्मविपाकमुख्यास्तेषां मतं समनुसृत्य मया कृतोऽयम् ॥

૨. श्रीमदुपकेशगच्छीयविद्यातिलकवाचकः ।
किञ्चित् संकलितो योगवार्ता किञ्चित् कृतानि च ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વૈદ્યવલ્લભ :**

મુનિ હિતરુચિ[1] ના શિષ્ય હસ્તિરુચિએ વૈદ્યવલ્લભ નામક આયુર્વેદવિષયક ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ પદ્યમાં છે તથા આઠ અધ્યાયોમાં વિભક્ત છે. આમાં નિમ્નલિખિત વિષયો છે :

૧. સર્વજ્વરપ્રતીકાર (પદ્ય ૨૮), ૨. સર્વસ્ત્રીરોગપ્રતીકાર (૪૧), ૩. કાસક્ષય-શોફ-ફિરંગ-વાયુ-પામા-દદ્રુ-રક્ત-પિત્તપ્રભૃતિરોગપ્રતીકાર (૩૦), ૪. ધાતુપ્રમેહ-મૂત્રકૃચ્છ્ર-લિંગવર્ધન-વીર્યવૃદ્ધિ-બહુમૂત્રપ્રભૃતિરોગપ્રતીકાર (૨૬), ૫. ગુદરોગપ્રતીકાર (૨૪), ૬. કુષ્ટવિષ-બરહલ્લે-મન્દાગ્નિ-કમલોદરપ્રભૃતિરોગ-પ્રતીકાર (૨૬), ૭. શિરકર્ણાક્ષિરોગપ્રતીકાર (૪૨), ૮. પાક-ગુટિકાદ્યધિકાર-શેષયોગનિરૂપણ.

**દ્રવ્યાવલી-નિઘણ્ટુ :**

મુનિ મહેન્દ્રે 'દ્રવ્યાવલી-નિઘંટુ' નામક ગ્રંથની રચના કરી છે. આ વનસ્પતિઓનો કોશગ્રંથ હોવાનું જણાય છે. ગ્રંથ ૯૦૦ શ્લોક-પરિમાણ છે.

**સિદ્ધયોગમાલા :**

સિદ્ધર્ષિ મુનિએ 'સિદ્ધયોગમાલા' નામક વૈદ્યક-વિષયક ગ્રંથની રચના કરી છે. આ કૃતિ ૫૦૦ શ્લોક-પરિમાણ છે. 'ઉપમિતિભવપ્રપઞ્ચાકથા'ના રચયિતા સિદ્ધર્ષિ જ આ ગ્રંથના કર્તા હોય તો આ કૃતિ ૧૦મી શતાબ્દીમાં રચવામાં આવી હશે, એમ કહી શકીએ.

**રસપ્રયોગ :**

સોમપ્રભાચાર્યે 'રસપ્રયોગ' નામક ગ્રંથની રચના કરી છે. આમાં રસનું નિરૂપણ અને પારાના ૧૮ સંસ્કારોનું વર્ણન હશે, એવું જણાય છે. આ સોમપ્રભાચાર્ય ક્યારે થયા તે અજ્ઞાત છે.

**રસચિન્તામણિ :**

અનન્તદેવસૂરિએ 'રસચિન્તામણિ' નામક ૯૦૦ શ્લોક-પરિમાણ ગ્રંથ રચ્યો છે. ગ્રંથ જોવામાં આવ્યો નથી.

---

૧. તપાગચ્છના વિજયસિંહસૂરિના શિષ્ય ઉદયરુચિના શિષ્યનું નામ પણ હિતરુચિ હતું. તે આ જ હોય તો તેમણે 'ષડાવશ્યક' પર વિ.સં.૧૬૨૭માં વ્યાખ્યા લખી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**માધરાજપદ્ધતિ :**

માધચન્દ્રદેવે 'માધરાજપદ્ધતિ' નામક ૧૦૦૦૦ શ્લોક-પ્રમાણ ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથ પણ જોવામાં નથી આવ્યો.

**આયુર્વેદમહોદધિ :**

સુષેણ નામક વિદ્વાને 'આયુર્વેદમહોદધિ' નામક ૧૧૦૦ શ્લોક-પ્રમાણ ગ્રંથનું નિર્માણ કર્યું છે. આ નિઘણ્ટુ-કોશગ્રંથ છે.

**ચિકિત્સોત્સવ :**

હંસરાજ નામક વિદ્વાને 'ચિકિત્સોત્સવ' નામક ૧૭૦૦ શ્લોક-પ્રમાણ ગ્રંથનું નિર્માણ કર્યું છે. આ ગ્રંથ જોવામાં નથી આવ્યો.

**નિઘણ્ટુકોશ :**

આચાર્ય અમૃતનંદિએ જૈન દૃષ્ટિથી આયુર્વેદની પરિભાષા બતાવવા માટે 'નિઘણ્ટુકોશ'ની રચના કરી છે. આ કોશમાં ૨૨૦૦૦ શબ્દો છે. તે સકાર સુધી જ છે. આમાં વનસ્પતિઓના નામ જૈન પરિભાષા અનુસાર આપ્યા છે.

**કલ્યાણકારક :**

આચાર્ય ઉગ્રાદિત્યે 'કલ્યાણકારક' નામક આયુર્વેદવિષયક ગ્રંથની રચના કરી છે, જે આજે ઉપલબ્ધ છે. તેઓ શ્રીનંદિના શિષ્ય હતા. તેમણે પોતાના ગ્રંથમાં પૂજ્યપાદ, સમંતભદ્ર, પાત્રસ્વામી, સિદ્ધસેન, દશરથગુરુ, મેઘનાદ, સિંહસેન વગેરે આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે. 'કલ્યાણકારક'ની પ્રસ્તાવનામાં ગ્રંથકારનો સમય છઠ્ઠી સદી પહેલાંનો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પરંતુ ઉગ્રાદિત્યે ગ્રંથના અંતે પોતાના સમયના રાજાનો ઉલ્લેખ આ મુજબ કર્યો છે : इत्यशेषविशेषविशिष्टदुष्टपिशिताशिवैद्यशास्त्रेषु मांसनिराकरणार्थमुग्रादित्याचार्येण नृपतुङ्गवल्लभेन्द्रसभायामुद्घोषितं प्रकरणम् ।

નૃપતુઙ્ગ રાષ્ટ્રકૂટ અમોઘવર્ષનું નામ હતું અને તે નવમી શતાબ્દીમાં વિદ્યમાન હતો. આથી ઉગ્રાદિત્યનો સમય પણ નવમી શતાબ્દી જ હોઈ શકે છે. પરંતુ આ ગ્રંથમાં નિરૂપિત વિષયની દૃષ્ટિ વગેરેથી તેમનો આ સમય પણ યોગ્ય નથી જણાતો, કેમકે રસયોગની ચિકિત્સાનો વ્યાપક પ્રચાર ૧૧મી સદી પછી જ મળે છે. એટલા માટે આ ગ્રંથ કદાચ ૧૨મી સદી પહેલાંનો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉગ્રાદિત્યે પ્રસ્તુત કૃતિમાં મધ, દારુ અને માંસનું અનુપાન છોડી ઔષધ વિધિ બતાવી છે. રોગક્રમ કે રોગ-ચિકિત્સાનું વર્ણન જૈનેતર આયુર્વેદના ગ્રંથોથી જુદું છે. આમાં વાત, પિત્ત અને કફની દૃષ્ટિથી રોગોનો ઉલ્લેખ છે. વાતરોગોમાં વાતસંબંધી બધા રોગ લખવાનો પ્રયત્ન કર્યો છે. પિત્તરોગોમાં જ્વર, અતિસારનો ઉલ્લેખ કર્યો છે. આ જ રીતે કફરોગોમાં કફ સંબંધિત રોગો છે. નેત્રરોગ, શિરોરોગ વગેરેનો ક્ષુદ્ર-રોગાધિકારમાં ઉલ્લેખ કર્યો છે. આ રીતે ગ્રંથકારે રોગવર્ણનમાં એક નવો ક્રમ અપનાવ્યો છે.

આ ગ્રંથ ૨૫ અધિકારોમાં વિભક્ત છે : ૧. સ્વાસ્થ્યરક્ષણાધિકાર, ૨. ગર્ભોત્પત્તિલક્ષણ, ૩. સૂત્રવ્યાવર્ણન, ૪. ધાન્યાદિગુણાગુણવિચાર, ૫. અન્નપાનવિધિ, ૬. રસાયનવિધિ, ૭. ચિકિત્સાસૂત્રાધિકાર, ૮. વાતરોગાધિકાર, ૯. પિત્તરોગાધિકાર, ૧૦. કફરોગાધિકાર, ૧૧. મહામાયાધિકાર, ૧૨. વાતરોગાધિકાર, ૧૩-૧૭. ક્ષુદ્રરોગચિકિત્સા, ૧૮. બાલગ્રહભૂતતંત્રાધિકાર, ૧૯. વિષરોગાધિકાર, ૨૦. શાસ્ત્રસંગ્રહતંત્રયુક્તિ, ૨૧. કર્મચિકિત્સાધિકાર, ૨૨. ભેષજકર્મોપદ્રવ-ચિકિત્સાધિકાર, ૨૩. સર્વૌષધકર્મવ્યાપચ્ચિકિત્સાધિકાર, ૨૪. રસરસાયનાધિકાર, ૨૫. કલ્પાધિકાર, પરિશિષ્ટ — રિષ્ટાધ્યાય, હિતાહિતાધ્યાય.[1]

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**નાડીવિચાર :**

અજ્ઞાતકર્તૃક 'નાડીવિચાર' નામક કૃતિ ૭૮ પદ્યોમાં છે. પાટણના જ્ઞાનભંડારમાં આની પ્રત વિદ્યમાન છે. આનો પ્રારંભ 'नत्वा वीरं'થી થાય છે આથી આ જૈનાચાર્યની કૃતિ હોવાનો નિર્ણય થાય છે. સંભવતઃ આ 'નાડીવિજ્ઞાન'થી અભિન્ન છે.

**નાડીચક્ર તથા નાડીસંચારજ્ઞાન :**

'નાડીચક્ર' અને 'નાડીસંચારજ્ઞાન' — આ બંને ગ્રંથોના કર્તાઓનો કોઈ ઉલ્લેખ નથી. બીજી કૃતિનો ઉલ્લેખ 'બૃહટ્ટિપ્પણિકા'માં છે, એટલા માટે આ ગ્રંથ પાંચસો વર્ષ જૂનો ચોક્કસ છે.

**નાડીનિર્ણય :**

અજ્ઞાતકર્તૃક 'નાડીનિર્ણય' નામક ગ્રંથની ૫ પત્રોની હસ્તલિખિત પ્રત મળે છે. વિ.સં.૧૮૧૨માં ખરતરગચ્છીય પં. માનશેખર મુનિએ આ ગ્રંથની પ્રતિલિપિ કરી

---

૧. આ ગ્રંથ હિંદી અનુવાદ સાથે સેઠ ગોવિંદજી રાવજી દોશી, સખારામ નેમચંદ ગ્રંથમાલા, સોલાપુરે (અનુ. વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી)સન્ ૧૯૪૦માં પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અંતમાં 'નાડીનિર્ણય' એવું નામ આપ્યું છે. સમગ્ર ગ્રંથ પદ્યાત્મક છે. ૪૧ પદ્યોમાં ગ્રંથ પૂર્ણ થાય છે. આમાં મૂત્રપરીક્ષા, તેલબિંદુની દોષપરીક્ષા, નેત્રપરીક્ષા, મુખપરીક્ષા, જિહ્વાપરીક્ષા, રોગોની સંખ્યા, જ્વરના પ્રકાર વગેરે સંબંધી વિવેચન છે.

**જગત્સુન્દરીપ્રયોગમાલા :**

'યોનિપ્રાભૃત' અને 'જગત્સુન્દરીપ્રયોગમાલા' — આ બંને ગ્રંથોની એક જીર્ણ પ્રત પૂનાના ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટમાં છે. બંને ગ્રંથ એકબીજામાં મિશ્રિત થઈ ગયા છે.

'જગત્સુન્દરીપ્રયોગમાલા' ગ્રંથ પદ્યાત્મક પ્રાકૃતભાષામાં છે. વચ્ચે ક્યાંક-ક્યાંક ગદ્યમાં સંસ્કૃત ભાષા અને ક્યાંક તો તત્કાલીન હિંદી ભાષાનો પણ ઉપયોગ જોવા મળે છે. આમાં ૪૩ અધિકાર છે અને લગભગ ૧૫૦૦ ગાથાઓ છે.

આ ગ્રંથના કર્તા યશઃકીર્તિ મુનિ છે.[1] તેઓ ક્યારે થયા અને તેમણે અન્ય કયા ગ્રંથો રચ્યા, એ વિષયમાં જાણકારી નથી મળતી. પૂનાની હસ્તલિખિત પ્રતના આધારે કહી શકાય કે યશઃકીર્તિ વિ.સં.૧૫૮૨ પહેલાં ક્યારેક થયા છે.

પ્રસ્તુત ગ્રંથમાં પરિભાષાપ્રકરણ, જ્વરાધિકાર, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, અતિસાર, ગ્રહણી, પાણ્ડુ, રક્તપિત્ત વગેરે વિષયો પર વિવેચન છે. આમાં ૧૫ યન્ત્રો પણ છે જેમનાં નામ આ મુજબ છે : ૧. વિદ્યાધરવાપીયંત્ર, ૨. વિદ્યાધરીયંત્ર, ૩. વાયુયંત્ર, ૪. ગંગાયંત્ર, ૫. ઐરાવણયંત્ર, ૬. ભેરુંડયંત્ર, ૭. રાજાભ્યુદયયંત્ર, ૮. ગતપ્રત્યાગતયંત્ર, ૯. બાણગંગાયંત્ર, ૧૦. જલદુર્ગભયાનકયંત્ર, ૧૧. ઉરયાગાસે પક્ખિ૦ ભ૦ મહાયંત્ર, ૧૨. હંસશ્રવાયંત્ર, ૧૩. વિદ્યાધરીનૃત્યયંત્ર, ૧૪. મેઘનાદભ્રમણવર્તયંત્ર, ૧૫. પાણ્ડવામલીયંત્ર.[2]

આમાં જે મંત્ર છે તેનો એક નમૂનો આ મુજબ છે :

---

૧. जसइत्तिणाममुणिणा भणियं णाऊण कलिसरूवं च ।
वासिगहिउ वि हु भव्वो जह मिच्छत्तेण संगिलइ ॥ १३ ॥

૨. આ ગ્રંથ એસ. કે. કોટેચાએ ધૂલિયાથી પ્રકાશિત કર્યો છે. આમાં અશુદ્ધિઓ ઘણી રહી ગઈ છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ नमो भगवते पार्श्वरुद्राय चंद्रहासेन खड्गेन गर्दभस्य सिरं छिन्दय छिन्दय, दुष्टव्रणं हन हन, लूतां हन हन, जालामर्दभं हन हन, गण्डमालां हन हन, विद्रधिं हन हन, विस्फोटकसर्वान् हन हन फट् स्वाहा ॥

**જ્વરપરાજય :**

જયરત્નગણિએ 'જ્વરપરાજય' નામક વૈદ્યક-ગ્રંથની રચના કરી છે. ગ્રંથના પ્રારંભમાં જ તેમણે આત્રેય, ચરક, સુશ્રુત, ભેલ, વાગ્ભટ, વૃન્દ, અંગદ, નાગસિંહ, પારાશર, સોઢલ, હારીત, તિસટ, માધવ, પાલકાપ્ય અને અન્ય ગ્રંથો જોઈને આ ગ્રંથની રચના કરી છે[1], એ રીતે પૂર્વજ આચાર્યો અને ગ્રંથકારોનાં ઋણનો સ્વીકાર કર્યો છે.

આ ગ્રંથમાં ૪૩૯ શ્લોક છે. મંગલાચરણ (શ્લો. ૧થી ૭), શિરાપ્રકરણ (૮-૧૬), દોષપ્રકરણ (૧૭-૫૧), જ્વરોત્પત્તિપ્રકરણ (૫૨-૧૨૧), વાતપિત્તનાં લક્ષણ (૧૨૨-૧૪૮), અન્ય જ્વરોના ભેદ (૧૪૯-૧૫૬), દેશ-કાળ જોઈને ચિકિત્સા કરવાની વિધિ (૧૫૭-૨૨૪), બસ્તિકર્માધિકાર (૨૨૫-૩૬૯), પથ્યાધિકાર (૩૭૦-૩૮૯), સંનિપાત, રક્તષ્ઠિવિ વગેરે (૩૯૦-૪૩૧), પૂર્ણાહુતિ (૪૩૨-૪૩૯) — આ મુજબ વિવિધ વિષયોનું નિરૂપણ છે.

ગ્રંથકાર વૈદ્યકના જાણકાર અને અનુભવી જણાય છે.

જયરત્નગણિ પૂર્ણિમાપક્ષના આચાર્ય ભાવરત્નના શિષ્ય હતા.[2] તેમણે ત્રંબાવતી (ખંભાત)માં આ ગ્રંથની રચના વિ.સં.૧૬૬૨માં કરી હતી.[3]

---

१. आत्रेयं चरकं सुश्रुतमयो भेजा ( ला )भिधं वाग्भटं,
सद्वृन्दाङ्गद-नागसिंहमतुलं पाराशरं सोड्ढलम् ।
हारीतं तिसटं च माधवमहाश्रीपालकाप्याधिकान्,
सद्ग्रंथानवलोक्य साधुविधिना चैतांस्तथाऽन्यानपि ॥

२. यः श्वेताम्बरमौलिमण्डनमणिः सत्पूर्णिमापक्षवान्,
यस्यास्ते वसतिः समृद्धनगरे त्र्यंबावतीनामके ।
नत्वा श्रीगुरुभावरत्नचरणौ ज्ञानप्रकाशप्रदौ,
सद्बुद्ध्या जयरत्न आरचयति ग्रंथं भिषक्प्रीतये ॥ ६ ॥

३. श्रीविक्रमाद् द्वि-रस-षट्-शशिवत्सरेषु ( १६६२ ),
यातेष्वथो नभसि भासि सिते च पक्षे ।
तिथ्यामथ प्रतिपदि क्षितिसूनुवारे,
ग्रन्थोऽरचि ज्वरपराजय एष तेन ॥ ४३७ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સારસંગ્રહ :**

આ ગ્રંથ 'અકલંકસંહિતા' નામે પ્રકાશિત થયો છે. ગ્રંથનો પ્રારંભ આ મુજબ છે :

नमः श्रीवर्धमानाय निर्धूतकलिलात्मने ।
कल्याणकारको ग्रन्थः पूज्यपादेन भाषितः ॥
.......................................................................।
सर्वं लोकोपकारार्थं कथ्यते सारसंग्रहः ॥
श्रीमद् वाग्भट-सुश्रुतादिविमलश्रीवैद्यशास्त्रार्णवे,
भास्वत्.......सुसारसंग्रहमहावामान्विते संग्रहे ।
मन्त्रज्ञैरुपलभ्य सद्विजयणोपाध्यायसन्निर्मिते,
ग्रन्थेऽस्मिन् मधुपाकसारनिचये पूर्णं भवेन्मङ्गलम् ॥

ગ્રંથગત આ પદ્યો પરથી તો આનું નામ 'સારસંગ્રહ' પ્રતીત થાય છે.

આમાં પૃષ્ઠ ૧ થી ૫ સુધી સમંતભદ્રના રસ-સંબંધી કેટલાક પદ્યો, ૬ થી ૩૨ સુધી પૂજ્યપાદોક્ત રસ, ચૂર્ણ, ગુટિકા વગેરે કેટલાક ઉપયોગી પ્રયોગો અને ૩૩ થી ગોમ્મટદેવના 'મેરુદણ્ડતંત્ર' સંબંધી ગ્રંથનાં નાડીપરીક્ષા અને જ્વરનિદાન વગેરે કેટલાક ભાગ છે. ભિન્ન-ભિન્ન પ્રકરણોમાં સુશ્રુત, વાગ્ભટ, હરીતમુનિ, રુદ્રદેવ વગેરે વૈદ્યાચાર્યોના મતોનો સંગ્રહ પણ છે.[1]

જૈનમ્ જયતિ શાસનમ્

**નિબન્ધ :**

મંત્રી ધનરાજના પુત્ર સિંહ દ્વારા વિ.સં.૧૫૨૮ના માર્ગશીર્ષ કૃષ્ણા ૫ના દિવસે[2] વૈદ્યકગ્રંથની રચના કરાયાનું વિધાન શ્રી અગરચંદજી નાહટાએ કર્યું છે.[3] શ્રી નાહટાજીને આ ગ્રંથનાં અંતિમ બે પત્રો મળ્યાં છે. તે પત્રોમાં ૧૦૯૯થી ૧૧૨૩ સુધીના પદ્યો છે. અંતિમ ચાર પદ્યોમાં પ્રશસ્તિ છે. પ્રશસ્તિમાં આ ગ્રંથને 'નિબંધ' કહ્યો છે.[4] પ્રસ્તુત

૧. આ ગ્રંથ આરાના જૈન સિદ્ધાંતભવનથી પ્રકાશિત થયો છે.
૨. वसु-कर-शर-चन्द्रे (१५२८) वत्सरे राम-नन्द-
ज्वलन-शशि (१३९३) मिते च श्रीशके मासि मार्गे ।
असितदलतिथौ वा पञ्चमी...................केऽर्के
गुरुमशुभदिनेऽसौ.......................... ॥ ११२२ ॥
૩. જુઓ — જૈન સત્યપ્રકાશ, વર્ષ ૧૯, પૃ. ૧૧.
૪. यावन्मेरौ कनकं तिष्ठतु तावन्निबन्धोऽयम् ॥ ११२३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રત ૧૭મી શતાબ્દીમાં લખવામાં આવી છે.

ગ્રંથકાર સિંહ રણથંભોરના શાસક અલાઉદ્દીન ખિલજી (સન્ ૧૫૩૧)ના મુખ્ય મંત્રી પોરવાડજ્ઞાતીય ધનરાજ શ્રેષ્ઠીના પુત્ર હતા, તે આ ગ્રંથની પ્રશસ્તિ (શ્લો. ૧૧૨૧)થી[1] તથા કૃષ્ણર્ષિગચ્છીય આચાર્ય જયસિંહસૂરિ દ્વારા ધનરાજ મંત્રી માટે રચિત 'પ્રબોધમાલા' નામક કૃતિની પ્રશસ્તિથી જ્ઞાત થાય છે. ધનરાજનો બીજો પુત્ર શ્રીપતિ હતો.[2] બંને કુલદીપક, રાજમાન્ય, દાની, ગુણી અને સંઘનાયક હતા[3], એવું પણ પ્રશસ્તિથી જાણવા મળે છે.

—★—

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

१. खलचिकुलमहीपश्रीमदल्लावदीनप्रबलभुजरक्षे श्रीरणस्तम्भदुर्गे।
सकलसचिवमुख्यश्रीधनेशस्य सूनुः समकुरुत निबन्धं सिंहनामा प्रभुर्यः ॥ ११२१ ॥

२. धरमिणि–वाडूनाम्ना स्त्रीयुगलं मन्त्रिधनराजस्य।
प्रथमोदरजौ सीहा–श्रीपतिपुत्रौ च विख्यातौ ॥ १० ॥

३. कुलदीपकौ द्वावपि राजमान्यौ सुदातृतालक्षणलक्षिताशयौ।
गुणाकरौ द्वावपि संघनायकौ धनाङ्गजौ भूवलयेन नन्दताम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## એકવીસમું પ્રકરણ

# અર્થશાસ્ત્ર

સંઘદાસગણિ-રચિત 'વસુદેવહિંડી' સાથે જોડાયેલી 'ધમ્મિલ્લહિંડી'માં 'ભગવદ્ગીતા', 'પોરાગમ' (પાકશાસ્ત્ર) અને 'અર્થશાસ્ત્ર' – આ ત્રણ મહત્ત્વપૂર્ણ ગ્રંથોનો ઉલ્લેખ છે. 'अत्थसत्थे य भणियं' એવું કહીને 'विसेसेण मायाए सत्थेण य हंतव्वो अप्पणो विवड्ढमाणो सत्तु त्ति' (પૃ.૪૫) (અર્થશાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે વિશેષતઃ પોતાના વૃદ્ધિ પામતા શત્રુનો કપટ દ્વારા તથા શસ્ત્રથી નાશ કરવો જોઈએ.) એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

जैन साईट JAINSITE

આવો બીજો ઉલ્લેખ દ્રોણાચાર્યરચિત 'ઓઘનિર્યુક્તિવૃત્તિ'માં છે. 'चाणक्कए वि भणियं' એવું કહી 'जइ काइयं न वोसिरइ तो अदोसो त्ति' (પત્ર ૧૫૨ અ) (જો મળ-મૂત્રનો ત્યાગ નથી કરતો તો દોષ નથી.) એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ત્રીજો ઉલ્લેખ છે પાદલિપ્તાચાર્યની 'તરંગવતીકથા'ના આધારે રચવામાં આવેલી નેમિચન્દ્રગણિકૃત 'તરંગલોલા'માં. તેમાં અત્થસત્થ-અર્થશાસ્ત્ર વિષયમાં નિમ્નલિખિત નિર્દેશ છે :

तो भणइ अत्थसत्थम्मि वण्णियं सुयणु ! सत्थयारेहिं ।
दूतीपरिभव दूती न होइ कज्जस्स सिद्धकरी ।।
एतो हु मन्तभेओ दूतीओ होज्ज कामनेमुक्का ।
महिला मुंचरहस्सा रहस्सकाले न संठाइ ।।
आभरणवेलायां नीणंति अवि य घेघति चिंता ।
होज्ज मंतभेओ गमणविधाओ अविव्वाणी ।।

આ ત્રણે ઉલ્લેખોથી એમ સૂચિત થાય છે કે પ્રાચીન યુગમાં પ્રાકૃત ભાષામાં રચાયેલ કોઈ અર્થશાસ્ત્ર હતું.

નિશીથચૂર્ણિકાર જિનદાસગણિએ પોતાની 'ચૂર્ણિ'માં ભાષ્યગાથાઓ અનુસાર સંક્ષેપમાં 'ધૂર્તાખ્યાન' આપ્યું છે અને આખ્યાનના અંતે 'सेसं धुत्तक्खाणगाणुसारेण

ણેયમિતિ' એવો ઉલ્લેખ કર્યો છે. આનાથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન કાળમાં 'ધૂર્તાખ્યાન' નામક પ્રાકૃત ભાષામાં રચિત ધૂર્ત-કથા હતી.

તે જ કથાનો આધાર લઈ આચાર્ય હરિભદ્રસૂરિએ 'ધૂર્તાખ્યાન' નામક કથા-ગ્રંથની રચના કરી છે. તેમાં ખંડપાણાને 'અર્થશાસ્ત્ર'ની નિર્માત્રી બતાવવામાં આવી છે, પરંતુ તેનું અર્થશાસ્ત્ર ઉપલબ્ધ થયું નથી.

સંભવ છે કે કોઈ જૈનાચાર્યે 'અર્થશાસ્ત્ર'ની પ્રાકૃત ભાષામાં રચના કરી હોય જે આજે ઉપલબ્ધ નથી.

—★—

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બાવીસમું પ્રકરણ

# નીતિશાસ્ત્ર

**નીતિવાક્યામૃત :**

જે રીતે ચાણક્યે ચન્દ્રગુપ્ત માટે 'અર્થશાસ્ત્ર'ની રચના કરી હતી તે જ રીતે આચાર્ય સોમદેવસૂરિએ 'નીતિવાક્યામૃત'ની રચના વિ.સં.૧૦૨૫માં રાજા મહેન્દ્ર માટે કરી હતી. સંસ્કૃત ગદ્યમાં સૂત્રબદ્ધ શૈલીમાં રચિત આ કૃતિ ૩૨ સમુદ્દેશોમાં વિભક્ત છે : ૧. ધર્મસમુદ્દેશ, ૨. અર્થસમુદ્દેશ, ૩. કામસમુદ્દેશ, ૪. અરિષડ્વર્ગ, ૫. વિદ્યાવૃદ્ધ, ૬. આન્વિક્ષિકી, ૭. ત્રયી, ૮. વાર્તા, ૯. દંડનીતિ, ૧૦. મંત્રી, ૧૧. પુરોહિત, ૧૨. સેનાપતિ, ૧૩. દૂત, ૧૪. ચાર, ૧૫. વિચાર, ૧૬. વ્યસન, ૧૭. સ્વામી, ૧૮. અમાત્ય, ૧૯. જનપદ, ૨૦. દુર્ગ, ૨૧. કોષ, ૨૨. બલ, ૨૩. મિત્ર, ૨૪. રાજરક્ષા, ૨૫. દિવસાનુષ્ઠાન, ૨૬. સદાચાર, ૨૭. વ્યવહાર, ૨૮. વિવાદ, ૨૯. ષાડ્ગુણ્ય, ૩૦. યુદ્ધ, ૩૧. વિવાહ અને ૩૨. પ્રકીર્ણ.

આ વિષયસૂચીથી એ જાણી શકાય છે કે આ ગ્રંથમાં રાજા અને રાજ્યશાસન-વ્યવસ્થાવિષયક પ્રચુર સામગ્રી આપવામાં આવી છે. અનેક નીતિકારો અને સ્મૃતિકારોના ગ્રંથોના આધારે આ ગ્રંથનું નિર્માણ કરવામાં આવ્યું છે. આચાર્ય સોમદેવે પોતાના ગ્રંથમાં કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'નો આધાર લીધો છે અને કેટલીય જગ્યાએ સમાનતા હોવા છતાં પણ ક્યાંય પણ કૌટિલ્યના નામનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો.

આચાર્ય સોમદેવની દૃષ્ટિ કેટલીક જગ્યાએ કૌટિલ્યથી અલગ અને વિશિષ્ટ પણ છે. સોમદેવના ગ્રંથમાં ક્વચિત જૈનધર્મનો ઉપદેશ પણ જોવા મળે છે. કેટલાય સૂત્રો સુભાષિત જેવા છે અને કૌટિલ્યની રચનાથી અલ્પાક્ષરી અને મનોરમ છે.

'નીતિવાક્યામૃત'ના કર્તા આચાર્ય સોમદેવસૂરિ દેવસંઘના યશોદેવના શિષ્ય નેમિદેવના શિષ્ય હતા. તેઓ દાર્શનિક અને સાહિત્યકાર પણ હતા. તેમણે ત્રિવર્ગમહેન્દ્રમાતલિસંજલ્પ, યુક્તિચિંતામણિ, ષણ્ણવતિપ્રકરણ, સ્યાદ્વાદોપનિષત્,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂક્તિસંચય વગેરે ગ્રંથો પણ રચ્યા છે પરંતુ તેમાંથી એક પણ ગ્રંથ પ્રાપ્ત થયો નથી. 'યશસ્તિલકચમ્પૂ' જે વિ.સં. ૧૦૧૬માં તેમણે રચેલ તે ઉપલબ્ધ છે. 'નીતિવાક્યામૃત'ની પ્રશસ્તિમાં જે 'યશોધરચરિત'નો ઉલ્લેખ છે તે જ આ 'યશસ્તિલકચમ્પૂ' છે. આ ગ્રંથ સાહિત્ય-વિષયમાં ઉત્કૃષ્ટ છે. તેમાં કેટલાય કવિઓ, વૈયાકરણો, નીતિશાસ્ત્ર-પ્રણેતાઓના નામોનો ઉલ્લેખ છે, જેમનું ગ્રંથકારે અધ્યયન-પરિશીલન કર્યું હતું.

નીતિશાસ્ત્રના પ્રણેતાઓમાં ગુરુ, શુક્ર, વિશાલાક્ષ, પરીક્ષિત, પરાશર, ભીમ, ભીષ્મ, ભારદ્વાજ વગેરેનો ઉલ્લેખ છે. યશોધર મહારાજાનું ચરિત્ર-ચિત્રણ કરતાં આચાર્યે રાજનીતિની બહુજ જ વિશદ અને વિસ્તૃત ચર્ચા કરી છે. 'યશસ્તિલક'નો તૃતીય આશ્વાસ રાજનીતિના તત્ત્વોથી ભરેલો છે.

સોમદેવસૂરિ પોતાના સમયના વિશિષ્ટ વિદ્વાન હતા, તે તેમના આ બે ગ્રંથોથી સ્પષ્ટ પ્રતીત થાય છે.

**નીતિવાક્યામૃત-ટીકા :**

'નીતિવાક્યામૃત' પર હરિબલ નામક વિદ્વાને વૃત્તિની રચના કરી છે. તેમાં અનેક ગ્રંથોનાં ઉદ્ધરણ આપવાથી તેની ઉપયોગિતા વધી ગઈ છે. જે કૃતિઓનો આમાં ઉલ્લેખ છે તેમાંથી કેટલીય આજે ઉપલબ્ધ નથી. ટીકાકારે બહુશ્રુત વિદ્વાન હોવા છતાં પણ એક જ શ્લોક ત્રણ-ત્રણ આચાર્યોના નામે ઉદ્ધૃત કર્યો છે.

તેમણે 'કાકતાલીય'નો વિચિત્ર અર્થ કર્યો છે. 'स्ववधाय कृत्योत्थापनमिव.....' આમાં 'કૃત્યોત્થાપના'નો પણ વિલક્ષણ અર્થ બતાવ્યો છે.[1]

સંભવતઃ ટીકાકાર અજૈન હોવાથી કેટલીય પરિભાષાઓથી અનભિજ્ઞ હતા, ફળ સ્વરૂપે તેમની પોતાની વ્યાખ્યામાં આવી કેટલીય ત્રુટિઓ રહી છે.[2]

**લઘુ-અર્હન્નીતિ :**

પ્રાકૃતમાં રચવામાં આવેલ 'બૃહદર્હન્નીતિશાસ્ત્ર'ના આધારે આચાર્ય હેમચન્દ્રસૂરિએ કુમારપાલ મહારાજા માટે આ નાના એવા 'લઘુ-અર્હન્નીતિ' ગ્રંથનું સંસ્કૃત પદ્યમાં પ્રણયન કર્યું હતું.

---

૧. આ ટીકા-ગ્રંથ મૂલસહિત નિર્ણયસાગર પ્રેસ, મુંબઈથી પ્રકાશિત થયો હતો. પછી માણિકચન્દ્ર જૈન ગ્રંથમાલામાં બે ભાગમાં વિ.સં.૧૯૭૯માં પ્રકાશિત થયો છે.

૨. જુઓ — 'જૈન સિદ્ધાંત-ભાસ્કર' ભાગ ૧૫, કિરણ ૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથમાં ધર્માનુસારી રાજનીતિનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જૈનાગમોમાં નિર્દિષ્ટ હાકાર, માકાર વગેરે સાત નીતિઓ અને આઠમો દ્રવ્યદંડ વગેરે ભેદ પ્રકાશિત કરવામાં આવ્યા છે.[1]

**કામન્દકીય-નીતિસાર :**

ઉપાધ્યાય ભાનુચન્દ્રના શિષ્ય સિદ્ધિચન્દ્રે 'કામન્દકીય-નીતિસાર' નામક ગ્રંથનું સંકલન કર્યું છે. આની ૩૯ પત્રોની પ્રત અમદાવાદમાં દેવસાના પાડામાં સ્થિત વિમલગચ્છના ભંડારમાં છે.

**જિનસંહિતા :**

મુનિ જિનસેને 'જિનસંહિતા' નામક નીતિવિષયક ગ્રંથ રચ્યો છે.[2] આ ગ્રંથમાં ૬ અધિકારો છે : ૧. ઋણાદાન, ૨. દાયભાગ, ૩. સીમાનિર્ણય, ૪. ક્ષેત્રવિષય, ૫. નિસ્સ્વામિવસ્તુવિષય અને ૬. સાહસ, સ્તૈય, ભોજનાદિકાનુચિત વ્યવહાર અને સૂતકાશૌચ.

**રાજનીતિ :**

દેવીદાસ નામક વિદ્વાને 'રાજનીતિ' નામક ગ્રંથની પ્રાકૃતમાં રચના કરી છે. આ ગ્રંથ પૂનાના ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટમાં છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. આ ગ્રંથ ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત થયો છે.

૨. જુઓ — કેટેલોગ ઑફ સંસ્કૃત એન્ડ પ્રાકૃત મેન્યુસ્ક્રિપ્ટ્સ ઈન સી. પી. એન્ડ બરાર, પૃ. ૬૪૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ત્રેવીસમું પ્રકરણ

# શિલ્પશાસ્ત્ર

**વાસ્તુસાર :**

શ્રીમાલવંશીય ઠક્કુર ફેરૂએ વિ.સં.૧૩૭૨માં 'વાસ્તુસાર' નામક વાસ્તુશિલ્પ-શાસ્ત્રવિષયક ગ્રંથની પ્રાકૃત ભાષામાં રચના કરી છે. તેઓ કલશ શ્રેષ્ઠીના પૌત્ર અને ચંદ્ર શ્રાવકના પુત્ર હતા. તેમની માતાનું નામ ચંદ્રા હતું. તેઓ ધંધકુલમાં થયા હતા અને કન્નાણપુરમાં રહેતા હતા. દિલ્લીના બાદશાહ અલાઉદ્દીનના તેઓ ખજાનચી હતા.

આ ગ્રંથના ગૃહવાસ્તુપ્રકરણમાં ભૂમિપરીક્ષા, ભૂમિસાધના, ભૂમિલક્ષણ, માસફલ, નીંવનિવેશલગ્ન, ગૃહપ્રવેશલગ્ન અને સૂર્યાદિગ્રહાષ્ટકનું ૧૫૮ ગાથાઓમાં વર્ણન છે. ૫૪ ગાથાઓમાં બિમ્બપરીક્ષાપ્રકરણ અને ૬૮ ગાથાઓમાં પ્રાસાદપ્રકરણ છે. આ રીતે આમાં કુલ ૨૮૦ ગાથાઓ છે.[1]

**શિલ્પશાસ્ત્ર :**

દિગંબર જૈન ભટ્ટારક એકસંધિએ 'શિલ્પશાસ્ત્ર' નામક કૃતિની રચના કરી છે, એવો જિનરત્નકોશ, પૃ.૩૮૩માં ઉલ્લેખ છે.

—★—

૧. આ ગ્રંથ 'રત્નપરીક્ષાદિ-સપ્તગ્રંથસંગ્રહ'માં પ્રકાશિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચોવીસમું પ્રકરણ

# રત્નશાસ્ત્ર

પ્રાચીન ભારતમાં રત્નશાસ્ત્રને એક વિજ્ઞાન માનવામાં આવતું હતું. તેમાં ઘણી ખરી વાતો અનુશ્રુતિઓ પર આધારિત રહેતી હતી. પછીના કાળમાં રત્નશાસ્ત્રના લેખકોએ પોતાના અનુભવોનું સંકલન કરી તેને વિશદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

જૈન આગમોમાં 'પ્રજ્ઞાપનાસૂત્ર' (પત્ર ૭૭, ૭૮)માં વદૂર, જંગ (અંજણ), પવાલ, ગોમેજ્જ, રુચક, અંક, ફલિહ, લોહિયક્ખ, મરકય, મસારગલ્લ, ભૂયમોયગ, ઈન્દ્રનીલ, હંસગબ્ભ, પુલક, સૌગંધિક, ચંદ્રગ્રહ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત વગેરે રત્નોનાં નામ આવે છે.

કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'ના કોશપ્રવેશ્યપ્રકરણ (૨-૧૦-૨૯)માં રત્નોનું વર્ણન આવે છે. છઠ્ઠી શતાબ્દી પછી થનાર અગસ્તિએ રત્નો વિશે પોતાનો મત 'અગસ્તીય રત્નપરીક્ષા' નામે પ્રકટ કર્યો છે. ૭મી-૮મી સદીના બુદ્ધભટ્ટે 'રત્નપરીક્ષા' ગ્રંથની રચના કરી છે. 'ગરુડપુરાણ'ના ૬૮થી ૭૦ અધ્યાયોમાં રત્નોનું વર્ણન છે. 'માનસોલ્લાસ'ના ભા.૧માં કોશાધ્યાયમાં રત્નોનું વર્ણન મળે છે. 'રત્નસંગ્રહ', 'નવરત્નપરીક્ષા' વગેરે કેટલાય ગ્રંથ રત્નોનું વર્ણન કરે છે. સંગ્રામસિંહ સોની દ્વારા રચિત 'બુદ્ધિસાગર' નામક ગ્રંથમાં રત્નોની પરીક્ષા વગેરે વિષય વર્ણિત છે.

અહીં જૈન લેખકો દ્વારા રચાયેલા રત્નશાસ્ત્રવિષયક ગ્રંથોના વિષયમાં પરિચય આપવામાં આવી રહ્યો છે.

### ૧. રત્નપરીક્ષા :

શ્રીમાલવંશીય ઠક્કુર ફેરૂએ વિ.સં.૧૩૭૨માં 'રત્નપરીક્ષા' નામક ગ્રંથની રચના કરી છે. રત્નોના વિષયમાં સુરમિતિ, અગસ્ત્ય અને બુદ્ધભટ્ટે જે ગ્રંથો લખ્યા છે તેને સામે રાખી ફેરૂએ પોતાના પુત્ર હેમપાલ માટે ૧૩૨ ગાથાઓમાં આ ગ્રંથ પ્રાકૃતમાં રચ્યો છે.

આ ગ્રંથરચનામાં પ્રાચીન ગ્રંથોનો આધાર લેવા છતાં પણ ગ્રંથકારે ચૌદમી શતાબ્દીના રત્ન-વ્યવસાય પર ઘણો પ્રકાશ પાડ્યો છે. રત્નો સંબંધમાં સુલતાનયુગના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ પણ ફારસી કે અન્ય ગ્રંથકારે ઠક્કુર ફેરૂ જેટલા તથ્યો નથી આપ્યા, એટલા માટે આ ગ્રંથનું વિશેષ મહત્ત્વ છે. કેટલાય રત્નોના ઉત્પત્તિસ્થાન ફેરૂએ ૧૪મી સદીની આયાત-નિર્યાત સ્વયં જોઈ નિશ્ચિત કર્યાં છે. રત્નોના તોલ અને મૂલ્ય પણ પ્રાચીન શાસ્ત્રોના આધારે નહિ, પરંતુ પોતાના સમયમાં પ્રચલિત વ્યવહારના આધારે બતાવ્યાં છે.

આ ગ્રંથમાં રત્નોના ૧. પદ્મરાગ, ૨. મુક્તા, ૩. વિદ્રુમ, ૪. મરકત, ૫. પુખરાજ, ૬. હીરો, ૭. ઇન્દ્રનીલ, ૮. ગોમેદ અને ૯. વૈડૂર્ય — આ નવ પ્રકાર ગણાવ્યા છે (ગાથા ૧૪-૧૫). તે ઉપરાંત ૧૦. લહસુનિયા, ૧૧. સ્ફટિક, ૧૨. કર્કેતન અને ૧૩. ભીષ્મ નામક રત્નોનો પણ ઉલ્લેખ કર્યો છે; ૧૪. લાલ, ૧૫. અકીક અને ૧૬. ફિરોજા — આ પારસી રત્નો છે. આ પ્રમાણે રત્નોની સંખ્યા ૧૬ છે. આમાં પણ મહારત્ન અને ઉપરત્ન — આ બે પ્રકારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ રત્નોનાં ૧. ઉત્પત્તિસ્થાન, ૨. આકર, ૩. વર્ણ-છાયા, ૪. જાતિ, ૫. ગુણ-દોષ, ૬. ફળ અને ૭. મૂલ્ય બતાવતાં વિજાતીય રત્નોનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

શૂર્પારક, કલિંગ, કોશલ અને મહારાષ્ટ્રમાં વજ્ર નામક રત્ન; સિંહલ અને તુંબર વગેરે દેશોમાં મુક્તાફલ અને પદ્મરાગમણિ; મલયપર્વત અને બર્બર દેશમાં મરકતમણિ; સિંહલમાં ઇન્દ્રનીલમણિ; વિંધ્યપર્વત, ચીન, મહાચીન અને નેપાલમાં વિદ્રુમ; નેપાલ, કાશ્મીર અને ચીન વગેરેમાં લસણિયા, વૈડૂર્ય અને સ્ફટિક મળે છે.

સારા રત્ન સ્વાસ્થ્ય, દીર્ઘજીવન, ધન અને ગૌરવ આપનાર હોય છે તથા સર્પ, જંગલી જાનવર, પાણી, આગ, વિદ્યુત્, ઘા અને બીમારીથી મુક્ત કરે છે. ખરાબ રત્ન દુઃખદાયક હોય છે.

સૂર્યગ્રહ માટે પદ્મરાગ, ચંદ્રગ્રહ માટે મોતી, મંગલગ્રહ માટે મૂંગા, બુધગ્રહ માટે પન્ના, ગુરુગ્રહ માટે પુખરાજ, શુક્રગ્રહ માટે હીરા, શનિગ્રહ માટે નીલમ, રાહુગ્રહ માટે ગોમેદ અને કેતુગ્રહ માટે વૈડૂર્ય — આ રીતે ગ્રહો અનુસાર રત્ન ધારણ કરવાથી ગ્રહ પીડા આપતા નથી.

રત્નોના પરીક્ષકને માંડલિક કહેવામાં આવતા હતા અને આ લોકો રત્નોની પરસ્પર મેળવણી કરી તેની પરીક્ષા કરતા હતા.

પારસી રત્નોનું વિવરણ તો ફેરૂનું પોતાનું મૌલિક છે. પદ્મરાગના પ્રાચીન ભેદ ગણાવ્યા છે તેમાં 'ચુન્ની'નો પ્રયોગ કર્યો છે, જેનો વ્યવહાર ઝવેરી લોકો આજે પણ કરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ જ રીતે ઘટ્ટ કાળા માણેક માટે 'ચિપ્પડિયા' (દેશ્ય) શબ્દનો પ્રયોગ કર્યો છે. હીરા માટે 'ફાર' શબ્દનો પ્રયોગ આજે પણ પ્રચલિત છે.

એવું જણાય છે કે માળવા હીરાના વેપાર માટે પ્રસિદ્ધ હતું, કેમકે ફેરૂએ શુદ્ધ હીરા માટે 'માલવી' શબ્દનો પ્રયોગ કર્યો છે.

પન્ના માટે ઘણી-બધી નવી વાતો કહી છે. ઠક્કુર ફેરુના સમયમાં નવી અને જૂની ખાણોના પન્નામાં તફાવત થઈ ગયો હોય એમ જણાય છે, કેમકે ફેરૂએ ગરુડોદ્ગાર, કીડઉઠી, વાસવતી, મૂગઉની અને ધૂલિમરાઈ -- આવા તત્કાલીન પ્રચલિત નામોનો પ્રયોગ કર્યો છે.[1]

**૨. રત્નપરીક્ષા :**

સોમ નામક કોઈ રાજાએ 'રત્નપરીક્ષા' નામક ગ્રંથ[2] ની રચના કરી છે.

આમાં 'મૌક્તિકપરીક્ષા'ના અંતે રાજાના નામનો પરિચાયક શ્લોક આ મુજબ છે :

**उत्पत्तिराकर-छाया-गुण-दोष-शुभाशुभम् ।**
**तोलनं मौल्यविन्यासः कथितः सोमभूभुजा ॥**

આ સોમ રાજા કોણ હતા, ક્યારે થયા અને કયા દેશમાં થયા, તે જાણી શકાયું નથી. તેઓ જૈન હતા કે અજૈન, તે પણ નથી જાણી શકાયું. તેમની શૈલી અન્ય રત્નપરીક્ષા વગેરે ગ્રંથો જેવી જ છે. પ્રસ્તુત ગ્રંથમાં ૧. રત્નપરીક્ષા શ્લોક ૨૨, ૨. મૌક્તિકપરીક્ષા શ્લોક ૪૮, ૩. માણિક્યપરીક્ષા શ્લોક ૧૭, ૪. ઈન્દ્રનીલપરીક્ષા શ્લોક ૧૫, ૫. મરકતપરીક્ષા શ્લોક ૧૨, ૬. રત્નપરીક્ષા શ્લોક ૧૭, ૭. રત્નલક્ષણ શ્લોક ૧૫ — આ મુજબ કુલ મળી ૧૪૬ અનુષ્ટુપ્ શ્લોકો છે. આ નાનો હોવા છતાં પણ અતિ ઉપયોગી ગ્રંથ છે. આમાં રત્નોની ઉત્પત્તિ, ખાણ, છાયા, ગુણ, દોષ, શુભ, અશુભ, તોલ અને મૂલ્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

**સમસ્તરત્નપરીક્ષા :**

જૈન ગ્રંથાવલી, પૃ. ૩૬૩માં 'સમસ્તરત્નપરીક્ષા' નામક કૃતિનો ઉલ્લેખ છે. તે ૬૦૦ શ્લોકપ્રમાણ હોવાનો પણ નિર્દેશ છે, કર્તાના નામ વગેરેનો કંઈ પણ ઉલ્લેખ નથી.

---

૧. આ ગ્રંથ 'રત્નપરીક્ષાદિ-સપ્તગ્રંથસંગ્રહ'માં પ્રકાશિત છે. પ્રકાશક છે — રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર, સન્ ૧૯૬૧.

૨. આની હસ્તલિખિત પ્રત પાલીતાણાના વિજયમોહનસૂરીશ્વરજી હસ્તલિખિત શાસ્ત્રગ્રંથમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મણિકલ્પ :**

આચાર્ય માનતુંગસૂરિએ 'મણિકલ્પ' નામક ગ્રંથની રચના કરી છે. આમાં ૧. રત્નપરીક્ષા-વજ્રપરીક્ષા શ્લોક ૨૯, ૨. મુક્તાપરીક્ષા શ્લોક ૫૬, ૩. માણિક્યલક્ષણ શ્લોક ૨૦, ૪. ઈન્દ્રનીલલક્ષણ શ્લોક ૧૬, ૫. મરકતલક્ષણ શ્લોક ૧૨, ૬. સ્ફટિકલક્ષણ શ્લોક ૧૬, ૭. પુષ્પરાગલક્ષણ શ્લોક ૧, ૮. વૈડૂર્યલક્ષણ શ્લોક ૧, ૯. ગોમેદલક્ષણ શ્લોક ૧, ૧૦. પ્રવાલલક્ષણ શ્લોક ૨, ૧૧. રત્નપરીક્ષા શ્લોક ૮, ૧૨. માણિક્યકરણ શ્લોક ૭, ૧૩. મુક્તાકરણ શ્લોક ૩, ૧૪. મણિલક્ષણપરીક્ષા વગેરે શ્લોક ૬૧ – આ રીતે કુલ મળી ૨૨૫ શ્લોક છે.[1]

અંતે કર્તાએ પોતાનો નામનિર્દેશ આ મુજબ કર્યો છે :

**श्रीमानतुङ्गस्य तथापि धर्मं श्रीवीतरागस्य स एव वेत्ति ।**

**હીરકપરીક્ષા :**

કોઈ દિગંબર મુનિએ ૯૦ શ્લોકાત્મક 'હીરકપરીક્ષા' નામક ગ્રંથની રચના કરી છે.[2]

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. આ ગ્રંથ હિંદી અનુવાદ સાથે એસ. કે. કોટેચા, ધૂલિયાથી પ્રકાશિત થયો છે.
૨. પિટર્સનના રિપોર્ટ (નં.૪)માં આ કૃતિનો ઉલ્લેખ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પચીસમું પ્રકરણ

# મુદ્રાશાસ્ત્ર

**દ્રવ્યપરીક્ષા :**

શ્રીમાલવંશીય ઠક્કુર ફેરૂએ વિ.સં.૧૩૭૫માં 'દ્રવ્યપરીક્ષા' નામક ગ્રંથની પોતાના બંધુ અને પુત્ર માટે પ્રાકૃત ભાષામાં રચના કરી છે.

'દ્રવ્યપરીક્ષા'માં ગ્રંથકારે સિક્કાઓના મૂલ્ય, તોલ, દ્રવ્ય, નામ અને સ્થાનનો વિશદ પરિચય આપ્યો છે. પહેલા પ્રકરણમાં ચાસણીનું વર્ણન છે. બીજા પ્રકરણમાં સ્વર્ણ, રજત વગેરે મુદ્રાશાસ્ત્રવિષયક ભિન્ન-ભિન્ન ધાતુઓના શોધનનું વર્ણન કર્યું છે. આ બે પ્રકરણોમાં ઠક્કુર ફેરૂના રસાયણશાસ્ત્રસંબંધી ઊંડા જ્ઞાનનો પરિચય થાય છે. ત્રીજા પ્રકરણમાં મૂલ્યનો નિર્દેશ છે. ચોથા પ્રકરણમાં બધા પ્રકારની મુદ્રાઓનો પરિચય આપવામાં આવ્યો છે. આ ગ્રંથમાં પ્રાકૃત ભાષાની ૧૪૧ ગાથાઓમાં આ બધા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતમાં મુદ્રાઓનું પ્રચલન અતિ પ્રાચીન કાળથી છે. મુદ્રાઓ અને તેના વિનિમય વિશે સાહિત્યિક ગ્રંથો, તેમની ટીકાઓ અને જૈન-બૌદ્ધ અનુશ્રુતિઓમાં પ્રસંગવશાત્ અનેક વિગતો પ્રાપ્ત થાય છે. મુસ્લિમ તવારીખોમાં ક્યાંક-ક્યાંક ટંકશાળોનું વર્ણન પ્રાપ્ત થાય છે. પરંતુ મુદ્રાશાસ્ત્રના સમસ્ત અંગ-પ્રત્યંગો પર અધિકારપૂર્ણ પ્રકાશ પાડનાર આની સિવાય કોઈ ગ્રંથ અત્યાર સુધી ઉપલબ્ધ થયો નથી. આ દૃષ્ટિએ મુદ્રાવિષયક જ્ઞાનના ક્ષેત્રમાં સમગ્ર ભારતીય સાહિત્યમાં એક માત્ર કૃતિ રૂપે આ ગ્રંથ મૂર્ધન્યકોટિમાં સ્થાન મેળવે છે.

છસો-સાતસો વર્ષ પહેલાં મુદ્રાશાસ્ત્ર-વિષયક સાધનોનો સર્વથા અભાવ હતો. તે સમયે ફેરૂએ આ વિષય પર સર્વાંગપૂર્ણ ગ્રંથ લખી પોતાની ઈતિહાસવિષયક અભિરુચિનો સારો પરિચય આપ્યો છે.

ઠક્કુર ફેરૂએ પોતાના ગ્રંથમાં સૂચિત કર્યું છે કે દિલ્હીની ટંકશાળમાં સ્થિત સિક્કાઓનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરી તથા મુદ્રાઓની પરીક્ષા કરી તેમના તોલ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂલ્ય, ધાતુગત પરિમાણ, સિક્કાઓનાં નામ અને સ્થાનસૂચન વગેરે આવશ્યક વિષયોનું મેં આ ગ્રંથમાં નિરૂપણ કર્યું છે.

જોકે 'દ્રવ્યપરીક્ષા'માં ઘણી પ્રાચીન મુદ્રાઓની સૂચના નથી તો પણ મધ્યકાલીન મુદ્રાઓનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આનાથી પર્યાપ્ત સહાયતા મળે છે. ગ્રંથમાં લગભગ ૨૦૦ મુદ્રાઓનો પરિચય આપવામાં આવ્યો છે. ઉદાહરણાર્થ પૂતલી, ખીમલી, કજાની, આદની, રીણી, રૂવાઈ, ખુરાજમી, વાલિષ્ટ-આ મુદ્રાઓનું તોલ સાથે વર્ણન આપવામાં આવ્યું છે, પરંતુ તેમનો સંબંધ કયા રાજવંશ કે દેશ સાથે હતો તે જાણવું મુશ્કેલ છે. કેટલીય મુદ્રાઓના નામ રાજવંશો સાથે જોડાયેલ છે, જેમકે કુમરુ-તિહુણગિરિ.

આ રીતે ગુર્જર દેશ સાથે સંબંધી મુદ્રાઓમાં કુમરપુરી, અજયપુરી, ભીમપુરી, લાખાપુરી, અર્જુનપુરી, વિસલપુરી વગેરે નામવાળી મુદ્રાઓ ગુજરાતના રાજાઓ – કુમારપાળ વિ.સં.૧૧૯૯થી ૧૨૨૯, અજયપાલ સં. ૧૨૨૯થી ૧૨૩૨, ભીમદેવ, લાખા રાણા, અર્જુનદેવ સં. ૧૩૧૮થી ૧૩૩૧, વિસલદેવ સં. ૧૩૦૨થી ૧૩૧૮ – ના નામથી પ્રચલિત જણાય છે. પ્રબંધ ગ્રંથોમાં ભીમપ્રિય અને વિસલપ્રિય નામક સિક્કાઓનો ઉલ્લેખ મળે છે. માલવીમુદ્રા, ચંદેરિકાપુરમુદ્રા, જાલંધરીયમુદ્રા, ઢિલ્લિકાસત્કમુદ્રા, અશ્વપતિમહાનરેન્દ્રપાતસાહી-અલાઉદ્દીનમુદ્રા વગેરે કેટલીય મુદ્રાઓના નામ તોલમાપ સાથે બતાવવામાં આવ્યા છે. કુતુબુદ્દીન બાદશાહની સ્વર્ણમુદ્રા, રૂપ્યમુદ્રા અને સાહિમુદ્રાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.[1]

જે મુદ્રાઓનો આ ગ્રંથમાં ઉલ્લેખ છે તેવી કેટલીય મુદ્રાઓ સંગ્રહાલયોમાં સંગૃહીત મળે છે, જેમકે – લાહઉરી, લગામી, સમોસી, મસૂદી, અબ્દુલી, કફુલી, દીનાર વગેરે. દીનાર અલાઉદ્દીનનો મુખ્ય સિક્કો હતો.

જે મુદ્રાઓનું આ ગ્રંથમાં વર્ણન છે તેવી કેટલીય મુદ્રાઓનો ઉલ્લેખ પ્રસંગવશ સાહિત્યિક ગ્રંથોમાં આવે છે, જેમકે – કેશરીનો ઉલ્લેખ હેમચન્દ્રસૂરિકૃત 'દ્વ્યાશ્રયમહાકાવ્ય'માં, જઈથલનો ઉલ્લેખ 'યુગપ્રધાનાચાર્યગુર્વાવલી'માં, દ્રમ્મનો ઉલ્લેખ દ્વ્યાશ્રયમહાકાવ્ય, યુગપ્રધાનાચાર્યગુર્વાવલી વગેરે કેટલાક ગ્રંથોમાં આવે છે. દીનારનો ઉલ્લેખ 'હરિવંશપુરાણ', 'પ્રબન્ધચિન્તામણિ' વગેરેમાં આવે છે.

---

૧. આ કૃતિ 'રત્નપરીક્ષાદિ-સપ્તગ્રંથસંગ્રહ'માં પ્રકાશિત છે. પ્રકાશક છે – રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર, સન્ ૧૯૬૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## છવ્વીસમું પ્રકરણ

# ધાતુવિજ્ઞાન

**ધાતૂત્પત્તિ :**

શ્રીમાલવંશીય ઠક્કુર ફેરૂએ લગભગ વિ.સં. ૧૩૭૫માં 'ધાતૂત્પત્તિ' નામક ગ્રંથની પ્રાકૃત ભાષામાં રચના કરી છે. આ ગ્રંથમાં ૫૭ ગાથાઓ છે. આમાં પીતળ, તાંબુ, સીસુ, કલાઈ, કાંસુ, પારો, હિંગળો, સિંદૂર, કપૂર, ચન્દન, કસ્તૂરી વગેરેનું વિવેચન છે.[૧]

**ધાતુવાદપ્રકરણ :**

સોમરાજા-રચિત 'રત્નપરીક્ષા'ના અંતે 'ધાતુવાદપ્રકરણ' નામક ૨૫ શ્લોકોનું પરિશિષ્ટ પ્રાપ્ત થાય છે. તેમાં તાંબામાંથી સોનું બનાવવાની વિધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આના કર્તાનું નામ જ્ઞાત નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**ભૂગર્ભપ્રકાશ :**

શ્રીમાલવંશીય ઠક્કુર ફેરૂએ લગભગ વિ.સં.૧૩૭૫માં 'ભૂગર્ભપ્રકાશ' નામક ગ્રંથની પ્રાકૃત ભાષામાં રચના કરી હતી. આ ગ્રંથમાં તાંબુ, સુવર્ણ, રજત, હિંગૂલ વગેરે બહુમૂલ્ય દ્રવ્યવાળી પૃથ્વીનો ઉપરનો ભાગ કેવો હોવો જોઈએ, કયા રંગની માટી હોવી જોઈએ અને કેવો સ્વાદ હોવાથી કેટલા હાથ નીચે કઈ-કઈ ધાતુઓ નીકળશે, તેનું સવિસ્તર વર્ણન આપી ગ્રંથકારે ભારતીય ભૂગર્ભશાસ્ત્રના સાહિત્યમાં ઉલ્લેખનીય અભિવૃદ્ધિ કરી છે. જોકે પ્રાચીન સાહિત્યિક કૃતિઓમાં આ પ્રકારના ઉલ્લેખો દૃષ્ટિગોચર થાય છે પરંતુ તેમનાથી વિસ્તૃત જાણકારી નથી મળતી. આ દૃષ્ટિએ આ ગ્રંથ ભારતીય સાહિત્યના ઈતિહાસમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે.[૨]

★

૧. આ ગ્રંથ 'રત્નપરીક્ષાદિ-સપ્તગ્રંથસંગ્રહ'માં પ્રકાશિત છે.
૨. આ પણ 'રત્નપરીક્ષાદિ-સપ્તગ્રંથસંગ્રહ'માં પ્રકાશિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સત્યાવીસમું પ્રકરણ

# પ્રાણીવિજ્ઞાન

આયુર્વેદમાં પશુપક્ષીઓની શરીરરચના, સ્વભાવ, ઋતુચર્યા, રોગ અને તેમની ચિકિત્સાના વિષયમાં ઘણું લખવામાં આવ્યું છે. 'અગ્નિપુરાણ'માં ગવાયુર્વેદ, ગજચિકિત્સા, અશ્વચિકિત્સા વગેરે પ્રકરણો છે. પાલકાપ્ય નામક વિદ્વાનનો 'હસ્તિઆયુર્વેદ' નામક એક પ્રાચીન ગ્રંથ છે. નીલકંઠે 'માતંગલીલા'માં હાથીઓના લક્ષણ ખૂબ સારી રીતે બતાવ્યાં છે. જયદેવે 'અશ્વવૈદ્યક' નામક ગ્રંથમાં ઘોડાઓ વિશે લખ્યું છે. 'શાલિહોત્ર' નામક ગ્રંથ પણ અશ્વો વિશે સારી જાણકારી આપે છે. કુર્માચલ (કુમાઊં)ના રાજા રુદ્રદેવે 'શ્યૈનિકશાસ્ત્ર' નામક એક ગ્રંથ લખ્યો છે, જેમાં બાજ પક્ષીઓનું વર્ણન કરવામાં આવ્યું છે અને તેમના દ્વારા શિકાર કરવાની રીત બતાવવામાં આવી છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**મૃગપક્ષિશાસ્ત્ર :**

હંસદેવ નામક જૈન કવિ (?યતિ)એ ૧૩મી શતાબ્દીમાં પશુ-પક્ષીઓના પ્રકાર, સ્વભાવ વગેરે પર પ્રકાશ પાડનાર 'મૃગ-પક્ષીશાસ્ત્ર' નામક સુંદર અને વિશિષ્ટ ગ્રંથની રચના કરી છે.[૧] આમાં અનુષ્ટુપ છંદમાં ૧૭૦૦ શ્લોક છે.

આ ગ્રંથમાં પશુ-પક્ષીઓના ૩૬ વર્ગો બતાવવામાં આવ્યા છે. તેમના રૂપ-રંગ, પ્રકાર, સ્વભાવ, બાલ્યાવસ્થા, સંભોગકાળ, ગર્ભધારણ-કાળ, ખાન-પાન, આયુષ્ય અને અન્ય કેટલીય વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. સત્ત્વ-ગુણ પશુ-પક્ષીઓમાં નથી હોતો. તેમનામાં રજોગુણ અને તમોગુણ — આ બે જ ગુણ જોવા મળે છે. પશુ-પક્ષીઓમાં પણ ઉત્તમ, મધ્યમ અને અધમ — આ ત્રણ પ્રકાર બતાવ્યા છે. સિંહ,

૧. મદ્રાસના શ્રી રાઘવાચાર્યને સૌથી પહેલાં આ ગ્રંથની હસ્તલિખિત પ્રત મળી હતી. તેમણે તેને ત્રાવણકોરના મહારાજાને ભેટ કરી. ડૉ. કે. સી. વુડ આની પ્રતિલિપિ કરી અમેરિકા લઈ ગયા. સન્ ૧૯૨૫માં શ્રી સુન્દરાચાર્યે આનો અંગ્રેજીમાં અનુવાદ પ્રકાશિત કર્યો. મૂળ ગ્રંથ હજી છપાયો નથી, એવું જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથી, ઘોડા, ગાય, બળદ, હંસ, સારસ, કોયલ, કબૂતર વગેરે ઉત્તમ પ્રકારના રાજસી ગુણવાળા છે. ચિત્તા, બકરા, મૃગ, બાજ વગેરે મધ્યમ રાજસ ગુણવાળા છે. રીંછ, ગેંડા, ભેંસ વગેરેમાં અધમ રાજસ ગુણ હોય છે. આ જ રીતે ઊંટ, ઘેટાં, કુતરાં, મરઘા વગેરે ઉત્તમ તામસ ગુણવાળા છે. ગીધ, તેતર વગેરે મધ્યમ તામસ ગુણયુક્ત હોય છે. ગધેડાં, સૂવ્વર, વાંદરાં, ગીધ, બિલાડી, ઉંદર, કાગડો વગેરે અધમ તામસ ગુણવાળા છે.

પશુ-પક્ષીઓની અધિકતમ આયુષ્ય-મર્યાદા પણ આ પ્રમાણે બતાવવામાં આવી છે : હાથી ૧૦૦ વર્ષ, ગેંડો ૨૨, ઊંટ ૩૦, ઘોડો ૨૫, સિંહ-ભેંસ-ગાય-બળદ વગેરે ૨૦, ચિત્તો ૧૬, ગધેડું ૧૨, વાંદરુ-કુતરું-ભૂંડ ૧૦, બકરું ૯, હંસ ૭, મોર ૬, કબૂતર ૩ અને ઉંદર તથા સસલું ૧½ વર્ષ.

આ ગ્રંથમાં કેટલાય પશુ-પક્ષીઓનું રોચક વર્ણન કરવામાં આવ્યું છે. ઉદાહરણાર્થ સિંહનું વર્ણન આ મુજબ છે :

સિંહ છ પ્રકારના હોય છે — ૧. સિંહ, ૨ મૃગેન્દ્ર, ૩. પંચાસ્ય, ૪. હર્યક્ષ, ૫. કેસરી અને ૬. હરિ. તેમનાં રૂપ-રંગ, આકાર-પ્રકાર અને કામમાં કેટલીક ભિન્નતા હોય છે. કેટલાક ગાઢ જંગલોમાં તો કેટલાક ઊંચી પહાડીઓમાં રહે છે. તેમનામાં સ્વાભાવિક બળ હોય છે. જ્યારે તેમની ૬-૭ વર્ષની ઉંમર હોય છે ત્યારે તેમને વાસના બહુ સતાવે છે. તેઓ માદાને જોઈને તેનું શરીર ચાટે છે, પૂંછડી હલાવે છે અને કૂદાકૂદ કરી ખૂબ જોરથી ગર્જે છે. સંભોગનો સમય ઘણુંખરું અડધી રાતનો હોય છે. ગર્ભાવસ્થામાં થોડા સમય સુધી નર અને માદા સાથે-સાથે ઘૂમે છે. તે સમયે માદાની ભૂખ ઓછી થઈ જાય છે. શરીરમાં શિથિલતા આવવાથી શિકાર પ્રત્યે રુચિ ઓછી થઈ જાય છે. ૯થી ૧૨ મહિના પછી ફરી વસંતના અંતે અને ગ્રીષ્મ ઋતુના આરંભે પ્રસવ થાય છે. જો શરદ ઋતુમાં પ્રસૂતિ થઈ જાય તો બાળકો કમજોર રહે છે. એકથી લઈ પાંચ સુધીની સંખ્યામાં બચ્ચાંનો જન્મ થાય છે.

પહેલાં તો તેઓ માતાના દૂધ પર ઉછરે છે. ત્રણ-ચાર મહિનાનાં થતાં જ તેઓ ગર્જવા લાગે છે અને શિકારની પાછળ દોડવાનું શરૂ કરે છે. ચીકણાં અને કોમળ માંસ તરફ તેમની વધારે રુચિ હોય છે. બીજા-ત્રીજા વર્ષથી તેમની કિશોરાવસ્થાનો આરંભ થાય છે. તે સમયથી તેમની ક્રોધની માત્રા વધતી રહે છે. તેઓ ભૂખ સહન નથી કરી શકતાં, ભયને તો તેઓ જાણતા જ નથી. આથી તો તેઓ પશુઓના રાજા કહેવાય છે.

આ પ્રકારના સાધારણ વર્ણન પછી તેમના છ પ્રકારોમાંથી પ્રત્યેકની વિશેષતા બતાવવામાં આવી છે :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. સિંહની ગરદનના વાળ ખૂબ ગાઢ હોય છે, રંગ સોનેરી પરંતુ પાછલી તરફ કંઈક શ્વેત હોય છે. તે બાણની જેમ ખૂબ તેજીથી દોડે છે.

૨. મૃગેન્દ્રની ગતિ મંદ અને ગંભીર હોય છે, તેની આંખો સોનેરી અને મૂછો ખૂબ મોટી હોય છે, તેના શરીર પર જાત જાતના કેટલાય ચાઠાં હોય છે.

૩. પંચાસ્ય ઉછળી ઉછળી ચાલે છે, તેની જીભ મોંની બહાર લટકતી રહે છે, તેને ઊંઘ ખૂબ આવે છે, જ્યારે ત્યારે પણ જુઓ તે નિદ્રામાં જ જોવા મળે છે.

૪. હર્યક્ષને દરેક સમયે પરસેવો જ છૂટતો રહે છે.

૫. કેસરીનો રંગ લાલ હોય છે જેમાં કરચલી પડેલી જોવા મળે છે.

૬. હરિનું શરીર ખૂબ નાનું હોય છે.

અંતે ગ્રંથકારે બતાવ્યું છે કે પશુઓનું પાલન કરવાથી અને તેમની રક્ષા કરવાથી ખૂબ પુણ્ય થાય છે. તેઓ મનુષ્યની સદાય સહાયતા કરે છે. ગાયની રક્ષા કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે.

પુસ્તકના બીજા ભાગમાં પક્ષીઓનું વર્ણન છે. પ્રારંભમાં જ બતાવવામાં આવ્યું છે કે પ્રાણીઓને પોતાના કર્માનુસાર જ અંડજ યોનિ પ્રાપ્ત થાય છે. પક્ષીઓ ખૂબ ચતુર હોય છે. ઈંડા ક્યારે ફોડવાં જોઈએ, તે વિષયમાં તેમનું જ્ઞાન જોઈ ખૂબ આશ્ચર્ય થાય છે. પક્ષીઓ જંગલ અને ઘરનો શ્રૃંગાર છે. પશુઓની જેમ તે પણ કેટલીય રીતે મનુષ્યોના સહાયક હોય છે.

ઋષિઓએ બતાવ્યું છે કે જે પક્ષીઓને પ્રેમથી નથી પાળતા અને તેમની રક્ષા નથી કરતા તેઓ આ પૃથ્વી પર રહેવા યોગ્ય નથી.

ત્યાર બાદ હંસ, ચક્રવાક, સારસ, ગરુડ, કાગડો, બગલો, પોપટ, મોર, કબૂતર વગેરેના કેટલાય પ્રકારના ભેદોનું સુંદર અને રોચક વર્ણન કરવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં કુલ મળી લગભગ ૨૨૫ પશુ-પક્ષીઓનું વર્ણન છે.

**તુરંગપ્રબંધ :**

મંત્રી દુર્લભરાજે 'તુરંગપ્રબંધ' નામક કૃતિની રચના કરી છે પરંતુ આ ગ્રંથ હજી સુધી પ્રાપ્ત થયો નથી. આમાં અશ્વોના ગુણોનું વર્ણન હોવું જોઈએ. રચના-સમય વિ.સં.૧૨૧૫ લગભગ છે.

**હસ્તિપરીક્ષા :**

જૈન ગૃહસ્થ વિદ્વાન દુર્લભરાજે (વિ.સં.૧૨૧૫ આસપાસ) હસ્તિપરીક્ષા અપરનામ ગજપ્રબંધ કે ગજપરીક્ષા નામક ગ્રંથની રચના ૧૫૦૦ શ્લોકપ્રમાણ કરી છે. જૈન ગ્રંથાવલી, પૃ. ૩૬૧માં આનો ઉલ્લેખ છે.

—★—

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શબ્દાનુક્રમણિકા


અ

અંગદ ૨૩૪
અંગવિજ્જા ૨૧૪
અંગવિદ્યા ૨૧૪
અંગવિદ્યાશાસ્ત્ર ૨૧૮
અંબાપ્રસાદ ૯૯, ૧૦૪, ૧૦૫
અકબર ૮૯, ૯૦, ૯૧, ૧૨૦, ૧૩૮, ૧૯૧
અકબરસાહિશ્રૃંગારદર્પણ ૧૨૦
અકલંક ૭૫
અકલંકસંહિતા ૨૩૫
અક્ષરચૂડામણિશાસ્ત્ર ૨૧૩
અગડદત્ત-ચૌપાઈ ૧૩૯
અગસ્તિ ૨૪૩
અગસ્તીય-રત્નપરીક્ષા ૨૪૩
અગસ્ત્ય ૨૪૩
અગ્ગલ ૧૨
અગ્ઘકંડ ૨૨૨
અગ્નિપુરાણ ૫૦, ૨૫૦
અજંતા ૧૫૯
અજયપાલ ૨૦૬, ૨૪૮
અજયપુરી ૨૪૮
અજિતશાંતિ-ઉપસર્ગહરસ્તોત્ર ૫૫
અજિતશાંતિસ્તવ ૧૩૬
અજિતસેન ૧૯, ૯૯, ૧૦૦, ૧૨૨, ૧૫૦
અજીવ ૨૧૫
અઠારા-નાતા-સજ્ઝાય ૧૮૬
અઢારહજારી ૩૧
અણહિલ્લપુર ૧૧૬, ૨૦૬,
અત્થસત્થ ૨૩૭
અધ્યાત્મકમલમાર્તંડ ૧૩૮
અનંતદેવસૂરિ ૨૩૦
અનંતપાલ ૧૬૪
અનંતભટ્ટ ૧૦૮
અનગારધર્મામૃત ૮૦
અનર્ઘરાઘવ-ટિપ્પણ ૧૭૩
અનિટ્કારિકા ૪૭
અનિટ્કારિકા-અવચૂરિ ૬૧
અનિટ્કારિકા-ટીકા ૪૭
અનિટ્કારિકાવચૂરિ ૧૫
અનિટ્કારિકા-વિવરણ ૪૭
અનિટ્કારિકા-સ્વોપજ્ઞવૃત્તિ ૬૧
અનુભૂતિસ્વરૂપાચાર્ય ૫૫
અનુયોગદ્વાર ૧૫૬
અનુયોગદ્વારસૂત્ર ૯૮
અનેક-પ્રબંધ-અનુયોગ-ચતુષ્કોપેત-ગાથા ૫૪
અનેકશાસ્ત્રસારસમુચ્ચય ૮૯
અનેકાર્થ-કૈરવાકરકૌમુદી ૮૫
અનેકાર્થકોશ ૨૯
અનેકાર્થનામમાલા ૪૫, ૮૦, ૮૧



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેકાર્થનામમાલા-ટીકા ૮૧
અનેકાર્થ-નિઘંટુ ૮૦
અનેકાર્થ-સંગ્રહ ૮૨, ૮૫
અનેકાર્થસંગ્રહ-ટીકા ૮૫
અનેકાર્થોપસર્ગ-વૃત્તિ ૯૨૬
અન્નપાટક ૧૯૯
અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા ૩૦
અપભ્રંશ ૬૮, ૬૯, ૭૩, ૧૪૭
અપવર્ગનામમાલા ૯૩
અબ્દુલી ૨૪૮
અબ્ધિમંથન ૧૧૬
અભયકુશલ ૧૮૯, ૧૯૬
અભયચંદ્ર ૧૯, ૧૫૬
અભયધર્મ ૧૩૮
અભયદેવસૂરિ ૨૨, ૧૫૭, ૧૬૯, ૧૮૬, ૧૯૮
અભયદેવસૂરિચરિત ૨૨
અભયનંદી ૧૦
અભિધાનચિંતામણિ ૨૯, ૭૮, ૮૨
અભિધાનચિંતામણિ-અવચૂરિ ૮૪
અભિધાનચિંતામણિ-ટીકા ૮૪
અભિધાનચિંતામણિનામમાલા ૮૧
અભિધાનચિંતામણિનામમાલા-પ્રતીકાવલી ૮૫
અભિધાનચિંતામણિ-બીજક ૮૫
અભિધાનચિંતામણિ-રત્નપ્રભા ૮૪
અભિધાનચિંતામણિવૃત્તિ ૮૩
અભિધાનચિંતામણિવ્યુત્પત્તિરત્નાકર ૮૪
અભિધાનચિંતામણિસારોદ્ધાર ૮૪
અભિધાનરાજેન્દ્ર ૭૨, ૯૫
અભિધાનવૃત્તિમાતૃકા ૧૪૩
અભિનવગુપ્ત ૧૨૫, ૧૪૨
અભિમાનચિહ્ન ૮૮
અમર ૮૨
અમરકીર્તિ ૮૦, ૧૫૨
અમરકીર્તિસૂરિ ૧૪૯
અમરકોશ ૭૮, ૮૨
અમરચંદ્ર ૪૪, ૧૪૨
અમરચંદ્રસૂરિ ૩૩, ૩૬, ૯૪, ૧૧૧, ૧૧૨, ૧૧૫, ૧૩૭, ૧૫૭, ૧૫૯, ૧૯૭
અમરટીકાસર્વસ્વ ૧૮
અમરમુનિ ૧૯૪
અમરસિંહ ૭૮, ૮૬
અમૃતનંદી ૧૧૭, ૨૨૬, ૨૩૧
અમોઘવર્ષ ૧૬, ૧૮, ૧૬૨, ૨૩૧
અરસી ૧૧૨
અરિસિંહ ૧૧૧, ૧૧૨
અર્ઘ ૨૨૪
અર્જુન ૧૪૯
અર્જુનદેવ ૨૪૮
અર્જુનપુરી ૨૪૮
અર્થરત્નાવલી ૯૫
અર્થશાસ્ત્ર ૨૩૭, ૨૩૯, ૨૪૩
અર્ધમાગધી-ડિક્શનરી ૯૬
અર્ધમાગધી-વ્યાકરણ ૭૫
અર્હચ્ચૂડામણિસાર ૨૧૧
અર્હદ્ગીતા ૪૩
અર્હન્નંદિ ૭૨
અર્હન્નામસમુચ્ચય ૩૦
અર્હન્નીતિ ૩૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અલંકારચિંતામણિ ૧૨૨
અલંકારચિંતામણિ-વૃત્તિ ૧૨૨
અલંકારચૂડામણિ ૧૦૨
અલંકારચૂડામણિ-વૃત્તિ ૧૦૩
અલંકારચૂર્ણિ ૧૨૨
અલંકારતિલક ૧૧૬
અલંકારદપ્પણ ૯૯
અલંકારદર્પણ ૯૮, ૯૯
અલંકારપ્રબોધ ૧૧૪, ૧૧૫
અલંકારમંડન ૪૫, ૧૧૮
અલંકારમહોદધિ ૧૦૯
અલંકારમહોદધિવૃત્તિ ૧૦૯
અલંકારસંગ્રહ ૧૧૭
અલંકારસાર ૧૧૭, ૧૧૯
અલંકારસારસંગ્રહ ૧૧૯
અલંકારાવચૂર્ણિ ૧૨૯
અલાઉદ્દીન ૧૬૩, ૨૪૨, ૨૪૮
અલાઉદ્દીન ખિલજી ૨૩૬
અલ્પપરિચિત સૈદ્ધાન્તિક શબ્દકોશ ૯૬
અલ્લુ ૧૪૯
અવંતિસુંદરી ૮૮
અવલેપચિહ્ન ૧૪૫
અવહટ્ટ ૧૪૬
અવ્યયૈકાક્ષરનામમાલા ૯૧
અશ્વતર ૧૪૬
અશ્વપતિમહાનરેન્દ્રપાતસાહીઅલા-
ઉદ્દીનમુદ્રા ૨૪૮
અશ્વવૈદ્ય ૨૫૦
અશ્વિ ૨૨૯
અષ્ટલક્ષાર્થી ૯૫
અષ્ટાંગ આયુર્વેદ ૨૧૨
અષ્ટાંગસંગ્રહ ૨૨૬
અષ્ટાંગહૃદય ૨૨૮
અષ્ટાંગહૃદય-વૃત્તિ ૨૪૮
અષ્ટાદશચક્રવિભૂષિતવીરસ્તવ ૬૨
અષ્ટાધ્યાયતૃતીયપદવૃત્તિ ૭૨
અષ્ટાધ્યાયી ૭૭
અસંગ ૯૩, ૧૩૩


### આ


આખ્યાતવાદટીકા ૧૨૬
આખ્યાતવૃત્તિ ૫૫
આખ્યાતવૃત્તિ-ઢુંઢિકા ૫૨
આગ્રા ૯૦
આજડ ૧૨૭
આત્રેય ૨૨૯, ૨૩૪
આદિદેવસ્તવન ૧૫૪
આદિપંપ ૧૩
આનંદનિધાન ૫૯
આનંદસાગરસૂરિ ૯૬
આનંદસૂરિ ૭૬
આપ્તમીમાંસા ૨૧૨
આભૂષણ ૨૧૪, ૨૧૫
આમ્રદેવ ૨૦૬
આય ૨૨૨
આયજ્ઞાનતિલક ૨૨૨
આયનાણતિલય ૨૨૨
આયસદ્ભાવ ૨૨૨
આયસદ્ભાવ-ટીકા ૨૨૩
આયુર્વેદ ૨૨૬
આયુર્વેદમહોદધિ ૨૩૧


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરંભસિદ્ધિ ૧૭૧
આરંભસિદ્ધિ-વૃત્તિ ૧૭૧
આરાધના-ચૌપાઈ ૧૮૬
આર્યનન્દી ૧૬૪
આર્યા ૧૩૬
આર્યાસંખ્યા-ઉદ્દિષ્ટ-નષ્ટવર્તનવિધિ ૧૩૯
આર્ષપ્રાકૃત ૬૯
આલમશાહ ૪૫, ૧૧૮, ૧૫૮
આવશ્યકચૈત્યવંદન-વૃત્તિ ૧૨૪
આવશ્યકસૂત્રવૃત્તિ ૯૮
આવશ્યકસૂત્રાવચૂરિ ૫૪
આશાધર ૮૦, ૧૨૪, ૧૫૦, ૨૨૮
આશાપલ્લી ૨૦૬
આસડ ૧૫૧
આસન ૨૧૪
આસનસ્થ ૨૧૫

ઈ

ઈંદ્ર ૨, ૧૭
ઈંદ્રવ્યાકરણ ૬
ઈષ્ટાંકપઞ્ચવિંશતિકા ૧૬૫

ઉ

ઉક્તિપ્રત્યય ૬૪
ઉક્તિરત્નાકર ૪૬, ૬૩, ૯૧
ઉક્તિવ્યાકરણ ૬૪
ઉગ્રગ્રહશમનવિધિ ૨૨૭
ઉગ્રાદિત્ય ૨૨૬, ૨૩૧
ઉજ્જવલદત્ત ૭
ઉણાદિગણ-વિવરણ ૨૯
ઉણાદિગણસૂત્ર ૪૮
ઉણાદિગણસૂત્ર-વૃત્તિ ૪૮
ઉણાદિનામમાલા ૪૭
ઉણાદિપ્રત્યય ૪૫
ઉણાદિવૃત્તિ ૭
ઉત્તરપુરાણ ૧૬૪
ઉત્પલ ૧૪૨, ૧૬૮
ઉત્પલિની ૭૭
ઉત્સર્પિણી ૭૭
ઉદયકીર્તિ ૪૯
ઉદયદીપિકા ૪૩, ૧૭૯
ઉદયધર્મ ૬૨
ઉદયન ૧૦૫
ઉદયપ્રભસૂરિ ૧૭૧, ૧૭૪
ઉદયસિંહસૂરિ ૧૧૦
ઉદયસૌભાગ્ય ૩૨
ઉદયસૌભાગ્યગણિ ૭૧
ઉદ્દ્યોતનસૂરિ ૧૭૪
ઉદ્ભટ ૧૨૫
ઉદ્યોગી ૨૧૫
ઉપદેશકંદલી ૧૫૧
ઉપદેશતરંગિણી ૧૨૨
ઉપસર્ગમંડન ૪૪, ૧૧૯
ઉપશ્રુતિદ્વાર ૨૦૪
ઉપાધ્યાયનિરપેક્ષા ૧૫૧
ઉભયકુશલ ૧૮૯
ઉવએસમાલા ૧૭૧
ઉવસ્સુઈદાર ૨૦૪
ઉસ્તરલાવયંત્ર ૧૮૦
ઉસ્તરલાવયંત્ર-ટીકા ૧૮૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋ

ઋષભચરિત ૧૧૬
ઋષભપંચાશિકા ૭૯
ઋષિપુત્ર ૧૭૦, ૧૯૯
ઋષિમંડલયંત્રસ્તોત્ર ૧૬૬

એ

એકસંધિ ૨૪૨
એકાક્ષરકોશ ૯૪
એકાક્ષરનામમાલા ૯૫, ૧૫૭
એકાક્ષરનામમાલિકા ૯૪
એકાક્ષરી-નાનાર્થકાંડ ૯૪
એકાદિદશપર્યંતશબ્દ-સાધનિકા ૮૯

ઐ

ઐંદ્રવ્યાકરણ ૫

ઓ

ઓઘનિર્યુક્તિવૃત્તિ ૨૩૭

ઔ

ઔદાર્યચિંતામણિ ૭૩

ક

કંબલ ૧૪૬
કકુદાચાર્ય ૧૨૮
કક્ષાપટવૃત્તિ ૩૪
કથાકોશપ્રકરણ ૨૦૧
કથાસરિત્સાગર ૫૦
કદંબ ૧૧૭
કનકપ્રભસૂરિ ૩૧, ૩૩, ૪૨
કન્નડકવિચરિતે ૧૧૭
કન્નાણપુર ૨૪૨
કફુલી ૨૪૮
કમ્મત્થય ૧૭૧
કમલાદિત્ય ૧૧૩
કરણકુતૂહલ ૧૯૩
કરણકુતૂહલ-ટીકા ૧૯૩
કરણરાજ ૧૮૯
કરણશેખર ૧૮૬
કરણશેષ ૧૮૬
કરરેહાપયરણ ૨૧૮
કરલક્ખણ ૨૧૫
કરલક્ષણ ૨૧૫
કર્ણદેવ ૫૨
કર્ણાટકભૂષણ ૭૫
કર્ણાટક-શબ્દાનુશાસન ૭૫
કર્ણાલંકારમંજરી ૧૨૨
કર્ણિકા ૧૭૧
કર્ણાટક-કવિચરિતે ૧૩
કલશ ૨૪૨
કલા ૧૫૯
કલાકલાપ ૧૧૪, ૧૫૯
કલાપ ૫૦
કલિંગ ૨૨૪
કલિક ૨૨૯
કલ્પચૂર્ણિ ૨૦૯
કલ્પપલ્લવશેષ ૧૦૩, ૧૦૫
કલ્પમંજરી ૮૯
કલ્પલતા ૧૦૩
કલ્પલતાપલ્લવ ૧૦૩, ૧૦૪
કલ્પસૂત્ર-ટીકા ૧૧૫
કલ્પસૂત્રવૃત્તિ ૫૪

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કલ્યાણકારક ૨૨૬, ૨૨૮, ૨૩૧
કલ્યાણકીર્તિ ૮૧
કલ્યાણનિધાન ૧૭૭, ૧૮૮
કલ્યાણમંદિરસ્તોત્ર-ટીકા ૯૧
કલ્યાણમલ્લ ૯૨
કલ્યાણવર્મા ૧૮૨
કલ્યાણસાગર ૪૫, ૫૮, ૧૯૫
કલ્યાણસાગરસૂરિ ૮૪
કલ્યાણસૂરિ ૪૫
કવિકંઠાભરણ ૧૧૩
કવિકટારમલ્લ ૧૫૩
કવિકલ્પદ્રુમ ૩૭
કવિકલ્પદ્રુમ-ટીકા ૩૭
કવિકલ્પદ્રુમસ્કંધ ૪૫, ૧૧૯
કવિતારહસ્ય ૧૧૧
કવિદર્પણ ૧૪૮
કવિદર્પણકાર ૧૪૨
કવિદર્પણ-વૃત્તિ ૧૪૯
કવિમદપરિહાર ૧૨૧
કવિમદપરિહાર-વૃત્તિ ૧૨૧
કવિમુખમંડન ૧૨૧
કવિરહસ્ય ૧૧૩
કવિશિક્ષા ૯૪, ૯૮, ૧૦૦, ૧૦૮, ૧૧૦, ૧૧૩, ૧૧૭
કવિસિદ્ઠ ૧૪૫
કહારયણકોસ ૨૧૧
કહાવલી ૨૩, ૨૦૦, ૨૦૬
કાંતિવિજય ૧૫૧
કાકલ ૩૩
કાકુત્સ્થકેલિ ૧૧૦
કાતંત્રદીપક-વૃત્તિ ૫૩
કાતંત્રભૂષણ ૫૩
કાતંત્રરૂપમાલા ૫૩
કાતંત્રરૂપમાલા-ટીકા ૨૦
કાતંત્રરૂપમાલા-લઘુવૃત્તિ ૫૩
કાતંત્રવિભ્રમ-ટીકા ૫૩, ૫૫
કાતંત્રવિસ્તર ૫૨
કાતંત્રવૃત્તિ-પંજિકા ૫૩
કાતંત્રવ્યાકરણ ૫૦
કાતંત્રોત્તરવ્યાકરણ ૫૧
કાત્યાયન ૫૦, ૭૭, ૧૪૬
કાદંબરી (ઉત્તરાર્ધ) ટીકા ૧૨૬
કાદંબરી-ટીકા ૪૫
કાદંબરીમંડન ૪૫, ૧૧૯
કાદંબરીવૃત્તિ ૯૦
કામંદકીય-નીતિસાર ૧૪૧
કામરાય ૧૧૭
કામશાસ્ત્ર ૨૨૭
કાય-ચિકિત્સા ૨૨૭
કાયસ્થિતિ-સ્તોત્ર ૬૨
કાલકસંહિતા ૧૬૮
કાલકસૂરિ ૨૧૯
કાલજ્ઞાન ૨૦૬
કાલસંહિતા ૧૬૮
કાલાપકવિશેષવ્યાખ્યાન ૫૫
કાલિકાચાર્યકથા ૧૨૦
કાલિદાસ ૭, ૧૯૩
કાવ્યકલ્પલતા ૯૧, ૧૧૩
કાવ્યકલ્પલતા-પરિમલ ૧૧૪
કાવ્યકલ્પલતાપરિમલ-વૃત્તિ ૧૧૪
કાવ્યકલ્પલતામંજરી ૧૧૪

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

કાવ્યકલ્પલતામંજરી-વૃત્તિ ૧૧૪
કાવ્યકલ્પલતાવૃત્તિ ૧૧૨, ૧૩૭
કાવ્યકલ્પલતાવૃત્તિ-ટીકા ૧૧૫
કાવ્યકલ્પલતાવૃત્તિ-બાલબોધ ૧૧૫
કાવ્યકલ્પલતાવૃત્તિ-મકરંદટીકા ૧૧૪
કાવ્યપ્રકાશ ૧૦૧, ૧૧૬, ૧૨૪
કાવ્યપ્રકાશ-ખંડન ૧૩૬
કાવ્યપ્રકાશ-ટીકા ૧૨૫
કાવ્યપ્રકાશ-વિપૂત્તિ ૧૨૬
કાવ્યપ્રકાશ-વૃત્તિ ૧૨૫, ૧૨૬
કાવ્યપ્રકાશ-સંકેત-વૃત્તિ ૧૨૪
કાવ્યમંડન ૪૫, ૧૧૯
કાવ્યમનોહર ૪૫, ૧૧૯
કાવ્યમીમાંસા ૧૭, ૧૧૩, ૧૧૬
કાવ્યલક્ષણ ૧૨૨
કાવ્યશિક્ષા ૧૦૦, ૧૧૦, ૧૧૩
કાવ્યાદર્શ ૧૨૩, ૧૨૭, ૧૪૫
કાવ્યાદર્શ-વૃત્તિ ૧૨૩
કાવ્યાનુશાસન ૩૯, ૧૦૦, ૧૧૫, ૧૫૪
કાવ્યાનુશાસન-અવચૂરિ ૧૦૩
કાવ્યાનુશાસન-વૃત્તિ ૧૦૨, ૧૦૩
કાવ્યાલંકાર ૯૯
કાવ્યાલંકાર-નિબંધનવૃત્તિ ૧૨૪
કાવ્યાલંકાર-વૃત્તિ ૧૨૪
કાવ્યાલંકારસાર-કલ્પના ૧૧૯
કાવ્યાલંકારસૂત્ર ૯૭
કાશિકા ૫૧
કાશિકાવૃત્તિ ૨૬
કાશ્મીર ૨૪૪
કાશ્યપ ૧૩૬
કિરાતસમસ્યાપૂર્તિ ૪૩
કીર્તિવિજય ૬૩
કીર્તિસૂરિ ૬૦
કુંથુનાથચરિત ૨૨
કુંભનગર ૨૦૨
કુંભેરગઢ ૨૦૨
કુડ્ય ૨૧૪
કુતુબુદ્દીન ૧૯૩, ૨૪૮
કુમતિનિવારણહુંડી ૪૩
કુમતિ-વિધ્વંસ-ચૌપાઈ ૧૮૬
કુમરપુરી ૨૪૮
કુમાઊઁ ૨૫૦
કુમાર ૫૦
કુમારપાળ ૨૪, ૪૦, ૧૦૪, ૧૩૬, ૧૪૮, ૧૪૯, ૨૦૯, ૨૪૦, ૨૪૮
કુમારપાલચરિત્ર ૨૭
કુમારવિહારશતક ૧૫૪
કુમુદચંદ્ર ૧૦૮
કુર્માચલ ૨૫૦
કુલચરણગણિ ૩૭
કુલમંડનસૂરિ ૬૧, ૨૦૧
કુવલયમાલાકાર ૨૦૧
કુશલલાભ ૧૩૮
કુશલસાગર ૮૪
કુર્ચાલસરસ્વતી ૭૮
કૂષ્માંડી ૨૦૦
કૃતસિદ્ધ ૧૪૫
કૃદ્વૃત્તિ-ટિપ્પણ ૫૨
કૃપાવિજયજી ૧૯૫
કૃષ્ણદાસ ૯૬
કૃષ્ણવર્મા ૧૦૮
કેદારભટ્ટ ૫૨, ૧૪૦, ૧૫૧
કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ ૨૧૨


જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવલજ્ઞાનહોરા ૧૮૧
કેવલિભુક્તિ-પ્રકરણ ૧૭
કેશરી ૨૪૮
કેશવ ૧૯૫
કેસરવિજયજી ૩૯
કેસરી ૨૫૧
કોશ ૭૭
કોશલ ૨૪૪
કોષ્ઠક ૨૨૫
કોષ્ઠકચિંતામણિ ૨૨૫
કોષ્ઠચિંતામણિ-ટીકા ૨૨૫
કોહલ ૧૫૬
કોહલીયમ્ ૧૫૬
કૌટિલ્ય ૨૪૩
કૌમાર ૫૦
કૌમારસમુચ્ચય ૫૫
કૌમુદીમિત્રાણંદ ૧૫૪
ક્રિયાકલાપ ૪૭, ૯૧
ક્રિયાકલ્પલતા ૪૬
ક્રિયાચંદ્રિકા ૫૭
ક્રિયારત્નસમુચ્ચય ૩૫
ક્રીડા ૨૧૫
ક્રૂરસિંહ ૬૨
ક્ષપણક ૪, ૭
ક્ષપણકમહાન્યાસ ૭
ક્ષપણક-વ્યાકરણ ૭
ક્ષમાકલ્યાણ ૪૭, ૬૧
ક્ષમામાણિક્ય ૬૧
ક્ષેત્રગણિત ૧૬૫
ક્ષેમહંસ ૧૫૨
ક્ષેમહંસગણિ ૧૦૭
ક્ષેમેન્દ્ર ૫૮, ૧૧૩

ખ

ખંડપાણા ૨૩૮
ખંભ ૨૨૪
ખંભાત ૧૮૦, ૨૩૪
ખરતરગચ્છપટ્ટાવલી ૫૧
ખુશાલસંદર ૧૯૨
ખેટચૂલા ૧૯૧
ખેતલ ૫૩

ગ

ગંધહસ્તી ૧૪૫
ગજપરીક્ષા ૨૧૬, ૨૫૨
ગજપ્રબંધ ૨૧૬, ૨૫૨
ગજાધ્યક્ષ ૨૧૬
ગણકકુમુદકૌમુદી ૧૯૩
ગણદર્પણ ૪૦
ગણધરસાર્ધશતક ૨૨
ગણધરશાર્ધશતકવૃત્તિ ૯૨
ગણધરહોરા ૧૬૯
ગણપાઠ ૪૦
ગણરત્નમહોદધિ ૧૮, ૨૦, ૨૩, ૪૮
ગણવિવેક ૪૦
ગણસારણી ૧૮૭
ગણહરહોરા ૧૬૯
ગણિત ૧૬૦
ગણિતતિલક ૧૬૫, ૧૭૦
ગણિતતિલકવૃત્તિ ૧૬૫
ગણિતસંગ્રહ ૧૬૪
ગણિતસાઠસો ૧૯૬
ગણિતસાર ૧૬૫
ગણિતસારકૌમુદી ૧૬૩


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણિતસાર-ટીકા ૧૬૫
ગણિતસારસંગ્રહ ૧૬૦
ગણિતસારસંગ્રહ-ટીકા ૧૬૨
ગણિતસૂત્ર ૧૬૫
ગણિવિદ્યા ૧૬૭
ગણેશ ૧૦૮, ૧૯૫
ગદગ ૨૨૨
ગરીયોગુણસ્તવ ૬૨
ગરુડપુરાણ ૫૦, ૨૪૩
ગર્ગ ૧૬૭, ૧૯૯
ગર્ગાચાર્ય ૧૭૦, ૨૧૯
ગાથારત્નાકર ૧૫૦
ગાથાલક્ષણ ૧૪૬
ગાથાલક્ષણ-વૃત્તિ ૧૪૮
ગાથાસહસ્રપથાલંકાર ૧૪૭
ગાલ્હણ ૫૫
ગાહા ૧૩૬
ગાહાલક્ખણ ૧૩૬, ૧૪૬
ગિરનાર ૧૭૧
ગુણકરંડગુણાવલીરાસ ૧૨૧
ગુણચંદ્ર ૨૨
ગુણચંદ્રગણિ ૧૫૩, ૨૧૦
ગુણચંદ્રસૂરિ ૩૭,૧૩૨
ગુણનંદિ ૧૩, ૧૪
ગુણભક્ત ૧૬૪
ગુણરત્ન ૫૭
ગુણરત્નમહોદધિ ૪૯
ગુણરત્નસૂરિ ૩૫, ૧૨૫
ગુણવર્મા ૧૧૭
ગુણવલ્લભ ૧૭૪
ગુણાકરસૂરિ ૧૮૮, ૨૨૮
ગુરુ ૨૪૦
ગુર્વાવલી ૨૬
ગુલ્હુ ૧૪૯
ગૃધ્રપૃચ્છ ૧૩
ગૃહપ્રવેશ ૨૧૫
ગોત્ર ૨૧૫
ગોદાવરી ૧૯૪
ગોપાલ ૮૮, ૧૨૩, ૧૪૨, ૧૪૬
ગોમ્મટદેવ ૨૩૫
ગોવિંદસૂરિ ૨૦
ગોસલ ૧૪૯
ગૌડીછંદ ૧૩૯
ગૌતમમહર્ષિ ૧૯૮
ગૌતમસ્તોત્ર ૫૪
ગ્રહભાવપ્રકાશ ૧૬૯
ગ્રહલાઘવ-ટીકા ૧૯૫

ચ

ચંડ ૬૬
ચંડરુદ્ર ૨૦૬
ચંદેરિકાપુર-મુદ્રા ૨૪૮
ચંદ્ર ૨૪૧
ચંદ્રકીર્તિ ૧૫૦
ચંદ્રકીર્તિસૂરિ ૫૮, ૯૦, ૧૧૭, ૧૪૯, ૧૫૧,૨૨૯
ચંદ્રગુપ્ત ૨૦૫, ૨૩૯
ચંદ્રગોમિન્ ૪
ચંદ્રતિલક ૨૬
ચંદ્રપ્રજ્ઞપ્તિ ૧૬૭
ચંદ્રપ્રભકાવ્ય ૧૧૬

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રપ્રભચરિત ૧૨
ચંદ્રપ્રભજિનપ્રાસાદ ૮૪
ચંદ્રપ્રભા ૧૫, ૪૨
ચંદ્રવિજય ૪૫, ૧૧૯
ચંદ્રસૂરિ ૨૦૭
ચંદ્રસેન ૧૮૧
ચંદ્રા ૨૪૨
ચંદ્રાર્કી ૧૯૫
ચંદ્રાર્કી-ટીકા ૧૯૫
ચંદ્રિકા ૫૯
ચંદ્રોન્મીલન ૨૧૨
ચંપકમાલા ૨૧૧
ચંપૂમંડન ૪૫, ૧૧૯
ચક્રપાલ ૧૪૬
ચક્રેશ્વર ૧૯૪
ચતુર્વિંશતિજિનપ્રબંધ ૯૫
ચતુર્વિંશતિજિનસ્તવ ૫૪
ચતુર્વિંશતિજિનસ્તુતિ ૫૪
ચતુર્વિંશતિજિન-સ્તોત્ર ૧૭૩
ચતુર્વિંશિકોદ્ધાર ૧૭૬
ચતુર્વિંશિકોદ્ધાર-અવચૂરિ ૧૭૭
ચતુર્વિધભાવનાકુલક ૫૪
ચતુષ્ક-ટિપ્પણ ૫૨
ચતુષ્ક-વૃત્તિ ૫૫
ચતુષ્કવૃત્તિ-અવચૂરિ ૩૨
ચમત્કારચિંતામણિ-ટીકા ૧૯૬
ચરક ૬, ૨૨૯, ૨૩૪
ચાણક્ય ૨૩૯
ચારિત્રરત્નગણિ ૩૫
ચારિત્રસાગર ૧૯૫
ચારિત્રસિંહ ૫૫
ચારુકીર્તિ ૭૫, ૧૩૪
ચિંતામણિ-ટીકા ૧૮
ચિંતામણિ-વ્યાકરણ ૭૪
ચિંતામણિ-વ્યાકરણવૃત્તિ ૭૫
ચિંતામણિ-શાકટાયનવ્યાકરણ-વૃત્તિ ૧૯
ચિકિત્સોત્સવ ૨૩૧
ચિત્રકોશ ૪૩
ચિત્રવર્ણસંગ્રહ ૧૫૯
ચીન ૨૪૪
ચૂડામણિ ૨૦૩, ૨૧૦, ૨૧૧
ચૂડામણિસાર ૨૧૧
ચૂલિકાપૈશાચી ૬૯, ૭૩
ચૈત્યપરિપાટી ૫૪
ચૌવીશી ૪૩

છ

છંદ ૧૩૦, ૧૩૯
છંદ:કંદલી ૧૪૯, ૧૫૦
છંદ:કોશ ૧૪૯, ૧૫૦
છંદ:કોશ-બાલાવબોધ ૧૪૯
છંદ:કોશવૃત્તિ ૧૪૯
છંદ:પ્રકાશ ૧૫૦
છંદ:શાસ્ત્ર ૧૩૨, ૧૫૦
છંદ:શેખર ૧૩૪
છંદશ્ચૂડામણિ ૧૩૬
છંદસ્તત્ત્વ ૧૫૦
છંદોદ્વાત્રિંશિકા ૧૪૧
છંદોનુશાસન ૨૯, ૧૧૬, ૧૩૩, ૧૩૪, ૧૩૭
છંદોનુશાસન-વૃત્તિ ૧૩૬
છંદોરત્નાવલી ૧૧૪, ૧૩૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છંદોરૂપક ૧૫૦
છંદોવતંસ ૧૪૦
છંદોવિચિત ૧૩૧, ૧૪૫
છંદોવિદ્યા ૧૩૮
છ હજારી ૩૦
છાયાદાર ૨૦૪
છાયાદ્વાર ૨૦૪
છાસીઈ ૧૭૧
છીંકવિચાર ૨૦૫

જ

જઈથલ ૨૪૮
જઈદિણચરિયા ૧૨૦
જઉણ ૧૬૭
જંબૂચૌપાઈ ૧૮૬
જંબૂસ્વામિકથાનક ૧૨૧
જંબૂસ્વામિચરિત ૧૩૮
જગચ્ચંદ્ર ૧૮૭
જગત્સુંદરીપ્રયોગમાલા ૨૩૩
જગદેવ ૨૧૬
જનાશ્રય ૧૩૩
જન્મપત્રીપદ્ધતિ ૧૭૭
જન્મપ્રદીપશાસ્ત્ર ૧૮૧
જન્મસમુદ્ર ૧૭૪
જય ૨૧૫
જયકીર્તિ ૧૩૩, ૧૯૦
જયદેવ ૧૩૩, ૧૩૬, ૧૪૧, ૨૫૦
જયદેવછંદઃશાસ્ત્રવૃત્તિ-ટિપ્પણક ૧૪૩
જયદેવછંદસ્ ૧૪૧
જયદેવછંદોવૃત્તિ ૧૪૩
જયધવલા ૧૬૫
જયપાહુડ ૧૯૯
જયમંગલસૂરિ ૧૦૮, ૧૫૧
જયમંગલાચાર્ય ૧૧૩
જયરત્નગણિ ૧૮૦
જયશેખરસૂરિ ૧૩૪
જયસિંહ ૨૭, ૧૦૪, ૧૦૯, ૧૧૬, ૧૪૮, ૧૪૯
જયસિંહદેવ ૧૧
જયસિંહસૂરિ ૨૬, ૨૩૬
જયાનંદ ૩૩
જયાનંદમુનિ ૬૨
જયાનંદસૂરિ ૩૬, ૪૭, ૧૨૫
જલ્હણ ૧૧૨
જસવંતસાગર ૧૮૪, ૧૯૫
જહાંગીર ૧૧૪
જાતકદીપિકાપદ્ધતિ ૧૮૧
જાતકપદ્ધતિ ૧૯૨
જાતકપદ્ધતિ-ટીકા ૧૯૨
જાલંધરીયમુદ્રા ૨૪૮
જાલોર ૧૧૯
જિનચંદ્રસૂરિ ૪૬, ૬૦, ૧૨૯, ૧૪૮
જિનતિલકસૂરિ ૧૦૭
જિનદત્તસૂરિ ૨૧, ૩૬, ૯૩, ૧૧૨, ૧૩૭, ૧૫૯, ૧૯૭, ૨૧૭
જિનદાસગણિ ૯૮, ૨૩૭
જિનદેવ ૮૮
જિનદેવસૂરિ ૪૭
જિનપતિસૂરિ ૨૬, ૪૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનપાલગણિ ૨૦૯
જિનપાલિત-જિનરક્ષિતસંધિ-ગાથા ૧૩૯
જિનપ્રભસૂરિ ૫૩, ૧૦૭, ૧૨૭
જિનપ્રબોધસૂરિ ૫૧
જિનભદ્રસૂરિ ૯૩, ૧૧૯, ૧૫૨, ૧૭૧
જિનમતસાધુ ૪૬
જિનમાણિક્યસૂરિ ૧૨૫
જિનયજ્ઞફલોદય ૮૧
જિનરત્નસૂરિ ૬૦
જિનરાજસૂરિ ૧૦૭
જિનરાજસ્તવ ૫૪
જિનવર્ધનસૂરિ ૧૦૭
જિનવલ્લભસૂરિ ૯૩. ૯૮
જિનવિજય ૬૩
જિનશતક-ટીકા ૧૨૬
જિનસંહિતા ૨૪૧
જિનસહસ્રનામટીકા ૭૪
જિનસાગરસૂરિ ૭૦
જિનસિંહસૂરિ ૫૪, ૧૨૮
જિનસુંદરસૂરિ ૧૮૯
જિનસેન ૨૪૧
જિનસેનસૂરિ ૨૨૨
જિનસેનાચાર્ય ૧૬૪
જિનસ્તોત્ર ૧૫૪
જિનહર્ષ ૧૨૨
જિનેંદ્રબુદ્ધિ ૮
જિનેશ્વરસૂરિ ૨૬, ૫૧, ૫૩, ૧૩૩, ૧૯૨, ૨૦૧
જિનોદયસૂરિ ૧૯૦
જીતકલ્પચૂર્ણિ-વ્યાખ્યા ૧૪૪
જીભ-દાંત-સંવાદ ૧૮૬
જીવ ૨૧૫
જીવદેવસૂરિ ૧૧૧
જીવરામ ૨૧૮
જૈનપુસ્તકપ્રશસ્તિ-સંગ્રહ ૫૨
જૈનસપ્તપદાર્થી ૧૯૫
જૈનેંદ્રન્યાસ ૧૦
જૈનેંદ્રપ્રક્રિયા ૧૪, ૧૬
જૈનેંદ્રભાષ્ય ૧૦
જૈનેંદ્રલઘુવૃત્તિ ૧૬
જૈનેંદ્રવ્યાકરણ ૪,૬,૮
જૈનેન્દ્રવ્યાકરણ-ટીકા ૧૨
જૈનેન્દ્રવ્યાકરણ-પરિવર્તિતસૂત્રપાઠ ૧૩
જૈનેન્દ્રવ્યાકરણવૃત્તિ ૧૦, ૧૫
જોઇસચક્કવિયાર ૧૬૯
જોઇસદાર ૧૬૯
જોઈસહીર ૧૮૫
જોણિપાહુડ ૨૦૦
જોધપુર ૧૨૦
જ્ઞાનચતુર્વિંશિકા ૨૭૫
જ્ઞાનચતુર્વિંશિકા-અવચૂરિ ૧૭૫
જ્ઞાનતિલક ૬૧
જ્ઞાનદીપક ૨૧૧
જ્ઞાનદીપિકા ૧૭૫
જ્ઞાનપ્રકાશ ૫૪
જ્ઞાનપ્રમોદગણિ ૧૦૭
જ્ઞાનભૂષણ ૧૯૦, ૧૯૧
જ્ઞાનમેરુ ૧૨૧
જ્ઞાનવિમલ ૮૪
જ્ઞાનવિમલસૂરિ ૮૮ ૯૦
જ્યોતિપ્રકાશ ૧૯૦
જ્યોતિર્દ્વાર ૧૬૯


JAINSITE.com જૈન જયતિ શાસનમ્

જ્યોતિર્વિદાભરણ ૭, ૧૯૩
જ્યોતિર્વિદાભરણ-ટીકા ૧૯૩
જ્યોતિષ ૧૬૭
જ્યોતિષ્કરણ્ડક ૧૬૭
જ્યોતિષ્ચક્રવિચાર ૧૬૯
જ્યોતિષ્પ્રકાશ ૧૭૫, ૧૭૬
જ્યોતિષ્રત્નાકર ૧૮૩, ૧૯૬
જ્યોતિસ્સાર ૧૬૪, ૧૬૭, ૧૭૩, ૧૮૫
જ્યોતિષ્હીર ૧૮૫, ૧૮૬
જ્યોતિસ્સાર-ટિપ્પણ ૧૭૪
જ્યોતિસ્સાર-સંગ્રહ ૧૭૭
જ્યોતિષસારોદ્ધાર ૧૭૭
જ્વરપરાજય ૧૮૧, ૨૩૪

ટ

ટિપ્પનકવિધિ ૧૮૮

ઠ

ઠક્કર ચંદ્ર ૧૬૪
ઠક્કર ફેરુ ૧૬૩, ૧૬૭

ડ

ડિંગલ ભાષા ૧૩૯
ડોલ્ચી નિત્તિ ૭૦

ઢ

ઢિલ્લિકાસત્કમુદ્રા ૨૪૮
ઢુંઢિકા-દીપિકા ૩૩
ઢોલા-મારૂરી ચૌપાઈ ૧૩૯

ત

તંત્રપ્રદીપ ૭
તક્ષકનગર ૧૧૬
તક્ષકનગરી ૧૦૮
તત્ત્વત્રયપ્રકાશિકા ૭૪
તત્ત્વપ્રકાશિકા ૨૮, ૩૧, ૩૭, ૭૦
તત્ત્વસુંદર ૧૯૪
તત્ત્વાભિધાયિની ૮૩
તત્ત્વાર્થસૂત્ર-વૃત્તિ ૭૪
તપાગચ્છપટ્ટાવલી ૪૩
તપોટમતકુટ્ટન ૫૪
તરંગલોલા ૨૩૭
તરંગવતી ૯૮
તરંગવતીકથા ૨૩૭
તર્કભાષાટીકા ૧૨૬
તર્કભાષા-વાર્તિક ૧૧૫
તાજિક ૧૯૨
તાજિકસાર ૧૯૩
તાજિકસાર-ટીકા ૧૯૨
તારાગુણ ૧૦૦
તિઙન્તાન્વયોક્તિ ૩૮
તિઙન્વયોક્તિ ૩૮
તિથિસારણી ૧૮૪
તિલકમંજરી ૭૮, ૭૯, ૧૩૬
તિલકમંજરીકથાસાર ૧૬૪
તિલકસૂરિ ૧૪૮
તિસટ ૨૩૪
તુંબર ૨૪૪
તુરંગપ્રબંધ ૨૧૬, ૨૫૨
તેજપાલરાસ ૧૩૯
તેજસિંહ ૧૬૫
તૌરુષ્કીનામમાલા ૯૬
ત્રંબાવતી ૨૩૪
ત્રિકાંડ ૭૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિભુવનચંદ્ર ૧૨૩
ત્રિભુવનસ્વયંભૂ ૧૪૪
ત્રિમલ્લ ૧૨૨
ત્રિલોચનદાસ ૫૫, ૧૪૯
ત્રિવર્ગમહેંદ્રમાતલિસંજલ્પ ૨૩૯
ત્રિવિક્રમ ૭૦, ૭૨, ૧૪૨
ત્રિશતિક ૧૬૨
ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ૨૯
ત્રૈલોક્યપ્રકાશ ૧૮૪
ત્ર્યંબાવતી ૧૮૨

થ

થાવચ્ચાકુમારસજઝાય ૪૩

દ

દંડી ૯૮, ૧૨૩
દત્તિલ ૧૫૬
દત્તિલમ્ ૧૫૬
દમસાગર ૧૩૪
દયાપાલ ૨૦
દયારત્ન ૬૦
દર્શનજ્યોતિ ૨૦૩
દર્શનવિજય ૨૭
દશમતસ્તવન ૪૩
દશરથ ૮૦, ૨૨૭
દશરથગુરુ ૨૩૧
દશરૂપક ૧૫૪
દશવૈકાલિક ૧૩૬
દાનદીપિકા ૨૭
દાનવિજય ૨૭
દામનંદિ ૨૨૨
દિગંબર ૧૫૭
દિગ્વિજયમહાકાવ્ય ૪૩
દિણસુદ્ધિ ૧૯૮
દિનશુદ્ધિ ૧૯૮
દિલ્હી ૫૩
દિવ્યામૃત ૨૨૭
દીક્ષા-પ્રતિષ્ઠાશુદ્ધિ ૧૯૦
દીનાર ૨૪૮
દીપકવ્યાકરણ ૪, ૨૩
દીપિકા ૫૬
દુઢક ૧૩૪
દુર્ગદેવ ૧૯૧, ૨૦૨, ૨૨૨
દુર્ગપદપ્રબોધ ૮૪
દુર્ગપદપ્રબોધ-ટીકા ૫૧
દુર્ગપદપ્રબોધ-વૃત્તિ ૩૯
દુર્ગવૃત્તિ ૫૧
દુર્ગસિંહ ૩૫, ૫૦, ૫૧
દુર્ગાચાર્ય ૬
દુર્લભરાજ ૨૦૯, ૨૧૬, ૨૫૨
દુર્વિનીત ૨૧૧
દેવ ૮
દેવગિરિ ૪૧
દેવચંદ્ર ૫૯
દેવતિલક ૧૮૫
દેવનંદિ ૫, ૭, ૮, ૨૨૭
દેવપ્રભસૂરિ ૧૭૩
દેવબોધ ૧૦૪
દેવભદ્ર ૪૪
દેવરત્નસૂરિ ૨૨૫
દેવરાજ ૮૮
દેવલ૧૭૦
દેવસાગર ૮૪
દેવસુન્દરસૂરિ ૬૧, ૬૬


JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવસૂરિ ૩૭, ૧૦૩, ૧૦૮, ૧૫૧
દેવાનંદમહાકાવ્ય ૪૩
દેવાનંદસૂરિ ૪૪, ૧૭૪
દેવાનંદાચાર્ય ૧૪૮
દેવીદાસ ૨૪૧
દેવેંદ્ર ૧૩, ૩૨
દેવેંદ્રસૂરિ ૨૬, ૩૧, ૧૮૪
દેવેશ્વર ૧૧૩
દેશીનામમાલા ૨૯, ૭૯, ૮૨, ૮૭
દેશીશબ્દસંગ્રહ ૮૭
દૈવજ્ઞશિરોમણિ ૧૭૦
દોધકવૃત્તિ ૭૨
દોષરત્નાવલી ૧૮૦
દોહદ ૨૧૫
દૌર્ગસિંહી-વૃત્તિ ૫૧
દૌલત ખાં ૧૨૧
દ્રમ્મ ૨૪૮
દ્રવ્યપરીક્ષા ૧૬૪, ૨૪૭
દ્રવ્યાલંકાર ૧૫૪
દ્રવ્યાલંકારટિપ્પણ ૩૭
દ્રવ્યાવલી-નિઘંટુ ૨૩૦
દ્રોણ ૮૮
દ્રોણાચાર્ય ૨૩૭
દ્રૌપદીસ્વયંવર ૧૧૪
દ્વાત્રિંશદલકમલબંધમહાવીરસ્તવ ૬૩
દ્વાદશારનયચક્ર ૪૯
દ્વિજવદનચપેટા ૨૯
દ્વિસંધાન-મહાકાવ્ય ૮૦
દ્વયક્ષરનેમિસ્તવ ૫૪
દ્વયાશ્રયમહાકાવ્ય ૨૧, ૨૯, ૫૪

ધ

ધંધુકુલ ૨૪૨
ધનંજય ૭૮, ૮૧, ૧૩૨, ૧૫૪
ધનંજયનામમાલાભાષ્ય ૮૦
ધનચંદ્ર ૩૨
ધનદ ૧૧૨
ધનપાલ ૭૮, ૮૬, ૮૮, ૧૬૪
ધનરાજ ૧૯૪, ૨૩૫, ૨૩૬
ધનરાશિ ૨૧૫
ધનસાગર ૫૯
ધનસાગરી ૫૯
ધનેશ્વરસૂરિ ૨૨
ધન્વન્તરિ ૭૮, ૮૬
ધન્વન્તરિ-નિઘંટુ ૮૬
ધમ્મિલ્લહિંડી ૨૩૭
ધરસેન ૯૨, ૨૦૦
ધરસેનાચાર્ય ૯૪
ધર્મઘોષસૂરિ ૩૨, ૫૩
ધર્મદાસ ૧૨૭
ધર્મનંદનગણિ ૧૫૦
ધર્મભૂષણ ૫૬
ધર્મમંજૂષા ૪૩
ધર્મમૂર્તિ ૪૫
ધર્મવિધિ-વૃત્તિ ૧૧૦
ધર્મસૂરિ ૧૪૯
ધર્માધર્મવિચાર ૫૪
ધર્માભ્યુદયકાવ્ય ૧૭૪
ધર્માભ્યુદયમહાકાવ્ય ૧૭૧
ધવલા ૧૬૫

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ધવલા-ટીકા ૨૦૧
ધાતુચિંતામણિ ૩૭
ધાતુતરંગિણી ૧૨૦
ધાતુપાઠ ૨૧, ૯૧
ધાતુપાઠ-ધાતુતરંગિણી ૫૭
ધાતુપારાયણ-વિવરણ ૨૯
ધાતુમંજરી ૪૫, ૧૨૬
ધાતુરત્નાકર ૪૬, ૬૩, ૯૧
ધાતુરત્નાકર-વૃત્તિ ૪૬
ધાતુવાદપ્રકરણ ૨૪૯
ધાતુવિજ્ઞાન ૨૪૯
ધાતુવૃત્તિ ૨૩
ધાતૂત્પત્તિ ૧૪૪, ૨૪૯
ધાન્ય ૨૧૫
ધારવાડ ૨૨૨
ધારા ૨૦૬
ધીરસુંદર ૬૪
ધૂર્તાખ્યાન ૯૮, ૨૩૭
ધ્વન્યાલોક ૧૨૭

ન

નંદસુંદર ૩૨
નંદિતાઢ્ય ૧૪૬
નંદિયડ્ઢ ૧૪૬
નંદિરત્ન ૪૦
નંદિષેણ ૧૩૬
નંદિસૂત્ર ૯૭
નંદિસૂત્ર-હારિભદ્રીયવૃત્તિ-ટિપ્પણક ૧૪૪
નગર ૨૧૫
નમિસાધુ ૯૯, ૧૨૪, ૧૪૨
નયચંદ્રસૂરિ ૨૭
નયવિમલસૂરિ ૧૫૧
નયસુંદર ૫૭
નરચંદ્ર ૧૬૭, ૧૭૪, ૧૭૫, ૧૭૭
નરચંદ્રસૂરિ ૭૧, ૧૦૯, ૧૫૭, ૧૭૩
નરપતિ ૨૦૬
નરપતિજયચર્યા ૨૦૬
નરપતિજયચર્યા-ટીકા ૨૦૭
નરેંદ્રપ્રભસૂરિ ૧૦૯
નર્મદાસુંદરીસંધિ ૫૪
નલવિલાસ ૧૫૪
નલોટકપુર ૧૧૬
નવકારછંદ ૧૩૯
નવરત્નપરીક્ષા ૨૪૩
નાંદગાંવ ૧૯૫
નાગદેવ ૧૪૨
નાગદેવી ૧૩૪
નાગવર્મા ૭૫
નાગસિંહ ૨૩૪
નાગાર્જુન ૨૦૫, ૨૨૮
નાગોર ૧૩૮
નાટ્ય ૧૫૨
નાટ્યદર્પણ ૩૭, ૧૫૩
નાટ્યદર્પણ-વિવૃતિ ૧૫૪
નાટ્યશાસ્ત્ર ૯૭, ૧૫૪, ૧૫૬
નાડીચક્ર ૨૩૨
નાડીદાર ૨૦૪
નાડીદ્વાર ૨૦૪
નાડીનિર્ણય ૨૩૨
નાડીપરીક્ષા ૨૨૮
નાડીવિચાર ૨૦૫, ૨૩૨

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નાડીવિજ્ઞાન ૨૦૮, ૨૩૨
નાડીવિચાર ૨૦૫
નાડીસંચારજ્ઞાન ૨૩૨
નાનાક ૧૧૩
નાનાર્થકોશ ૯૩
નાભેય-નેમિદ્વિસંધાનકાવ્ય ૩૦
નામ ૨૧૫
નામકોશ ૮૮
નામચંદ્ર ૧૩૨
નામમાલા ૭૭, ૭૯, ૮૮
નામમાલા-સંગ્રહ ૯૦
નામસંગ્રહ ૯૦
નાયક ૨૧૫
નારચંદ્રજ્યોતિષ્ ૧૭૩
નારાયણ ૧૪૨
નાર્મદાત્મજ ૧૯૩
નિઘંટસમય ૮૧
નિઘંટુ ૭૭, ૭૮, ૮૬
નિઘંટુકોશ ૨૯, ૨૩૧
નિઘંટુકોષ ૮૬
નિઘંટુશેષ ૮૬
નિઘંટુશેષ-ટીકા ૮૭
નિઘંટુસંગ્રહ ૮૨
નિદાનમુક્તાવલી ૨૨૭
નિબંધ ૨૩૫
નિબંધન ૧૨૪
નિમિત્ત ૧૯૯, ૨૧૪
નિમિત્તદાર ૨૦૪
નિમિત્તદ્વાર ૨૦૪
નિમિત્તપાહુડ ૨૦૦
નિમિત્તશાસ્ત્ર ૧૯૯
નિરુક્ત ૭૭
નિરુક્ત-વૃત્તિ ૬
નિર્ભય-ભીમ ૧૫૪
નિશીથચૂર્ણિ-ટિપ્પનક ૧૪૪
નિશીથવિશેષચૂર્ણિ ૧૬૮
નીતિવાક્યામૃત ૨૩૯
નીતિવાક્યામૃત-ટીકા ૨૪૦
નીતિશતક ૧૧૯
નીતિશાસ્ત્ર ૨૩૯
નીલકંઠ ૨૫૦
નૂતનવ્યાકરણ ૨૬
નૃપતુંગ ૨૩૧
નેપાલ ૨૪૪
નેમિકુમાર ૧૧૫, ૧૧૬, ૧૩૭
નેમિચંદ્ર ૧૬૫, ૨૧૨
નેમિચંદ્રગણિ ૨૩૭
નેમિચંદ્રજી ૧૬
નેમિચંદ્ર ભંડારી ૧૧૫
નેમિચરિત ૧૬૪
નેમિદેવ ૨૩૯
નેમિનાથચરિત ૯૯
નેમિનાથચરિત્ર ૧૭૧
નેમિનાથજન્માભિષેક ૫૪
નેમિનાથરાસ ૫૪
નેમિનિર્વાણ-કાવ્ય ૧૧૬
નેમિસ્તવ ૧૫૪
ન્યાયકંદલી ૫૫, ૭૧
ન્યાયકંદલી-ટિપ્પણ ૧૭૩
ન્યાયતાત્પર્યદીપિકા ૨૭
ન્યાયપ્રવેશપંજિકા ૧૪૩, ૧૪૪
ન્યાયબલાબલસૂત્ર ૩૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન્યાયરત્નાવલી ૬૦
ન્યાયવિનિશ્ચય ૨૦
ન્યાયસંગ્રહ ૩૫
ન્યાયસાર ૨૭
ન્યાયાર્થમંજૂષા-ટીકા ૩૫
ન્યાયસારસમુદ્ધાર ૩૧, ૪૨
ન્યાસસારોદ્ધાર-ટિપ્પણ ૩૨
ન્યાસાનુસંધાન ૩૧

પ

પઉમચરિય ૬૮, ૧૪૨
પંચગ્રંથી ૫, ૨૨, ૧૩૩
પંચજિનહારબંધસ્તવ ૬૨
પંચતીર્થસ્તુતિ ૪૩
પંચપરમેષ્ઠિસ્તવ ૫૪
પંચવર્ગપરિહારનામમાલા ૯૩
પંચવર્ગસંગ્રહનામમાલા ૯૩
પંચવસ્તુ ૧૦, ૧૧
પંચવિમર્શ ૧૭૧
પંચશતીપ્રબંધ ૯૩
પંચસંધિ-ટીકા ૬૦
પંચસંધિબાલાવબોધ ૫૯
પંચસતી-દ્રુપદી-ચૌપાઈ ૧૮૬
પંચસિદ્ધાન્તિકા ૧૪૨, ૧૯૧
પંચાંગતત્ત્વ ૧૮૬
પંચાંગતત્ત્વ-ટીકા ૧૮૬
પંચાંગતિથિવિવરણ ૧૮૬
પંચાંગદીપિકા ૧૮૬
પંચાંગપત્રવિચાર ૧૮૭
પંચાંગાનયનવિધિ ૧૭૬
પંચાખ્યાન ૪૩, ૧૮૬
પંચાધ્યાયી ૮, ૧૩૮
પંચાસકવૃત્તિ ૨૨
પંચાસ્ય ૨૫૧
પંચોપાંગસૂત્ર-વૃત્તિ ૧૪૪
પણ્હાવાગરણ ૨૦૩
પતંજલિ ૪, ૩૧
પદપ્રકાશ ૧૨૭
પદવ્યવસ્થાકારિકા-ટીકા ૪૯
પદવ્યવસ્થાસૂત્રકારિકા ૪૯
પદ્મપ્રભ ૨૨
પદ્મપ્રભસૂરિ ૧૬૭, ૧૬૯
પદ્મનાભ ૧૯૩, ૧૯૪
પદ્મમેરુ ૮૯, ૧૨૦
પદ્મસુંદર ૮૯
પદ્મસુંદરગણિ ૫૭, ૧૨૦
પદ્મસુંદરસૂરિ ૧૮૯
પદ્મરાજ ૧૦૮
